# મૃગલોચની

અથવા

# માયા-પ્રાબલ્ય.

## ભાગ ૧ લો.

(અદ્ભુત ઘટનાયુક્ત નવલકથા.)

સંપાદક,

**વ્રજલાલ જાદવજી ઠક્કર.**

તંત્રી 'લુહાણા-બંધુ'—અમદાવાદ.

પ્રકાશક,

**મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.**

બુકસેલર અને પબ્લીશર,

ત્રણ દરવાજા-અમદાવાદ.

વિક્રમાબ્દ ૧૯૭૪. પ્રથમાવૃત્તિ.

ખ્રિસ્તાબ્દ ૧૯૧૮. પ્રત ૧૦૦૦.

મૂલ્ય રૂ. ૧-૮-૦.

અમદાવાદ—સલાપોસ રોડપર આવેલા ધી ડાયમન્ડ જ્યુબિલિ પ્રિન્ટિંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

# પ્રસ્તાવના.

આવા પ્રકારની નવલકથા ગુજરાતી સાહિત્યમાં કાંઇ તદ્દન નવીન નથી. હમણાં જે નવલકથાઓને આપણે અદ્ભુત, ભેદભરમ-વાળી, ઘટનાઓના ઘાત પ્રતિઘાતવાળી અને જીજ્ઞાસારસનું પૂર્ણ પોષણ કરવાવાળી ગણીએ છીએ એવી નવલકથાઓના વર્ગમાં જ આ નવલકથાને મૂકી શકાય તેમ છે. જો કે વીસમી સદીના સુધરેલા જમાનામાં આ નવલકથામાં વર્ણવેલી કેટલીક ઘટનાઓ કેટલાક બંધુ-ઓને અસંભવિત લાગશે એવી અમારી માન્યતા છે; પરંતુ આવી લાગણી ધરાવતા પહેલાં અમુક નવલકથા કયા કાળ અને પ્રસંગને લઇને લખાયલી છે, એ પ્રસંગે આપણા દેશની પરિસ્થિતિ કેવી હતી તેનો વિચાર કરવાની અત્યંત આવશ્યકતા છે. આજકાલના કેટલાક અવલોકનકારો માત્ર ઉપલકદૃષ્ટિથી—દીર્ઘદૃષ્ટિનો ઉપયોગ કર્યા સિવાય જ ટીકા કરવા મંડી પડે છે; તેમણે ઉપરોક્ત વાક્યોને ખાસ સ્મ-રણમાં રાખવાની જરૂર છે.

વિશ્વવિખ્યાત શ્રી વીરવિક્રમના સમયમાં અંધકારપટ ધારણ કરી પોતાના દેહને અદ્રશ્ય કરવાની—છુપાવવાની એક અદ્ભુત વિદ્યા અસ્તિત્વ ધરાવતી હતી. જેમ જેમ એ વિદ્યાનો પ્રચાર વૃદ્ધિંગત થતો ગયો તેમ તેમ તેમાં ઘણો સુધારો વધારો થયો તથા અંતે સુ-પ્રસિદ્ધ ગણાતા રસાયનશાસ્ત્રીઓ પણ એ વિદ્યામાં અપૂર્વ રસપૂર્વક ભાગ લેવા લાગ્યા.

આ નવીન વિદ્યા—રંગવિદ્યાના આશ્રયથી તેના ઉપાસકો પો-તાનો દેહ અદ્રશ્ય રાખવા ઉપરાંત ઇચ્છિત વેશ ધારણ કરી દુનિયાને

આંખોમાં ધૂળ નાખી 'અર્થસિદ્ધિ પ્રાપ્ત કરવાની અમોઘશક્તિને મેળવી શક્યા. અભ્યાસથી અને તીક્ષ્ણ બુદ્ધિથી તેમણે પોતાના વ્યવસાયને એટલી સીમા સુધી કેળવ્યો કે, અમુક મનુષ્યનો ક્ષણુ કાળનો સહવાસ થતાં જ તેઓ તેની આબેહુબ નકલ કરી શકવા લાગ્યા. આવી નકલ કરી તેઓ પોતાનાં નિત્યનાં પરિચિત મનુષ્યોને પણ પ્રસંગાનુસાર ભૂલથાપ ખવડાવવા લાગ્યા. આ વિદ્યાનાં પ્રમાણો હજી સુધી ઇતિહાસમાં પણ કોઇ કોઇ સ્થળે નજરે પડે છે.

આવા રંગવિદ્યાપ્રવીણ રસાયનશાસ્ત્રીઓનું માન પૂર્વકાળમાં એટલું બધું હતું કે તેઓને ગમે તે રાજ્યમાં સંમાનસહ આશ્રય મળતો હતો. એ લોકો પોતાની અદ્‌ભુત શક્તિથી પ્રતિસ્પર્ધી રાજ્યોને જોતજોતાંમાં પોતાના બુદ્ધિબળથી અને માયા-પ્રાબલ્યથી સ્વાધીન કરતા હતા. આમ હોવા છતાં એ રંગવિદ્યાચતુર બહુરૂપીઓ એટલા બધા ઇમાનદાર, નિમકહલાલ અને વફાદાર હતા કે, જ્યાં સુધી તેમનો આશ્રયદાતા સ્વધર્મને અનુસરતા પોતાના આચાર વ્યવહાર રાખતો ત્યાં સુધી તેઓ વિપુલ દ્રવ્ય રત્નાદિની પ્રાપ્તિ થતી હોવા છતાં એ તરફ સહજ પણ લોભ નહિ દર્શાવતાં પોતાના આશ્રયદાતાને જ તેઓ હમ્મેશાં વફાદાર રહેતા હતા. વળી પોતાના જ વ્યવસાયવાળો કોઇ બહુરૂપી જો તેમના પંઝામાં ફસાઇ પડતો તથા તે કદાચ ગંભીર ગુન્હેગાર ઠરતો તો પણ તેઓ તેને પ્રાણદંડની ભયંકર સજા કરતા નહિ. આ કાંઇ તેમના ઉદાર હૃદયનું સામાન્ય મહત્વ નથી. પ્રસ્તુત નવલકથામાં એવાં વેશધારી-બહુરૂપીઓની ચતુરાઇ, બહાદુરી, પ્રમાણિકતા, વફાદારી આદિ વિષયોનું રસિક, મનોરંજક, જ્ઞાનદાયક અને નીતિતત્ત્વસૂચક વર્ણન કરવામાં આવ્યું છે; એટલું જ

નહિ પરંતુ સતી સાધ્વી સન્નારીઓ પોતાનાપર મહાભારત સંકટો આવી પડવા છતાં સ્વધર્મનું કેવી રીતે સંરક્ષણ કરી શકે છે, પ્રણય-પ્રાપ્તિમાં નિરાશ થયેલી–ઇંદ્રિયદમન કરવાને અસમર્થ એવી ભિક્ષુકા પ્રબળાઓ. પોતાની પાપવાસના પરિતૃપ્ત કરવા માટે કેવાં ભીષણ કાર-સ્થાનો કરે છે, સ્ત્રીજાતિ પણ વેશધારીઓના વ્યવસાયમાં કેટલી સીમા સુધી નિપુણા હોઇ શકે છે, યુદ્ધમાં વિજય મેળવવા માટે બહાદુર અને રણચતુર વીરપુરુષો કેવા ચક્રવ્યૂહની યોજના કરે છે એ સઘળાં મનોરંજક વિષયોનું શાબ્દિક ચિત્ર આ નવલકથામાં અંકિત કરવામાં આવ્યું છે, અને જો ગુજરાતી વાચનપ્રિય સમાજ તરફથી આ નવલકથાનો યથોચિત સત્કાર થશે તો અમે અમારા સકળ શ્રમની સાર્થકતા થયેલી સમજીશું.

ગુજરાતી નવલકથાઓના સાહિત્યમાં આવા પ્રકારની નવલક-થાઓ ઘણી થોડી છે; પરંતુ સુવિખ્યાત હિન્દી સાહિત્યમાં આવી નવલકથાઓનો એટલી સીમા સુધી પ્રચાર થઇ ગયેલો છે કે તેમાંની કેટલીકની હમણાં અગીઆરમી અને બારમી આવૃત્તિ ચાલે છે; તેમ કેટલીક નવલકથાઓનાં હિન્દી, અંગ્રેજી, નેપાલી અને ગુજરાતી ભાષા-ઓમાં ભાષાંતર પણ થયાં છે; તેથી આવી નવલકથાઓ સામાન્ય વાચકવર્ગમાં વિશેષ આદરણીય થઇ પડે છે એ ચોક્કસ છે. આ નવલ-કથાનું મૂળ વસ્તુ કેટલાક હિન્દી ગ્રંથોમાંથી લેવામાં આવેલું હોઇ કલ્પનાની સહાયતાથી એ વસ્તુને પણ સર્વથા નૂતન સ્વરૂપ આપ-વામાં આવ્યું છે એમ કહીશું તો તે વિશેષ વ્યાજબી જ લેખાશે.

આ નવલકથાના ચાર ભાગ છપાઇ તૈયાર થઇ ગયા છે. પાંચમો ભાગ છપાય છે, અને બાકી રહેલા ભાગ દીપોત્સવી પૂર્વે જ

પ્રસિદ્ધ થઈ જાય એવી ચોક્કસ વ્યવસ્થા અમે કરી છે, તથા અમારી આ વ્યવસ્થા વાંચકબંધુઓ માટે વિશેષ સગવડ ભરેલી થશે એવી અમારી ખાત્રી છે.

આ પુસ્તકના ચારે ભાગ સાથે છપાતા હોવાથી કાર્યની વિશેષતાવશાતઃ પ્રૂફ સંશોધનના કાર્યમાં જે દૃષ્ટિદોષ રહી ગયા હોય તે સુધારી વાંચવાની નમ્ર વિજ્ઞપ્તિસહ વિરમીએ છીએ. તા. ૨-૬-૧૮.

# વિષયાનુક્રમણિકા.

| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|

ॐ तत्सत्परमात्मने नमः ।

# મૃગલોચની

અથવા

# માયા-પ્રાબલ્ય.

( અદ્ભુત ઘટનાયુક્ત નવલકથા. )

## ભાગ ૧ લો.

## પ્રકરણ ૧ લું.

### પ્રેમિકની હૃદયવ્યથા.

સંધ્યાકાળ થયો હતો. સૂર્યભગવાન્ પશ્ચિમ દિગ્વધૂને આલિંગન કરતા અસ્તાચળમાં ઉતરી પડયા હતા. શીતળ સુગંધિત સમીર મૃદુમંદગતિથી વિહરતો હતો. પંખીઓ કર્ણપ્રિય કલરવ કરતાં સ્વસ્થાન પ્રત્યે જતાં જોવામાં આવતાં હતાં. આવા રમણીય સમયે બે યુવકો એક પાષાણશિલાપર બેસી એકબીજાની સાથે વાતચિત કરતા હતા. એ બે યુવકો પૈકી એકનું નાંમ વીરસિંહ અને બીજાનું નામ જ્યોતિસિંહ હતું.

જ્યોતિસિંહ રાજા દેવીસિંહના દીવાન અમૃતસિંહનો પુત્ર અને

રાજકુમાર વીરસિંહનો જાનોજીગર દોસ્ત હોઇ તે ઘણો ચાલાક, બહાદુર અને કળાબાજ હતો. તેણે પોતાના કમરપટ્ટામાં એક તિક્ષ્ણ ખંજર ખોસી રાખેલું હતું. એ સિવાય તેણે પોતાના ખભા ઉપર એક કોથળી લટકાવી હતી. જ્યોતિસિંહ વારંવાર ચોતરફ તિક્ષ્ણદ્દષ્ટિથી જોતો વીરસિંહ સાથે વાતચિત કરતો હતો.

થોડે દૂર એક રમણીય ઝરો આવેલો હોઇ તેની પાસે એક ઉચ્ચ વટવૃક્ષ હતું. એ વૃક્ષના મજબુત થડ સાથે એક સુચતુર અશ્વને બાંધી રાખેલો હતો.

રાજકુમાર વીરસિંહે જ્યોતિસિંહને ઉદ્દેશીને કહ્યું:—"ભાઇ! ઇશ્કના અગ્નિથી મ્હારું તનબદન બળીને ખાકસાર થઇ જાય છે. મહોબ્બત એ કેવી બુરી બલા છે કે જેથી હું આટલો બધો દુઃખી થાઉં છું. એ મૃગલોચનીની મનહર સુરતનું રાત્રિ દિવસ હું સ્મરણ કર્યા કરું છું. એ દિલદાર દિલારાનાં દર્શન કરવા માટે મ્હારો જીવ ક્ષણે ક્ષણે આકુળ વ્યાકુળ બની જાય છે. જ્યોતિસિંહ! તમે ઘણી વખત રત્નગઢ જઇને રાજનન્દિની મૃગલોચનીને મ્હારા પ્રેમપત્રો આપી આવ્યા છો તથા તેના ઉત્તરો લઇ આવ્યા છો. આપણા રાજ્ય અને રત્નગઢ વચ્ચે માત્ર પાંચ જ ગાઉનું અંતર છે; છતાં હું એ પ્રાણાધિકા પ્રિયતમાના વિરહશોકથી રાત્રિ દિવસ દુઃખિત થાઉં છું એ કાંઇ મ્હારું સામાન્ય દુર્ભાગ્ય નથી. જુઓ, આ પત્રમાં પણ મ્હારી મૃગલોચનીએ તેની વિરહવ્યથાનું વર્ણન કર્યું છે. આ પ્રેમપત્રમાં તેણે પોતાનું હૃદય જ ચીતર્યું છે. તમે આ પત્ર વાંચી જુઓ એટલે તમે અમારા પરસ્પરસના સ્નેહાકર્ષણની કાંઇક કલ્પના કરી શકશો."

પાઠક! આ બન્ને યુવકો જ હતા એ તમે એમના ઉપર્યુક્ત ઉદ્ગારો ઉપરથી સમજી ગયા હશોજ. આપણી આ વાર્તાના આરંભકાળ

પ્રસંગે વીરસિંહની ઉમ્મર એકત્રીસ બાત્રીસ વર્ષની હોઇ જ્યોતિસિંહની ઉમ્મર સુમારે પચીસ વર્ષની હતી. વીરસિંહ વિજયગઢના રાજેન્દ્ર દેવીસિંહનો એકનો એક પુત્ર હતો.

વીરસિંહે આપેલો પત્ર જ્યોતિસિંહે હાથમાં લઇ વાંચવા માંડ્યો તેમાં નીચે પ્રમાણે હકીકત લખેલી હતીઃ—

" પ્રાણાધિક પ્રિયતમ!

તમારા વિયોગશોકની વ્યથા હવે હું વેઠી શકતી નથી. આ હૃદય-મંદિરમાં તમારી જ પ્રેમમૂર્ત્તિની સ્થાપના કરી હું નિરંતર તેનું સ્મરણ કર્યા કરું છું. તમારા સિવાય હું સર્વત્ર નિરાનંદ જ અનુભવું છું. જીવનાધિક! આ રજનીના તમે ચંદ્ર છો, આ કમલિનીના આપ સૂર્ય છો. આપના વિયોગે મ્હને સમસ્ત પ્રકૃતિ સૌન્દર્યશૂન્ય જણાય છે. ચંદ્રના સુવિમળ પ્રકાશથી મ્હારી અંતરવ્યથા ઓછી થવાના બદલે વૃદ્ધિંગત થાય છે—રાજવૈભવ તુચ્છવત્ ભાસે છે; માટે સત્વર આ દાસીને દર્શનનો લાભ આપી દુઃખમુક્ત કરો. એટલી જ આ અબળાની અનન્યભાવથી પ્રાર્થના છે. વિશેષ શું લખું? મ્હારી અસાધારણ હૃદયવ્યથાનું વર્ણન હું નિર્જીવ શબ્દોદ્વારા કરી શકું તેમ નથી.

લિ. દર્શનાભિલાષિની

મૃગલોચની."

જ્યોતિસિંહ આ પત્ર વાંચી વિચારમાં પડી ગયો. વીરસિંહે કહ્યું:—" ભાઇ! શું આ પત્રની હકીકતપરથી એમ સાબિત નથી થતું કે, મૃગલોચનીનો પણ મ્હારાપર અપાર પ્રેમ છે. મ્હારી તમને એટલી જ વિનંતિ છે કે, તેની સાથે સત્વર મ્હારી મુલાકાત થાય એવી વ્યવસ્થા તમે કરો."

વીરસિંહનાં આ વચનો સાંભળી જ્યોતિસિંહે કહ્યું:–"હું હરેક પ્રકારે તમને ત્યાં લઇ જઇ શકું તેમ છું; પરંતુ આજકાલ મૃગલોચનીના પિતા જયસિંહે રાજમહેલની ચોતરફ સખ્ત પહેરો રાખેલો છે. તે ઉપરાંત રાણા જયસિંહના મંત્રીનો પુત્ર ક્રૂરસિંહ મૃગલોચની પર આશક થયેલો છે. એણે પોતાના બે બહુરૂપી દોસ્તો કે જેમનાં નામ અકબરઅલ્લી અને મુસફખાન છે તેમને એવી તાકીદ કરેલી છે કે તેમણે મહેલની ચોતરફ બરાબર તપાસ રાખવી. તેણે તેમને આવી સૂચના કરી છે તેનું કારણ એ છે કે, આપ રાજકુમારી મૃગલોચનીને ચ્હાઓ છો અને રાજકુમારી આપને ચ્હાય છે એ હકીકત કપટી ક્રૂરસિંહના જાણવામાં આવી છે. વળી દ્વેષબુદ્ધિને વશ થઇ એ હકીકત તેણે રાણા જયસિંહને જણાવી દીધેલી હોવાથી જ રાણાએ રાજમહાલયની આસપાસ સખ્ત પહેરાનો બંદોબસ્ત કર્યો છે. જ્યાં સુધી ત્યાં જઇને હું એ લુચ્ચાઓને મ્હારી જાળમાં નહિ ફસાવું ત્યાં સુધી આપને એ સ્થળે લઇ જવા હું નારાજ છું. આ પ્રસંગે હું રત્નગઢ જઈ મૃગલોચની તથા તેની સખી કિશોરી સાથે ગુપ્ત મુલાકાત કરીશ; કેમ કે કિશોરી પણ બહુરૂપીની વિદ્યા જાણતી હોઇ તે મૃગલોચનીની પ્યારી સખી છે. તે રાજનન્દિનીને પોતાના પ્રાણ કરતાં પણ વિશેષ ચ્હાય છે. આપણા શત્રુઓની હિલચાલનું સંપૂર્ણ અવલોકન કરી આવ્યા સિવાય હું આપને ત્યાં લઇ જઈ શકું તેમ નથી. વગર વિચાર્યે ઉતાવળથી કાર્ય કરવા જતાં સંકટ સહન કરવું પડે છે એ આપ સારી રીતે જાણો છો."

"ત્યારે તમને જેમ ઠીક લાગે તેમ કરો. મ્હારે માત્ર મ્હારી તાકતનો જ વિશ્વાસ છે; પરંતુ તમને તો તમારી તાકત અને બહુરૂપીની વિદ્યા–બન્નેનો વિશ્વાસ છે." રાજકુમાર વીરસિંહે જ્યોતિસિંહના વિચારોને સંમત થતાં કહ્યું.

"મ્હને એવો પણ પત્તો મળ્યો છે કે, હમણાં જ ક્રૂરસિંહના બન્ને બહુરૂપી મિત્રો અકબરઅલ્લી અને યુસફખાન પુનઃ અહીં આવીને આપણા મહારાજનાં દર્શન કરી ગયા છે. તેઓ શા વિચારથી આવ્યા હતા તેની કલ્પના હું કરી શકતો નથી. અફસોસ કે એ સમયે હું અહીં હાજર નહોતો; નહિ તો મ્હેં તેમને ક્યારનાય મ્હારા પંઝામાં ફસાવ્યા હોત." જ્યોતિસિંહે અફસોસ દર્શાવ્યો.

"તમે જેવી રીતે ક્રૂરસિંહના બન્ને મિત્રોને ફસાવવાના પ્રયત્નો કરો છો તેવી રીતે તેઓ તમને ફસાવવાના પ્રયત્નો કરે છે. ઠીક, હવે તમે ત્વરાથી રત્નગઢ જાઓ અને મૃગલોચનની સાથે મ્હારી મુલાકાત થાય એવો બંદોબસ્ત કરો." વીરસિંહે પોતાની ઇચ્છા દર્શાવી. તરત જ જ્યોતિસિંહ ઉઠી ઉભો થયો અને વીરસિંહનો ત્યાગ કરી રત્નગઢ તરફ રવાના થયો. વીરસિંહ પણ વૃક્ષના થડ સાથે બાંધેલા સુચતુર અશ્વને છૂટો કરી, તેના પર સ્વાર થઈ પોતાના કિલ્લા તરફ વિદાય થયો.

## પ્રકરણ ૨ જું.

### ક્રૂરસિંહના કપટનો આરંભ.

"મૃગલોચનિ! ત્યારે શું મ્હારી વિનંતિ તું માન્ય નહિ જ કરે? મ્હારા હૃદયને હરી લઈને અંતે તું મ્હને નિરાશ જ કરીશ કે? બ્હાયલા વીરસિંહને રાજકુમાર સમજી તું ત્હોરા ખરા જીગરથી તેને ચ્હાય છે? ના ના, હું ત્હારી આ ગંભીર ભૂલ અલ્પકાળમાં જ સુધારીશ. મ્હારા જેવો ભોગી ભ્રમર ત્હારા જેવી કુસુમકલિકાને બીજાના હાથમાં કાળાંતરે પણ નહિ જવા દે. જ્યાં સુધી મ્હારા જીવમાં જીવ

છે, મ્હારી નસોમાં ઉષ્ણ શોણિત વહે છે. ત્યાં સુધી તો હું વીરસિંહને ત્હાર પ્રણયમંદિરનો પૂજારી નહિ જ થવા દઉં. ક્યાં તું અને ક્યાં વીરસિંહ? મ્હારી ખાત્રી છે કે, પ્રસન્નતાથી તું મ્હારી ઇચ્છાને સ્વાધીન નહિ થાય તો હું છળકપટનો આશ્રય સ્વીકારીને પણ તને મ્હારા પંઝામાં ફસાવીશ અને મ્હારી ઉમ્મીદ બર લાવીશ."

સ્વગત આવા વિચારો કરતો ક્રૂરસિંહ રત્નગઢમાં આવેલા એક બગીચામાં બેઠો હતો. આ કથાનક પ્રસંગે ક્રૂરસિંહની ઉમ્મર ત્રીસેક વર્ષની હોઇ તેના ઉપર્યુક્ત ઉદ્ગારોના વાંચનથી જ વાંચકબંધુઓ તેના સ્વભાવ અને ચરિત્ર સંબંધીની કલ્પના કરી શકશે; એટલું જ નહિ પરંતુ ક્રૂરસિંહનાં વિશેષ નિષ્ઠુર અને પૈશાચિક કાર્યોનો આ નવલકથામાં વાંચકોને વારંવાર સાક્ષાત્કાર થવાનો હોવાથી એ સંબંધી અહીં વિશેષ ઉલ્લેખ કરવાની આવશ્યક્તા નથી.

ક્રૂરસિંહ સ્વગત આવા વિચારો કરતો હતો એવામાં તેના બન્ને યુવાન મિત્રો અકબરઅલ્લી અને યુસફખાન ત્યાં આવી પહોંચ્યા અને ક્રૂરસિંહ તેમને જોઇ શકે નહિ એવી રીતે તેઓ તેની પાછળ ઉભા રહ્યા. આ બન્ને યુવકો મુસલ્માન હોઇ તેમણે મુસલ્માની વેશ ધારણ કરેલો હતો. તેમની બન્નેની મુખમુદ્રાનું અવલોકન કરતાં તેઓ ચતુર, પ્રપંચી અને કળાબાજ હોય એવો તત્કાળ ભાસ થતો હતો. થોડા સમય સુધી મૌન ધારણ કર્યા પછી તેઓમાંના એકે ક્રૂરસિંહના ખભા પર હાથ મૂકતાં હસીને કહ્યું:—"દોસ્ત! શી ચિંતા કરો છો?"

"મ્હારા દિલાવર દોસ્તો! મ્હારી ચિંતાનું કારણ તમારાથી ક્યાં અજાણ્યું છે? હું મંત્રીનો પુત્ર હોવાથી રાજા જયસિંહ તેમની કન્યાનો મ્હારી સાથે વિવાહસંબંધ સાંધતાં સંકોચાય છે, ત્યારે બીજી તરફથી રાજકુમારી મૃગલોચની વીરસિંહને ચ્હાય છે. આમ હોવાથી રાત્રિ

દિવસ મ્હારા અંતરમાં અસંખ્ય વિચારો ઉત્પન્ન થાય છે., ધારો કે, કદાચ હું મૃગલોચનીને મ્હારી પ્રપંચજાળમાં ફસાવીને ઉપાડી જાઉં તો તેની સાથે કયાં જઇને રહું ? એવું બને તો મ્હારાં વૃદ્ધ માતાપિતાની મહારાણા જયસિંહ કેવી દુર્દશા કરે ? જ્યાં સૂધી આ જગત્માં વીરસિંહ હયાત હશે ત્યાં સૂધી મ્હારી મુરાદ બર આવનાર નથી. માટે વીરસિંહ અને તેના બહુરૂપી દોસ્ત જ્યોતિસિંહને ગિરફતાર કરી કોઇ એવા સ્થળે કેદ પૂરી રાખવા જોઇએ કે તેમનું મૃત્યુ થતાં સૂધી કોઈ તેમનો પત્તો મેળવી શકે નહિ. એ કાર્ય કર્યા પછી મહારાણા જયસિંહને મારી નાખવાનો પ્રયત્ન આપણે કરવો જોઇએ. જો એ બન્ને કાર્ય પાર ઉતરી જાય તો સત્વર તમારો આ દિલાવર દોસ્ત ગાદીનશીન થાય અને આપણાં સર્વેનાં સકળ સંકટો અને ચિંતાઓનો અંત આવી જાય. હું રત્નગઢ રાજ્યનો મહારાણો થઇશ એટલે રાજકુમારી મૃગલોચની નિરુપાયે પણ મ્હારી ઇચ્છાને આધીન થશે અને હું તેના સહવાસસુખમાં મ્હારા આયુષ્યને પસાર કરી શકીશ; પરંતુ યુસફખાન ! રાજાનું કાસળ કાઢી નાખ્યા પછી હું રત્નગઢમાં રાજસિંહાસન પર બિરાજી શકીશને ? " ક્રૂરસિંહે પોતાની મહત્વાકાંક્ષાનું વર્ણન કર્યું.

" આપ એ માટે નિશ્ચિંત રહો. આ રાજ્યમાં મુસલ્માનોની સંખ્યા વિશેષ છે. એ સર્વેને હું આપની મદદાર્થે તૈયાર કરી શકું તેમ છું, તથા તેમની પાસે એવા કસમ ખવડાવું છું કે, જયસિંહના મૃત્યુ પછી તેઓ આપને જ મહારાજા માને; પરંતુ આપને અમારી એક શર્ત સ્વીકારવી પડશે. તે એ છે કે, રાજા થયા પછી આપે અમારા મુસલ્માનોની મજહબને સ્વીકારવો. " યુસફખાને કહ્યું.

"દોસ્તો ! તમારી આ શર્તને હું દિલોજાનથી કબૂલ કરું છું." ક્રૂરસિંહે રાજ્યલોભને વશ થઇ યુસફખાનની શર્ત સ્વીકારવા કહ્યું.

"આ વાતનું એક એકરારનામું (પ્રતિજ્ઞાપત્ર) લખીને આપ મ્હારા હાથમાં આપો; જેથી સર્વે મુસલ્માન ભાઇઓને અમે એ એકરારનામું બતાવી આપણા પક્ષમાં લઇ શકીએ." અકબરઅલીએ પોતાના પ્રસ્તાવને સુદૃઢ કરવાની કલ્પનાથી કહ્યું.

કૂરસિંહે કાર્ય થઇ ગયા પશ્ચાત્ મુસલ્માની મજહબ સ્વીકારવાને માટે એક એકરારનામું લખી સત્વર અકબરઅલ્લી અને યુસફખાનને સ્વાધીન કર્યું. પછીથી યુસફખાને કૂરસિંહને કહ્યું:–"હવે આપના નામના વિજયડંકો વાગી ચુકયો છે એમજ આપ સમજજો. સઘળા મુસલ્માનોને જેમ બને તેમ જલદીથી અમે આપણા પક્ષમાં મેળવી લઇશું; પરંતુ હજી એક વાત રહી જાય છે."

"શી વાત રહી જાય છે તે જણાવો એટલે તેનો નિકાલ કરવામાં આવશે." કૂરસિંહે આશાજનક સ્વરે પૂછ્યું.

"એજ કે, અમારા મહાન્ પ્રયત્નોના પરિણામથી જ આપ આ વિશાળ રાજ્યના મહારાણા થઇ શકો તેમ છો; જેથી અમારા શ્રમનો અમને પણ યોગ્ય બદલો મળવો જ જોઇએ." યુસફખાને સ્વાર્થની વાત દર્શાવી.

"દોસ્તો! હું જાણું છું કે, તમારી બન્નેની સહાયતાથી જ મ્હારી સર્વે મહત્વાકાંક્ષાઓ સફળ થાય તેમ છે. તમારા શ્રમનો, તમે જે બદલો માગશો તે હું તમને અવશ્ય આપીશ." કૂરસિંહે કહ્યું.

"અમારી માગણી માત્ર એજ છે કે, આપ રાજા થાઓ એટલે અમને બન્નેને વજીરનો અધિકાર આપવામાં આવે. પછીથી આપ અમારી ચાલાકીનો તમાશો જોજો કે, વાતમાં ને વાતમાં અમે જમાનાને કેવી રીતે ઉલટાવી નાખીએ છીએ!"

કૂરસિંહે પોતાના દોસ્તોની માગણી પ્રમાણે, પોતાને રાજસિં-

શાસન પ્રાપ્ત થયા પછી તેમને વજીરનો અધિકાર આપવાનું બીજું એક એકરારનામું પણ લખી આપ્યું. એથી અકબરઅલી અને યુસફ-ખાન પણ ઘણા આનંદિત થયા.

થોડા સમય પછી યુસફખાને કહ્યું:–"હવે અમે રાજકુમારી મૃગ-લોચનીની ખબર લેવા જઈએ છીએ; કેમ કે આ સંધ્યાનો સમય ઘણો ઉત્તમ છે. આ સમયે મૃગલોચની બગીચામાં બેસી તેની સખી કિશો-રીને પોતાની વિરહવાર્તા કહેતી હશે; તેથી એનો પત્તો ઘણી સહેલાઇથી લાગી શકશે, અને આજકાલ વીરસિંહ અને મૃગલોચની વચ્ચે શી ખટપટ ચાલી રહી છે એ પણ જાણી શકાશે?"

આ પ્રમાણે કહી યુસફખાન અકબરઅલીની સાથે ત્યાંથી વિદાય થઈ ગયો.

## પ્રકરણ ૩ જું.

### કિશોરીની કાર્યકુશળતા.

અદ્યાપિ સૂર્યાસ્ત થવાને થોડા સમયનો વિલંબ હતો. મૃગલોચની, કિશોરી અને પુષ્પા બગીચામાં ફરતાં હતાં. વિવિધ પુષ્પલતાઓ એક બીજીને આલિંગન કરી સ્વચ્છંદ વાયુમાં વિહાર કરતી હતી. મૃદુમંદ શીતળ વાયુ પુષ્પોની સુગંધિ હરી લઇને ચારે દિશાએ ફુંકાતો હતો. પશ્ચિમાકાશે મનહર સૌન્દર્ય ધારણ કર્યું હતું. ઉચ્ચ વૃક્ષોની ડાળીઓને ભેદી, અસ્ત થવાની તૈયારી કરતા સૂર્યભગવાન્ પોતાનાં રંગબેરંગી તેજોમય કિરણો ફેંકતા હતા. બગીચામાં ઉગેલી લીલી હરિયાળીને વ્યવસ્થાપૂર્વક કાપી નાંખેલી હતી. ગુલાબ, જાઇ, જુઇ, ચંપો, ચમેલી આદિ પુષ્પો પૂર્ણવિકસિત થયેલાં હતાં. બગીચાની એક બાજુએ સુંદર

ભવ્ય રાજમહાલય અને બીજી બાજુએ બે ઊંચા બુરજો આવેલા હતા. મૃગલોચનીની પ્રાણપ્રિય સખી કિશોરી વિવિધ પુષ્પો ચુંટીને મૃગલોચનીના કોમળ હાથમાં આપતી હતી, તથા રાજનન્દિનીની હૃદયવ્યથા ઓછી કરવાનો પ્રયત્ન કરતી હતી; પરંતુ આથી રાજકુમારીની હૃદયવ્યથા શાન્ત થતી નહોતી. બગીચામાં ફરવાથી મૃગલોચનીનું મન થોડા સમયના માટે વિરહની વ્યથા ભૂલી જશે એમ વિચારી તેની સખીઓ બળાત્કારપૂર્વક તેને રાજમહાલયમાંથી બગીચામાં તેડી લાવી હતી.

પુષ્પા વેણિ બનાવવા માટે પુષ્પો તોડતી તોડતી માલતીલતા તરફ ચાલી ગઇ; પરંતુ મૃગલોચની અને ચપળા ફરતી ફરતી બગીચાના મધ્યભાગમાં આવેલા ફુવ્વારા પાસે જઇ જળક્રીડા જોવા લાગી.

"કોણ જાણે કે, પુષ્પા ક્યાં પલાયન કરી ગઇ?!" કિશોરીએ કહ્યું.

"આટલામાં જ કોઈ સ્થળે ફરતી હશે." મૃગલોચનીએ ઉત્તર આપ્યો.

"તેને ગયાને ઘણો સમય થઇ ગયો; છતાં તે આપણી પાસે આવી કેમ નહિ?"

"જો, એ આ તરફ જ આવે છે."

"આ સમયે તો એની ચાલમાં ફર્ક જણાય છે!" કિશોરીએ સંશયાધીન થઇને કહ્યું.

એટલામાં પુષ્પાવતીએ આવી પુષ્પોનો એક ગજરો મૃગલોચનીના હાથમાં આપીને કહ્યું:–"જુઓ, હું કેવો સુંદર ગજરો બનાવી લાવી છું. જો મ્હારા સદ્‌ભાગ્યે આ સમયે રાજકુમાર વીરસિંહ અહીં હાજર હોત તો તેઓ મ્હારી કારીગરીની પ્રશંસા કરત અને મ્હને ઘણું સારું ઇનામ આપત."

એકાએક વીરસિંહનું નામ સાંભળવામાં આવતાં જ રાજકુમારીની સ્થિતિ આશ્ચર્યજનક થઇ ગઇ. ભૂલી જવામાં આવેલી વિરહવાર્તાનું પુનઃસ્મરણ થયું. કમળ સમાન મુખમંડળ મલિન થઇ ગયું. તે ઉતાવળથી શ્વાસ લેવા લાગી. નયનયુગલમાંથી અશ્રુબિંદુઓ ટપકવા લાગ્યાં. સજળનયને તે કહેવા લાગીઃ—"મ્હારા કમનસીબ કિસ્મતમાં વિધાતાએ કેટલું બધું કષ્ટ ભોગવવાનું નિર્માણ કર્યું છે તેનો કશો નિર્ણય હું કરી શકતી નથી. પિતાજીના અંતરમાં વળી કાંઇ વિચિત્ર જ ધૂન ભરાઈ છે. તેઓ મ્હને જીવનપર્યન્ત કુમારિકા રાખવાને કહે છે. મ્હને મેળવવાને માટે રાજકુમાર વીરસિંહે મ્હારા પિતાની ઘણી ખુશામદ કરી; પરંત નિષ્ઠુર ક્રૂરસિંહના પિતા દુર્જનસિંહે પિતાજીને એવા તો વશ કરી દીધા છે તેઓ દુર્જનસિંહની સલાહ પ્રમાણે જ પ્રત્યેક કાર્ય કરે છે. વળી ક્રૂરસિંહ કોઇ પણ રીતે મ્હને તેની જાળમાં ફસાવવાને ઇચ્છે છે. આવી વિચિત્ર પરિસ્થિતિ હોવાથી શું કરવું તે હું સમજી શકતી નથી."

આ સમયે કિશોરીએ મૃગલોચનીનો હાથ દબાવી તેને ચૂપ રહેવાનો સંકેત કર્યો. કિશોરીના સંકેતને સમજી જઇ મૃગલોચનીએ મૌન ધારણ કર્યું, અને કિશોરીનો હાથ પકડી તે પાછી બાગમાં ફરવા લાગી; પરંતુ જાણી જોઇને તે પોતાનો રૂમાલ ત્યાં નાખતી ગઇ. થોડે દૂર ગયા પછી તેણે પુષ્પાવતીને ઉદ્દેશીને કહ્યુંઃ—"સખિ! જો તો ખરી, ફુવ્વારા પાસે મ્હારો રૂમાલ પડી ગયો છે!"

પુષ્પા રૂમાલ લેવાને ફુવ્વારા પાસે ચાલી ગઇ એટલે મૃગલોચનીએ કિશોરીને પૂછ્યુંઃ-"સખિ! ત્હેં મ્હને વાત કરતાં એકાએક અટકાવી કેમ દીધી?"

"બ્હેન! મ્હને પુષ્પાપર સંશય ઉપજ્યો છે. તેની વાતચિત

તેમજ ચાલ ઉપરથી મ્હને એમ લાગે છે કે એ પુષ્પા નથી.” કિશોરીએ ઉત્તર આપ્યો.

આ સમયે પુષ્પાએ રૂમાલ લાવી મૃગલોચનીના હાથમાં આપ્યો. કિશોરીએ પુષ્પાને પૂછ્યું:–“સખિ! કાલે રાત્રે મ્હેં તને જે કામ કરવાનું કહ્યું હતું તે ત્હેં કર્યું કે?”

“ના ના–એ કામ કરવાની વાતને તો હું ભૂલી ગઇ છું.” પુષ્પાએ ઉત્તર આપ્યો.

“ઠીક, એ વાત પણ તને યાદ છે કે ભૂલી ગઇ છે?” કિશોરીએ વિશેષ તપાસ કરવાની ઇચ્છાથી પૂછ્યું.

“એ વાત તો મ્હને યાદ છે.”

“ત્યારે એ વાત તું મ્હને કહે તો જ હું જાણું કે એ વાત તને યાદ છે.!”

કિશોરીની આ વાતનો ઉત્તર નહિ આપતાં પુષ્પાએ બીજી વાત કાઢી. એથી સંશયના સ્થાને એવો દૃઢ વિશ્વાસ થઇ ગયો કે, એ પુષ્પા પોતે નથી. પછીથી કિશોરી પુષ્પાવતીને એક વાત કહેવાનું જણાવી બગીચાની એક બાજુએ લઇ ગઇ, તથા કેટલીક નિરુપયોગી વાતો કર્યા પછી તેણે કહ્યું:—“જો જોઇએ, મ્હારા કાનમાંથી કાંઇ દુર્ગંધ તો નથી આવતી ને? ગઇ કાલથી મ્હારા કાનમાં દર્દ થયા કરે છે!”

બનાવટી પુષ્પા કિશોરીની ચતુરાઇમાં ફસાઇ પડી, અને તેણે કિશોરીનો કાન સુંઘ્યો. પ્રથમથી જ કિશોરીએ છુપી રીતે પોતાના કાનમાં બેશુદ્ધ બની જવાય એવી ભુકી રાખી હતી. ચાલાકીથી તેણે એ ભુકી પુષ્પાને સુંઘાડી. પુષ્પા અલ્પકાળમાં જ બેશુદ્ધ બની જઇ પૃથિવી પર ઢળી પડી.

આ સમયે કિશોરીએ મૃગલોચનીને હાંક મારતાં કહ્યું:—"બ્હેન! તમે અહીં આવીને આપણી પુષ્પાની સ્થિતિ જુઓ."

મૃગલોચની પાસે આવી પહોંચી એટલે તેણે પુષ્પાને બેશુદ્ધાવસ્થામાં પૃથિવીપર પડી રહેલી જોઇ. મૃગલોચનીએ કિશોરીને કહ્યું:—"સખિ! કદાચ એમ ન થાય કે આ પુષ્પા જ હોય અને પછી ત્હારે તેના સમક્ષ શરમાવું પડે."

"ના-ના—એમ થવાનું નથી." આમ કહીને કિશોરી પુષ્પાને પોતાની પીઠ પર નાખી ફુવ્વારાની પાસે લઇ, તથા તેણે મૃગલોચનીને કહ્યું:—"બ્હેન! તમે ફુવ્વારામાંથી પાણી લાવી આના મ્હોં પર છાંટો—હું એનું મ્હોં ધોઉં છું."

મૃગલોચની બનાવટી પુષ્પાના મ્હોં પર પાણી છાંટવા લાગી અને કિશોરી તેને ધોવા લાગી. થોડા જ સમયમાં પુષ્પાવતીની સુરત; બદલાઈ ગઈ એટલે પુષ્પાના વેશમાં અકબરઅલ્લી ઓળખાઇ ગયો. આવો પ્રકાર જોવામાં આવતાં જ મૃગલોચનીનું મ્હોં ક્રોધથી લાલચોળ બની ગયું. તેના મુખમાંથી માત્ર એટલાજ શબ્દો નીકળ્યા કે:—"આ બદમાશે આજે ઘણી બેઅદબી કરી છે!"

"તમે જુઓ તો ખરાં કે, હું હવે શું કરું છું?!" આમ કહી કિશોરી પુનઃ અકબરઅલ્લીને પોતાની પીઠપર નાખી બગીચાના એક ખુણામાં લઇ ગઇ. ત્યાં આગળ બુરજ નીચે એક ભોંયરું હતું. કિશોરીએ બેશુદ્ધ અકબરઅલ્લીને એ ભોંયરામાં લઇ જઇને સુવાડ્યો તથા પોતાના બહુરૂપીના વાટવામાંથી એક મીણબત્તી બ્હાર કાઢીને સળગાવી. મીણબત્તી સળગાવ્યા પછી તેણે એક દોરડાથી અકબરઅલ્લીના પગ અને હાથ તેની પીઠ તરફ વાળી મજબુતાઇથી બાંધી દીધા, તથા એક ડબ્બીમાંની ભૂકી તેણે તેને સુંઘાડી. આથી

અકબરઅલ્લીને છીંક આવી તથા તે શુદ્ધિમાં આવ્યો એટલે પોતે ફસાઇ પડ્યો છે એમ તેને માલૂમ પડ્યું. કિશોરી પોતાના હાથમાં એક ચાબુક લઇ ઉભી થઈ તથા તેણે અકબરઅલ્લીના અંગપર ફટકા મારવા માંડયા.

પ્રહારની વેદના વેઠી નહિં શકાયાથી અકબરઅલ્લી બોલ્યો:–"મ્હને ક્ષમા આપો. મ્હારાથી મહાન્ ગુન્હો થયો છે. હવેથી હું આવું કાર્ય કદાપિ નહિ કરું તેમજ આવા કાર્યમાં કોઇને સહાયતા પણ નહિ કરું." આમ કહી તે પ્રહારના દારુણ દુઃખથી દયાજનક બૂમો પાડવા લાગ્યો.

કિશોરીએ અકબરઅલ્લીનાં વચનો તરફ દુર્લક્ષ્ય કરીને કહ્યું:–"સબુર કર. એક વખત માર ખાઇને નહોતો તૃપ્ત થયો કે પાછો આ રાક્ષસી સાથે બાથ ભીડવા આવ્યો ? શું આ બગીચામાં હવા ખાવાની ત્હારી ઇચ્છા હતી ? હું બગીચામાં છું એ તું નહોતો જાણતો કે ? શયતાનના બચ્ચા ! ત્હારા બેઇમાન બાપના કહેવાથી ત્હેં આવું કામ કર્યું હતું કે ? હું એના પણ કેવા હાલહવાલ કરું છું એ તું થોડા સમયમાં જ જાણી શકીશ." આમ કહીને તે પાછી અકબરઅલ્લીના સર્વાંગપર ફટકા મારવા લાગી. થોડા સમય પછી તેણે પૂછ્યું:–"શયતાન! તું શા હેતુથી બગીચામાં આવ્યો હતો એ મ્હને કહે ? પુષ્પાવતી ક્યાં છે તેનો સત્વર ઉત્તર આપ ?"

પ્રહારનું દુઃખ વેઠી નહિ શકાયાથી અકબરઅલ્લીને સત્ય વાત કહેવી પડી કે, પુષ્પાને તેણે બેહોશ બનાવી દીધી હતી. રસ્તામાં તેણે પુષ્પોનો ગુચ્છ ફેંક્યો હતો. એ સુંઘીને પુષ્પા બેશુદ્ધ બની ગઇ હતી. પછીથી તેણે તેને એક કુંજમાં સૂવાડી તેનો વેશ ધારણ કર્યો હતો. આ સઘળી હકીકત કહી સજળનયને તેણે પોતાને મુક્ત કરવાનો કિશોરીને વિનંતિ કરી.

"ઉભો રહે, હું તને મુક્ત કરું છું." આમ કહીને કિશોરીએ બીજા દશબાર ફટકા તેને માર્યા એટલે તે ઉચ્ચ સ્વરે રડવા લાગ્યો. આ સમયે કિશોરીએ મૃગલોચનીને કહ્યું:—"તમે આ બદમાશ પાસે ઉભાં રહી તેની દેખરેખ રાખો. હું પુષ્પાવતીને શોધી લાવું. કદાચ આ બદમાશ અસત્ય વચનો ઉચ્ચારતો હોય માટે પુષ્પાવતીને શોધી કાઢવાની પ્રથમ અગત્ય છે."

પુષ્પાને શોધતી શોધતી કિશોરી માલતીલતા પાસે જઇ પહોંચી. ત્યાં જઇ બત્તી સળગાવી તપાસ કરતાં તેને માલુમ પડયું કે, પુષ્પાવતી એ સ્થળે આવેલી ઝાડીમાં બેશુદ્ધાવસ્થામાં પડી રહેલી હતી. કિશોરી તેને શુદ્ધિમાં લાવવાનું ઔષધ સુંઘાડી સહજ દૂર ઉભી રહી. અલ્પકાળમાં જ પુષ્પાવતી શુદ્ધિમાં આવી. કિશોરીએ સ્મિતવદને તેને કહ્યું:—"ત્હારી તબિયત કેવી છે? અંતે પિશાચની પ્રપંચજાળમાં ફસાઇ પડી ને?"

"હું કયાં જાણતી હતી કે, આ સમયે બગીચામાં આમ બનશે! માર્ગમાં એક પુષ્પગુચ્છ નજરે પડયાથી મ્હેં તે ઉપાડીને સુંઘ્યો તેથી વિના વિલંબે હું બેશુદ્ધ બની ગઇ. ત્યાર પછી શું બન્યું તેની મ્હને માહિતી નથી. અરેરે! કોણે મ્હને બેહોશ બનાવી દીધી હતી?! એ માણસ મ્હારાં વસ્ત્રો પણ લઇ ગયો હોય એમ લાગે છે; વસ્ત્રો ઘણાં મૂલ્યવાન હતાં!!" પુષ્પાએ દિલગીરી દર્શાવી.

ત્યાં આગળ અકબરઅલ્લીનાં કપડાં પડયાં રહ્યાં હતાં. કિશોરીએ એક બે વસ્ત્રો લાવી પુષ્પાવતીનું મોહક અંગ ઢાંકી દીધું. પછીથી તેણે કહ્યું:—"પુષ્પા! તું બિલકુલ ચિંતા કરીશ નહિ. જે નરાધમે ત્હારી આવી સ્થિતિ કરી છે તેને મ્હેં કેવી શિક્ષા કરી છે એ ચાલ, હું તને બતાવું."

આમ કહી કિશોરી પુષ્પાને જ્યાં આગળ અકબરઅલ્લી અને મૃગલોચની હતાં ત્યાં લઇ ગઇ. અકબરઅલ્લી તરફ ઇશારો કરીને કિશોરીએ પુષ્પાને કહ્યું:–"જો આ દુષ્ટાત્માએ જ તને બેહોશ બનાવી દીધી હતી."

અકબરઅલ્લી નજર પડતાં જ પુષ્પાવતીના અંતરમાં અપાર ક્રોધ ઉપજ્યો. તેણે કિશોરીને કહ્યું:–"બ્હેન! જો તું મ્હને રજા આપતી હોય તો હું પણ આ નિમકહરામને પાંચ સાત ફટકા મારી મ્હારા ક્રોધને શાન્ત કરું."

"એ માટે રજા મેળવવાની બિલકુલ જરૂર નથી. તું આ બદમાશને ત્હારી ઇચ્છા હોય એટલા ફટકા માર." કિશોરીએ સંમતિ આપી. પુષ્પાવતીએ ક્રોધાવેશમાં જ અકબરઅલ્લીને ઘણા ફટકા માર્યા. અકબરઅલ્લી ગભરાઇ ગયો તથા તે પોતાના મનમાં ને મનમાં કહેવા લાગ્યો:–"હે ખુદા! નૂરસિંહના લીધે જ મ્હારી આવી દુર્દશા થઇ છે માટે આપ મ્હારાપર દયા કરો."

પછીથી અકબરઅલ્લીને આ ભોંયરામાં કેદ કરી ત્રણે જણીઓ રાજમહાલય તરફ રવાના થઇ.

આ ન્હાનો બગીચો કે જેમાં ઉપર્યુક્ત સઘળા બનાવો બન્યા તે રાજમહાલયના પાછળના ભાગમાં આવેલો હતો. આ બગીચો મૃગલોચની માટે તૈયાર કરાવવામાં આવ્યો હતો. એની ચોતરફ મુસલ્માનોનો પહેરો હોવાથી અકબરઅલ્લી અને યુસફખાનને પોતાનું કાર્ય કરવાનો સુયોગ સહેલાઇથી મળ્યો હતો.

# પ્રકરણ ૪ થું

## પ્રેમિકનો પ્રેમપત્ર.

આ સંસારે પ્રથમ પ્રીતિએ કોણ જાણી શક્યું છે,
કે પ્રીતિનું રૂધિર સઘળું ઉષ્ણ અશ્રુતણું છે?"
—કલાપી.

વીરુસિંહ પાસેથી વિદાય લઇ જ્યોતિસિંહ રત્નગઢ જઇ પહોંચ્યો, અને મૃગલોચનીને મળવાની ખટપટ કરવા લાગ્યો; કિન્તુ તેનો એક પણ પ્રયત્ન સફળ થયો નહિ; કેમ કે પહેરેગીરો ઘણી સાવધાનતાથી પહેરો ભરતા હતા. જ્યોતિસિંહ હવે શું કરવું તેનો વિચાર કરવા લાગ્યો. આકાશમાં જ્યોતિર્મયી ચાંદની ખીલેલી હોવાથી વસુંધરાપર પ્રકાશનો વિસ્તાર થયો હતો. જો અંધકારમયી રાત્રિ હોત તો જ્યોતિસિંહ કોઇ પણ પ્રયત્નથી પોતાનો હેતુ સહેલાઇથી સફળ કરી શકત.

અંતે જ્યોતિસંહ એકાન્તમાં જઇ એક ચોપદારનું સ્વરૂપ ધારણ કરી બગીચાના પ્રવેશદ્વાર પાસે ગયો. ત્યાં ઘણા સિપાહીઓ પહેરો ભરતા હતા. જ્યોતિસિંહે સિપાહીઓ પાસે જઇને કહ્યું:—"દોસ્તો ! હું પણ મહારાજાનો આજ્ઞાધારક ગુલામ છું. લગભગ ચાર માસથી મહારાજાએ કૃપા કરી મ્હને પોતાના મહેલમાં નોકરીપર રાખ્યો છે."

"ભલે ભલે આવો બેસો, અને હુક્કા પાણીની લહજ્જત ઉડાવો."

આમ કહીને સિપાહીઓએ હુક્કો જ્યોતિસિંહ પાસે મૂક્યો. જ્યોતિસિંહે કહ્યું:—"ભાઇઓ ! હું હિન્દુ છું તેથી મુસલમાની હુક્કો પી શકું તેમ નથી. માત્ર ચલમ પીશ એટલે મ્હને તૃપ્તિ થશે."

"આમ કહીને તેણે ચલમ ઉતારી લીધી અને તે પીવા લાગ્યો. તેણે બે દમ પણ નહિ ગાર્યાં હોય એવામાં ખાંસવા માંડયું. તેને એટલી બધી ખાંસી આવી કે તેના મ્હોંમાંથી થોડું પાણી પણ નીકળી પડયું. આમ થવાથી તેણે કહ્યું:-"મીયાં સાહેબ! તમે ઘણી કડક તમાકુ વાપરો છો. હું તો હમ્મેશાં સરકારી તમાકુ પીઉં છું. જે નોકર મહારાજાનો હુકકો ભરે છે તેની સાથે મ્હારી દોસ્તી થઇ ગઇ છે; તેથી મહારાજા જે તમાકુ પીએ છે તેજ તમાકુ તે મ્હને આપે છે. મ્હને હવે એવી આદત પડી ગઇ છે કે, એ તમાકુ સિવાય બીજી કોઇ પણ તમાકુ મ્હને પસંદ આવતી નથી."

અંતે ચોપદારના વેશમાં જ્યોતિસિંહે પોતાના વાટવામાંથી એક ચલમ તમાકુ બહાર કાઢીને કહ્યું:-"લ્યો, આજે તમે પણ પી જુઓ કે; મહારાજની તમાકુ કેવી લહજ્જતદાર છે?!"

સઘળા પહેરેગીર સિપાહીઓ મહારાજાની તમાકુ પીવાને ઉત્કંઠિત બની ગયાં. જ્યોતિસંહે આપેલી તમાકુને હુકકામાં ગોઠવતાં ગોઠવતાં એક જણે કહ્યું:-"દોસ્ત! તમે ઘણા ભાગ્યશાળી છો કે, રોજ મહારાજાની તમાકુ પી શકો છો. તમારી મુલાકાત થયાથી આજે અમને ઘણો આનંદ ઉપજ્યો છે."

પછીથી જ્યોતિસિંહવાળી તમાકુ હુકકામાં ગોઠવી એ લોકોએ ચલમ જ્યોતિસિંહ આગળ ધરી. જ્યોતિસિંહે કહ્યું:-"ના ના, હું તો હમ્મેશાં આ તમાકુ પીઉં છું; માટે પ્રથમ તમે સર્વ આ અજબ તમાકુની લહજ્જત ઉડાવો; પછીથી હું પણ એક બે દમ મારીશ."

પછીથી હુકકો ગડગડવા લાગ્યો, અને તે સાથે ગપ્પાંગોષ્ઠિ પણ ચાલવા લાગી.

અલ્પકાળમાંજ સઘળા પહેરેગીરોનાં મસ્તક ભમવા લાગ્યાં, તથા

વિના વિલંબે તેઓ સર્વે બેહોશ બની જઇ પૃથિવીપર ઢળી પડયા.

"હવે જ્યોતિસિંહને કોઇનો ભય રહ્યો નહિ.' તેણે બગીચામાં પ્રવેશ કર્યો એટલે સ્હામેથી એક દાસીને હાથમાં ફાનસ લઇ પોતાના તરફ આવતી તેણે જોઇ. જ્યોતિસિંહે ત્વરિતગતિથી, અવળા માર્ગેથી તેની પાછળ જઇ તેને જમીનદોસ્ત કરી નાખી. આથી તે ચું કે ચાં પણ કરી શકી નહિ. જ્યોતિસિંહે જબરદસ્તીથી તેના નાકપર થોડી દવા મૂકી તેને બેહોશ બનાવી દીધી. પછીથી જ્યોતિસિંહ એ દાસીને ઉપાડી એક એકાન્ત સ્થળે લઇ ગયો. ત્યાં જઇ વાટમાંથી મીણબત્તી કાઢીને તેણે સળગાવી, તથા પોતાની સ્હામે આયનો રાખીને તેણે એ દાસીનો વેશ ધારણ કર્યો. એ દાસીને ત્યાં જ પડી રહેવા દઈ જ્યોતિસિંહ રાજમહાલય તરફ રવાના થયો, તથા મૃગલોચની, કિશોરી, પુષ્પા અને બીજી પાંચદશ દાસીઓ સાથે જે સ્થળે બેઠી હતી. તે સ્થળે જઈ પહોંચ્યો.

જ્યોતિસિંહને જોતાંની સાથે જ કિશોરીએ કહ્યું:-"કેમ કેતકી; જે કાર્યાર્થે મ્હેં તને અહીંથી મોકલી હતી તે કાર્ય તું કરી આવી કે ?"

કિશોરીના આ પ્રશ્ન ઉપરથી જ્યોતિસિંહ સમજી ગયો કે, જે દાસીને તેણે બેહોશ બનાવી દીધી હતી તથા જેનું સ્વરૂપ ધારણ કરી તે આ સ્થળે આવ્યો હતો એ દાસીનું નામ કેતકી હતું.

"હા, એ કાર્ય કરવાને તો હું ગઇ હતી; કિન્તુ રસ્તામાં એક નવીન તમાશો જોઇ તમને એ હકીકત કહેવાને હું પાછી આવી છું." બનાવટી કેતકીએ ઉત્તર આપ્યો.

"ત્હેં સો તમાશો જોયો છો તે કહે જોઇએ ?" કિશોરીએ ઉત્સુકતાથી પૂછ્યું.

"જો સર્વને તમે અહીંથી વિદાય કરી દ્યો તો હું તમને તેમજ રાજકુમારીને એ હકીકત કહી સંભળાવું."

સર્વ દાસીઓને તરત જ ત્યાંથી વિદાય કરી દેવામાં આવી. માત્ર મૃગલોચની, કિશોરી અને પુષ્પાવતી ત્યાં રહી એટલે જ્યોતિસિંહે કહ્યુંઃ– "મ્હને જો કાંઇ ઇનામ આપો તો હું ખુશખબર કહી સંભળાવું."

મૃગલોચનીએ એવો વિચાર કર્યો કે, "કેતકી વીરસિંહ સંબંધીના જ કાંઇ સમાચાર લાવેલી હોવી જોઇએ; પરંતુ હજી સુધી કેતકીએ મ્હારા મુખે વીરસિંહનું નામ સુદ્ધાં સાંભળ્યું નથી. કોણ જાણે કે એ શા ખુશીના સમાચાર લઇ આવી છે!". આવો વિચાર કરી તેણે કેતકીને ઉદ્દેશીને કહ્યું:–"હા હા–તને અવશ્ય ઇનામ આપીશ. તું જે ખુશખબર લાવી હોય તે સત્વર કહી સંભળાવ અને મ્હારી અધીરતાનો અંત લાવ."

"મ્હને પહેલો ઇનામ આપો તો જ હું કહું, નહિ તો હું તો આ સ્થળનો ત્યાગ કરીને ચાલી જાઉં છું!" આમ કહીને બનાવટી કેતકી ઉઠી ઉભી થઇ. કેતકીનાં નખરાં જોઇ કિશોરીથી રહી શકાયું નહિ. તેણે કૃત્રિમ રોષ દર્શાવતાં કહ્યું:–"કેમરે કેતકી, આજે તને શું થઇ ગયું છે કે, આમ મિજાજમાં જ વાત કરે છે? જો બહુ મિજાજ કરીશ તો બે ચાર લાત ઠોકી દઇશ!"

"હું કયાં ત્હારાથી કમજોર છું કે ત્હારી લાતો ખાઉં!"

હવે કિશોરીના ધૈર્યનો અંત આવ્યો. તે બનાવટી કેતકીના અંગપર ધસી. આ સમયે કિશોરીનો હાથ જ્યોતિસિંહની છાતીપર પડયો. છાતીની સફાઇનો અનુભવ થતાં જ તે ગભરાઇ જઇ સત્વર દૂર ખસીને ઉભી રહી!

જ્યોતિસિંહે હસીને કહ્યું:–"શા માટે મ્હને અડકતાંની સાથે જ દૂર ખસી ગઇ? અહીં આવી મ્હારી સાથે લઢને!"

કિશોરીએ પોતાનાં વસ્ત્રોમાં છુપાવી રાખેલી એક તીક્ષ્ણ કટાર

બ્હાર કાઢીને કહ્યું:—"હે બહુરૂપી, સાચું કહે કે તું કોણ છે? નહિ તો ક્ષણ માત્રમાં જ હું ત્હારો જીવ લઇશ."

કિશોરીનાં આ પ્રશ્નનો કશો ઉત્તર નહિ આપતાં જ્યોતિસિંહે વીરસિંહનો પત્ર રાજનન્દિની મૃગલોચની પાસે મૂકી દીધો. કિશોરી પણ એ પત્ર ઉપરના વીરસિંહના હસ્તાક્ષર જોઇ સમજી શકી કે, આવનાર બહુરૂપી બીજો કોઇ નહિ; કિન્તુ વીરસિંહનો દિલોજાન દોસ્ત જ્યોતિસિંહ જ હોવો જોઇએ. આ હકીકત જાણવામાં આવતાં તે ઘણી શરમાઇ ગઈ તથા નીચી ગરદન કરી ચૂપકીદીથી ઉભી રહી. મનમાં ને મનમાં તે જ્યોતિસિંહની સફાઇ તથા ચાલાકીની તારીફ કરવા લાગી. જ્યોતિસિંહની મહબ્બતે તેના કોમળ અંતઃકરણમાં દૃઢ સ્થાન મેળવ્યું.

મૃગલોચનીએ ઘણા પ્રેમપૂર્વક વીરસિંહનો પત્ર વાંચ્યો. એ પ્રેમપત્રમાં વીરસિંહે પોતાની હૃદયવ્યથાનું વર્ણન કરી એક ગુઝલ લખી હતી.

"લગાડી પ્રેમની લગની, પ્રિયા શું દૂર થાએ છે?
હૃદય સાથે હૃદય જોડી, પ્રિયા શું દૂર થાયે છે?
કરીને યાદ હે પ્રમદા! દિવસને રાત હું રોતો;
નથી કંઇ ચેન દુનિયામાં, હૃદય બળી ખાક થાયે છે.
રસિકા ને નવેલી તું, હૃદયનો હાર મ્હારો છે;
પ્રિયા દિલજાન ઓ પ્યારી, હવે આ પ્રાણ ત્હારો છે.
બનાવ્યો ઇશ્કનો બંદો, બીજો સૂઝે નહિ ધંધો;
છતી આંખે થયો અંધો, અજબ વ્યવહાર ત્હારો છે!
સૂતાં કે બેસતાં ઉઠતાં; સૂરત ત્હારી ન ભૂલાતી;
સ્મરણમાં સ્નેહમૂર્ત્તિનો, અમારો તો ઇજારો છે.
થયા પ્રેમી થયા દિલબર, અમે આશક બન્યા ત્હારા;

અજબ છે દુઃખ પ્રીતિના, પ્રીતિનો માર્ગ ન્યારો છે.
ફરું મદમસ્ત થઇને હું, કરું પોકાર આલમમાં;
ડૂબ્યું છું હાય દરિયામાં, કહોને કયાં કિનારો છે?
જીગરને રોજ બળવા દે, સૂરત દીદાર જોવા દે;
હૃદયનું દુઃખ ધોવા દે, ચકોરી ચંદ્ર હારો છે.
ભૂલાશે ના કદાપિ એ, પ્રીતિ ને વ્હાલની વાતો;
રડીને કાઢવી રાતો, હવે આ દર્દી હારો છે."

પત્રની સઘળી હકીકત બે ત્રણ વખત વાંચીને મૃગલોચનીએ જ્યોતિસિંહને પૂછ્યું:—"એમની તબિયત તો ઠીક છે ને?"

"રાજનન્દિનિ! એમની તબિયતની વાત તો દૂર રહી; પરંતુ તેઓ બરાબર ખાતા પીતા પણ નથી. વારંવાર રૂદન કરવાથી તેમની બન્ને આંખો સૂઝી ગઇ છે. રાત્રિ દિવસ તેઓ માત્ર તમારું જ સ્મરણ અને ચિંતવન કર્યા કરે છે. હું તેમને અનેક પ્રકારે સમજાવું છું; પરંતુ તેઓ સમજતા જ નથી. ગઇ કાલે જ હું તમારો પત્ર લઇ તેમની પાસે ગયો હતો; પરંતુ આજે તેમની દયાજનક હાલતનું દર્શન કરી મ્હારે અહીં આવવું પડયું છે. તેમની પોતાની અહીં આવવાની પ્રબળ ઇચ્છા હતી. પરંતુ હું પૂરતો બંદોબસ્ત કરી આપને લઇ જઇશ એમ કહી મ્હેં તેમને અહીં આવતા રોકયા છે." જ્યોતિસિંહે મિત્રની વ્યાકુળતાનું વર્ણન કર્યું.

"અફસોસ, કે તમે તેમને તમારી સાથે ન લાવ્યા! જો એ આવ્યા હોત તો હું તેમના દર્શનસુખને તો પ્રાપ્ત કરી શકત; જુઓ, ક્રૂરસિંહના બહુરૂપી દોસ્તોએ અહીં એટલી બધી ધાંધળ મચાવી છે કે, હું તેનું તેનું યથાસ્થિત વર્ણન કરી શકું તેમ નથી. પિતાજીને હું ઘણો રોકું છું તથા સમજાવું છું કે, ક્રૂરસિંહના બન્ને બહુરૂપી મિત્રો

મ્હારા શત્રુઓ છે; પરંતુ તેઓ કાંઇ સમજતા નથી. ક્રૂરસિંહે તેમને વશ કરી લીધા છે. વળી મ્હારી અને રાજકુમારની વાત્તને વધારીને એ નિષ્ઠુર નરરાક્ષસે પિતાશ્રીને કહી દીધી છે તેથી તેઓ તેને સત્યવાદી હરિશ્ચંદ્ર જ સમજે છે. એ હમ્મેશાં મહારાજાનાં કાન ભંભેરે છે. પિતાશ્રી હવે મ્હારી એક પણ વાત સાંભળતા નથી. આજે તમને સઘળી હકીકત કહેવાનો યોગ્ય પ્રસંગ મ્હને પ્રાત થયો છે; કેમ કે મ્હારી ચાલાક સખી કિશોરીએ અકબરઅલ્લીને બાગની પાછળના ભાગમાં આવેલા બુરજ નીચેનાં ભોંયરામાં ચતુરાઇથી કેદ કર્યો છે. તેને આવતી કાલે પિતાશ્રી પાસે હાજર કરીને હું કહીશ કે, " આપ આપના ક્રૂરસિંહની સત્યતાનું દર્શન કરો ! જ્યારે આપે બગીચાની આસપાસ સખ્ત પહેરાનો બંદોબસ્ત કર્યો હતો ત્યારે પછી આ લુચ્ચાને બગીચામાં કોણે આવવા દીધો ? "

આમ કહીને મૃગલોચનીએ અકબરઅલ્લી સંબંધીની સઘળી હકીકત જ્યોતિસિંહને કહી સંભળાવી.

કિશોરીની ચાલાકીની વાર્ત્તા સાંભળી જ્યોતિસિંહ અતિ આનંદ પામ્યો અને મનમાં ને મનમાં તે કિશોરીપર પ્રેમ કરવા લાગ્યો. થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યા પછી તેણે કહ્યું:—" કિશોરીએ ચતુરાઇ તો ઘણી વાપરી; પરંતુ અંતે બિચારી છેતરાઇ ગઇ ! "

આ સમયે પોતે કેવી રીતે છેતરાઇ ગઇ છે તેનો નિર્ણય કિશોરી કરી શકી નહિ. તેણે જ્યોતિસિંહને પૂછ્યું:—" જલદી કહો કે, હું કેવી રીતે છેતરાઇ છું ? "

" તું એટલું પણ નહોતી જાણતી કે, જ્યારે અકબરઅલ્લી બગીચાંમાં આવ્યો હતો ત્યારે તેની સાથે યુસફખાન પણ આવેલો હોવો જોઇએ; છતાં તમે અકબરઅલ્લીને બગીચામાં જ કેમ રાખ્યો?

એને મહેલમાં લઇ જઇને જ કેદ કરી રાખવાની જરૂર હતી. મ્હને એમ લાગે છે કે, આટલા સમયમાં યુસફખાન અકબરઅલ્લીને અવશ્ય છોડાવી ગયો હશે.” જ્યોતિસિંહે ઉત્તર આપ્યો.

આ ઉત્તર સાંભળતાં જ કિશોરીના હોશ ઉડી ગયા, તથા વિશેષ શરમાઇ જઇને તેણે કહ્યું:–“ આપનું કહેવું સત્ય છે. મ્હારાથી મ્હોટી ભૂલ થઇ છે.”

“ તું બહુરૂપીનું કામ કરે છે–તેથી હવેથી આવી ભૂલ ન થાય એ માટે ત્હારે લક્ષ્ય રાખવું જોઇએ. તું જઇને જો કે, અકબરઅલ્લી યથાસ્થાને છે કે નહિ ?” જ્યોતિસિંહે કહ્યું.

કિશોરી ત્વરિતગતિથી બુરજ પાસે ગઈ તો તેણે ભોંયરાનું દ્વાર ખુલ્લું જોયું. તરત જ તેની એવી ખાત્રી થઇ કે, યુસફખાન અકબરઅલ્લીને છોડાવી ગયો છે. ભોંયરામાં જઇ તપાસ કરી જોઇ તો ભોંયરામાં કોઇ નહોતું. પોતાની ભૂલ માટે અફસોસ કરતી કરતી તે મૃગલોચની પાસે જઇને કહેવા લાગી:–“ હું શું કરું ? યુસફખાન અકબરઅલ્લીને છોડાવીને લઇ ગયો છે.”

આ સમયે જ્યોતિસિંહે મૃદુ હાસ્ય કરીને કહ્યું:–“ મ્હોટી બહુરૂપિણી તરીકે તું શાની ચાલાકી બતાવતી હતી ! એક સામાન્ય બહુરૂપીથી તું છેતરાઇ ગઇ ને ?!”

આ સમયે કિશોરીએ આવેગવશ થઇને કહ્યું:–“જો હું એ બન્નેને પુનઃ કેદ પકડી આ મહેલમાં ન લાવું તો મ્હારું નામ કિશોરી જ નહિ.”

“ ત્હારી ચાલાકીની પરીક્ષા થઇ ગઇ છે. હવે તું જોજે કે એ બે બહુરૂપીઓમાંથી એકને કેદ કરીને હું કેવી રીતે વિજયગઢ લઇ જઉં છું !”

પછીથી જ્યોતિસિંહે પોતાની સઘળી હકીકત મૃગલોચની અને કિશોરીને કહી સંભળાવી. તે સાથે તેણે એમ પણ જણાવી દીધું કે, "અમુક સ્થાને હું કેતકીને બેહોશ બનાવી મૂકી આવ્યો છું. એનાં કપડાં હું આપી શકું તેમ નથી; કેમ કે આ વેશમાં જ મ્હારે અહીંથી જવાનું છે. વળી આ સઘળી હકીકત તમારા ત્રણ સિવાય અન્ય કોઈ જાણી શકે નહિ એ ખાસ લક્ષ્યમાં રાખજો; નહિ તો સઘળી બાજી બગડી જશે."

આમ કહીને જ્યોતિસિંહને મૃગલોચની તથા કિશોરીએ એવી સૂચના કરી કે, "બીજે ત્રીજે તમે જરૂર અહીં આવતા રહેજો. તમારા આગમનથી અમારા અંતરનો ભય ઓછો થાય છે."

"ઠીક છે, હું એમજ કરીશ." આમ કહીને જ્યોતિસિંહ ચાલ્યો જવાને તૈયાર થયો. મૃગલોચની તેને ચાલ્યો જતો જોઇ રૂદન કરતાં કરતાં કહેવા લાગીઃ—"ભાઈ જ્યોતિસંહ! મ્હારા કિસમતમાં રાજકુમારની મુલાકાત નિર્માણ નથી થયેલી કે?" આટલું બોલતામાં તો તેનું ગળું ભરાઇ આવ્યું, તથા છૂટે મ્હોંડે તે રૂદન કરવા લાગી. અંતે જ્યોતિસિંહે મૃગલોચનીનું સાંત્વન કરતાં કહ્યુંઃ—"જુઓ! આ સઘળી ખટપટ તમારા અને રાજકુમારના હમ્મેશાંના મિલન માટે જ કરવામાં આવે છે; છતાં તમે જ આમ ગભરાઇ જાઓ છો એ વ્યાજબી નથી."

મૃગલોચની ચૂપ થઇ ગઇ. જ્યોતિસિંહ કેતકીના વેશમાં જ બગીચાના પ્રવેશદ્વાર પાસે જઈ પહોંચ્યો. ત્યાં જતાં તેણે જોયું કે, માત્ર બે પહેરેગીરો શુદ્ધિમાં આવ્યા હતા, અને બીજાઓ અદ્યાપિ બેશુદ્ધાવસ્થામાં જ હતા. જ્યોતિસિંહે એ બન્ને સાવધ થઈ ગયેલા પહેરેગીરો પાસે જઇને કહ્યુંઃ—"તમે અહીં પહેરો ભરો છો કે જમીન સુંઘો છો? આટલું બધું અફીણ શામાટે ખાઓછો કે જેથી ઝોકાં આવે

છે? રાણીસાહેબને કહી હું તમને સર્વેને ઘણી ભયંકર સજા કરાવીશ."

એ બન્ને પહેરેગીરો બનાવટી કેતકીનાં આવાં વચનો સાંભળી ઠંડા થઇ ગયા, અને તેઓ કેતકીની ખુશામદ કરવા લાગ્યા તેઓ-માંના એક જણે કહ્યું:–કેતકીબાઇ! આજે એક નાલાયક સરકારી ચોપ-દારે આવી અમને એવી ઝેરવાળી તમાકુ પાઇ દીધી છે કે, જેનાથી અમારી આવી હાલત થઇ છે. એ પાજીનો અમને જીવથી મારી નાખવાનો વિચાર હતો; પરંતુ ખુદાએ કૃપા કરી અમારું રક્ષણ કર્યું છે. અમારાથી હંમ્મેશાં કાંઈ આવી મૂર્ખાઇ થતી નથી. આજે અમે દગાનો ભોગ થઇ પડયા છીએ એ માટે ઉદારતાથી અમને ક્ષમા કરો. અમે બંન્ને હાથ જોડીએ છીએ!"

નકલી કેતકીએ કહ્યું:–"ઠીક છે, આજે તો હું તમને છોડી દઉંછું; પરંતુ જો ફરીથી કદાપિ આવી બેદરકારી રાખશો તો તમારે ભયંકર સજા ભોગવવી પડશે."

આમ કહીં જ્યોતિસિંહ બ્હાર ચાલ્યો ગયો. ભયની ભાવનાથી એક પણ પહેરેગીર તેને એવો પ્રશ્ન કરી શકયો નહિ કે, 'કેતકી' તું કયાં જાય છે?".

## પ્રકરણ ૫ મું.

### શિકાર સપડાયો.

જે સમયે કિશોરીએ અકબરઅલીને કેદ પકડયો તે સમયે યુસફ ખાન બગીચામાં આવેલા એક વૃક્ષની મજબુત ડાળપર બેસી સઘળો પ્રકાર જોયા કરતો હતો. જ્યારે કિશોરી અને પુષ્પાવતી સાથે મૃગ-લોચની બગીચામાંથી રાજમહેલમાં ચાલી ગઇ ત્યારે તેમની સાથે

અકબરઅલી નહોતો એવી યુસફખાને ખાત્રી કરી લઇ વૃક્ષપરથી નીચે ઉતરી બગીચામાં જ અકબરઅલીની શોધ કરવા માંડી. શોધ કરતો કરતો તે જ્યારે બુરજ પાસે જંઇ પહોંચ્યો ત્યારે ત્યાંથી તે અકબરઅલીનો રૂદનસ્વર સાંભળી શક્યો. એ સ્વર સાંભળતાંની સાથે જ યુસફખાન એ સ્વર અકબરઅલીનો છે એમ સમજી શક્યો. ત્વરિત-ગતિથી તે ભોંયરાપાસે ગયો, અને દ્વાર ઉઘાડી અંદર પ્રવેશ કરી, અકબરઅલીને બંધનમુક્ત કરીને તે બ્હાર લાવ્યો, તથા તેણે કહ્યું:— "ચાલ, જલદી આપણે આ બગીચાની બ્હાર નીકળી જઇએ; પછીથી હું ત્હારી સઘળી કર્મકથા સાંભળીશ."

અકબર અને યુસફ બગીચાની બ્હાર નીકળ્યા, તથા ચાલતા ચાલતા એકબીજાની સાથે વાતચિત કરવા લાગ્યા. અકબરે તેને પોતાના ઉપર ગુજરેલા જુલ્મની સઘળી હકીકત વિસ્તારથી કહી. એ હકીકત સાંભળી યુસફખાને કહ્યું:—"ભાઇ અકબર! જ્યાં સુધી આપણે કિશોરીને નહિ પકડીએ ત્યાં સુધી આપણું એકકે કામ પાર ઉતરનાર નથી; કેમકે એ કિશોરી ઘણી ચાલાક છે, તથા ધીમે ધીમે તે પુષ્પાવતીને પણ ચાલાકી શિખવતી જાય છે. જો આપણે તેને સત્વર કેદ નહિ કરીએ તો એ બન્ને જણીઓ મળી આપણને હંફાવશે."

અકબરઅલીએ એક નિશ્વાસ મૂકીને કહ્યું:—"ઠીક છે, આજે તો કશું કામ થઇ શકે તેમ નથી. મહા મુશિબતે આજે મ્હારો જીવ બચ્યો છે. કાલે આપણે સર્વથી પ્રથમ કિશોરીને જ કેદ પકડવાનો પ્રયત્ન કરીશું, તથા તેને એવા સ્થળે છુપાવીશું કે તેનો પત્તો લાગે જ નહિ, અને આપણા ઉપર કોઇને સંશય પણ ઉપજે નહિ."

બન્ને મિત્રો એકબીજાની સાથે આવી રીતે વાતચિત કરતા ચાલ્યા જતા હતા. થોડા સમયમાં જ તેઓ મહેલના આગળના દર-

વાજે પાસે જઇ પહોંચ્યા. આ સમયે તેમણે મૃગલોચનીની દાસી કેતકીને પોતાના તરફ આવતી જોઇ.

જયોતિસિંહ કે જેણે કેતકીનો વેશ ધારણ કર્યો હતો તેણે અકબર અને યુસફને જોતાંની સાથે જ ઓળખી લીધા. તેણે વિચાર્યું કે, 'બરાબર યોગ્ય સમયે જ બન્ને શત્રુઓ મળી ગયા છે તથા આ સમયનો વેશ પણ ઘણો ઉત્તમ છે. આ સમયે એ બન્નેની સાથે કોઇ ખેલ ખેલી બન્નેને યા તો એકને કેદ પકડવો જ જોઇએ."

જયોતિસિંહે જાણી જોઇને એ બન્ને શત્રુઓ પાસે થઇને જવા માંડયું. અકબર અને યુસફ કેતકી કયાં જાય છે એ પ્રકારની ખાત્રી કરવાના ઉદ્દેશથી તેની પાછળ પાછળ જવા લાગ્યા. બનાવટી કેતકીએ પાછળ દૃષ્ટિ કરીને પૂછયું:—"તમે બન્ને જણા મ્હારી પાછળ પાછળ કેમ આવો છો? તમે તમારા કામે ચાલ્યા જાઓ."

"અમે શું કામ કરવાને ઇચ્છીએ છીએ તેની તને કયાંથી ખબર હોય?" અકબરે કહ્યું.

"મ્હને બધી ખબર છે. તમે એવું કામ કરો કે જેથી તમારે કિશોરીની ચાબુકના ફટકા ખાવા પડે. જે સ્થળે તમને મદદ કરે એવી એક પણ દાસી નથી ત્યાં તમે શું કરી શકવાના હતા?" બનાવટી કેતકીએ પ્રપંચબાજી રમવા માંડી.

અકબર અને યુસફ કેતકીનાં વચનો સાંભળી આશ્ચર્યચકિત બની ગયા તથા તેમણે વિચાર્યું કે "કેતકી ઘણી ચાલાક દાસી છે. એ જો આપણને મળી જાય તો ઘણું સારું થાય. એનાં વચનોપરથી એમ લાગે છે કે, એને કાંઇ લાલચ આપવાથી તે આપણને અવશ્ય મળી જશે."

અકબરે કહ્યું:—"કેતકી, સાંભળ; અમારું કામ જ ચાલાકીથી

કરવાનું છે. અમે લોકો જો મરણનો ભય રાખીએ, તો અમારાથી કોઇ કાર્ય થાયજ નહિ. વળી અમારા કાર્યની જોખમદારી પ્રમાણે અમને પુષ્કળ દ્રવ્યની પ્રાપ્તિ થાય છે. અમારા સદ્દભાગ્યે જો અમને ત્હારા જેવો કોઇ મદદગાર મળી જાય તો અમે તેને પણ અમારી કમાણીનો ભાગ આપવાને તૈયાર છીએ. કેતકી, તું જ અમને મદદ કરે તો ઘણું સારું."

"જુઓ સાંભળો, હું આશાના આધારપર રહી કોઇ કાર્ય કરું એવી નથી. હું તો પ્રથમથી જ મ્હારો બદલો લઇને કાર્ય કરું છું. વળી જો હમણાં તમે મ્હને થોડીઘણી રકમ આપો તો હું થોડા સમયમાં જ જ્યોતિસિંહને–તમારા મહાન્ શત્રુને તમારા પંઝામાં સપડાવી શકું તેમ છું."

આ ખુલાસો સાંભળી અકબર અને યુસફ ઘણા પ્રસન્ન થયા. યુસફખાને કહ્યું:—"જો આજે તું જ્યોતિસિંહને કેદ પકડાવે તો અમે તને તું માગે તે આપવાને તૈયાર છીએ."

"એક હજાર રૂપિયામાં એક પાઇ પણ હું ઓછી લેનાર નથી. જો તમારી ઇચ્છા હોય તો હમણાં ને હમણાં મ્હને એક હજાર રૂપિયા આપો." કેતકીએ શત્રુઓને પૂરેપૂરા ફસાવવાના ઉદ્દેશથી કહ્યું.

"આવી મધ્યરાત્રે અમે રૂપિયા ક્યાંથી લાવી આપીએ? આવતી કાલે અવશ્ય લાવી આપીશું." યુસફખાને કહ્યું.

"મ્હારી સાથે આવી વાત ન કરો. હું પ્રથમથી જ કહી ચુકી છું કે, હું ઉધાર ધંધો કરતી નથી. લ્યો ત્યારે હું હવે જઉં છું." બનાવટી કેતકીએ કૃત્રિમભાવથી કહ્યું.

અકબરઅલ્લીએ કેતકીને રોકીને કહ્યું:—"સાંભળ તો ખરી, આમ એકદમ ખફા શા માટે થઇ જાય છે? જો અમારાપર તને વિશ્વાસ

ન બેસતો હોય તો તું આ સ્થળે બેસ. અમે અલ્પકાળમાં જ રૂપિયા લઇ આવીએ છીએ."

"ત્યારે તમારામાંથી એક જણ મ્હારી પાસે રહો, અને એક જણ જઇને રૂપિયા લઈ આવો." બનાવટી કેતકીએ વિચારપૂર્વક કહ્યું.

"ઠીક છે, યુસફખાન અહીં ત્હારી પાસે બેસે છે અને હુ રૂપિયા લઇ આવું છું." અકબરઅલ્લીએ કહ્યું.

બનાવટી કેતકીની સંમતિ લઇ અકબરઅલ્લી રૂપિયા લેવા માટે ચાલ્યો ગયો. કેતકી અને યુસફ આમતેમનાં ગપ્પાં હાંકવાં લાગ્યાં. ગપ્પાં મારતાં મારતાં કેતકીએ પોતાની પાસેથી બેચાર ઇલાયચી કાઢી યુસફખાનને આપી, તથા તેણે પણ ખાધી. જ્યોતિસિંહને કેદ પકડવાના વિચારમાં યુસફ એટલો બધો નિમગ્ન થઇ ગયો હતો કે પૂરતો વિચાર્ય કર્યા સિવાય કેતકીએ આપેલી ઇલાયચી તે ખાઇ ગયો. થોડા સમયમાં જ તેનું મસ્તક ભમવા લાગ્યું, એટલે તેને માલુમ પડયું કે, તે કોઇ બહુરૂપીના સપાટામાં જ ફસાઇ પડયો છે. અલ્પકાળમાં જ તેણે પોતાનાં કમરપટ્ટામાં ખોસેલું તીક્ષ્ણ ખંજર બ્હાર કાઢી કેતકીને માર્યું. બનાવટી કેતકી પ્રથમથી જ સાવધાન હતી. તેણે યુસફનો દાવ ચુકાવી દીધો. જોતજોતાંમાં જ યુસફખાન બેહોશ બની જઇ ધરણી પર ઢળી પડયો. આ સમયે જ્યોતિસિંહે તેને એક વસ્ત્રમાં બાંધી દીધો. પછીથી એ ગાંસડીને બરડાપર રાખી ત્વરિતગતિથી તે વિજયગઢ તરફ રવાના થયો.

બીજી તરફ અકબરઅલ્લી રૂપિયા લેવાને બારોબાર ક્રૂરસિંહના મકાને ગયો. આ સમયે ક્રૂરસિંહ ગાઢ નિદ્રામાં હતો. અકબરઅલ્લીએ તેને જાગ્રત કર્યો. ક્રૂરસિંહે પૂછ્યું:—"એવું તે શું કામ છે કે, તમે મ્હને ગાઢ નિદ્રામાંથી જાગ્રત કર્યો?"

અકબરઅલીએ પોતાની સઘળી કર્મકથા અર્થાત્ મૃગલોચનીના બગીચામાં જવું, ત્યાં કેદ પકડાવું અને માર ખાવો, યુસફખાનને છોડાવવો, રસ્તામાં કેતકીનું મળવું અને હજાર રૂપિયા આપી જ્યોતિસિંહને કેદ પકડવાનો બંદોબસ્ત કરવો વગેરે સઘળી હકીકત કહી સંભળાવી: ક્રૂરસિંહે અકબરઅલીની થયેલી દુર્દશા માટે અફસોસ દર્શાવ્યો; પરંતુ જ્યોતિસિંહ કેદ પકડાશે એ વર્તમાન જાણી આનંદિત થઇને તેણે કહ્યું:—"લ્યો, હજાર રૂપિયા તો આપું છું; પરંતુ હું પોતે સુદ્ધાં તમારી સાથે આવું છું." આમ કહી પેટીમાંથી હજાર રૂપિયા બ્હાર કાઢી તે અકબરઅલી સાથે જવાને તૈયાર થયો.

યથા સમયે ક્રૂરસિંહ અને અકબર જ્યાં આગળ બનાવટી કેતકી અને યુસફખાન બેઠાં હતાં ત્યાં જઇ પહોંચ્યા. ત્યાં એ બન્નેમાંથી કોઇ હાજર નહોતું. આવો પ્રકાર જોઇ અકબરઅલી વિસ્મિત અને ભયભીત બની ગયો. તેના મુખમાંથી માત્ર એટલા જ શબ્દો નીકળ્યા કે, "દગો થયો!"

"કહો અકબરઅલી, શું થયું?" ક્રૂરસિંહે ક્રોધવશ થઇને પૂછ્યું.

"શું કહું? હવે મ્હને એમ લાગે છે કે, કેતકીના વેશમાં એ વ્યક્તિ કોઇ બહુરૂપી જ હોવી જોઇએ. દગો કરી એ યુસફખાનને લઇ ગઇ છે." નમ્રતાથી અકબરઅલીએ ઉત્તર આપ્યો.

"તમે બગીચામાં કિશોરીના હાથનો માર ખાધો હતો. યુસફખાન બાકી હતો તે પણ કોઇ ઠેકાણે માર ખાતો હશે!" ક્રૂરસિંહે કંટાળી જઇને કહ્યું.

અકબરે પોતાના સંશયને દૂર કરવા માટે આજુબાજુમાં તપાસ કરી; પરંતુ યુસફનો પત્તો નહિ લાગ્યાથી અફસોસ કરતો કરતો તે પોતાના નિવાસસ્થાન તરફ જવા લાગ્યો.

# પ્રકરણ ૬ ઠું.

## અરણ્યમાં આવેલી ગુપ્ત ગુફા.

જ્યોતિસિંહને રત્નગઢ તરફ રવાના કરી વીરસિંહ પોતાના મહાલયમાં પાછો જઇ મૃગલોચનીનું સ્મરણ કરવા લાગ્યો. પોતાના અંતરને આનંદિત કરવાના અનેક પ્રયત્નો તેણે કર્યા. કવચિત્ તે મૃગલોચનીનું રટણ કરતો હતો ત્યારે કવચિત્ તેની સુંદર છબી પોતાની પાસે રાખી તેની સાથે વાતચિત કરવાનો વ્યર્થ પ્રયાસ કરતો હતો. પુત્રની આવી શોચનીય સ્થિતિનું કારણ પિતાના જાણવામાં આવ્યું હતું; પરંતુ મહારાણા દેવીસિંહથી એક પણ ઉપાયની યોજના થાય તેમ નહોતી; કેમકે રત્નગઢનો મહારાણો જયસિંહ તેનાથી વિશેષ બળવાન્ હતો. વળી તેમની ઉભયની વચ્ચે જોઇએ એવો સદ્ભાવ પણ નહોતો. જ્યોતિસિંહને રત્નગઢ વિદાય કરતી વખતે તેને વીરસિંહે તેજ રાત્રે પાછા ફરવાનું જણાવેલું હોવાથી ઉત્સુકતાથી તે તેની રાહ જોતો હતો. જેમ જેમ જ્યોતિસિંહને આવતાં વિલંબ થવા લાગ્યો તેમતેમ વીરસિંહની વ્યાકુળતા અને ચિંતા વધી જવા લાગી. આવી અસહ્ય વ્યાકુળતામાં રાત્રિનો સમય પસાર થઇ ગયો, અને પ્રભાતકાળના અરસામાં જ્યોતિસિંહ પોતાની પીઠપર યુસફની ગાંસડી ઉંચકી વીરસિંહ પાસે ઉપસ્થિત થયો.

જ્યોતિસિંહને આવેલો જોઇ આનંદાવેશમાં બિછાનાંમાંથી ઉઠી તેને આલિંગન કરીને વીરસિંહે પૂછ્યું:–" કેમ ભાઇ ! શા સમાચાર લઇ આવ્યા છો ? મ્હારી મૃગલોચનીની કેવી સ્થિતિ છે ?".

જ્યોતિસિંહે મૃગલોચનીના મહેલમાં બનેલી સઘળી હકીકત વીરસિંહને જણાવી એક પ્રેમપત્રિકા તેના હાથમાં આપીને કહ્યું:–

"રાજકુમારીએ આ પ્રેમપત્રિકાસહ મ્હારી પીઠપર આપને અર્પણ કરવા માટે એક મૂલ્યવાન્ વસ્તુ મોકલી છે!"

આમ કહી ગાંસડી છોડીને તેણે બેશુદ્ધ બની ગયેલા યુસફખાનને ત્યાં સૂવાડયો.

વીરસિંહે પ્રિયતમાની પ્રેમપત્રિકાને ચુંબન કરી વાંચી જોઇ. રાજકુમારના અંતરમાં સળગતો વિરહાગ્નિ થોડા અંશે શાન્ત થયો. અલ્પકાળ પછી યુસફખાનના બેશુદ્ધ અંગનું અવલોકન કરીને તેણે પૂછયું:–"ભાઇ! આ લુચ્ચાને તમે કયાંથી પકડી લાવ્યા?"

"એ તો મૃગલોચનીએ આપને માટે મોકલાવેલી મૂલ્યવાન્ ભેટ છે!" આવો ઉપહાસ કરીને જ્યોતિસિંહે કેતકીના વેશમાં પોતે વાપરેલી ચાલાકીનું વીરસિંહ સમક્ષ વર્ણન કર્યું.

"હવે આ શયતાનને કોઇ એવા ગુપ્ત સ્થળે કેદ કરી રાખવો જોઇએ કે, કોઇનાથી એનો પત્તો મેળવી શકાય નહિ, કેમ કે આ વાર્ત્તા જો મહારાણાના જાણવામાં આવશે તો તેઓ આપણાપર અપાર ક્રોધે ભરાશે અને આપણી બાજી બગડી જશે." વીરસિંહે પોતાનો વિચાર દર્શાવ્યો.

"આપનું કહેવું યથાર્થ છે. આ બાબતનો મ્હેં પણ પ્રથમથી જ વિચાર કરી રાખ્યો છે! એક એવી ગુપ્ત પહાડી ગુફા છે કે જેના અસ્તિત્વની આપના આ દોસ્ત સિવાય બીજા કોઇને માહિતી નથી. આ બદમાશને એ ગુફામાં જ કેદ કરી રાખવાનો મ્હેં પ્રથમથી નિશ્ચય કર્યો છે. ત્યાં એ ગમે એટલી ચાલાકીનો ઉપયોગ કરશે તો પણ તેની મુક્તિ થવાની નથી. એ ગુફા એવી છે કે, બહારથી એનો કંઠસ્વર સદાં કોઈ સાંભળી શકશે નહિ." જ્યોતિસિંહે પોતાનો વિચાર દર્શાવ્યો.

"એ ગુફા ક્યાં આવેલી છે ?" ઉત્સુકતાથી વીરસિંહે પૂછ્યું.

"પ્રસંગાનુસાર હું તમને એ અદ્દભુત ગુફાનું દર્શન કરાવીશ. એક વખત આ શિકારને મ્હને ત્યાં મૂકી આવવા દ્યો." આમ કહીને જયોતિસિંહે પોતાના લક્ષ્મણસિંહ નામના મામાના છોકરાને બોલાવી લાવવા એક પહેરેગીરને મોકલ્યો. લક્ષ્મણસિંહ પણ બહુરૂપીની વિદ્યામાં નિપુણ હોઇ એ જ્ઞાન તેણે જયોતિસિંહ પાસેથી પ્રાપ્ત કરેલું હોવાથી તે તેને ગુરુ સમાન માનતો હતો.

અલ્પકાળમાં જ લક્ષ્મણસિંહ આવી પહોંચ્યો એટલે જયોતિસિંહે યુસફને પાછો એક વસ્ત્રમાં બાંધી લીધો, અને લક્ષ્મણસિંહને ઉદ્દેશીને તેણે કહ્યું:–"ભાઇ ! ત્હારે હમણાં મ્હારી સાથે આવવાનું છે."

"વડિલ બંધુ ! આપની આજ્ઞાનુસાર વર્ત્તવા હું નિરંતર તૈયાર છું." નમ્રતાપૂર્વક લક્ષ્મણસિંહે સંમતિ દર્શાવી.

તરત જ લક્ષ્મણસિંહે યુસફની ગાંસડી ઊંચકી લીધી અને પછી તે જયોતિસિંહની પાછળ પાછળ જવા લાગ્યો. નગરનો ત્યાગ કરી તેઓ એક ભીષણ અરણ્યમાં જઇ પહોંચ્યા. ત્યાંથી પહાડી પ્રદેશમાં બે ત્રણ ગાઉ ચાલ્યા પછી તેઓ એક અંધકારમયી ગુફા પાસે ગયા. આ ગુફામાં પ્રવેશ કરી આગળ ચાલતાં તેઓ પ્રકાશનું દર્શન કરી શકયા. તેઓ એ ગુફાની બ્હાર નીકળી ગયા એટલે જયોતિસિંહે લક્ષ્મણસિંહને તેની પીઠપરની ગાંસડી નીચે ઉતારવા કહ્યું. ગાંસડી નીચે ઉતારીને આશ્ચર્યસૂચક સ્વરે લક્ષ્મણસિંહે કહ્યું:–"વડિલબંધુ ! આ સ્થળ ઘણું આશ્ચર્યજનક છે. મ્હારા આજ સૂધીના જીવનમાં આ એકાન્ત સ્થળનું હું આજે જ દર્શન કરું છું. વળી અહીં આવવાનો માર્ગ એવો વિકટ છે કે, કોઇ અપરિચિત મનુષ્ય આ તરફ આવવાનું સાહસ કરે તેમ નથી."

"ત્હારું કહેવું સત્ય છે. મ્હારા સિવાય આ સ્થાનની બીજા કોઇને માહિતી નથી. વળી હું તને મ્હારા સહોદર સમાન સમજું છું તેથી જ આજે આ સ્થળ તને બતાવું છું; કેમ કે ત્હારે ત્હારા અવશિષ્ટ આયુષ્યમાં અનેક સાહસિક કાર્યો કરવાનાં છે." જ્યોતિસિંહે કહ્યું.

"આપની પ્રત્યેક આજ્ઞાનું પ્રતિપાલન કરવાને હું સર્વદા તૈયાર છું. આપ મ્હારા વડિલ ભ્રાતા કિંવા સાક્ષાત ગુરુદેવ છો. આપના માટે જો આ જીવ આપવાનો પ્રસંગ આવે તો કોઇ પણ પ્રકારના સંકોચ સિવાય હું મરણને શરણ થવા તૈયાર છું." લક્ષ્મણસિંહે કૃતજ્ઞતા સૂચવી.

"ભાઇ! ત્હારાપર મ્હને પૂર્ણ વિશ્વાસ છે. હમણાં હું તને કાંઇ કહું અને બતાવું તે તું સ્મરણમાં અને દૃષ્ટિમાં રાખજે." આમ કહી એક પત્થરના દરવાજા તરફ આંગળી કરીને તેણે કહ્યું:—"અહીં સ્હામે પહાડમાં પત્થરનો દરવાજો દેખાય છે એ દરવાજાને ઉઘાડવાનો ગુપ્ત ભેદ માત્ર હું જ જાણું છું; આજે એ ભેદ હું ત્હારા સમક્ષ ખુલ્લો કરું છું."

આ ખુલાસો સાંભળી લક્ષ્મણસિંહ ઘણો પ્રસન્ન થયો. જ્યોતિસિંહે કહ્યું:—"ભાઇ! આ ભેદ તને બતાવવાનું કારણ એ જ છે કે, આપણા જે શત્રુઓને હું અહીં પકડી લાવું તે સર્વને ત્હારે અત્રે લાવી કેદ કરી રાખવા."

"ત્યારે તો આ દરવાજાની અંદર કેદખાનું હશે એમ હું ધારું છું!" લક્ષ્મણસિંહે વિશેષ વિસ્મિત બની જઇને કહ્યું.

"કેદખાના કરતાં પણ આ સ્થાને વિશેષ બંદોબસ્ત છે એ સઘળો પ્રકાર અંદર ગયા પછી ત્હારા જાણવામાં આવશે. આ સ્થળે કોને કેદ કરી રાખ્યું છે, એ કોઇ જાણી શકે એમ નથી; તેમજ કેદમાં

સપડાયલું મનુષ્ય અનેક પ્રયત્નો કર્યા છતાં મુક્ત થઇ શકે એમ નથી. આ સ્થળે કેદ કરવામાં આવેલા મનુષ્યના હાથે પગે બેડી પહેરાવવાની જરૂર પણ રહેતી નથી. વળી આ કેદખાનામાં કેદીઓને વર્ષોનાં વર્ષો સૂધી ખોરાક મળ્યા કરે એવી વ્યવસ્થા કુદરતે કરી રાખેલી હોવાથી એ માટે ચિંતા રાખવી પડતી નથી. મનુષ્યોથી ચઢી ન શકાય એવા ઉચ્ચ પહાડોની વચ્ચે એક ખાડી આવેલી છે. એ ખાડીમાં જળ ભરેલું હોવાથી ત્યાં અનેક ફળફળાદિનાં વૃક્ષોનું પોષણ થાય છે; એના આહારથી મનુષ્ય સારી રીતે જીવન ધારણ કરી શકે છે."

આમ કહીને જ્યોતિસિંહ લક્ષ્મણસિંહને ઉપર્યુક્ત પાષાણદ્વાર પાસે લઇ ગયો. એ દ્વાર ઉપર સિંહનું એક વિકરાળ મસ્તક હતું. એ મસ્તકની રચના એવી ચતુરાઇથી કરવામાં આવી હતી કે ઉપલક દૃષ્ટિથી જોનારને એવો જ ભાસ થાય કે, કોઇ વિકરાળ સિંહ ગુફામાંથી પોતાનું મ્હોં બ્હાર કાઢીને બેઠો છે! આ સિંહનું મ્હોં ખુલ્લું હોવાથી તેના દાંતની રચના જોવામાં આવતી હતી. એ મુખમાં મનુષ્યનો એક હાથ જઇ શકે એટલું એ ખુલ્લું હતું. સિંહના મસ્તિષ્ક પાસે જઇને જ્યોતિસિંહે કહ્યું:–"ભાઇ! આ દરવાજો ઉઘાડવાનો ગુપ્ત ભેદ હું તને બતાવી એ ત્હારી પાસે જ ઉઘડાવું છું! તું આ સિંહના ખુલ્લા મ્હોંમાં હાથ નાખી એની જીભ બ્હાર ખેંચી કાઢ. એમ કરવાથી એક ભયંકર અવાજ થશે, અને તે સાથે જ દરવાજો ખુલ્લો થઇ જશે."

લક્ષ્મણસિંહે જ્યોતિસિંહની સૂચનાનુસાર કાર્ય કર્યું કે તરત જ એક મ્હોટો અવાજ થયો અને દ્વાર ઉઘડી ગયું. દ્વાર ઉઘડતાં જ અંદર એક બીજી મ્હોટી ગુફા જોવામાં આવી. યુસફની ગાંસડી ઉપાડી લઇને બન્ને જણાએ એ ગુફામાં પ્રવેશ કર્યો, અને તેઓ એક ખુલ્લા

મયદાનમાં જઇ ચઢયા. આ મયદાન એક બે ગાઉ જેટલું વિસ્તૃત હોઈ તેની ચોતરફ ગગનચુંબિત પહાડોની હારમાળા આવેલી હતી. પહાડમાંથી નીકળતો એક ઝરો વચ્ચેના ઢોળાણુવાળા માર્ગમાં વહેતો હતો. એ ઝરાનું સ્વચ્છ સુશીતળ જળ કાચના જેવું તેજસ્વી જણાતું. હતું. આજુભાજુ ઉગેલાં ફળફળાદિનાં વૃક્ષોથી અને પ્રકૃતિદેવીની શોભાથી આ સ્થાન ઘણું રમણીય અને મનોહર લાગતું હતું. ઉચ્ચ પહાડો રાક્ષસોનું સ્વરૂપ ધારણ કરીને ઉભા હોય એવો ભાસ થતો હતો. આ સ્થાનની રમણીયતા એટલી બધી હતી કે, જો કોઇ મનુષ્યને જીવનપર્યન્ત આ સ્થળે રહેવું પડે તો પણ તેને કંટાળો આવે નહિ.

સૂર્યભગવાનનો પૂર્વાકાશમાં ઉદય થયો. જ્યોતિસિંહે યુસફખાનની ગાંસડી છોડી. પછીથી પોતાની બહુરૂપીની થેલી અને તિક્ષ્ણ ખંજર હાથમાં લઇ તેણે યુસફને એક વૃક્ષ નીચે સૂવાડી શુદ્ધિમાં આણ્યો. યુસફે હોશમાં આવી પોતાને એક મનહર મયદાનમાં પડી રહેલો જોયો. તેને માલૂમ પડયું કે, તે શત્રુનો શિકાર થઇ પડયો છે અને તેનો અંતકાળ હવે છેક પાસે આવી પહોંચ્યો છે. તે કલમા પઢવા લાગ્યો. આવો પ્રકાર જોઇ હાસ્ય કરીને જ્યોતિસિંહે કહ્યું:–"મિયાંસાહેબ! તમે અમારા કેદી છો–આ તરફ જુઓ."

જ્યોતિસિંહના વિકાળ વદનમંડળ તરફ યુસફે દૃષ્ટિ કરી. તેનો જીવ સુકાઇ ગયો. તેનો કંઠ રુંધાઇ ગયો. જે કેતકીએ તેને જ્યોતિસિંહને કેદ કરવામાં સહાયતા કરવા જણાવ્યું હતું તે કેતકી જ જ્યોતિસિંહ છે એવી તેની ખાત્રી થઇ ચુકી.

યુસફને એ મયદાનમાં એક વૃક્ષ નીચે રાખી બંન્ને બહુરૂપીઓ બ્હાર નીકળ્યા. પછીથી જ્યોતિસિંહે લક્ષ્મણસિંહને કહ્યું:–"આ વિકાળ સિંહની જે જીભ તેં બ્હાર ખેંચી કાઢી છે તે પુનઃ તેના

મુખમાં ઘાલી દે.” લક્ષ્મણસિંહે તદનુસાર કર્યું. એ સિંહની જીભ પુનઃ તેના મુખમાં નાખતાં જ એ ગુપ્ત ગુફાનું પ્રવેશદ્વાર બંધ થઇ ગયું, તથા તે બન્ને જણા એ વિકટ માર્ગેથી નગર તરફ રવાના થયા.

એ બન્ને જણા જ્યારે વીરસિંહ પાસે જઇ પહોંચ્યા ત્યારે એક પ્રહર જેટલો દિવસ ચઢયો હતો. તેમને પાછા આવેલા જોઇ વીરસિંહે પૂછયું:–“મુસદ્દને તમે કયાં લઇ ગયા હતા કે જેથી તમને આટલો બધો વખત લાગ્યો ?”

જ્યોતિસિંહે ઉત્તર આપ્યો:—“હું એને એક પહાડી ગુફામાં કેદ કરી આવ્યો છું. આજે આપને પણ હું એ ગુપ્ત સ્થાન બતાવીશ. હવે મ્હારો મત એવો છે કે, લક્ષ્મણસિંહ વેશ બદલીને થોડા દિવસ રત્નગઢમાં રહે; એમ કરવાથી મ્હને ઘણી મદદ મળશે.” પછીથી જે હકીકત જ્યોતિસિંહે લક્ષ્મણસિંહને પેલી ગુપ્ત ગુફા પાસે કહી હતી એ સઘળી હકીકત તેણે વીરસિંહને પણ કહી સંભળાવી. એ હકીકત સાંભળી વીરસિંહ અતિ પ્રસન્ન થયો.

સ્નાન, પૂજા તથા અન્ય કાર્યોથી નિવૃત્ત થઇ લક્ષ્મણસિંહને સાથે લઇને વીરસિંહ તથા જ્યોતિસિંહ દરબારમાં ગયા. લક્ષ્મણસિંહે રજા મળવા માટે અર્જ કરી. દેવીસિંહ લક્ષ્મણસિંહને પુષ્કળ ચ્હાતો હતો; તેથી પ્રથમ તો તેણે લક્ષ્મણસિંહની અર્જ પ્રત્યે લક્ષ્ય આપ્યું નહિ; પરંતુ એ માટે જ્યારે રાજકુમાર વીરસિંહ અને જ્યોતિસિંહે ભલામણ કરી ત્યારે તેને લક્ષ્મણસિંહની રજા મંજૂર કરવી પડી. દરબાર બરખાસ્ત થયો એટલે વીરસિંહ રાજાની સાથે મહેલમાં ચાલ્યો ગયો, તથા જ્યોતિસિંહ તેના પિતા અજીતસિંહની સાથે ઘેર ગયો. લક્ષ્મણસિંહને પણ તે પોતાને ઘેર તેડી ગયો હતો. પછી સઘળી વ્યવસ્થા

કરી આપી તથા આવશ્યકીય ઉપદેશ આપી તેણે લક્ષ્મણસિંહને રત્નગઢ તરફ વિદાય કરી દીધો.

બીજે દિવસે જે ગુફામાં જ્યોતિસિંહે યુસફને કેદ કરી રાખ્યો હતો એ ગુફામાં તે વીરસિંહને લઈ ગયો. એ સ્થળ જોઇ રાજકુમાર અપાર આનંદિત થયો તથા તેણે કહ્યું:–"ભાઇ ! આ સ્થળનું દર્શન કરતાં મ્હારા અંતરમાં અનેકવિધ વિચારો ઉપજે છે"

જ્યોતિસિંહે કહ્યું:—"હું આપનાથી પણ અધિક દુઃખી હતો; પરંતુ ગુરૂદેવે કેટલીક હકીકત સમજાવીને મ્હારા મનનું સાંત્વન કર્યું હતું. એ હકીકત અન્ય કોઇ પ્રસંગે હું આપને નિવેદન કરીશ."

આ શબ્દો સાંભળી વીરસિંહ વિસ્મિત બની ગયો. આ ગુપ્ત ગુફાનું રહસ્ય જાણવાની તેની આતુરતા વૃદ્ધિંગત થઇ ગઈ. અંતે વીરસિંહના ઘણા આગ્રહને માન્ય કરીને જ્યોતિસિંહે એ સંબંધીની સઘળી હકીકત તેને કહી સંભળાવી. એ હકીકત સાંભળી વીરસિંહ અતિ પ્રસન્ન થયો.

જ્યોતિસિંહે વીરસિંહને શું કહ્યું ? એ હકીકત સાંભળી તે વિશેષ પ્રસન્ન કેમ થઇ ગયો ? એ ગુફામાં એવું તે શું અદ્ભુત રહસ્ય હતું ? આ સઘળા આશ્ચર્યજનક પ્રશ્નોનો ખુલાસો પ્રસંગાનુસાર થઇ જશે.

પછીથી બન્ને જણા એ ગુફાનો ત્યાગ કરી પોતાના મકાનપર ગયા. ત્યાં ગયા પછી રાજકુમારે કહ્યું:—"ભાઇ ! હવે તો મ્હારું સાહસ ઘણું વધી ગયું છે, તથા અંતરમાં એમજ થયા કરે છે કે, આપણે જયસિંહ વિરુદ્ધ યુદ્ધમાં ઉતરીએ."

"આપનું સાહસ ઠીક છે; પરંતુ ઉતાવળે કાંઇ આંબા પાકતા નથી. ઉતાવળ કરવાથી રાજનન્દિની મૃગલોચનીનો જીવ જોખમમાં

પડે એમ છે. આપ ગભરાઓ છો શા માટે? જુઓ તો ખરા કે શું થાય છે? કાલે હું રત્નગઢ જઇને તપાસ કરીશ કે, યુસફખાન કેદ પકડાયાથી શત્રુઓની કેવી સ્થિતિ થઇ છે? પછીથી અન્ય સમયે હું આપને ત્યાં લઇ જઇશ." જયોતિસિંહે રાજકુમારને ધૈર્ય ધારણ કરવા જણાવ્યું.

"ભાઇ! હવે હું ધૈર્ય ધારણ કરી શકતો નથી. શત્રુઓનો ભય પામી નામર્દની માફક છુપાવું એ વીરપુરુષોને માટે ઘણું શરમ ભરેલું કાર્ય ગણાય. આ સમયે તો હું તમારી સાથે અવશ્ય રત્નગઢ આવીશ." વીરસિંહે આગ્રહ દર્શાવ્યો.

"જ્યારે આપનો આગ્રહ છે તો આપ મ્હારી સાથે આવજો; પરંતુ એક કાર્ય કરવાની ઘણી જરૂર છે. આપ મહારાજા પાસેથી ચાર પાંચ દિવસની રજા લ્યો, તથા આપણા રાજ્યની સરહદપર તંબૂ નાખવાની વ્યવસ્થા કરો. ત્યાંથી મૃગલોચનીનો મહાલય અઢી ગાઉના અંતરપર રહેશે. ત્યાંથી સર્વ પ્રકારની સુવ્યવસ્થા કરી શકાશે." જયોતિસિંહે સલાહ આપી.

આ સલાહને વીરસિંહે પણ પસંદ કરી. કેટલાક દિવસ પછી વીરસિંહે પોતાના પિતા દેવીસિંહ પાસેથી શિકાર માટે આઠ દિવસની રજા લઇ લીધી, તથા થોડા પોતાના અંગત અને વિશ્વાસુ નોકરોને સાથે લઇ તે રવાના થયો. આ માણસો પોતાના પ્રાણ કરતાં પણ રાજકુમારને વિશેષ મ્હાલા હતા. સંધ્યાકાળ ઉપસ્થિત થવાને થોડા સમયનો વિલંબ હતો એવામાં વિજયગઢ અને રત્નગઢની સરહદના મધ્યભાગમાં આ લોકોની છાવણી પડી. સમસ્ત રાત્રિ ત્યાંજ મુકામ રાખવાનો અને બીજા દિવસે જયોતિસિંહે રત્નગઢ જઇ સઘળા સમાચાર જાણી આવવાનો નિશ્ચય થયો.

# પ્રકરણ ૭ મું.

## પુત્રના હાથે પિતાનું ખૂન.

મધ્યરાત્રિનો સમય થવા આવ્યો હતો. આસમાની આકાશમાં અસંખ્ય વાદળાંઓ દોડાદોડ કરી રહ્યાં હતાં. પાપી, દુરાચારી, વ્યભિચારી અને વિવિધ પ્રકારનાં નીચ મનુષ્યો પોતાનાં કાર્યો આવી અંધકારમયી રાત્રે જ કરે છે. જાણે કે રાત્રિનો અંધકાર એક રીતે તેમને સહાયતા જ કરે છે, અને તેથી જ અંધકારમયી રાત્રિ કાળરાત્રિના નામથી ઓળખાય છે.

સર્વત્ર ગંભીર નિસ્તબ્ધતા સ્થપાયલી હતી. સમસ્ત દિવસના પરિશ્રમથી નગરવાસીઓ નિદ્રાધીન થઇ ગયાં હતાં. આવા સમયે ક્રુરસિંહ તેના શયનગૃહમાં જાગ્રત સ્થિતિમાં પડ્યો પડયો અકબરની રાહ જોઈ રહ્યો હતો. અકબરઅલ્લીના આગમનના કાળમાં જેમ જેમ વિલંબ થતો હતો તેમ તેમ તેની ઉત્કંઠા વૃદ્ધિંગત થતી હતી.

આવી રીતે થોડો સમય પસાર થઇ ગયો એટલે અકબર આવી પહોંચ્યો. તેને જોતાંની સાથે જ ક્રુરસિંહે પૂછ્યું:—"કેમ ભાઇ! શા સમાચાર લઇ આવ્યા ? યુસફખાનનો પત્તો લાગ્યો કે નહિ ?"

"ના ના, આજે છુપી રીતે બગીચામાં પ્રવેશ કરી મ્હેં સર્વ સ્થળે યુસફખાનની શોધ કરી હતી; પરંતુ અફસોસ કે એ બનાવટી કેતકીએ તેને કયાં અદ્રશ્ય કરી દીધો એની કલ્પના હું કરી શકતો નથી. એ રંડા અમને બન્નેને ફસાવી અમારી આંખોમાં ધૂળ નાખી ગઇ છે." આવો ઉત્તર આપીને અકબરે એક નિશ્વાસ મૂક્યો. વિશેષમાં તેણે કહ્યું:—"વળી મ્હેં એમ પણ સાંભળ્યું છે કે, વીરસિંહનો મિત્ર જ્યોતિસિંહ હમ્મેશાં ગુપ્તવેશમાં બગીચામાં આવી મુલાકા-

ચની તથા કિશોરીને મળી જાય છે. હવે મ્હારે એકલાને જ એ બન્નેની સાથે ટક્કર ઝીલવાની છે.”

“ત્યારે શું મ્હારી મહત્વાકાંક્ષા ફળીભૂત નહિ જ થાય ? મૃગલોચનીના યોવનસુધારસનું મિષ્ટપાન મ્હારાથી નહિ જ કરી શકાય? જો એમજ થાય તો એ તમારી માટે ઘણું શર્મ ભરેલું કહેવાય.” ક્રૂરસિંહે અંતરોદ્દગાર કાઢયા.

“પરંતુ અમે આપના કલ્યાણાર્થે કયાં ઓછા પ્રયત્નો કરીએ છીએ ? જીવનાં જોખમો ખેડીને પણ અમે આપને સહાયતા કરીએ છીએ. વળી જો આપ અમારી સલાહ સ્વીકારીને જ ચાલતા હોત તો આજે તો કયારનાય મહારાણા બની ચુકયા હોત !” અકબરે એક નવીન પ્રપંચની પ્રસ્તાવના કરી.

“તમે મ્હને જે સલાહ આપો છો તે પ્રમાણે જ હું વર્તુ છું; છતાં તમે શા માટે આમ કહો છો ?” ક્રૂરસિંહે પૂછયું.

“જયાં સૂધી આપ આપના પિતાને આ ફાની દુનિયામાંથી પરલોકમાં નહિ પહોંચાડી દો ત્યાં સૂધી આપણું ધારેલું કાર્ય સફળ થનાર નથી; માટે પ્રથમ પિતાને પરલોકને। માર્ગ બતાવી દો અને પછી આપના માટે અપૂર્વ અયશઆરામ મેળવી લ્યો.” અકબરે પ્રપંચને। સ્ફોટ કર્યો.

“ભાઇ ! આ કાર્ય તમે કહો ત્યારે કરવાને હું તૈયાર છું !” ક્રૂરસિંહે સહજ સંકોચાતાં કહ્યું.

“હજી કહેવાનું બાકી રહ્યું છે કે ? મ્હારી સલાહ તો એવી છે કે; આ કાર્યને એક ક્ષણુ માટે પણ મુલતવી રાખવાની જરૂર નથી. આજે રાત્રે જ પિતાનું ખુન કરી આપ રાજ્યપ્રાપ્તિના માર્ગને સ્વચ્છ બનાવો,' એટલે ભાગ્યદેવી આપના સમક્ષ અલ્પકાળમાં જ ઉપસ્થિત થશે.” અકબરે કહ્યું.

" અકબરઅલ્લી, હું ગમે તેવો હોઉં તો પણ જન્મદાતા પિતાનો વધ કરવા જતાં મ્હારું હૃદય કંપે છે. સુગંધિત પુષ્પો જ જ્યારે લતાનો નાશ કરે, વૃક્ષની ડાળીઓ જ જ્યારે વૃક્ષનો વિનાશ કરે ત્યારે અધર્મની પરિસીમા થયેલી ન ગણાય કે ?" કૂરસિંહે કહ્યું.

" આપ ભૂલો છો. જગતના ઇતિહાસનું અવલોકન કરતાં આવા એક નહિ પરંતુ અનેક દાખલાઓ જોવામાં આવે છે. અમુક ભત્રિજાએ રાજસિંહાસનની પ્રાપ્તિ માટે કાકાનું ખૂન કર્યું, અમુક રાજકુમારે રાજ્યપાટની પ્રાપ્તિ માટે જન્મદાતાના પિતાનું ખૂન કર્યું એવા દાખલાઓ અદ્યાપિ ઇતિહાસમાંથી મળી આવે છે. વળી પિતાનું મૃત્યુ નિપજાવીને આપ ગુલબદન પત્ની અને રાજસિંહાસન—બન્ને મેળવી શકો તેમ છો; માટે અંતરના ભયને દૂર કરો અને પિતાનું લોહી રેડવા કદમ આગળ ભરો" અકબરે કૂરસિંહના અંતરમાં સાહસ ઉત્પન્ન કરવાના હેતુથી કહ્યું.

" અકબરઅલ્લી, તમે જ્યારે આવો જ ઉપદેશ આપો છો ત્યારે પછી હું પિતાનું ખૂન કરવા તૈયાર છું; પરંતુ મ્હારાથી તલ્વાર કિંવા અન્ય કોઇ પણ શસ્ત્રનો ઉપયોગ તો નહિ જ કરી શકાય !" કૂરસિંહે સંમતિ દર્શાવી.

" એ માટે ચિંતા કરવાનું પ્રયોજન નથી. મ્હારી પાસે એક એવું કાતિલ જહર છે કે એનાં માત્ર એક બે બિંદુ શરીરમાં જતાં જ મનુષ્ય ગાઢ નિદ્રાને આધીન થઈ જાય છે. એ નિદ્રામાંથી તે અંતે પણ જાગ્રત થતું નથી. વળી એ વિષ જેને ખવડાવવામાં આવે છે તેને કોઇ પણ પ્રકારની વેદના થતી નથી. કહો જોઇએ કે, પિતાને પરલોકમાં પહોંચાડવા માટે આ સાધન કેવું સર્વોત્તમ છે? આ શીશી લ્યો અને કાર્યને પાર ઉતારવા તૈયાર થાઓ." અકબરે કાતિલ

જહરની એક ન્હાની શીશી ક્રૂરસિંહના હાથમાં આપીને કહ્યું.

"ત્યારે આવતી કાલે પિતાજીના ભોજનમાં જ હું આ વિષ ભેળવી દઈશ." આજના ભયંકર પ્રસંગને આવતી કાલ સુધી મુલતવી રાખવાના વિચારથી ક્રૂરસિંહે કહ્યું.

"ના ના, આ કાર્ય આપણે આજે જ બજાવવાનું છે. વળી આ વિષને કાંઇ ભોજનમાં ભેળવવાનું નથી." અકબરે પ્રતિવાદ કર્યો.

"અકબરઅલ્લી, અદ્યાપિ હું તમને કહું છું કે, જો પિતાનું ખૂન કર્યા સિવાય આપણો હેતુ સફળ થાય તો ઘણું સારું નહિં તો પછી એક ક્ષણ માત્રમાં કરેલા મહાપાપ માટે મ્હારે જીવનપર્યન્ત પશ્ચાત્તાપના પ્રબળ અગ્નિમાં બળી મરવું પડશે. એક વખત હાથમાંથી છુટેલું તીર પાછું ફરતું નથી માટે હજી પણ તમે પૂરતો વિચાર કરીને મ્હને યથોચિત સલાહ આપો." ક્રૂરસિંહે ચિંતામગ્ન મુખે કહ્યું.

"મ્હેં આપને સંપૂર્ણ વિચાર કરીને જ આ માર્ગ બતાવ્યો છે. જગતમાં આડો અવળો હાથ નાખ્યા સિવાય અને અધર્મનો આશ્રય સ્વીકાર્યા સિવાય મનુષ્યની એક પણ આશા ફળીભૂત થતી નથી." અધર્મી અકબરે અધર્મનું જ પ્રતિપાદન કરવા માંડયું. વિશેષમાં તેણે કહ્યું:—"મનમોહિની માશુકને મેળવવા માટે તેમના પ્રિયતમો કિંવા આશકો કોઇ પણ કાર્ય કરતાં કિંવા દુઃખ વેઠતાં પાછા હઠતા નથી; માટે મૃગલોચનીને મેળવવાની મહત્વાકાંક્ષા હોય તો પિતાનું ખૂન કરો અને એ બાગેબેહસ્તની હુરીને વરો."

મૃગલોચનીનું નામ સાંભળવામાં આવતાં જ ક્રૂરસિંહે પોતાના સ્વભાવાનુસાર ક્રુર સ્વરૂપ ધારણ કરી કહ્યું:—"બસ દોસ્ત! તમારી સલાહ પ્રમાણે વર્તવા હું તૈયાર છું. અપ્સરાસ્વરૂપિણી મૃગલોચનીને મેળવવા માટે હું પિતાનું તો શું પરંતુ ગમે એવા અંગત અને ઉપકારી મનુષ્યનું ખૂન કરવાને તૈયાર છું."

" આપના જેવા વીર અને બહાદુર પુરુષના મુખમાંથી હું આવાં વીરતાસૂચક વચનો સાંભળવાની આશા જ રાખતો હતો. ચાલો ત્યારે હવે વિલંબ કરવાનું પ્રયોજન નથી. " અકબરઅલ્લીએ કહ્યું.

તરત જ આ બન્ને નરરાક્ષસો જે સ્થળે ક્રૂરસિંહના પિતા સૂઇ રહ્યા હતા તે સ્થળે જઇ પહોંચ્યા. તેમણે આ કાળું કૃત્ય કરવા માટે પોતાના સર્વાંગને પણ કૃષ્ણવસ્ત્રમાં છુપાવ્યું હતું. એ સ્થળે એક દીપક સળગી રહ્યો હતો. અકબરે દીપકના પ્રકાશને સહજ ક્ષીણ કરી નાખ્યો. ત્યાર પછી તેણે ક્રૂરસિંહને સંકેત કરી કાર્ય પાર ઉતારવા કહ્યું. કુલાંગાર ક્રૂરસિંહે જન્મદાતા પિતાના મુખમાં સાવધાનતાથી પ્રાણહારક વિષનાં બે બિંદુ રેડી દીધાં. તે સાથે જ વિજયગઢના વૃદ્ધ મંત્રી પાસે યમરાજનાં દૂત આવી ઉપસ્થિત થયા.

આ કુટિલ કાર્ય કરી ક્રૂરસિંહ અને અકબર પુનઃ પોતાના સ્થાને ગયા. ત્યાં ગયા પછી અકબરે કહ્યું:—" જુઓ, અત્યારથી આપ ગાઢ નિદ્રાને આધીન થઇ ગયા હો એવો ઢોંગ કરજો. સ્હવારે નોકર આવી આપને પિતાના મૃત્યુ વર્તમાન જણાવે ત્યારે આપ આકુળ વ્યાકુળ બની જઇ હૃદયવિદારક આક્રંદ કરજો, અને પિતાના મૃતદેહ પાસે જઇ તેના પર ઢળી પડી પોકેપોક મૂકીને રડજો. આપ આ પ્રમાણે કરશો એટલે આ કાર્ય આપણે કર્યું છે એવો કોઇના અંતરમાં સંશય સુદ્ધાં ઉપજશે નહિ.

આવો ઉપદેશ આપી શયતાન અકબરઅલ્લી ક્રૂરસિંહની વિદાય લઇ પોતાને ઘેર ચાલ્યો ગયો. પ્રભાતકાળે જ્યારે પિતાના મૃત્યુ વર્તમાન સર્વના જાણવામાં આવ્યા ત્યારે પિતૃદ્રોહી ક્રૂરસિંહે કેવું કપટનાટક ભજવ્યું તેનું હવે અત્રે પુનર્વર્ણન કરવાની કાંઇ જરૂર નથી. પરિણામ એ આવ્યું કે, વૃદ્ધ મંત્રીના મૃત્યુ સંબંધી કોઇને કશો સંશય ઉપજ્યો

નહિઃ મહારાણો જયસિંહ પોતાના મંત્રીના મૃત્યુથી ઘણો દિલગીર થયો. તેણે મંત્રીનો શોક ઘણા દિવસ સુધી પાળ્યો. પિશાચ 'ક્રૂરસિંહે પણ અકબરની સલાહ અનુસાર પિતાના મૃત્યુનો જાહિરમાં ઘણો શોક પાળ્યો. થોડા દિવસ સુધી તો તે ઘરમાંથી બહાર જ નીકળ્યો નહિ. પિતાની પાછળ તેની ઉત્તરક્રિયા પણ એક સુપુત્રની માફક તેણે કરી. દાનધર્મમાં પણ તેણે પુષ્કળ દ્રવ્યનો વ્યય કર્યો. જો કોઇ તેને આવા પ્રસંગે આશ્વાસન આપવા આવતું તો તે તેના સમક્ષ ઉચ્ચ સ્વરે રૂદન કરતો હતો, અને એકાન્ત મળતાં અકબરની સાથે બેસી મૃગલોચનીને મેળવવાની મસલત કર્યા કરતો હતો.

માયાવી સંસારની આ એક માયાવી જ ઘટના હતી એવો આ પ્રકાર ઉપરથી સર્વને સહેલાઇથી ભાસ થાય તેમ છે.

## પ્રકરણ ૮ મું.

### પ્રણયીયુગ્મનું મિલન અને આકસ્મિક સંકટ.

મનમોહિની આરામદાયિની સંધ્યાનો રમણીય સમય ઉપસ્થિત થયો હતો. સંધ્યાસુંદરી સૂર્યસ્વામીનું સ્વાગત કરવામાં નિમગ્ના બની ગઈ હતી. અરણ્યની લીલી હરિયાળીના દર્શનથી અંતરમાં અપૂર્વ આનંદ ઉપજતો હતો. પશુ પંખીઓ મધુર ગુંજારવ કરતાં સ્વસ્થાન પ્રતિ પ્રસ્થાન કરતાં જોવામાં આવતાં હતાં.

વિજયગઢના રાજકુમાર વીરસિંહે વિજયગઢ અને રત્નગઢ રાજ્યની સરહદના મધ્યભાગમાં તંબૂ ઠોકીને શિકાર કરવાના કારણથી મુકામ કર્યો હતો એ પ્રકાર વાંચકબંધુઓ જાણે છે. રાજકુમાર વીરસિંહ તંબુના દ્વાર પાસે એક વિરામાસનપર ચિંતામગ્ન સ્થિતિમાં આડો

પડ્યો હતો. કેટલાક હોશિયાર પહેરેગીરો તંબૂની આસપાસ પહેરો ભરતા હતા. અન્ય માણસો ભોજનાદિની વ્યવસ્થા કરવામાં પ્રવૃત્ત થયેલા હતા.

આવા સમયે રત્નગઢ ગયેલા જ્યોતિસિંહે વીરસિંહ પાસે આવી તેના ખભાપર હાથ મૂકીને કહ્યું:–"રાજકુમાર! શી ચિંતા કરો છો?"

વીરસિંહે આતુરતાસૂચક સ્વરે પૂછ્યું:–"ભાઇ! મ્હારી ચિંતાનું કારણ કાંઇ તમારાથી હવે ગુપ્ત નથી. મ્હારી પ્રિયતમા તરફથી શા સમાચાર લઇ આવ્યા છો તે મ્હને સત્વર જણાવો?"

"રાજકુમાર! આજે તો મૃગલોચનીની મુલાકાત લઇ શકાય એવો પ્રસંગ જ મળ્યો નહિ. આજે હું ક્રૂરસિંહની હિલચાલનું દર્શન કરવામાં રોકાયો હતો." જ્યોતિસિંહે ઉત્તર આપ્યો, તથા કહ્યું:– "કુલાંગાર ક્રૂરસિંહે શયતાન અકબરની સલાહથી પોતાના પિતાના જીવનદીપને બુઝાવી નાખ્યો છે. વિશેષમાં મ્હારા સાંભળવામાં એવા સમાચાર આવ્યા છે કે, બે ત્રણ દિવસમાં જ રત્નગઢના મહારાણા જયસિંહ મંત્રીનો પોષાક ક્રૂરસિંહને આપનાર છે."

"જો એમ બન્યું તો આપણો એ શત્રુ વિશેષ સબળ બની જશે એ નિસ્સંદેહ છે. મંત્રી થયા પછી આપણા માટે તે રાજાના કાન વિશેષ ભંભેરશે એવી મ્હારી માન્યતા છે." ચિંતાતુર બની જઇને વીરસિંહે કહ્યું.

"ગમે એમ હોય તો પણ આપણે ભય પામવાનું પ્રયોજન નથી. રાજકુમાર! મ્હને તો હવે મહારાણા જયસિંહનું જીવન પણ જોખમમાં હોય એમ લાગે છે; કેમકે જે ક્રૂરસિંહે ક્રૂરતાથી પોતાના જન્મદાતા પિતાનો વધ કર્યો તેજ ક્રૂરસિંહ મૃગલોચનીને મેળવવાની મહત્વાકાંક્ષાથી મહારાણા જયસિંહનો વધ કરે તો એ બનવા યોગ્ય છે;

તેથી એ ત્રણ દિવસ સુધી મૃગલોચનીને મળવાનું બંધરાખી દરબારની હિલચાલ તપાસવાનો મ્હેં મ્હારા મન સાથે ચોક્કસ નિર્ણય કર્યો છે; એ અરસ્સામાં જો સુયોગ મળશે તો હું રાજનન્દિનીને પણ મળીશ." જ્યોતિસિંહે કહ્યું.

"હવે રાજનન્દિનીના વિયોગની દારુણ વ્યથા મ્હારાથી વેઠી શકાતી નથી. એ પ્રેમપ્રતિમાની સાથે મ્હારો મેળાપ તમે ક્યારે કરાવશો ?" ઉત્સુક્તાથી વીરસિંહે પૂછ્યું.

"રાજકુમાર ! જ્યારે આપે આટલા કાળ સૂધી ધૈર્ય ધારણ કરી રાખ્યું છે ત્યારે હવે માત્ર બીજા થોડા દિવસ સૂધી ધીરજ રાખો." જ્યોતિસિંહે કહ્યું.

"ના ના, હવે એક ક્ષણ માટે પણ હું ધૈર્ય ધારણ કરી શકું તેમ નથી. આજે જ તમારે મ્હને મ્હારી પ્રિયતમા પાસે લઇ જવો પડશે." વીરસિંહે વ્યાકુળતાથી કહ્યું.

અંતે જ્યોતિસિંહ નિરુપાય થયો અને રાજકુમાર વીરસિંહને પોતાની સાથે લઇ જવાને સંમત થયો. બન્ને જણાએ તંબૂમાં જઇ પોષાક પહેર્યો, તથા ફરવા જવાનું બ્હાનું દર્શાવી એક કલાકમાં તો તેઓ બન્ને મૃગલોચનીના બગીચા પાસે જઇ પહોંચ્યા. રાત્રિ અંધકારમયી હોવાથી બગીચામાં પ્રવેશ કરતાં તેમને વિશેષ હરકત વેઠવી પડી નહિ. પહેરો ભરતા સિપાહીઓની દૃષ્ટિ ચુકાવીને જ્યોતિસિંહે પોતાની પાસેની પાટલા ઘો બગીચાની દિવાલપર ફેંકી તથા તેઓ બન્ને સહેલાઇથી બગીચાની અંદરના ભાગમાં ઉતરી ગયા. પછીથી આસપાસ દૃષ્ટિ ફેરવતાં તેઓ બન્ને બગીચાના મધ્યભાગમાં આવેલા એક રમણીય કુંજમાં જઇ ચઢ્યા. આ સમયે એ સ્થળે રાજનન્દિની મૃગલોચની તેની સખીઓ કિશોરી અને પુષ્પાવતી સાથે બેસીને વાર્ત્તાલાપ કરી રહી હતી.

મૃગલોચની નજરે પડતાં જ વીરસિંહની સ્થિતિમાં અપૂર્વ પરિવર્તન થઇ ગયું. એકાએક ઉત્તેજનાવશાત્ઃ તે બેહોશ બની ગયો. જ્યોતિસિંહે પોતાની થેલીમાંથી એક પ્રકારનું ઔષધ વીરસિંહને સુંઘાડયું તેથી તે શુદ્ધિમાં આવ્યો જ્યોતિસિંહે કહ્યું:–"રાજકુમાર! શત્રુઓના સ્થાનમાં આવીને આમ બેશુદ્ધ બની જાઓ છો એ શું શ્રેયષ્કર છે કે? આપ સાવધાનતા રાખો."

વીરસિંહે ઉભા થઇ અધીરતાથી કહ્યું:–" ભાઇ! પ્રથમ તમે મ્હને મ્હારી પ્રિયતમાને મળવા દો."

" ના, પ્રથમ મ્હને તેમની પાસે જઇ વાતચિત કરી આવવા દો; પછીથી આપ બેલાશક ત્યાં જઇ આપના અંતરના દર્દને દૂર કરજો."

અધીરો બનેલો વીરસિંહ ના છુટકે ત્યાં ઉભો રહ્યો અને જ્યોતિસિંહ રાજનન્દિની પાસે ગયો. મૃગલોચની ઉદાસ ચિત્તે ત્યાં બેઠી હતી. જ્યોતિસિંહને જોઇને તેણે વ્યાકુળતાથી પૂછ્યું:–" આટલા દિવસ સૂધી તમે કયાં ગૂમ થઈ ગયા હતા? આજે પણ એકલા જ આવ્યા છો કે શું?"

" રાજનન્દિનિ! કુલાંગાર ક્રુરસિંહ અને તેના બહુરૂપી દોસ્તોએ કેવી ખટપટ કરવા માંડી છે એ કાંઇ તમારાથી ગુપ્ત નથી." જ્યોતિસિંહે કહ્યું.

" જ્યારે પ્રતિસ્પર્ધીઓથી બ્હીઓ છો ત્યારે પછી ચુડીઓ પહેરી ઘરમાં જ કેમ ભરાઇ બેસતા નથી?" કિશોરીએ ઉપહાસ કર્યો.

" જ્યોતિસિંહ! મ્હારા અંતરની વ્યથાનું વર્ણન હું તમારા સમક્ષ કરી શકતી નથી. ભાઇ! જો એક વખત પણ તમે રાજકુમારની સાથે મ્હારી મુલાકાત કરાવશો તો હું તમારો મ્હારાપર મહાન્ ઉપકાર થયો માનીશ." મૃગલોચનીએ ગદ્‌ગદ કંઠે કહ્યું.

"હું હમણાં જ રાજકુમારને તમારા સમક્ષ ઉપસ્થિત કરું છું." આમ કહીને જ્યોતિસિંહ ત્યાંથી ચાલ્યો ગયો. કિશોરી અને પુષ્પાવતીને આ પ્રકારના દર્શનથી ઘણું આશ્ચર્ય ઉપજ્યું. અલ્પકાળમાં જ જ્યોતિસિંહ વીરસિંહની સાથે ત્યાં ઉપસ્થિત થયો.

મૃગલોચની વિકારની ઉત્તેજનાથી ભાન ભૂલી જઇ, તેમજ જ્યોતિસિંહ તથા સખીઓની હાજરીને ભૂલી જઇ પ્રેમાવેગથી વીરસિંહને ભેટી પડી, તથા મુર્છિતા બની જઇ તે વીરસિંહના અંગપર ઢળી પડી. વીરસિંહે પણ તેને પોતાના હૃદય સાથે ચાંપી.

વાંચકબંધુઓ ! આ પ્રેમી યુગલને એકાન્તનો સુયોગ આપી આપણે ક્રૂરસિંહ અને અકબરની હિલચાલનું દિગ્દર્શન કરવા જઇએ. જે સ્થળે આ પ્રેમી યુગલ પ્રેમવિનોદ કરતું બેઠું હતું ત્યાંથી થોડે દૂર એક ઉચ્ચ વૃક્ષના મજબુત થડ પાછળ છુપાઇ રહીને અકબરઅલી બનતા પ્રકારનું દર્શન કરી રહ્યો હતો.

અલ્પકાળ સુધી પોતાના મન સાથે કાંઇ વિચાર કરી અકબર ત્વરિતગતિથી ક્રૂરસિંહ પાસે જઇ પહોંચ્યો, તથા તેણે કહ્યું:—"જુઓ, આજે આપણને ઘણાં ઉત્તમ પ્રસંગની પ્રાપ્તિ થઇ છે. જો આ પ્રસંગનો લાભ આપણે ન લઇએ તો આપણે મૂર્ખાત્મા જ લેખાઇએ!"

"તું શું કહેવા માગે છે એ હું સમજી શકતો નથી. તું કેવા પ્રસંગની વાત કરે છે એ સ્પષ્ટતાથી કહી સંભળાવ." ક્રૂરસિંહે અધીરતાથી પૂછ્યું.

"આપને મ્હેં પ્રથમથી જ નહોતું કહ્યું કે, આપના પ્રેમનો પ્રતિસ્પર્ધી કોઇ કોઇ વખતે રાજકુમારી મૃગલોચનીને મળવા તેના બગીચામાં આવે છે. આજે પણ તે બગીચામાં આવી મૃગલોચની સાથે પ્રેમવિનોદ કરે છે!" અકબરે ખુલાસો કર્યો.

"વીરસિંહ હમણાં રાજકુમારીના બગીચામાં આવેલો છે ?" ક્રૂરસિંહે આશ્ચર્ય પામીને પૂછ્યું.

"જી હા, મ્હારી વાતપર વિશ્વાસ મૂકો. એ પ્રકાર હું મ્હારી નજરે જોઇને જ અહીં આવેલો છું; તેઓ ત્યાંથી જૂદાં થાય કે તરત આપણે તેમને કેદ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. જ્યોતિસિંહ પણ હમણાં એ બગીચામાં હાજર છે. આવો ઉત્તમ સુયોગ આપણને ભાગ્યે જ ફરીથી મળશે." અકબરે કહ્યું. વળી પાછો થોડા સમય સૂધી મૌન ધારણ કરીને તે કહેવા લાગ્યો, "આપની મહત્વાકાંક્ષાના માર્ગમાં આપણને એ જ્યોતિસિંહ જ આડો આવે છે. આજે એક કાંકરે બે પક્ષી મારી શકાય તેમ છે."

આ ખુલાસો સાંભળવામાં આવતાં ક્રૂરસિંહના અંતરમાં ઇર્ષ્યાગ્નિ સળગી ઉઠયો. હજી સૂધી પિતાના મૃત્યુનો કૃત્રિમ શોક પાળીને તે ઘરમાં જ ભરાઇ રહ્યો હતો; પરંતુ આજે તે તેના મનને કાબુમાં રાખી શક્યો નહિ. તેણે રોષાવેશમાં જ કહ્યું:–"ફિકર નહિ. આપણા શત્રુઓને આજે આપણે બરાબર ફસાવીએ છીએ. આપણે હમણાં જ સિપાહીઓને સાથે લઇ જઇ તેમને કેદ પકડીએ છીએ."

"એમ કરવાથી વિશેષ લાભ હોય એમ હું ધારતો નથી. આપ કહો છો તેમ કરવાથી આપણા પ્રતિસ્પર્ધીઓ આપણા સપાટામાં સપડાશે; પરંતુ તેથી કાંઇ રાજકુમારીનું ચિત્ત આપના તરફ નહિ આકર્ષાય. વળી તેથી મહારાણાનો સ્નેહ અને વિશ્વાસ પણ આપનાપર વધશે નહિ." અકબરે કહ્યું.

"ત્યારે તમે શું કરવાની સલાહ આપો છો ?" ક્રૂરસિંહે પૂછ્યું.

"આપ હમણાં જ મહારાણા પાસે જાઓ અને આ સંબંધી હકીકત તેમને કહો, તથા બગીચામાં લઈ જઇ આ પ્રકારનું આપ તેમને

પ્રત્યક્ષ દર્શન કરાવો; એથી જ્યોતિસિંહ અને વીરસિંહને કેદ પકડી મહારાણા પોતે જ તેમને મૃત્યુની ભયંકર સજા કરશે, તથા તેઓ પોતાની પુત્રીપર પણ ક્રોધે ભરાશે. આમ કરવાથી મહારાણાનો આપનાપર સંપૂર્ણ વિશ્વાસ બેસશે, અને આપની મહત્વાકાંક્ષા ફળીભુત થવામાં સામાન્ય મુશ્કેલી જ રહેશે. એ મુશ્કેલીને આપણે આપણી અપૂર્વ ચાલાકીથી પહોંચી વળીશું." અકબરે પોતાનો અભિપ્રાય પ્રકટ કર્યો.

"શાહબાશ! બુદ્ધિબળમાં તું બિરબલની જ બરાબરી કરી શકે એવો છે. ત્હારા અભિપ્રાય પ્રમાણે વર્તવામાં જ હું આપણું સર્વનું કલ્યાણ સમજું છું." આવી રીતે અકબરની બુદ્ધિની પ્રશંસા કરી, વસ્ત્રો પહેરી ક્રૂરસિંહ સત્વર મહારાણા જયસિંહ પાસે જઇ પહોંચ્યો. પહેરેગીર મારફત સમાચાર પહોંચાડયા સિવાય ક્રૂરસિંહને એકાએક પોતાની પાસે આવેલો જોઇને જયસિંહે કહ્યું:—" ક્રૂરસિંહ! તમારા પિતાશ્રીની ઉત્તર ક્રિયા અદ્યાપિ સંપન્ન થઈ નથી છતાં આ સમયે આવી સ્થિતિમાં તમને મ્હારી પાસે આવેલા જોઇને મ્હને ઘણું આશ્ચર્ય ઉપજે છે!"

"શિરછત્ર! આ ગુલામ આપનું જ નિમક ખાઇને ઉછર્યો છે અને ઉછરે છે; આમ હોવા છતાં આપની કીર્તિ કલંકિત થવાનો સમય આવી પહોંચે અને હું પિતૃવિયોગનો શોક પાળતો ઘરમાં બેસી રહું એ શું ઉચિત કહેવાય કે? આપની પરમપવિત્ર કીર્ત્તિનું જીવના જોખમે પણ સંરક્ષણ કરવું એ મ્હારા જેવા નિમકહલાલ નોકરનું પ્રથમ અને મુખ્ય કર્ત્તવ્ય છે." ક્રૂરસિંહે કપટનો આશ્રય સ્વીકારી મહારાણાના કર્ણમાં વિષસિંચન કરવા માંડયું."

" ક્રૂરસિંહ! તમે શું કહો છો? મ્હારી કીર્ત્તિને કલંકિત કરે

એવો નરપિશાચ કોણ છે?" જયસિંહે ઉત્તેજનાને આધીન થઇ કહ્યું.

"મહારાજ! એ નરપિશાચ બીજો કોઇ નહિં કિન્તુ વિજયગઢનો રાજકુમાર વીરસિંહ છે." ક્રૂરસિંહે ગંભીરતાથી ઉત્તર આપ્યો.

"મ્હારી કીર્ત્તિ કલંકિત થાય એવો શો પ્રયત્ન તેણે કર્યો છે?" જયસિંહે પૂર્વવત્ સ્વરે પ્રશ્ન કર્યો.

"મહારાજાધિરાજ! એ સઘળી હકીકત કહેતાં જો કે મ્હારી જીભ ઉપડતી નથી; પરંતુ મ્હારા કર્ત્તવ્યને બજાવવાના હેતુથી જ એ હકીકત આંપને નિવેદન કરવાનો પ્રસંગ મ્હારાપર આવી પડેલો છે. મહારાજ! વીરસિંહ અને તેનો શયતાન દોસ્ત જ્યોતિસિંહ હમણાં રાજકુમારીના બગીચામાં છે." ક્રૂરસિંહે ઉત્તર આપ્યો.

આ હકીકત સાંભળી જયસિંહ સવિશેષ ક્રોધે ભરાયો. તેનું સર્વાંગ ક્રોધવશ થઇ કંપી ઉઠયું. આસનનો ત્યાગ કરી કમ્મરપર લટકતી તલ્વારની મુઠપર હાથ પછાડી ક્રોધાતુર સિંહના જેવી ભયંકર ગર્જના કરી તે બોલ્યો:—"ક્રૂરસિંહ! કેટલાક સિપાહીઓને સાથે લઇ જઇ તમે બગીચાને ચોતરફથી ઘેરી લ્યો. હું પોતે જ બગીચામાં જઇ એ કામાંધને તેના સાહસિક કાર્યની યોગ્ય સજા કરીશ."

આમ કહીને જયસિંહ ત્યાંથી ચાલ્યો ગયો. ક્રૂરસિંહ પણ તેને મળેલી આંજ્ઞાનું પ્રતિપાલન કરવા ચાલ્યો ગયો.

હવે આપણે બગીચામાં પ્રેમવિનોદ કરતાં પ્રેમિક-પ્રેમિકાંનું દિગ્દર્શન કરીએ. વીરસિંહ મૃગલોચની સાથે વાર્ત્તાવિનોદ કરી રહ્યો હતો, ત્યારે કિશોરી સાથે જ્યોતિસિંહ પ્રેમવિનોદ કરી રહ્યો હતો. આ સમયે એ પ્રેમિક પ્રેમિંકાઓ વિશ્વનું તેમજ પોતાનું અસ્તિત્વ સુદ્ધાં ભૂલી ગયાં હતાં. સ્વર્ગીય પ્રેમિક કલાપીની લીટીઓ તેમના માટે યથાર્થ થઇ પડી હતી કે:—

"ભૂલી જવાતી છો બધી, લાખો કિતાબો સામટી,
જોયું ન જોયું છો બને, જો એક યાદી આપની!"

ઉપર દર્શાવ્યાનુસાર તેઓ પ્રેમરસનું પાન કરતાં હતાં એવામાં એકાએક એક કાળો કદરૂપો, લાલચોળ આંખોવાળો લંગોટાબાજ માણસ તેમના સર્વના સમક્ષ ઉપસ્થિત થયો. તેણે જ્યોતિસિંહને પોતાના દાંત બતાવીને કહ્યું:—

" રાજાને થઇ સર્વ પિછાન,
સમજો ગુરુજી ચતુર સુજાન."

આટલી લીટી લલકારીને એ માણસ કૂદકા મારતો મારતો ત્યાંથી ચાલ્યો ગયો. જતી વખતે પુષ્પાવતીનો પગ પકડી તે તેને થોડે સૂધી ઘસડી ગયો, પછીથી તેણે તેને છોડી દીધી. આવો પ્રકાર જોઇ સર્વે વિસ્મિત, ભયભીત અને આશ્ચર્યચકિત બની ગયાં. તેમને એકાએક એવો જ ભાસ થયો કે, એક પિશાચ તેમની પાસેથી ચાલ્યો ગયો. પુષ્પાવતી તો બૂમ પાડી ઉઠી. જ્યોતિસિંહે ઉઠી ઉભા થઇ વીરસિંહનો હાથ પકડીને કહ્યું:–" રાજકુમાર ! હવે અહીં એક ક્ષણનો પણ વિલંબ કરવાથી આપણું અનિષ્ટ થવાની સંપૂર્ણ સંભાવના છે. " આમ કહી તેણે રાજનન્દિની મૃગલોચની તરફ દૃષ્ટિ કરીને કહ્યું:–" રાજનન્દિનિ ! અમે અહીંથી આ ક્ષણે જ ચાલ્યા જઇએ છીએ તેથી તમે સહજ પણ ચિંતા કરશો નહિ. જ્યાં સૂધી મહારાણા અહીં ન આવે ત્યાં સૂધી તમે કોઇ આ સ્થળનો ત્યાગ કરી જશો નહિ."

" આટલી બધી ઉતાવળ કરવાનું શું કારણ છે, તથા પેલો માણસ કોણ હતો કે, જેના કહેવાથી તમે પલાયન કરી જવાને તૈયાર થયા છો ? " મૃગલોચનીએ વિષણ્ણવદને પૂછ્યું.

" રાજનન્દિનિ ! ક્ષમા આપો; કેમ કે હવે વાતચિત કરવાનો વખત રહ્યો નથી. " જ્યોતિસિંહે કહ્યું.

આમ કહી જબરદસ્તીથી વીરસિંહને ઉઠાડી જ્યોતિસિંહ સાવધાનતાથી બગીચાની મ્હાર નીકળી પડ્યો; આથી મૃગલોચની ઘણી ચિંતાતુર બની ગઇ. તેનાં નયનયુગલમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. તેણે કિશોરીને પૂછ્યું:–"આ શો તમાશો થયો એ હું સમજી શકતી નથી. એ પિશાચને જોઇ હું કેટલો બધો ભય પામી છું એ તું મ્હારા હૃદયપર હસ્ત મૂકી જો એટલે તને માલૂમ પડશે. અદ્યાપિ મ્હારું હૃદય જોશથી ઉછળી રહ્યું છે. આ પ્રકાર સંબંધી તું શું ધારે છે?"

"હું પણ કાંઇ સમજી શકતી નથી; છતાં એટલું તો ચોક્કસ છે કે, વીરસિંહના અત્રે આવ્યાની ખબર મહારાણાશ્રીને મળી ગઇ છે; તેથી તેઓ બગીચામાં જરૂર આવતા હશે." કિશોરી પોતાની માન્યતા કહી સંભળાવી.

"પરંતુ એ પિશાચની સાથે મ્હારે શી શત્રુતા હતી?!" પુષ્પાવતીએ કહ્યું.

પુષ્પાનાં વચનો સાંભળી સર્વને હસવું આવ્યું. થોડા સમય સુધી આવી આશ્ચર્યજનક વાતો થયા કરી એટલામાં બગીચાની ચોતરફથી કેટલાક માણસોનો કોલાહલ થતો સાંભળવામાં આવ્યો. કિશોરીએ ચિંતામગ્ન વદને કહ્યું:–"રાજનન્દિનિ! મ્હને આજનો રંગ ઠીક લાગતો નથી. આ બગીચાને સિપાહીઓએ ચોતરફથી ઘેરી લીધો હોય એમ હું ધારું છું."

કિશોરી વિશેષ કાંઇ કહેવા જતી હતી; પરંતુ એટલામાં મહારાણો જયસિંહ ત્યાં આવી પહોંચ્યો તેથી તેણે મૌન ધારણ કર્યું.

મહારાણા જયસિંહનું દર્શન થતાંજ મૃગલોચની અને તેની સખીઓ ઉઠી ઉભી થઇ ગઇ. મૃગલોચનીએ આગળ વધી પિતાની

પાસે મસ્તક નમાવી નમ્રતાથી કહ્યું:–"આ સમયે આપ એકાએક અંત્રે આવ્યો છો તેથી–"

આટલું બોલી મૃગલોચની ચૂપ રહી. જયસિંહે કહ્યું:–"બ્હેન! તને જોવાના ઉદ્દેશથી જ અત્યારે હું એકાએક અહીં આવ્યો છું. હવે તમે સર્વે રાજમહાલયમાં જાઓ. આટલી બધી ઠંડીમાં અહીં બેસી રહેવાથી શારીરિક પ્રકૃતિ અસ્વસ્થ થઇ જવાનો સંભવ છે."

આ પ્રમાણે કહીને જયસિંહ મહેલ તરફ રવાના થયો. મૃગલોચની અને તેની સખીઓ પણ રાજમહાલયમાં ચાલી ગઇ. મહારાણા જયસિંહે પોતાના વિશ્રામભુવનમાં જઇ, લજ્જિત બની જઈ સ્વગત વિચાર્યું:–"મ્હારી ભલી ભોળી પુત્રીને ક્રૂરસિંહ વિના કારણ બદનામ કરે છે! એ નાલાયકના મનમાં શો વિચાર હશે એ તો ઇશ્વર જાણે! એણે આગળ પાછળનો વિચાર કર્યા સિવાય કિંવા સત્યાસત્યનો ચોક્કસ નિર્ણય કર્યા સિવાય મ્હારી પુત્રીપર બેધડક એબ લગાડી છે. આ હકીકત જો મ્હારી પુત્રીના સાંભળવામાં આવશે તો તે શું કહેશે? ક્રૂરસિંહ જેવા શયતાનનું તો મ્હોં સુદ્ધાં જોવું જોઇએ નહિ; એટલું જ નહિ પણ તેને તેના આ મહાન્ અપરાધની ભયંકર સજા કરવી જોઇએ કે જેથી ભવિષ્યમાં કદાપિ તે રાજનન્દિનીપર આવા અસત્ય કલંકને મૂકવાનું સાહસ કરે નહિ."

આવો વિચાર કરી મહારાણા જયસિંહે ચતુરસિંહ નામના એક ચોપદારને બોલાવી આજ્ઞા કરી કે, "જેમ બને તેમ ત્વરાથી ક્રૂરસિંહને તું મ્હારી પાસે હાજર કર."

# પ્રકરણ ૯ મું

## પલાયન.

મહારાણા જયસિંહની આજ્ઞાનુસાર કૂરસિંહે કેટલાક સિપાહીઓની સહાયતાથી મૃગલોચનીના બગીચાને ઘેરી લીધો. બગીચામાંથી એક પણ માણસ પલાયન કરી શકે નહિ એટલા માટે તેણે સઘળા સિપાહીઓને ખુલ્લાં હથિયારોસહ, બગીચો ઘેરી લેવાની સૂચના પ્રથમથી જ કરી હતી અને કૂરસિંહ પોતાના મનમાં વિવિધ તરંગો કરતો અકબરઅલીની સાથે એટલામાં ફર્યા કરતો હતો.

અકબરઅલીએ પ્રસન્નતાસૂચક સ્વરે કહ્યું:-"કેમ કૂરસિંહજી, આજે આપણે કેવી ચતુરાઇ વાપરી છે. આપણા બન્ને પ્રબળ શત્રુઓ આજે ફસાઇ પડશે એટલે પછી આપના માર્ગમાં કોઈ અડચણકર્ત્તા રહેશે નહિ. વળી આપની આ સેવાના બદલામાં આવતી કાલે સ્હવારે જ મ્હોટો દરબાર ભરીને મહારાણા આપને મંત્રીનો પોષાક આપશે. પછી આપણે જે મહાન્ કાર્ય કરવાનો નિશ્ચય કર્યો છે તે પાર ઉતારવામાં અડચણ નડશે નહિ; પરંતુ જોજો, ભવિષ્યમાં આ સેવકને ભૂલી ન જશો હોં!"

"અકબરઅલી, તમારી સહાયતાથી જ દિવસે દિવસે મ્હારો સુખસૂર્ય વિશેષ ઉજ્વળ થતો જાય છે. તમારી સહાયતા હું ભૂલી જઉં તો મ્હારા જેવો કૃતઘ્ન સમસ્ત જગત્માં બીજો એક પણ ને ગણાય. તમે નિશ્ચંત રહો. તમારી અમૂલ્ય સહાયતાનો યોગ્ય પુરષ્કાર આપવા હું ભૂલીશ નહિ." કૂરસિંહે અકબરને આશા દર્શાવી.

"વળી યુસફખાનને એ શત્રુઓએ કયાં કેદ કરી રાખ્યો છે એ જાણવાનો સુયોગ પણ ખુદાએ આપણને મેળવી આપ્યો છે. જે સમયે

મહારાણા જ્યોતિર્સિંહ અને વીરસિંહને સજા કરે એ સમયે યુસફ-ખાનની વાત આપ 'જરૂર કાઢજો." અકબરે સૂચના કરી.

"એ માટે પણ તમે ચિંતા કરશો નહિ. જો એ લોકો આપણને યુસફખાનનો પત્તો નહિ બતાવે તો આપણે એમનાં હાડકાં ખોખરાં કરીને પણ યુસફખાનનો પત્તો મેળવીશું." કૂરસિંહે કહ્યું.

આ સમયે મહારાણા જયસિંહના ચોપદારે કૂરસિંહ પાસે આવીને કહ્યું:-"કૂરસિંહજી, મહારાજશ્રી આપને સત્વર પોતાના વિશ્રામ-ભુવનમાં બોલાવે છે!"

"જાઓ જાઓ-શત્રુઓ પકડાયા હશે તેથી તેમને કેવી ભયંકર શિક્ષા કરવી એનો વિચાર કરવા માટે મહારાણાશ્રી આપને બોલાવતા હશે!" અકબરે કહ્યું.

"ત્યારે લુચ્ચાઓ પકડાયા છે કે?" રસિંહે ચતુરસિંહને પૂછ્યું.

"ના જી; મહારાણાશ્રીની હજુરમાં તો કોઇ નથી." ચતુરસિંહે ઉત્તર આપ્યો.

"ત્યારે તો તેઓશ્રી હજી સુધી બગીચામાં નહિ ગયા હોય. આપને સાથે લઇને બગીચામાં જવાનો મહારાણાશ્રીનો વિચાર હશે." અકબર વચ્ચે બોલી ઉઠયો.

"ના જી—મહારાણાશ્રી રાજકુમારી સાથે હમણાં જ બગીચા-માંથી રાજમહાલયમાં પધાર્યા છે. તેમના મ્હોંપર ભયંકર ક્રોધનાં ચિહ્ન પ્રકટી નીકળ્યાં છે. ક્રોધાવેશમાંજ આપને બોલાવી લાવવાની તેઓશ્રીએ મ્હને આજ્ઞા કરી છે." ચતુરસિંહે અકબરના ભ્રમને દૂર કર્યો.

આ વચનો સાંભળવામાં આવતાં કૂરસિંહ ચિંતામગ્ન બની ગયો. ભયની ભાવનાથી તેનું સર્વાંગ કંપવા લાગ્યું. આવી સ્થિતિમાં તે મહારાણા જયસિંહ સમક્ષ ઉપસ્થિત થયો.

ક્રૂરસિંહને જોતાંની સાથે જ રાજા જયસિંહે ઉચ્ચ અને કઠોર સ્વરે કહ્યું:–"ક્રૂરસિંહ! આજે તમે મ્હારી મૃગલોચનીના શિરપર અસત્ય કલંક મૂકી તેની ઇજ્જતને બદનામ કરી છે. આ પ્રકારથી બગીચાને ઘેરો ઘાલનાર સિપાહીઓ શો વિચાર કરશે તેનો તમને ખ્યાલ છે? આજનો તમારો અપરાધ સર્વથા અક્ષમ્ય છે."

ક્રોધની પ્રબળતાથી જયસિંહના ઓષ્ઠ કંપી રહ્યા હતા. તેનાં નેત્રો લાલચોળ બની ગયાં હતાં. તેની આવી સ્થિતિ જોવામાં આવતાં ક્રૂરસિંહનો જીવ સુકાઇ ગયો. તેણે ગભરાઇ જઇને કહ્યું:–"મહારાજાધિરાજ! આ ખબર મ્હને અકબરઅલીએ કે જે રાજમહેલને પૂહેરો ભરવાનું કાર્ય કરે છે તેણે મ્હને જણાવી હતી."

આ ઉત્તર સાંભળી મહારાણા જયસિંહે એક ચોપદારને અકબરને બોલાવી લાવવા મોકલ્યો. થોડા સમયમાં જ અકબર આવી પહોંચ્યો. તેનું મુખમંડળ મલિન બની ગયું હતું. મહારાણા જયસિંહે તેને ઉદ્દેશીને ક્રોધકર્કશ સ્વરે કહ્યું:–"કેમ રે પાજી! ત્હેં ક્રૂરસિંહને કેવી ખબર પહોંચાડી હતી. દુરાત્મા! ત્હારા અપરાધની તને આજે હું એવી સખ્ત શિક્ષા કરીશ કે જીવનપર્યન્ત તું પુનઃ આવો ગુન્હો કરીશ નહિ."

આમ કહીને મહારાણા જયસિંહે ક્રૂરસિંહને પચાસ ફટકા અને અકબરને બસો ફટકા મારવાની આજ્ઞા ફરમાવી. તે સાથે ક્રૂરસિંહને ઉદ્દેશીને તેણે કહ્યું:–"ક્રૂરસિંહ! તું મંત્રી થવાને માટે તદ્દન નાલાયક છે. આજે તો હું તમને બન્નેને આટલી શિક્ષા કરીને જ છોડી દઉં છું; પરંતુ ફરીથી જો કદાચ તમે આવો અપરાધ કરશો તો તમારો જીવ લેવામાં આવશે."

વિના વિલંબે જયસિંહની આજ્ઞાનો અમલ થવા લાગ્યો. ક્રૂરસિંહ

અને અકબરના અંગપર ફટકા પડવા લાગ્યા. પ્રહારની વેદનાથી તેઓ બન્ને જણા હૃદયવિદારક આક્રંદ કરવા લાગ્યા. ફટકા મારી રહ્યા પછી તેમને બન્નેને રાજમહાલયમાંથી કાઢી મૂકવામાં આવ્યા. આમ છતાં જયસિંહનો ક્રોધાગ્નિ શાન્ત થયો નહોતો. સમસ્ત રાત્રિમાં અલ્પકાળ માટે પણ તે નિદ્રાધીન થઇ શક્યો નહિ.

ક્રૂરસિંહ અને અકબર એક બીજાની સાથે વઢવા લાગ્યા. ક્રૂરસિંહ અકબરને કહેવા લાગ્યોઃ—"તમારી સલાહ પ્રમાણે વર્તવાથી જ આજે મ્હારે ફટકાનો માર ખાવો પડ્યો છે, તથા મ્હારું ભયંકર અપમાન થયું છે. હવે હું મંત્રી થઇ શકું એવી આશા રહી નથી."

અકબરે કહ્યું:—"મ્હારે આપના લીધે જ માર ખાવો પડ્યો; નહિ તો મ્હારે આપના કાર્યમાં હાથ નાખવાની શી જરૂર હતી? જહન્નમમાં જાઓ આપની મૃગલોચની અને વીરસિંહ!"

."પરંતુ આપણે આટલું બધું દુઃખ વેઠ્યા છતાં જો વીરસિંહને કેદ ન પકડી શકીએ તો આપણા બન્નેના જીવનને ધિક્કાર છે." ક્રૂરસિંહે કહ્યું.

વીરસિંહ હવે હમ્મેશાં રાજમહાલયમાં છુપી રીતે આવશે એમાં સહજ પણ શક નથી. અહીં હમ્મેશાં આવવાના વિચારથી જ તેણે આપણા રાજ્યની સરહદમાં આવીને છાવણી નાંખી છે; પરંતુ હવે મ્હારામાં પ્રથમના જેટલી હિમ્મત રહી નથી. જો ફરીથી આપણે આવી જ રીતે વીરસિંહને પકડવાનો પ્રયત્ન કરીશું અને ફસાઇ પડીશું તો આપણો જીવ જશે." અકબરે ભાવિ ભયનું સૂચન કર્યું.

"હવે તો કોઇ એવી યુક્તિ કરવી જોઇએ કે આપણો જીવ બચે અને મહારાણો જગસિંહ વીરસિંહને પોતાના રાજમહાલયમાં જુએ." ક્રૂરસિંહે કહ્યું.

ઘણા સમય સુધી વિચાર કર્યા પછી અકબરે કહ્યું:–"રામગઢના મહારાણા કનકસિંહના દરબારમાં જગન્નાથ પંડિત નામનો એક જ્યોતિષી છે, તથા એ માણસ પાસા ફેંકીને આપણે જે પ્રશ્ન પૂછીએ તેનો યથાર્થ ઉત્તર આપી શકે તેમ છે. તેને એમ પૂછવામાં આવે કે, અમુક માણસ આ સમયે કયાં છે, તે શું કરે છે, તે કેવી રીતે પકડાશે વગેરે પ્રશ્નોના યથાર્થ ઉત્તરો તે આપી શકે છે. જો એને મેળવી લેવામાં આવે, તથા તે અહીં આવીને થોડા દિવસ રહી આપને સહાયતા કરે તો સઘળું કામ ઠીક થઈ જાય. વળી રામગઢ પણ અહીંથી કાંઇ વિશેષ દૂર નથી. રામગઢ અહીંથી લગભગ વીસ ગાઉ દૂર છે. ચાલો આપણે બન્ને જઇને કોઇ પણ રીતે એ જ્યોતિષીને અત્રે તેડી લાવીએ."

અંતે ક્રૂરસિંહે પોતાની સાથે થોડું ઝવેરાત લઇને બે ચાલાક અશ્વ મંગાવ્યા તથા તે પોતે અને અકબર એ અશ્વ પર સવાર થઇ રામગઢ તરફ રવાના થયા, અને ઘેર સઘળાં માણસોને એવી સૂચના કરી કે, 'જો મહારાજા તરફથી કોઈ બોલાવવા આવે તો એમ કહેવું કે એ ઘણા બિમાર છે.'

## પ્રકરણ ૧૦ મું.

### પ્રપંચનું પરિણામ.

વીરસિંહ અને જ્યોતિસિંહ બગીચાની બહાર નીકળી પોતાના તંબૂ તરફ રવાનાં થયા; જ્યારે તેઓ તંબુમાં જઇ પહોંચ્યા ત્યારે તેમને માલુમ પડયું કે, મધ્યરાત્રિનો સમય થયો હતો. જ્યોતિસિંહે વિશ્રાંતિને રજા જ આપી દીધી હોય એમ લાગતું હતું. વીરસિંહને

તંબુમાં પુહોંચાડી. યુસફખાનનો વેશ ધારણ કરી તે ક્રૂરસિંહના મહેલ પાસે ગયો. રામગઢ જતી વખતે ક્રૂરસિંહે જે નોકરોને મહેલની સંભાળ રાખવા માટે રત્નગઢમાં રાખ્યા હતા તે નોકરોએ યુસફખાનને જોઇ પૂછ્યું:—"યુસફખાન! અત્યાર સૂધી તમે કયાં ગયા હતા?"

નકલી યુસફખાને ઉત્તર આપ્યો:—"હું જહન્નમની હવા ખાવા ગયો હતો, ત્યાંથી પાછો આવ્યો છું. હવે મને સત્વર કહો કે, ક્રૂરસિંહજી કયાં છે?"

સર્વેએ ક્રૂરસિંહ સંબંધીની સઘળી હકીકત તેને કહી સંભળાવી, તથા છેવટે કહ્યું કે, "તેઓ રામગઢ ગયા છે, તથા તમે પણ જો તેમની સાથે ગયા હોત તો ઘણું સારું થાત."

બનાવટી યુસફખાને કહ્યું:—"તમારું કહેવું વાસ્તવિક છે. હવે હું ઘેર નહિ જતાં બારોબાર રામગઢ તરફ જઉં છું." આમ કહીને તે ત્યાંથી 'રવાના' થઇ પોતાના તંબુમાં જઇ પહોંચ્યો, અને તેણે સઘળી હકીકત વીરસિંહને કહી સંભળાવી.

અવશિષ્ટ રાત્રિ જ્યોતિર્સિંહે વિશ્રાંતિ લેવામાં વ્યતીત કરી. પ્રભાતકાળ થતાં ન થતાંમાં તો શય્યાત્યાગ કરી સ્નાન ભોજનાદિથી નિવૃત્ત થઇ વેશ બદલીને તે રત્નગઢ તરફ રવાના થયો, અને તેણે મહારાણા જયસિંહ સમક્ષ ઉપસ્થિત થઇને કહ્યું:—"મહારાજ! હું ક્રૂરસિંહનો નોકર છું. મ્હારું નામ રામલાલ છે. ક્રૂરસિંહજી આપના વિરુદ્ધ થઇ રામગઢના મહારાણા પાસે ચાલ્યા ગયા છે. મ્હેં તેમને એમ કહ્યું હતું કે, 'મહારાણાશ્રીનું નિમક ખાઇને આપે આમ કરવું જોઇએ નહિ.' એથી મ્હારાપર રોષે ભરાઇ તેમણે મ્હને પુષ્કળ માર માર્યો અને મ્હારું સર્વસ્વ લૂંટી લીધું. હવે મ્હારી પાસે એક પાઇ પણ રહી નથી. હું શું ખાઇને મ્હારા દિવસો પસાર કરીશ તેની ચિંતા મ્હને

પ્રત્યેક ક્ષણે થયા કરે છે. હવે હું મ્હારાં બૈરી છોકરાં પાસે કેવી રીતે જઈ શકીશ ? તેઓ પૂછશે કે, ત્રણ વર્ષમાં શું કમાઈ લાવ્યા તો. હું તેમને શો ઉત્તર આપીશ ? મહારાજ ! આ ગરીબ ગુલામને હવે માત્ર આપનો જ આધાર છે—આ ગુલામ તદ્દન નિરાધાર અને લાચાર છે. ”

આ હકીકત સાંભળી મહારાણો જયસિંહ ઘણો ક્રોધે ભરાયો. તેણે એક બે સિપાહીઓને એવી આજ્ઞા કરી કે, “ જાઓ, હમણાં ને હમણાં તમે ક્રૂરસિંહની તપાસ કરો કે એ શયતાન ક્યાં છે ? ”

અલ્પકાળમાં જ એ સિપાહીઓએ ક્રૂરસિંહના મહેલ પાસે જઈ આવી એવા સમાચાર કહી સંભળાવ્યા કે, “ તેઓ એટલા બધા બિમાર છે કે, તેમનાથી ઉઠી પણ શકાતું નથી. ” રામલાલના વેશમાં જ્યોતિસિંહે કહ્યું:–“ મહારાજાધિરાજ ! ક્રૂરસિંહના લુચ્ચા નોકરો તદ્દન અસત્ય ઉત્તર આપે છે. સઘળા મુસલ્માનોએ ક્રૂરસિંહની સાથે સલાહ સંપ કરેલો છે. આ પ્રકારની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે તો સત્ય સત્વર પ્રકાશમાં આવશે. ”

આ વચનો સાંભળી મહારાણાએ વૃદ્ધ મુનશીને કહ્યું:–“ મુનશીજી, તમે જાતે જઈને આ પ્રકારની પૂરતી તપાસ કરો. ”

મુનશીજીએ તપાસ કરી આવીને કહ્યું:–“ રાજેન્દ્ર ! નોકરો ક્રૂરસિંહનો પત્તો બતાવતા નથી. એને ત્યાં જે નોકરો છે તેઓમાંના એકને હું અહીં પકડી લાવ્યો છું. આપ તેને સઘળી હકીકત પૂછી જોશો તો સત્ય પ્રકાર આપણા જાણવામાં આવશે.”

મહારાણાં જયસિંહે એ નોકર તરફ તીવ્ર દૃષ્ટિ ફેંકીને કહ્યું:– “બદમાશ ! સત્ય હકીકત કહે કે ક્રૂરસિંહ ક્યાં ગયેલો છે ? જો સત્ય હકીકત નહિ કહે તો ઘણી ભયંકરતાથી ત્હારો જીવ લેવામાં આવશે.”

નોકરે જીવ જવાના ભયથી 'ક્રૂરસિંહ રામગઢ ગયો છે.' એવો ખુલાસો કર્યો. આ ખુલાસો સાંભળી મહારાણા જયસિંહે ક્રોધાવેશમાં જ એવી આજ્ઞાઓ કરી કે,

(૧) ક્રૂરસિંહના ઘરનાં માણુસો એક કલાકમાં જ જીવ બચાવીને મ્હારા રાજ્યની સરહદનો ત્યાગ કરી ચાલ્યાં જાય. (૨) ક્રૂરસિંહનો મહેલ લૂંટી લેવો. (૩) ક્રૂરસિંહની તિજોરીમાંથી જેટલા રૂપિયા રામલાલથી ઊંચકી શકાય એટલા રૂપિયા તે લઇ જાય અને બાકીનો સરકારી ખજાનામાં જમા થઇ જાય. (૪) જો રામલાલનો નોકરી કરવાનો વિચાર હોય તો તેને રાજ્યમાં નોકરી આપવી.

આ આજ્ઞાઓ થતાંની સાથે જ રામલાલ ક્રૂરસિંહને ત્યાં જઇ પહોંચ્યો. મહારાણા જયસિંહનો મુનશી કે, જે મહારાણાની આજ્ઞાઓનું પ્રતિપાલન કરવાને ગયો હતો તેને રામલાલે કહ્યું:–" પહેલાં મ્હારાથી ઊંચકી શકાય એટલા રૂપિયા મ્હને આપી દો એટલે મહારાણાશ્રીને આશીર્વાદ આપીને હું ઉપાડી જઉં. મ્હને જલ્દી રૂપિયા આપો–મ્હારા જેવા ગરીબને ન સતાવો !"

મુનશીજીએ કહ્યું–" સબુર કર." આમ કહીને તેમણે બેહજાર રૂપિયા રામલાલની પાસે મૂકાવીને કહ્યું:–" જા, ઉપાડી જા."

રામલાલે કહ્યું:–"વાહરે વાહ! મહારાજશ્રીની આજ્ઞાનું આપના અંતરમાંથી વિસ્મરણ થયું હોય એમ લાગે છે. આટલા રૂપિયા તો હું એક હાથે ઉપાડી શકું તેમ છું. હું ઊંચકી શકું એટલા રૂપિયા મ્હને મળવા જ જોઇએ."

મુનશી અકળાઇ ગયો. તેણે બનાવટી રામલાલને રૂપિયાની પેટી પાસે લઇ જઇને કહ્યું:–"ઉપાડ જોઇએ, તું કેટલા રૂપિયા ઉપાડી શકે છે?"

જોતજોતાંમાં જ્યોતિસિંહે દશહજાર રૂપિયા ઉપાડી લીધા, અને

તેણે ત્યાંથી રસ્તો માપવા માંડ્યો. આવો પ્રકાર જોઇ સર્વેએ હસતાં હસતાં કહ્યું:–" આ તો માણસ નહિ; પરંતુ રાક્ષસનો જ અવતાર હોવો જોઇએ ! "

મહારાણા જયસિંહની આજ્ઞાઓનો અમલ થયો. ક્રુરસિંહનું ઘર લૂંટી લેવામાં આવ્યું. તેના ઘરનાં સઘળાં મનુષ્યોએ રડતાં કકળતાં રામગઢનો માર્ગ લીધો.

જ્યોતિસિંહ દશહજાર રૂપિયાની ગાંસડી ઉંચકીને વીરસિંહ પાસે જઇ પહોંચ્યો, તથા તેણે કહ્યું:–" રાજકુમાર ! આજનો દિવસ તો મ્હારા માંટે ઘણો આનંદજનક નિવડ્યો છે. આ દશહજાર રૂપિયા શયતાન ક્રુરસિંહના છે; માટે આપ પણ બીજા થોડા રૂપિયા અંદર ઉમેરો. જેથી શયતાનનો અપવિત્ર માલ પવિત્ર થઇ જાય ! "

વીરસિંહે પૂછ્યું:–" ભાઇ ! મ્હારી પાસે આ સ્થળે જે કાંઇ છે તે સઘળું હું તમને આપી દઉં છું. "

જ્યોતિસિંહે કહ્યું:–" પરંતુ શત્રુના દ્રવ્ય કરતાં મિત્રદ્રવ્યની ભેટ ઓછી ન હોવી જોઇએ ! "

" ભાઇ ! વિશેષ દ્રવ્ય આ એકાન્ત સ્થળે ક્યાંથી લાવવું ? છતાં મ્હારા હાથની આ રત્નજડિત મુદ્રિકા સુદ્ધાં હું તમને આપી દઉં છું. " વીરસિંહે અનામિકાપરથી એક મૂલ્યવાન્ મુદ્રિકા કાઢી જ્યોતિસિંહના હાથમાં આપી.

જ્યોતિસિંહે પ્રસન્નતાપૂર્વક મુદ્રિકાનો સ્વીકાર કરીને કહ્યું:–" ઇશ્વર આપની ઇચ્છા પૂર્ણ કરો. હવે આપ સત્વર વિજયગઢ તરફ ચાલ્યા જાઓ તો સારું કેમ કે હું બનતી ત્વરાથી રામગઢ જઇશ, અને શયતાનનો બચ્ચો ક્રુરસિંહ ત્યાં શી ખટપટ કરે છે એ સંબંધીની તપાસ કરીશ. "

# પ્રકરણ ૧૧ મું.

## મહારાણા કનકસિંહના આશ્રયમાં.

ક્રૂરસિંહ નિરંતર એવો વિચાર કર્યા કરતો હતો કે, કોઇ પણ પ્રકારે વીરસિંહ અને જ્યોતિસિંહને મારી નાખવા જોઇએ; એટલું જ નહિ પરંતુ રત્નગઢનું રાજ્ય પણ પાયમાલ કરી નાખવું જોઇએ. તે અકબરઅલ્લીને સાથે લઇ રામગઢ જઇ પહોંચ્યો તથા જાહિર દરબારમાં હાજર થઇને તેણે મહારાણા કનકસિંહની મુલાકાત કરી. કનકસિંહ ક્રૂરસિંહને સારી રીતે પિછાનતો હોવાથી તેણે તેના કુશળવર્ત્તમાન પૂછ્યા. ક્રૂરસિંહે કહ્યું:—"મ્હારે આપ મુરબ્બીશ્રીને જે હકીકત કહેવાની છે તે હું એકાન્તમાં જ કહીશ.

થોડા સમય પછી દરબાર બરખાસ્ત થયો. સ્હાંજે મહારાણા કનકસિંહે ક્રૂરસિંહને પોતાના સલાહભવનમાં બોલાવ્યો. ક્રૂરસિંહે મહારાણા જયસિંહ વિરુદ્ધ જેટલી હકીકત કહી શકાય એટલી કહી, તથા વિશેષમાં કહ્યું કે, ત્યાંના લશ્કરની પરિસ્થિતિ આજકાલ ઘણી ખરાબ છે. સઘળા મુસલમાનો મ્હને મળી ગયા છે. જો આપની ઇચ્છા હોય તો આ પ્રસંગે રત્નગઢપર ઘણી સહેલાઇથી વિજય મેળવી શકાશે. વળી મહારાણા જયસિંહની પુત્રી મૃગલોચની એટલી બધી સૌન્દર્યવતી છે કે, તેના જેવી સૌન્દર્યવતી બાળિકા બીજી કોઇ ભાગ્યે જ હશે."

આવી આવી અનેક વાતો કહીને ક્રૂરસિંહે કનકસિંહને ઘણો જ ઉત્તેજિત બનાવી દીધો. કનકસિંહે કહ્યું:—"હમણાં તો યુદ્ધ કરવાની કાંઇ જરૂર નથી. હાલ તો આપણે બહુરૂપીઓની સહાયતાથી જ

આપણું કાર્ય કરશું પછીથી જેવો પ્રસંગ ઉપસ્થિત થશે તે પ્રમાણે વર્તવામાં આવશે. મ્હારી રાજધાનીમાં ૭ બહુરૂપીઓ છે તેમાંના ચાર બહુરૂપીઓ અને પ્રવીણ પંડિત જગન્નાથ જ્યોતિષીની હું તમને સહાયતા આપું છું. તેમને સર્વેને સાથે લઇ જઇ તમે તપાસ કરો કે ત્યાં કેવી વ્યવસ્થા ચાલે છે ? પછીથી જ્યારે પ્રસંગ ઉપસ્થિત થશે ત્યારે હું પણ સકળ સૈન્યસહ ત્યાં આવી પહોંચીશ.

રાણા કનકસિંહના ૭ બહુરૂપીઓનાં નામ અનુક્રમે ભૈરવનાથ, અઘોરનાથ, બદ્રીનાથ, જાનકીપ્રસાદ, ચણ્ડીપ્રસાદ અને કપટશંકર હતા. તેમાંના ભૈરવનાથ, અઘોરનાથ, જાનકીપ્રસાદ અને કપટશંકરને ક્રૂરસિંહને સ્વાધીન કરવામાં આવ્યા.

આ સમયે જ દેવડીપરના ચોપદારે આવી મહારાણા કનકસિંહને નમન કરીને કહ્યું:-" રાજેન્દ્ર ! દેવડી પાસે કેટલાંક માણસો આવીને ઉભાં રહ્યા છે. તેઓ કહે છે કે, એ સર્વ ક્રૂરસિંહજીનાં સગાં વ્હાલાં છે. ક્રૂરસિંહજી અત્રે આવેલા છે એ હકીકત જાણવામાં આવતાં મહારાણા જયસિંહે તેમનું ઘરબાર લૂંટી લઇ તેમનાં સગાં વ્હાલાં માણસોને પોતાના રાજ્યની સરહદ બહાર કાઢી મૂકયાં છે. તેઓ સર્વ આશ્રય મેળવવાની અભિલાષાથી અત્રે આવ્યાં છે."

આ સમાચાર સાંભળવામાં આવતાં જ ક્રૂરસિંહ અસ્થિર બની ગયો. આતુર દૃષ્ટિથી તેણે કનકસિંહના મુખમંડળ તરફ જોયું. કનકસિંહે એ માણસોને પોતાની પાસે બોલાવ્યાં. કનકસિંહે તેમને સઘળી હકીકત પૂછી. ક્રૂરસિંહ અને અકબરની સાથે યુસફખાન જોવામાં નહિ આવ્યાથી એક વૃદ્ધ નોકરે કહ્યું:-" ક્રૂરસિંહજી ! યુસફખાન, અહીં આવ્યા નથી ?"

"યુસફખાનનો પત્તો જ ક્યાં છે? શત્રુઓની પ્રપંચજાળમાં તેઓ ફસાઇ પડયાં હોય એમ હું ધારું છું." ક્રુરસિંહે કહ્યું.

"આપશ્રી જે દિવસે આ તરફ આવવાને રવાના થયા તે દિવસે રાત્રે યુસફખાન મ્હને મળ્યા હતા; તેથી મ્હેં તેમને સઘળી હકીકત કહી આપના તરફ રવાના કર્યા હતા!" વૃદ્ધ નોકરે કહ્યું.

"હા હા—એ યુસફખાન નહિ પરંતુ લુચ્ચો જ્યોતિસિંહ જ હોવો જોઇએ. મ્હારા આ તરફ આવ્યાની હકીકત તેણે જ રાણા જયસિંહને કહી મ્હારા સર્વસ્વનો વિનાશ કરેલો હોવો જોઇએ એમ હું ચોક્કસ ધારું છું!" ક્રુરસિંહે એક ગાઢ નિશ્વાસ મૂકીને કહ્યું.

ક્રુરસિંહનાં વચનો સાંભળી તેના નોકરો દિઙ્મૂઢ બની ગયા. ક્રુરસિંહનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું. તે પોતાના બન્ને હાથ જોડી રાજાને કાંઇ કહેવા જતો હતો એવામાં રાણા કનકસિંહે જ તેનું સાંત્વન કરવાના ઉદ્દેશથી કહ્યું:—"ક્રુરસિંહ! તમે સહજ પણ ચિંતા કરશો નહિ. હજી શું વીતી ગયું છે? રત્નગઢનો મહારાણો તમને આવી રીતે લૂંટી લઇને સુખી રહી શકશે કે? તમે અમારા આશ્રયમાં આવ્યા છો તેથી તમને આશ્રય આપી અમારે સર્વ પ્રકારની સહાયતા કરવી જ જોઇએ. મહારાણા જયસિંહે તમારા ઉપર જે ભયંકર જુલ્મ ગુજાર્યો છે તેનું વૈર અમે અવશ્ય લઇશું! વળી તમારા કુટુંબની ચિંતાને પણ તમે તમારા અંતરમાં સ્થાન આપશો નહિ. તેમના માટે અહીં હું સઘળી સુવ્યવસ્થા સત્વર કરી આપીશ."

આ વચનોથી ક્રુરસિંહનું અસ્થિર મન સ્થિર તથા સ્વસ્થ થયું.

થોડા સમયમાં જ કનકસિંહે ક્રુરસિંહના કુટુંબના નિવાસસ્થાનની આવશ્યક વ્યવસ્થા કરી આપી.

થોડા દિવસ રામગઢમાં પસાર કરી ક્રૂરસિંહ કંનકસિંહની આજ્ઞા મેળવી, ચાર બહુરૂપીઓ, પંડિત જગન્નાથ જ્યોતિષી અને પોતાના નિત્યસહચર અકબરઅલ્લી સહિત રત્નગઢ તરફ રવાના થયો. તેમણે સર્વેએ પોતપોતાનાં ઉપયોગી સાધનો સાથે લીધાં હતાં. પંડિત જગન્નાથે પણ પોતાના કાર્યનાં આવશ્યકીય સાધનો સાથે લીધાં હતાં. પ્રિય વાંચકબંધુઓ ! ક્રૂરસિંહ અને અકબરઅલ્લી સાથે આ ચંડાળ ચોકડી અને પાંચમા પંડિતજી ક્યાં જાય છે, તથા શું કરે છે તેનું ચાલો આપણે દર્શન કરીએ.

## પ્રકરણ ૧૨ મું.

## બનાવટી દીવાન.

વીરસિંહ અને જ્યોતિસિંહ વિજયગઢના કિલ્લામાંથી બહાર નીકળી ઘણા માણસો સાથે પુણ્યપ્રભા સરિતાના કિનારા પર બેસી પ્રકૃતિના શોભાસૌંદર્યનું દર્શન કરી રહ્યા હતા. એ સ્થળે એક તરફથી પુણ્યપ્રભા નદી વહેતી આવેલી હતી તથા બીજી તરફથી ચંદ્રપ્રભા નદી વહેતી આવેલી હોવાથી બન્ને સરિતાઓનો આ સ્થળે સંગમ થયેલો હતો: સરિતાનો પટ બહુ પહોળો નહોતો. બન્ને બાજૂ નિબિડ અરણ્ય આવેલું હતું. રાજકુમાર વીરસિંહ વિષણ્ણવદને બેસી રહ્યો હતો. મૃગલોચનીના વિરહથી કલાપીઓના મધુર ટહુકાઓ તેને તીર જેવા જણાતા હતા. શીતળ સુગંધિત વાયુ તેતા જાણે કે વીરસિંહના જખ્મી જીગરપર મીઠું જ છાંટી તેની વેદના વધારતા હતા.

આ સ્થાને તેઓ થોડો સમય બેસી રહ્યા હશે એવામાં થોડે દૂર સરિતા તટ પર એક સંન્યાસીને હાથમાં ખંજરી લઇને તેમણે ગાતો સાંભળ્યો. એ સાધુએ પોતાની કફનીને રામરસથી રંગેલી હતી. સંન્યાસીનો કંઠસ્વર સાંભળવામાં આવતાં જ્યોતિસિંહની દૃષ્ટિ તેના પ્રત્યે આકર્ષાઈ. એ સાધુના કંઠમાંથી ગવાતા સંગીતના કેટલાક શબ્દો સાંભળવામાં આવતાં જ્યોતિસિંહની જીજ્ઞાસા વૃદ્ધિંગત થઇ ગઇ તથા એકાગ્રતચિત્તથી તે સંગીત સાંભળવા લાગ્યો. આ સમયે સંગીતની નિમ્નલિખિત લીટીઓ તેના સાંભળવામાં આવી:—

"રામગઢ જઇ લાવ્યો ચાર, બહુરૂપીઓને નિરધાર,
વળી જ્યોતિષીનો આધાર, અદ્દ્ભુત વિદ્યાનો ભંડાર;
જલદી કંઇ તૈયારી કરો, શત્રુઓનો ગર્વ જ હરો,
નહિ તો થશે અતિ ઉત્પાત, શોક અને સાથે સંતાપ."

આ લીટીઓ સાંભળી જ્યોતિસિંહે પુનઃ સંન્યાસી તરફ દૃષ્ટિ કરી. આ સમયે એ સંન્યાસીની દૃષ્ટિ પણ તેમના તરફ જ હતી. પોતાની દૃષ્ટિ સાથે જ્યોતિસિંહની દૃષ્ટિ સંલગ્ન થયેલી જોઇને એ સંન્યાસી દાંત બતાવતો બતાવતો ત્યાંથી ચાલ્યો ગયો. વીરસિંહ મૃગલોચનીનું ચિંત્વન કર્યા કરતો હોવાથી આ પ્રકાર તરફ તેનું બિલકુલ ધ્યાન નહોતું. જ્યોતિસિંહે તેના ખભાને હસ્તસ્પર્શ કરી તેને જ્યારે હલાવ્યો ત્યારે જ તે શુદ્ધિમાં આવ્યો, તથા આશ્ચર્યસૂચક સ્વરે તેણે પૂછ્યું:–"કેમ શું છે?"

"ચાલો, આપણે સત્વર મહેલમાં જઇએ." જ્યોતિસિંહે કુમારની અસ્વસ્થ સ્થિતિ સમજી જઇને કહ્યું."

તરત જ બન્ને જણા મહેલમાં જઇ પહોંચ્યા. ત્યાં ગયા પછી

જ્યોતિસિંહે વીરસિંહને ઉદ્દેશીને કહ્યું:—"રાજકુમાર ! જો આપનું ચિત્ત સ્થિર હોય તો આપને હું એક અગત્યની વાત કહેવાને ઇચ્છું છું."

"હવે મ્હારું ચિત્ત સ્થિર છે; તમારે જે કહેવું હોય તે કહો." વીરસિંહે કહ્યું.

જ્યોતિસિંહે કહ્યું:—" શયતાન ક્રૂરસિંહ મહારાણા કનકસિંહની સહાયતા મેળવવાની મહત્વાકાંક્ષાથી રામગઢ ગયો છે એ તો આપ જાણો જ છો. પછીથી મહારાણા કનકસિંહે એ શયતાનના બચ્ચાને આશ્રય આપી તેને ચાર બહુરૂપીઓ અને એક જગન્નાથ પંડિત નામના જ્યોતિષીની સહાયતા આપેલી છે. એ જ્યોતિષી પાસા નાખીને સઘળા પ્રશ્નોના યથાર્થ ઉત્તરો આપી શકે છે. પાસા નાખી ભવિષ્ય જોવાના કાર્યમાં એ પંડિત અતિ પ્રવીણ પુરુષ છે. અકબરઅલ્લી પ્રથમથી જ તેમની સાથે છે. આ સઘળી હકીકતપરથી આપ સમજી શકશો કે, આપણા શત્રુઓની સંખ્યા વધી ગઇ છે. આપણે હવે નિરંતર સવિશેષ સાવધાન રહેવાની અત્યાવશ્યકતા છે. હવેથી કોઇ પણ સ્થળે આપ એકલા જશો નહિ, તેમજ જો કોઇ કાંઇ ખાવાનું કે સુંઘવાનું આપે તો તે ખાશો નહિ અને સુંઘશો પણ નહિ. એ બદમાશોમાંથી કોઇ મ્હારું સ્વરૂપ ધારણ કરીને આપને ફસાવવા આવે તો એ પણ સર્વથા બનવા યોગ્ય છે. મ્હારી જમણી આંખ નીચે આ એક તલનું ઈશ્વરદત્ત ચિહ્ન છે એ તમે લક્ષ્યમાં રાખશો. હવેથી હું જ્યારે જ્યારે આપની પાસે આવીશ ત્યારે આ તલને ગુપ્ત રીતે બતાવી આપને હું મ્હારો પરિચય આપીશ, તથા જ્યારે હું એવી રીતે મ્હારો પરિચય ન આપું ત્યારે મ્હારો વેશ ધારણ કરી કોઇ શત્રુ આપને ફસાવવાના ઉદ્દેશથી જ આવ્યો છે એમ આપ સમજજો !"

આ સિવાય બીજો કેટલોક ઉપયુક્ત ઉપદેશ આપીને જ્યોતિસિંહે

કહ્યું:—" રાજકુમાર ! હવે હું રજા લઇ રત્નગઢ તરફ જઉં છું; કેમ કે શત્રુઓની હિલચાલ પર પૂરતી દેખરેખ રાખવાની ઘણી જરૂર છે. હું ક્યાં છું એ સંબંધી મહારાણીશ્રી તેમજ મ્હારા પિતાશ્રી આપને કાંઇ પૂછે તો આપ યોગ્ય ઉત્તર આપવાની કૃપા કરજો. વળી પુનઃ હું આપને એવી સૂચના કરું છું કે, જો જો, પૂરતી સાવધાનતા રાખવા ચુકશો નહિ."

ત્યાર પછી જ્યોતિસિંહ પોતાને ઘેર ગયો, અને અવશિષ્ટ રાત્રિ તેણે આરામ લેવામાં પસાર કરી. પ્રભાતકાળ થતાં પૂર્વે જ પોતાનો ઉપયોગી સરસામાન લઇ તે રત્નગઢ તરફ રવાના થયો.

બીજી તરફથી કિશોરી પણ શત્રુઓની હિલચાલની તપાસ કરવા માટે પુરુષવેશ ધારણ કરીને બ્હાર નીકળી પડી હતી. મધ્યરાત્રિ થતાં સુધી નગરચર્ચા નિહાળી, ગગનમંડળમાં ચંદ્રદેવ પ્રકાશિત થતાં જ્યોતિસિંહને મળવાની ઇચ્છાથી તે નગર બ્હાર નીકળી પડી. આ સમયે જ્યોતિસિંહ વિજયગઢથી રત્નગઢ તરફ આવતો હોવાથી જ માર્ગમાં જ બન્નેનું મિલન થઇ ગયું. આ સમયે જ્યોતિસિંહ પોતાના મૂળ સ્વરૂપમાં હોવાથી કિશોરી તેને જોતાંની સાથે જ ઓળખી ગઇ. તેણે આશ્ચર્ય પામીને પૂછ્યું:—" કેમ જ્યોતિસિંહજી, કયી દિશા તરફ પધારો છો ? "

" કોણ કિશોરી કે ? આવા વેશમાં આવા સમયે કયું સાહસિક કાર્ય કરવાને જાઓ છો ?" જ્યોતિસિંહે તેને પિછાની જઇને કહ્યું.

" જ્યોતિસિંહજી, હું આપને મળવા માટે જ આવતી હતી. રાત્રે શત્રુઓની હિલચાલ તપાસવા હું નીકળી હતી એવામાં ચંદ્રોદય થતાં જ ઘણા દિવસથી તમારો મેળાપ નહિ થયેલો હોવાથી અ-

ત્યારે તમને મળવા માટે જ હું રત્નગઢ તરફ આવતી હતી." કિશોરીએ ઉત્તર આપ્યો.

"ઘણું સારું થયું કે, તમે મ્હને સવેળા મળી ગયાં. મ્હારે તમને કેટલીક અગત્યની હકીકત કહેવાની છે. આવો આટલામાં જ એક સ્થળે આપણે બેસીએ." આમ કહી જ્યોતિસિંહ કિશોરીને એક સ્થળે લઇ જઇને બેઠો, તથા તેણે કહ્યું:—"દગાબાજ ક્રૂરસિંહ રામગઢ ગયો છે. ત્યાંના મહારાણા કનકસિંહે તેને આશ્રય આપ્યો છે તેમજ ચાર બહુરૂપીઓ અને એક જ્યોતિષીની સહાયતા સુદ્ધાં આપી છે: હવે એટલા બધા શત્રુઓ સાથે ટક્કર ઝીલનાર માત્ર આપણે બેજણાં છીએ. ક્રૂરસિંહ તેના મદદગારોસહ રત્નગઢમાં આવી પહોંચ્યો છે અને ગુપ્તવેશમાં તેઓ સર્વે દરબારની અને રાજમહાલયની હિલચાલ તપાસે છે. આમ હોવાથી આપણે પુષ્કળ સાવધાનતા રાખવાની જરૂર છે. તેઓ મહારાણા જયસિંહને પકડી જાય તો એ પણ બનવા યોગ્ય છે. વળી મૃગલોચનીની પણ હવે સવિશેષ સંભાળ રાખવાની જરૂર છે; કેમ કે મૃગલોચનીને પકડી જવા માટે જ મહારાણા કનકસિંહે તેમને સર્વેને અત્રે મોકલ્યા છે. આ સઘળી હકીકત વખતસર તમને જણાવવાના ઉદ્દેશથી જ હું તમારા તરફ આવતો હતો." જ્યોતિસિંહે સઘળી હકીકત કહી સંભળાવી.

"ત્યારે હવે આપણા શત્રુઓનું પ્રાબલ્ય વધી ગયું હોય એમ જ મ્હને લાગે છે!" કિશોરીએ ભયસૂચક સ્વરે કહ્યું.

"હા, હવે આપણે શું કરવું તેનો વિચાર મ્હેં પ્રથમથી જ કરી રાખ્યો છે. હું મહારાણા જયસિંહના નવીન દીવાન હરિસિંહ કેદ પકડી તેનો વેશ ધારણ કરી થોડા દિવસ સુધી દીવાનનું કામ કરીશ. એમ કરવાથી રાજ્યના સઘળા અધિકારીઓ અને સઘળા

સૈનિકો મ્હારા તાબામાં રહેશે, તથા એથી હું ઘણાં કાર્યો કરી શકીશ. તું પણ રાજમહાલયમાં હોશિયારીથી રહેજે, તથા બની શકે ત્યાં સુધી હમ્મેશાં એક વખત મ્હને મળજે. મ્હને દીવાનના વેશમાં મળવામાં તને કોઇ પણ પ્રકારની અડચણ વેઠવી પડશે નહિ. હું દીવાન્ હરિસિંહને ઘેર એમના જ વેશમાં રહીશ.”

પછીથી કિશોરી મનમાંને મનમાં જ્યોતિર્સિંહની ચતુરાઇની પ્રશંસા કરતી કરતી રત્નગઢ તરફ ચાલી ગઇ અને જ્યોતિર્સિંહે રાત્રિનો અવશિષ્ટ સમય એ અરણ્યમાં જ પસાર કર્યો.

પ્રભાતકાળ થયો. પૂર્વ દિશામાં ભગવાન્ સૂર્યનારાયણનાં કિરણો પ્રકાશિત થવા લાગ્યાં. ધીમે ધીમે વસુંધરાપર ઉષાના પ્રકાશનો વિસ્તાર થવા લાગ્યો. જ્યોતિર્સિંહે એક આરબના જેવો વેશ ધારણ કરી કેટલીક અત્તરની શીશીઓ સાથે લઈ રત્નગઢની ગલીએ ગલીમાં ફરવા માંડ્યું. સંધ્યાકાળના અરસામાં તે દીવાન હરિસિંહના મકાને જઇ પહોંચ્યો. ત્યાં જતાં જ તેણે જોયું કે, હરિસિંહ પોતાના બે ચાર દોસ્તો સાથે બેસી ગપ્પાં હાંકતો હતો.

જ્યોતિર્સિંહે અત્તરની શીશીઓ સાથે હરિસિંહ સમક્ષ ઉપસ્થિત થઇને કહ્યું:–“હું અત્તર વેચવાનો વ્યવસાય કરું છું. આપનું મુલકમશહૂર નામ સાંભળી આપના માટે ઉત્તમ પ્રકારનાં અત્તરો લઇ હું અહીં આવ્યો છું.”

આમ કહીને જ્યોતિર્સિંહ હરિસિંહના હાથપર પ્રત્યેક જાતનું અત્તર ઘસવા લાગ્યો. હરિસિંહના દોસ્તોએ પણ પોતાના હાથ લંબાવ્યાથી તેમના હાથપર પણ જ્યોતિર્સિંહે અત્તર ઘસ્યું. થોડા સમયમાં જ દીવાન હરિસિંહ અને તેના સઘળા દોસ્તો બેહોશ બની ગયા. જ્યોતિર્સિંહે અન્ય સર્વને ત્યાં પડયા રહેવા દઈ, દીવાન હરિસિંહની ગાંસડી બાંધી તેને પીઠપર નાખી, કપડામાં પોતાનું મ્હોં છુપાવી

વિજયગઢનો રસ્તો લીધો. રસ્તામાં જે કોઇ તેને મળ્યું તેણે તેને ધોબી સમજી એક પણ પ્રશ્ન પૂછ્યો નહિ.

ઘણા સમય સુધી માર્ગ કાપ્યા પછી જ્યોતિસિંહે જે ગુફામાં યુસફને કેદ કરી રાખ્યો હતો એ ગુફા પાસે તે જઇ પહોંચ્યો. પ્રવેશ-દ્વાર ઉઘાડીને તે ગુફામાં દાખલ થયો, તથા હરિસિંહને ગુફામાં રાખી તેના હાથપરની મુદ્રિકા કે જે મહોરવાળી હતી તે કાઢી લઇ તેમજ તેનાં વસ્ત્રો ઉતારી લઇ એ બહાર નીકળ્યો. હરિસિંહના હાથ પગમાં બેડી નાખવાની કિંવા તેને શુદ્ધિમાં લાવવાની તેણે જરૂર ધારી નહિ.

પછીથી દીવાન હરિસિંહનો વેશ ધારણ કરી જ્યોતિસિંહ રત્નગઢ જઇ પહોંચ્યો. દીવાન સાહેબના ભોજનનો સમય થયો. એક દાસી દીવાન હરિસિંહને ભોજનનું નિમંત્રણ કરવા આવી. તેણે જોયું કે, હરિસિંહ ત્યાં હાજર નહોતો. તેના બેચાર દોસ્તો જ બેશુદ્ધ સ્થિતિમાં ત્યાં પડી રહ્યા હતા. તેને અત્યાશ્ચર્ય ઉપજ્યું. તે બૂમ પાડી ઉઠી. એની બૂમ સાંભળી સઘળા નોકર ચાકરો ત્યાં દોડી આવ્યા, તથા આવો તમાશો જોઇ સર્વે આશ્ચર્યચકિત બની ગયા. આસપાસ હરિસિંહની તપાસ કરવામાં આવી; પરંતુ તેનો પત્તો ન જ લાગ્યો.

ત્રણ પ્રહર રાત્રિ વીતી ગઇ એટલે હરિસિંહના દોસ્તો કે જેઓ બેશુદ્ધ બની ગયા હતા તેઓ શુદ્ધિમાં આવ્યા. શુદ્ધિમાં આવ્યા પછી વિસ્મિત સ્થિતિમાં તેમણે પૂછ્યું:—"અમે સર્વે કેવી રીતે બેહોશ બની ગયા હતા? દીવાન સાહેબ ક્યાં છે? અમીર ઉમરાવોની મૈત્રીમાં કેટલીક વખતે આવા જીવલેણ પ્રસંગો આવે છે; માટે અમે હવે ભૂલે ચુકે પણ મ્હોટા માણસની મૈત્રી કરીશું નહિ!"

પ્રભાતકાળના અરસામાં આવી વાતચિત ચાલી રહી હતી એવામાં સર્વેએ દીવાન હરિસિંહને પોતાના તરફ આવતો જોયો કે

જે હરિસિંહના વેશમાં બહાદુર જ્યોતિસિંહ હતો. હરિસિંહને આવતો જોઇ સર્વેએ તેની પાસે જઇ તેને ઘેરી લીધો અને પૂછવા માંડ્યું કે:– "પેલો નાલાયક અત્તરવાળો કયાં જતો રહ્યો, તથા આપણે બેહોશ કેવી રીતે બની ગયા હતા ?"

હરિસિંહે ઉત્તરમાં કહ્યું:–"એ ચોર હતો. હું એ બદમાશની લુચ્ચાઇને સમજી ગયો હતો. મ્હેં તેનું અત્તર બરાબર સુંઘ્યું નહોતું. જો સુંઘ્યું હોત તો તમારી માફક હું પણ બેહોશ બની જાત. જ્યારે મ્હેં તેને પિછાની જઇ પકડવાનો વિચાર કર્યો ત્યારે એ પ્રકાર સમજી જઇને તે નાશી જવા લાગ્યો. ક્રોધાધીન થઇને મ્હેં પણ તેની પૂઠ પકડી; પરંતુ માર્ગમાં મ્હારી નજર ચુકવીને તે અદ્રશ્ય થઇ ગયો.

આ સમયે એક દાસીએ આવી નમ્રતાથી કહ્યું:–"મહારાજ ! આપ થોડું ભોજન કરી લ્યો. હજી સૂધી કોઇએ ભોજન કર્યું નથી. અત્યાર સૂધીનો સયય સર્વેએ રૂદન કરવામાં જ પસાર કર્યો છે."

બનાવટી હરિસિંહે કહ્યું:–"હવે તો સ્હવાર થયેલું હોવાથી ભોજન કરવાનો વિચાર નથી. હું થાકી ગયેલો છું તેથી વિશ્રાંતિ લેવાની મ્હારી ઇચ્છા છે."

આમ કહી બનાવટી હરિસિંહ શયનગૃહમાં જઇ સૂઇ ગયો. તેના દોસ્તો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા.

યથા સમયે દરબારી પોષાક પહેરી છુપી રીતે પોતાની ઉપયોગી થેલીને સાથે છુપાવી રાખી જ્યોતિસિંહ દીવાન હરિસિંહના વેશમાં દરબાર તરફ જવા લાગ્યો. રસ્તામાં સઘળા લોકો તેને સલામ ભરવા લાગ્યા. બનાવટી હરિસિંહ પણ સહજ મસ્તક હલાવી લોકોની સલામો ઝીલવા લાગ્યો. અલ્પકાળમાં જ્યોતિસિંહ દરબારમાં જઇ પહોંચ્યો. હજુ સૂધી રાણો જયસિંહ દરબારમાં આવ્યો નહોતો.

હરિસિંહના સ્વભાવ અને કાર્યપદ્ધતિથી જ્યોતિસિંહ પરિચિત હતો. તે હરિસિંહની માફક દરબારમાં કામ કરવા લાગ્યો. થોડા સમયમાં જ રાણો જયસિંહ પણ દરબારમાં ઉપસ્થિત થયો.

દરબારમાં સુયોગ જોઇને હરિસિંહ ધીમે ધીમે મહારાજને કહેવા લાગ્યો:–"મહારાજાધિરાજ! આ તાબેદારના જાણવામાં એવા ચોક્કસ સમાચાર આવ્યા છે કે, રામગઢના રાણા કનકસિંહે ક્રૂરસિંહને આશ્રય આપી તેને સહાયતા સુદ્ધાં કરી છે. ક્રૂરસિંહ ચાર બહુરૂપીઓ અને એક જ્યોતિષીને સાથે લઇ આ તરફ ષડ્યંત્ર કરવા આવેલો છે. તે ઉપરાંત મહારાણા કનકસિંહે તેને પાછળથી લશ્કર લઇ રત્નગઢ આવવા માટે પણ કહ્યું છે. આ સમય ઘણો કટાકટીનો છે; કેમ કે આપણા દરબારમાં આજકાલ કોઇ બહુરૂપી નથી. પહેલાં અહીં અકબરઅલ્લી અને યુસફખાન હતા; પરંતુ તેઓ ક્રૂરસિંહને મળી ગયા છે; એટલું જ નહિ પરંતુ આપણા રાજ્યના સઘળા મુસલમાનો ક્રૂરસિંહને મળી ગયા છે. આજકાલ એ બદમાશો આપણા રાજ્યમાં જ ભટકતા હોવા જોઇએ."

"તમારાં વચનો મ્હને વાસ્તવિક લાગે છે; કેમ કે આપણી સાથે હવે મુસલમાનોનો પહેલાંના જેવો સદ્‌ભાવ જોવામાં આવતો નથી. તમે આ સંબંધી શો બંદોબસ્ત કર્યો છે?" રાણા જયસિંહે પૂછ્યું.

રાણા જયસિંહ અને બનાવટી હરિસિંહ ધીમે સ્વરે એક બીજાની સાથે વાતચિત કરતા હતા, એવામાં હરિસિંહની દૃષ્ટિ એક ચોપદારપર પડી. કે જે દરબારમાં ઉભો રહી તીવ્ર દૃષ્ટિથી ચોતરફ જોયા કરતો હતો. બનાવટી દીવાનને પોતાના તરફ જોતો જોઇને એ ચોપદાર મનમાં ને મનમાં કાંઇ સમજી ગયો. આ સમયે બનાવટી દીવાને કઠોર સ્વરે આજ્ઞા કરી કે, "પકડો પેલા બદમાશ ચોપદારને."

આજ્ઞા થતાંજ કેટલાક નોકરો એ ચોપદારપર ઝુકયા; પરંતુ એ ચોપદાર એવી સફાઇથી પલાયન કરી ગયો કે તેનો પત્તો ન જ લાગ્યો! જો જ્યોતિસિંહે પ્રયત્ન કર્યો હોત તો તે એ બનાવટી ચોપદારને સહેલાઇથી પકડી શકત; પરંતુ દરબારમાં દીવાન હરિસિંહની માફક જ વર્તવાનો તેનો વિચાર હોવાથી તેણે એ ચોપદારને પકડવાનો પ્રયત્ન કર્યો નહિ. નાશી ગયેલા ચોપદારને પકડવા જે લોકો ગયા હતા તે નિરાશ બની જઇને પાછા આવ્યા.

બનાવટી દીવાને ગંભીરતાથી કહ્યું:—"મહારાજાધિરાજ! જે વાત મ્હેં આપને હમણાં નિવેદન કરી તે વાતની સત્યતાનું પ્રત્યક્ષપ્રમાણુ આપ જોઈ શક્યા છો!"

આ તમાશો જોઇ જયસિંહ ઘણો દિલગીર થયો. દરબાર બરખાસ્ત કરી તે આ બનાવટી દીવાનને પોતાના મંત્રણાગૃહ કિંવા સલાહભુવનમાં લઇ ગયો. મંત્રણાગૃહમાં જઈ આસનપર બેઠા પછી જયસિંહે જ્યોતિસિંહને પૂછ્યું:—"કેમ દીવાનજી, હવે શું કરવું તમને ઠીક લાગે છે? ક્રૂરસિંહે આપણા વિરુદ્ધ એક પ્રબળ શત્રુ ઉભો કર્યો છે. રામગઢના રાણા કનકસિંહની બરાબરી આપણાથી થઇ શકે એમ નથી."

જ્યોતિસિંહે પૂર્વવત્ ગંભીરતાથી ઉત્તર આપ્યો:—"મહારાજ! હું આપને ફરીથી અર્જ કરું છું કે, હમણાં આપણા રાજ્યમાં એક પણ બહુરૂપી નથી. બહુરૂપીઓની સાથે બહુરૂપીઓ જ ટક્કર ઝીલી શકે છે. એ લોકો ઘણા ચાલાક અને લુચ્ચા હોય છે. પાંચસો કે હજાર માણસોનો જીવ લઇ લેવો એને તો તેઓ સામાન્ય કાર્ય સમજે છે; તેથી આપણે પણ કોઇ ઇમાનદાર અને હોશિયાર બહુરૂપીને આપણા રાજ્યમાં રાખવો જોઇએ. મ્હેં એમ સાંભળ્યું છે કે, વિજયગઢના

દીવાનનો પુત્ર જ્યોતિસિંહ ઘણો ચાલાક, બળવાન અને હોશિયાર બહુરૂપી છે! જો આપ મહારાણા દેવીસિંહ પાસે જ્યોતિસિંહની માગણી કરશો તો તેઓ આપની માગણી અવશ્ય સ્વીકારશે. જો કે આપે રાજકુમાર વીરસિંહને અત્રે આવતા અટકાવ્યા છે તો પણ મહારાણા દેવીસિંહના ઉદાર અંતરમાં આપના પ્રત્યે પ્રથમના જેવો જ સદ્ભાવ છે."

બનાવટી દીવાનનાં વચનો સાંભળી થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યા પછી રાણા જયસિંહે કહ્યું:-"તમારું કહેવું બરાબર છે. મહારાણા દેવીસિંહ અને તેમનો પુત્ર વીરસિંહ ઘણા લાયક છેઃ વળી વીરસિંહ એક બહાદુર યોદ્ધા હોઇ તે રાજનીતિ પણ સારી રીતે જાણે છે એ માટે સહજે પણ સંદેહ નથી. એક હજાર સૈનિકો લઇને દશ હજાર સૈનિકોનો પરાજય કરે એવો એ વીરશિરોમણિ છે. વળી જ્યોતિસિંહની ચાલાકીની ઘણી હકીકત મ્હારા સાંભળવામાં આવી છે; કિન્તુ મ્હારાથી મહારાણા દેવીસિંહ સાથે ઘણું શર્મભરેલું વર્તન થયેલું હોવાથી હું તેમની પાસે જ્યોતિસિંહની માગણી કરતાં સંકોચાઉં છું. મ્હારો અભિપ્રાય એવો જ છે કે, તમે વિજયગઢ જઇને મહારાણા દેવીસિંહ તથા રાજકુમાર વીરસિંહને મળો, અને મ્હારા પ્રત્યે જો તેમને કાંઇ માઠું લાગ્યું હોય તો યુક્તિ-પ્રયુક્તિથી તમે તેમનું સમાધાન કરો. વળી તેમનું સમાધાન કરી તમે જ્યોતિસિંહને જેમ બને તેમ ત્વરાથી આપણા રાજ્યમાં લઇ આવો."

બનાવટી હરિસિંહે કહ્યું:-"ઘણું સારું; આપશ્રીની આજ્ઞાનુસાર હું જાતે જ જઇને આ કાર્ય કરીશ. આપ આપની મહોર કરીને એક પત્ર મહારાણા દેવીસિંહપર લખી આપો. એટલે બીજું સઘળું કાર્ય સત્વર બજાવી હું આપની સેવામાં ઉપસ્થિત થઇશ; વળી આ કાર્ય

કરવા હું એકલો જ જઇશ; જેથી શત્રુઓ આપણી હિલચાલ બિલ-કુલ જાણી શકે નહિ. ”

જયસિંહે બનાવટી દીવાનની વાત પસંદ કરી, પોતાના હાથથી તેને એક પત્ર લખી આપી તેના પર મહોર કરી એ પત્ર તેણે દીવાનને સ્વાધીન કર્યો. પછીથી બનાવટી દીવાન હરિસિંહ ઘેર ગયો, તથા તેણે જનાનામાં નહિ જતાં પોતાની ભોજનસામગ્રી બ્હાર બેઠકખાનામાં જ મંગાવી. પછીથી જો કિશોરી મળે તો તેને સઘળી હકીકત કહ્યા પછી વિજયગઢ જવાનો તે વિચાર કરવા લાગ્યો.

સંધ્યા થવાને થોડા સમયનો વિલંબ હતો એવામાં કિશોરી આવી પહોંચી. જ્યોતિસિંહે તેને એકાન્તમાં લઇ જઇને સઘળી હકીકત કહી, તથા મહારાણા જયસિંહે તેને જે પત્ર લખી આપ્યો હતો તે પણ તેણે કિશોરીને બતાવ્યો. કિશોરીએ અતિ આનંદિત થઇને કહ્યું:—“દીવાન હરિસિંહ પ્રસન્નતાપૂર્વક તમને મળી જશે. એ ઘણો ભલો પુરુષ છે. હવે તમે જઇને આ કાર્ય સત્વર કરો. હું તમારી જેટલી પ્રસંસા કરું તેટલી થોડી જ છે. પરમકૃપાળુ પરમાત્મા તમને પ્રત્યેક કાર્યમાં વિજયી કરો એમજ હું ઇચ્છું છું.” આમ કહીને પ્રસન્નવદના કિશોરી ત્યાંથી ચાલી ગઇ. જ્યોતિસિંહે પણ રત્નગઢનો રસ્તો સ્વીકાર્યો. રસ્તામાં જ પોતાનો મૂળ વેશ ધારણ કર્યો.

# પ્રકરણ ૧૩ મું.

## કૃત્રિમ કિશોરી કેદમાં !

રત્નગઢ અને વિજયગઢનાં રાજ્ય પહાડી હતાં. એ બન્ને રાજ્યોમાં કેટલાંક અને પ્રાણહારક પશુઓથી પરિપૂર્ણ વિસ્તૃત અરણ્યો આવેલાં હતાં. કોઇ કોઇ સ્થળે ઉચ્ચ પર્વતો ગગનમંડળને ચુમ્બન કરવાની સ્પર્ધા કરતાં હોય એવો ભાસ થતો હતો. આ પ્રદેશમાં જો કોઇ અજ્ઞાત પ્રવાસી માર્ગ ભૂલો પડે તો તેના કષ્ટની સીમા રહે તેમ નહોતી. અરણ્યમાં અનેક નદી નાળાં આવેલા હોઇ વિવિધ પ્રકારનાં વૃક્ષોથી એ અરણ્યો પરિપૂર્ણ જોવામાં આવતાં હતાં આર્યભૂમિને સ્વર્ગભૂમિની ઉપમા આપવામાં આવે છે એ સર્વથા ઉચિત જ છે. આર્યભૂમિ પ્રકૃતિસુંદરીનું લીલાનિકેતન છે. રત્નગઢ અને વિજયગઢનો સુંદર પ્રદેશ આવો જ રમણીય, મનોહર અને શાન્તિદાયક હતો. એક ગાઉ જતાં તો માર્ગમાં આઠ દશ નાળાં આવતાં હતાં. રસ્તામાં ઘણાં હરિણ જોવામાં આવતાં હતાં.

જે બહુરૂપીઓ ક્રૂરસિંહની સાથે આવ્યા હતા તેમણે શહેરમાં મુકામ નહિ કરતાં આ રમણીય અરણ્યમાં મુકામ કર્યો હતો. તેમણે સર્વેએ એવો નિશ્ચય કર્યો હતો કે પ્રત્યેકે અલગ રહીને પોતાનું કાર્ય બજાવવું, અને જરૂરના પ્રસંગે આ અરણ્યમાં એકઠા થવું. ભૈરવનાથ કે જે સર્વથી હોશિયાર બહુરૂપી હતો તેણે એવો અભિપ્રાય દર્શાવ્યો કે, એક વખત સર્વેએ જૂદા જૂદા વેશ ધારણ કરીને, નગરમાં ફરી, રાજા, રાણી, દાસ દાસીઓ, અધિકારીઓ વગેરેને ઓળખી આવવા. તેમની રીતભાતની તપાસ કરી તેમનાં નામઠામની પણ પૂરતી મા-

હિતી મેળવી લેવી; જેથી ભવિષ્યમાં કાર્ય કરવામાં કોઇ પણ પ્રકારની તકલીફ વેઠવી પડે નહિ. આ અભિપ્રાયને સર્વેએ પસંદ કર્યો. અકબર-અલ્લીએ સર્વેનાં નામ કહી સંભળાવ્યા અને તેમની આવશ્યક ઓળખાણ પણ કરાવી. એ બહુરૂપીઓએ જૂદી જૂદી જાતનો વેશ ધારણ કરીને મહેલમાં પ્રવેશ કર્યો, તથા તેઓ સઘળું જોઇ આવ્યા; કિન્તુ કિશોરીની ચાલાકીના પરિણામે કોઇને પોતાની વિદ્યાનો પ્રયોગ અજમાવવાનો સુયોગ મળ્યો નહિ.

જ્યારે એ લોકો સર્વ પ્રકારે હોશિયાર અને માહિતગાર થઇ ગયા, ત્યારે તેમણે પોતાના ષડ્યંત્રોનો આરંભ કરી દીધો. જાનકીપ્રસાદ તો કિશોરીનો વેશ ધારણ કરી વીરસિંહને ફસાવવાના ઉદ્દેશથી વિજયગઢ તરફ ગયો. વિજયગઢ જઇ પહોંચી, જે સ્થળે રાજકુમાર વીરસિંહ હતો ત્યાં જઇને તેણે પહેરેગીરને કહ્યું:-" ભાઇ! તું જઇને રાજકુમાર વીરસિંહજીને એમ કહે કે, રત્નગઢથી કિશોરી આપને મળવા માટે આવી છે."

પહેરેગીરે રાજકુમાર પાસે જઇને આ ખબર આપી. થોડી રાત્રિ વીતી ગઇ હતી. રાજકુમાર વીરસિંહ રાજનન્દિની મૃગલોચનીનું સ્મરણ કરતો જ બેઠો હતો. વચ્ચે વચ્ચે તે ગાઢ નિશ્વાસ મૂકતો હતો. પહેરેગીરના મુખમાંથી કિશોરીનું નામ સાંભળી વીરસિંહ ચમકી ઉઠ્યો તથા પ્રસન્ન બની જઇને તેણે કહ્યું:-" જા, જઇને સત્વર તેને મ્હારી પાસે મોકલ."

પહેરેગીર ચાલ્યો ગયો. અલ્પકાળમાં જ કિશોરી વીરસિંહ પાસે આવી પહોંચી. વીરસિંહે તેને પોતાની પાસે બેસાડી મૃગલોચનીના વર્તમાન પૂછ્યા. બનાવટી કિશોરીએ કહ્યું:-" તેઓ રાત્રિદિવસ આપનું જ સ્મરણ કર્યા કરે છે. આપના વિયોગશોકના દુઃખ સિવાય

તેમને બીજું કાંઇ દુઃખ નથી. તેઓ હમ્મેશાં એમજ કહ્યા કરે છે કે, 'કેવા મ્હને ભૂલી ગયા છે! હું જીવતી છું કે મરી ગઇ છું તેની ખબર સુદ્ધાં લેતા નથી.' તેમના ઘણાં આગ્રહથી હું આજે આપની પાસે આવી છું. તેમણે આપના માટે આ બે જામ મોકલ્યાં છે, તથા તેને ખાવાનો સોગન દઇને આગ્રહ કર્યો છે."

બનાવટી કિશોરીનાં વચનો સાંભળી વીરસિંહ અતિ પ્રસન્ન થયો. મૃગલોચનીના પ્યારમાં તેને કાંઇ સૂઝયું નહિ. બનાવટી કિશોરીએ આપેલાં જામને તે પ્રિયાની પ્રસાદી સમજી આગળ પાછળનો વિચાર કર્યા સિવાય ખાઇ જવાની તૈયારી કરવા લાગ્યો. એવામાં જ્યોતિસિંહ એકાએક ત્યાં ઉપસ્થિત થયો. જ્યોતિસિંહે વીરસિંહ અને બનાવટી કિશોરીને પાસે બેઠેલાં જોયાં તથા તેણે વીરસિંહને જામફળ ખાવાની તૈયારી કરતો જોઇને ઉચ્ચસ્વરે કહ્યું:–" રાજકુમાર! સાવધાન! આપ એ જામફળ ખાશો નહિ."

વીરસિંહે વિસ્મિત બની જઇને કહ્યું:–" કેમ, જામફળ ખાવામાં શી અડચણ છે?"

"આપને મ્હેં વારંવાર કહ્યું છે કે, આપ કોઇ પણ વ્યક્તિના પર બિલકુલ વિશ્વાસ મૂકશો નહિ; છતાં આપ એ વાતને ભૂલી ગયા? પહેલાં કિશોરી કદાપિ આપની પાસે આવી હતી કે? આ કિશોરી છે કે કોઇ બહુરૂપી એ પણ આપ ન જાણી શકયા કે? પાસે ચાંડને આવેલી જોતાંની સાથે જ આપ ભાન ભૂલી ગયા કે?"

જ્યોતિસિંહનાં આ વચનો સાંભળી વીરસિંહ શરમાઇ ગયો, તથા તે બનાવટી કિશોરીના મુખમંડળનું લક્ષ્યપૂર્વક અવલોકન કરવા લાગ્યો. હવે બનાવટી કિશોરીથી સ્વસ્થતાથી બેસી રહેવાયું નહિ. મનમાં ને મનમાં તે અપાર ક્રોધે ભરાઇ. વસ્ત્રોમાં છુપાવી રાખેલી તીક્ષ્ણકટાર બ્હાર ખેંચી કાઢી તે જ્યોતિસિંહપર તુટી પડી.

આટલા સમય સુધીમાં વીરસિંહ સમજી ગયો હતો કે, આ બનાવટી કિશોરી કોઇ બહુરૂપી વ્યક્તિ જ હોવી જોઇએ; તેથી જેવી એ બનાવટી કિશોરી જ્યોતિસિંહના અંગપર તુટી પડી કે તરતજ વીરસિંહે તેના જે હાથમાં તીક્ષ્ણ કટાર હતી એ હાથ બળપૂર્વક પકડી લીધો અને તેને કમરમાંથી ઊંચકી જેવો તે પૃથ્વીપર પટકવા જતો હતો એવામાં જ્યોતિસિંહે કહ્યુંઃ–"હાં હાં–રાજકુમાર! આપ એને પૃથ્વીપર પછાડશો તો એ જીવથી મરી જશે. બહુરૂપીઓનાં કાર્ય આવાં જ હોય છે. આપ એને મ્હારે સ્વાધીન કરો. હું એની ઘટતી વ્યવસ્થા કરીશ."

જ્યોતિસિંહનાં વચનો માન્ય કરીને વીરસિંહે બનાવટી કિશોરીને મુશ્કેટાટ બાંધી દઇ જ્યોતિસિંહને સ્વાધીન કરી. જ્યોતિસિંહે જબરદસ્તીથી એનાં નાકમાં એક પ્રકારનું ઔષધ સુંઘાડીને તેને બેહોશ બનાવી દીધી; પછીથી તેની એક ગાંસડી બાંધી બન્ને દોસ્તો વાતચિત કરવા લાગ્યા.

જ્યોતિસિંહે વીરસિંહને પુષ્કળ સમજાવીને કહ્યુંઃ–"જુઓ, જે થઇ ગયું તે તો થઇ ગયું; પરંતુ હવેથી પાછા છેતરાશો નહિ; નહિ તો આપનો જીવ સુદ્ધાં જોખમમાં આવી પડશે."

કુમાર વીરસિંહ ઘણો શરમાઇ ગયો. તે જ્યોતિસિંહને કશો ઉત્તર આપ્યા સિવાય તેને રત્નગઢના સમાચાર પૂછવા લાગ્યો. જ્યોતિસિંહે સઘળી હકીકત રાજકુમારને કહી સંભળાવી. રાણા જયસિંહે દેવીસિંહનાં નામનો જે પત્ર આપ્યો હતો તે પણ તેને બતાવ્યો. એ સઘળી હકીકત જાણી અત્યંત પ્રસન્ન થઇ વીરસિંહ સ્નેહાવેગથી જ્યોતિસિંહને ભેટી પડ્યો; પછી તેણે કહ્યુંઃ–"ભાઇ! તમારે જે કાંઇ કરવું હોય તે હવે સત્વર કરી નાખો. તે સિવાય મ્હારા દુઃખનો અંત આવનાર

નથી; મ્હારા વ્યથિત અંતરાત્માને શાન્તિ મળનાર નથી.”

“કુમાર ! આપ સર્વાંશે નિશ્ચિંત રહો. મ્હારા સર્વ પ્રયત્નોનો હેતુ તમારા દુઃખને દૂર કરવાનો જ છે.” જ્યોતિસિંહે આશ્વાસન આપ્યું.

આવી રીતે વાતચિતમાં જ રાત્રિનો અવશિષ્ટ સમય પસાર થઇ ગયો. પ્રભાતકાળને થોડા સમયનો વિલંબ હતો એવામાં જ્યોતિસિંહ બનાવટી કિશોરીની ગાંસડીને પીઠપર નાખી પેલી ગુપ્ત ગુફા તરફ રવાનો થયો કે, જ્યાં તેણે યુસફખાન અને દીવાન હરિસિંહને કેદ કરી રાખ્યા હતા. ગુફા પાસે જઇ તેનો દરવાજો ઉઘાડી જ્યોતિસિંહે અંદર પ્રવેશ કર્યો. ગુફામાં આગળ જતાં તેણે જોયું કે, યુસફખાન નહેરના કિનારાપર સૂઇ રહ્યો હતો. દીવાન હરિસિંહ એક ઉચ્ચવૃક્ષ નીચે પડેલી પાષાણશિલાપર બેસી નીચું જોઇ રહ્યો હતો. જ્યોતિસિંહને જોતાંની સાથે જ તેણે ઉભા થઇને કહ્યું:–“જ્યોતિસિંહ ! મ્હેં તમારો શો અપરાધ કર્યો હતો કે જેના પરિણામે તમે મ્હને આવા નિર્જન સ્થાનમાં કેદ કરી રાખ્યો છે?”

જ્યોતિસિંહે હસીને ઉત્તર આપ્યો:–“જો આપે આ સેવકનો કાંઇ અપરાધ કર્યો હોત તો આપને આ સ્થળે પણ યુસફના જેવું દુઃખ ભોગવવું પડત. આપે કોઇ અપરાધ નહોતો કર્યો એ વાર્તા સત્ય છે; કિન્તુ આપને માત્ર એક દિવસ કેદ કરી રાખ્યાથી મ્હારું ઘણું કાર્ય સિદ્ધ થાય તેમ હોવાથી જ મ્હારે આપને આટલી તકલીફ આપવી પડી હતી: હવે આપ સ્વતંત્ર છો. આપ આપની ઇચ્છા હોય ત્યાં બેલાશક જાઓ. સમસ્ત રત્નગઢમાં આપના જેવો પ્રમાણિક અને ઇમાનદાર અધિકારી બીજો એક પણ નથી. એટલા માટે જ હું આપની પાસે મદદ મેળવવાને ઉમેદવાર છું.”

"જ્યોતિસિંહ! તમે સારી રીતે જાણો છો કે, પ્રથમથી જ હું તમારો અને રાજકુમાર વીરસિંહનો દોસ્ત છું. હું તમારા પ્રત્યેક કાર્યમાં અંતઃકરણપૂર્વક મદદ કરવાને તૈયાર છું. મ્હારા અંતરમાં અત્રે એજ વિચાર થયા કરતો હતો કે, હું જ્યોતિસિંહનો દોસ્ત છું છતાં તેમણે મ્હને શામાટે કેદ કર્યો છે! હું અહીં જીવતો આવ્યો હતો કે મરેલો એનું પણ પહેલાં મ્હને જ્ઞાન નહોતું. જ્યારે હું શુદ્ધિમાં આવ્યો અને યુસફને મ્હેં અહીં જોયો ત્યારે જ મ્હને માલૂમ પડ્યું કે, આ તમારું જ કાર્ય છે. વારું, હવે મ્હને કહો તો ખરા કે, મ્હને અહીં કેદ રાખીને તમે શું કાર્ય કર્યું તથા હવે તમે મ્હારા તરફથી શી મદદ મેળવવાને ઇચ્છો છો?"

"એક દિવસ સુધી મ્હેં આપનો વેશ ધારણ કરી દરબારમાં દીવાનની કામગીરી બજાવી છે; પરંતુ આપના અંતરમાં કોઈ પણ પ્રકારનો સંશય ઉપજે નહિ એટલા માટે હું પ્રથમથી જ જણાવી દઉં છું કે, મ્હેં આપના અંતઃપુરમાં પ્રવેશ જ કર્યો નહોતો." જ્યોતિસિંહે સત્ય વાર્તાનો સ્ફોટ કરતાં કહ્યું.

"જ્યોતિસિંહજી, તમારા માટે મ્હારા મનમાં કાળાંતરે પણ સંશય ઉપજે તેમ નથી. હું તમને મ્હારા પુત્રતુલ્ય સમજું છું. તમે અંતઃપુરમાં ગયા હોત તો પણ કશી અડચણ નહોતી. વારું, હવે તમે તમારી હકીકત કહો?" હરિસિંહે પ્રેમપૂર્વક કહ્યું.

જ્યોતિસિંહે દીવાન હરિસિંહને મહારાણા જયસિંહનો પત્ર બતાવ્યો. પછી તેણે હરિસિંહના કપડાં તેને કાઢી આપ્યાં, અને પોતાની સઘળી હકીકત કહી રહ્યા પછી તેણે કહ્યું:—"આપ હવે આપનાં વસ્ત્રો પહેરીને મહારાણા દેવીસિંહના દરબારમાં જાઓ, અને તેમની પાસે આપ મ્હારી માગણી કરો; એટલે હું આપની સાથે

રત્નગઢ આવીશ; નહિ તો જે બદમાશ બહુરૂપીઓ રામગઢથી આવ્યા છે તેઓ રત્નગઢના રાજ્યપર ભયંકર સંકટ લાવશે અને મહારાણો કનકસિંહ એ રાજ્યને પોતાના તાબામાં લેશે. હું આપની સાથે આવીને એ બદમાશ બહુરૂપીઓને ગિરફતાર કરીશ. વળી બે વાતો આપ અવશ્ય લક્ષ્યમાં રાખજો. એક વાત એ છે કે જ્યાં સુધી બને ત્યાં સુધી મુસલમાનોને રાજ્યમાંથી દૂર કરજો અને તેમની જગ્યાઓ પર હિન્દુઓને રાખજો. બીજી વાત એ છે કે, રાજકુમાર વીરસિંહનું બરાબર ધ્યાન રાખજો અને મહારાણા જયસિંહજી સમક્ષ તેમની પ્રશંસા કરજો; જેથી મહારાણા મદદાર્થે તેમને પણ નિમંત્રણ કરશે અને મ્હારો સઘળો શ્રમ સફળ થશે.”

હરિસિંહે કહ્યું:—“ હું હમ્મેશાં તમારો શુભાકાંક્ષી છું. તમે જે કાંઇ કહ્યું છે તેથી વિશેષ હું કરી બતાવીશ--મ્હારી ફરજ હું સર્વાંશે બજાવીશ.”

ત્યાર પછી જ્યોતિસિંહે બનાવટી કિશોરીની ગાંસડી છોડી, તથા એક મજબૂત બેડી તેના પગમાં નાખી દીધી અને તેનાં આવશ્યક સાધનોની કોથળી તથા ખંજર પોતાની પાસે લઇ તે તેને શુદ્ધિમાં લાવ્યો. જ્યારે એના ચહેરાને સ્વચ્છ કરવામાં આવ્યો ત્યારે એ જાનકીપ્રસાદ છે એમ જ્યોતિસિંહને માલૂમ પડયું.

જ્યોતિસિંહ બહુરૂપી હતો તેથી તે રામગઢના સઘળા બહુરૂપીઓને પિછાનતો હતો, તથા રામગઢના બહુરૂપીઓ પણ જ્યોતિસિંહને પિછાનતા હતા. જ્યોતિસિંહ જાનકીપ્રસાદને એ ગુફામાં કેદ કરી રાખી દીવાન હરિસિંહની સાથે બ્હાર નીકળ્યો. જ્યારે તે ગુફાના દરવાજા પાસે આવી પહોંચ્યો ત્યારે તેણે હરિસિંહને કહ્યું:—“ આપ મ્હારા એક અપરાધની મ્હને ક્ષમા આપશો એવી મ્હને આશા છે.

અહીંથી હું આપને બેહોશ બનાવી અલ્પકાળમાં જ આ ગુફાની બ્હાર લઇ જઈશ, અને પછી તરતજ પાછો આપને શુદ્ધિમાં લાવીશ."

"એમાં મ્હને કશી અડચણ નથી. આ ગુફામાં આવવાના માર્ગની માહિતી મેળવવાની મ્હને જરૂર નથી. આ સઘળું તમારા જેવાઓનું કામ છે; એ જોઇને હું શું કરવાનો હતો?" હરિસિંહે સરળતાથી ઉત્તર આપ્યો.

જ્યોતિસિંહ હરિસિંહને બેહોશ બનાવી ગુફાની બ્હાર લઇ ગયો. બ્હાર ગયા પછી તેને શુદ્ધિમાં લાવીને તેણે કહ્યું:—"હવે આપ વસ્ત્રો પહેરી લઇ મ્હારી સાથે વિજયગઢ ચાલો."

દીવાન હરિસિંહે જ્યોતિસિંહના કહેવા પ્રમાણે કર્યું. શહેરમાં જઇ જ્યોતિસિંહની સલાહ પ્રમાણે દીવાન હરિસિંહ તેનાથી છૂટો પડીને રાણા દેવીસિંહના દરબારમાં ઉપસ્થિત થયો. જ્યોતિસિંહ તે પહેલાં જ દરબારમાં હાજર થઇ ગયો હતો.

મહારાણા દેવીસિંહે દીવાન હરિસિંહને ઘણું માન આપી સંતુષ્ટ કર્યો. અરસ્પરસ કુશળ વર્તમાન પૂછાયા પશ્ચાત્ હરિસિંહે રાણા જયસિંહનો પત્ર દેવીસિંહના હાથમાં આપ્યો. એ પત્ર દેવીસિંહે પોતાના દીવાન અજીતસિંહને વાંચવા આપ્યો. અજીતસિંહે એ પત્ર જાહિર દરબારમાં વાંચી સંભળાવ્યો. રાણો દેવીસિંહ પત્રની હકીકત સાંભળી અતિ પ્રસન્ન થયો તથા તેણે કહ્યું:—"આ રાજ્ય મહારાણા જયસિંહજીનું જ છે. તેઓ જેને ઇચ્છામાં આવે તેને બોલાવી લે. જ્યોતિસિંહ આપની સાથે આવશે." આમ કહીને રાણાએ પોતાના દીવાન અજીતસિંહને હરિસિંહની મેહમાની કરવાની આજ્ઞા કરી, અને દરબાર બરખાસ્ત કરવામાં આવ્યો.

દીવાન હરિસિંહની ત્રણ દિવસ સુધી ઘણી ઉત્તમ મેહમાની

કરવામાં આવી, તેથી તે ઘણો ખુશી થયો. ચોથે દિવસે તેણે રાજા દેવીસિંહ પાસે વિદાય માગી. રાજાએ તેને ઘણું દ્રવ્ય અને જરજવાહિર આપ્યું, તથા જ્યોતિસિંહને બોલાવી તેને પણ હરિસિંહ સાથે વિદાય કર્યો.

ઘણા ઠાઠમાઠથી બન્ને જણા રત્નગઢ જઈ પહોંચ્યા, તથા રહાજના દરબારમાં મહારાણા જયસિંહ સમક્ષ ઉપસ્થિત થયા. દીવાન હરિસિંહે મહારાણા દેવીસિંહનો ઉત્તર જયસિંહને આપ્યો, તથા સઘળી હકીકત કહીને તેણે રાણા દેવીસિંહની ઘણી પ્રશંસા કરી; તેથી રાણો જયસિંહ પણ પ્રસન્ન થયો અને તેણે તેજ વખતે જ્યોતિસિંહને ખિલાત આપીને તેના નિવાસસ્થાન આદિની સત્વર વ્યવસ્થા કરી આપવાની દીવાન હરિસિંહને આજ્ઞા કરી.

દરબાર બરખાસ્ત થયા પછી જયસિંહ જ્યોતિસિંહને સાથે લઈને વિદાય થયો અને એક ઉત્તમ મહાલયમાં તેનો મુકામ કરી આપ્યો. નોકર ચાકરોની પણ સર્વ પ્રકારે સુવ્યવસ્થા કરી આપી, કે જેઓ સર્વ હિન્દુ હતા. દીવાન હરિસિંહના આસન સાથે જ રાણા જયસિંહે જ્યોતિસિંહનું આસન દરબારમાં નખાવ્યું. ભાગ્યદેવી તેના પર પ્રસન્ન થઈ.

## પ્રકરણ ૧૪ મું.

### ચક્રમચંદ્રના દોસ્તોની ચાલાકી.

ગયા પ્રકરણમાં અમે જણાવી ગયા છીએ કે, રામગઢના મહારાણા કનકસિંહના સઘળા બહુરૂપીઓને જ્યોતિસિંહ ઓળખતો હતો;

પરંતુ હવે જ્યોતિસિંહને એ જાણવાની જરૂર પડી કે એ બહુરૂપીઓમાંથી કોણું કોણ રત્નગઢ આવ્યા છે? એથી બીજે દિવસે સંધ્યાકાળે જ્યોતિસિંહે જાનકીપ્રસાદનો વેશ ધારણ કર્યો, કે જેને તે અરણ્યમાં આવેલી જનશૂન્ય ગુફામાં કેદ કરી આવ્યો હતો. તેણે જાનકીપ્રસાદનો વેશ ધારણ કરી રત્નગઢની ગલીએ ગલીમાં ફરવા માંડ્યું; પરંતુ કોઇનો પત્તો તે મેળવી શક્યો નહિ.

વર્ષાઋતુનો દિવસ હતો. પ્રબળ અંધકારનું સામ્રાજ્ય પૃથિવીપર સ્થાપિત થયું હતું. ક્વચિત્ ક્વચિત્ વસુંધરાપર વૃષ્ટિબિંદુઓ પણ પડતાં હતાં. અંતે જ્યોતિસિંહે નગર બ્હાર નીકળી એક ન્હાના પહાડપર ઉભા રહીને સંકેતસૂચક ધ્વનિ કર્યો.

અલ્પકાળમાં જ ત્રણ બહુરૂપીઓ અને જગન્નાથ જ્યોતિષી ત્યાં આવી પહોંચ્યા, તથા તેઓમાંના એકે જાનકીપ્રસાદને જોઇને કહ્યું:-"કેમ જાનકીપ્રસાદ! તમે વિજયગઢ જઇને શું કર્યું? ત્યાંથી તમે પાછા કેમ આવતા રહ્યા?"

જ્યોતિસિંહે તેમને સર્વેને ઓળખી જઇને ઉત્તર આપ્યો:-"જ્યોતિસિંહને લીધે જ ત્યાં હું ફાવી શક્યો નથી. તમારામાંથી જો કોઇ એક જણ મ્હને મદદ કરવા આવે તો કાંઇ બની શકે."

અઘોરનાથ બોલી ઉઠ્યો:-"ઠીક છે, કાલે હું તમારી સાથે આવીશ. આજે આપણે મહેલમાં જઇને કોઇ ચાલાકી ચલાવીએ."

બનાવટી જાનકીપ્રસાદે કહ્યું:-"હમણાં મ્હને ઘણી ક્ષુધા લાગી છે, માટે જો તમારી પાસે કાંઇ પણ ખાવાનું હોય તો આપો. કાંઇ ખાધા સિવાય મ્હારાથી કામ થઇ શકે તેમ નથી."

જગન્નાથ જ્યોતિષીએ કહ્યું:-"અહીં તો કાંઇ ખાવાનું નથી. જો બાજારમાં જઇને કાંઇ લઇ આવો તો આપણે સર્વે ખાઇએ."

જાનકીપ્રસાદે કહ્યું:—"ઠીક ત્યારે, તમારામાંથી એક જણ મ્હારી સાથે ચાલો."

અઘોરનાથ સાથે જવા તૈયાર થયો. રસ્તે જતાં જતાં અઘોરનાથે કહ્યું:—"આપણે આપણો વેશ અને મ્હોં બદલી નાખવાં જોઇએ; કેમ કે જ્યોતિસિંહ ગઇ કાલથી રત્નગઢ નગરમાં આવેલો છે, તથા તે આપણને સર્વને ઓળખે છે. કદાચ તે નગરમાં ભટકીને આપણી જ શોધ કર્યા કરતો હશે."

જ્યોતિસિંહે વિચાર્યું કે, પોતાનું મ્હોં બદલતી વખતે કદાચ અઘોરનાથ પોતાને ઓળખી જશે; તેથી તેણે ઉત્તર આપ્યો:—"મ્હોં બદલવાની કાંઇ જરૂર નથી. રાત્રિના સમયે આપણને કોણ મળવાનું હતું?"

બનાવટી જાનકીપ્રસાદના મુખમાંથી આવો ઉત્તર સાંભળવામાં આવતાં અઘોરનાથના અંતરમાં સંશય ઉપજ્યો, તથા તે લક્ષ્યપૂર્વક જ્યોતિસિંહના મુખ તરફ જોવા લાગ્યો; કિન્તુ રાત્રિ અંધકારમયી હોવાથી તે જ્યોતિસિંહને બરાબર પિછાની શક્યો નહિ. અંતે તેણે સંકેતધ્વનિ કરીને પોતાના સહાયકોને પોતાની પાસે બોલાવવાનો પ્રયત્ન કર્યો.

જ્યોતિસિંહ અને અઘોરનાથ રત્નગઢની પાસે જ આવી પહોંચ્યા હતા; તેથી અઘોરનાથનો સંકેતધ્વનિ તેના સહાયકો સાંભળી શક્યા નહિ. જાનકીપ્રસાદના વેશમાં જ્યોતિસિંહ સમજી શક્યો કે, હવે વિલંબ કરવાની સહજ પણ જરૂર નથી. તેણે સત્વર અઘોરનાથના ગળામાં હાથ નાખ્યો. અઘોરનાથે પણ પોતાના હાથમાં ખંજર લીધું. બન્ને વચ્ચે ઘણી ઝપાઝપી થઇ ગઇ; અંતે જ્યોતિસિંહે અઘોરનાથને જમીનદોસ્ત કરી મુસ્કેટાટ બાંધી લીધો. પછીથી તેને બેહોશ

બનાવી તેની ગાંસડીને પીઠપર નાખી તે રત્નગઢ નગરમાં જવા લાગ્યો. રસ્તામાં તેણે પોતાનો ખરો વેશ પણ ધારણ કરી લીધો.

પોતાના મહેલમાં જઇને તેણે અઘોરનાથને એક ઓરડીમાં કેદ કર્યો, તથા પહેરેગીરોને એવી તાકીદ કરી કે, તેમણે એ ઓરડીની પાસે જ સૂઇ રહેવું અને સ્હવારે તેને દરબારમાં લઇ આવવો.

પેલી તરફ જગન્નાથ જ્યોતિષી, કપટશંકર, ભૈરવનાથ, બદ્રીનાથ અને ચણ્ડીપ્રસાદ એવો વિચાર કર્યા કરતા હતા કે, તેમના બન્ને દોસ્તો અલ્પકાળમાં જ તેમના માટે ખાવાનું લઇને આવશે; પરંતુ અહીં તો ઉપર દર્શાવ્યા પ્રમાણે પ્રકાર બન્યો હતો. જ્યારે પોતાના બન્ને દોસ્તોના આગમનમાં ઘણો વિલંબ થયો ત્યારે તેમણે એમ વિચાર્યું કે, કદાચ તેઓ બન્ને કેદ પકડાયા હશે; પરંતુ તેઓ એટલું ન સમજી શક્યા કે, જાનકીપ્રસાદ જ જ્યોતિસિંહ હતો !

એ રાત્રે તો તેઓ કાંઇ કરી શક્યા નહિ. બીજે દિવસે સ્હવારે વેશ બદલીને તેઓ સર્વે પોતાના બન્ને દોસ્તોની શોધ કરવા નીકળી પડયા. પ્રથમ તેઓ સર્વે મહારાણા જયસિંહના દરબાર તરફ જવા લાગ્યા તો તેમણે જ્યોતિસિંહને પ્રસન્નતાપૂર્વક દરબારમાં જતો જોયો. તેની પાછળ દશ પંદર હથિયારબંધ સિપાહીઓની વચ્ચે કેદી તરીકે અઘોરનાથને પણ જતો તેમણે જોયો. સઘળા બહુરૂપીઓએ તેમની સાથે સાથે જ દરબારમાં પ્રવેશ કર્યો.

જ્યોતિસિંહ અઘોરનાથને લઇ દરબારમાં જઇ પહોંચ્યો. તેણે જોયું કે, દરબાર ઘણો ભરાયો હતો. મહારાણો જયસિંહ પણ મૂલ્યવાન્ રાજસિંહાસનપર બેઠો હતો. જ્યોતિસિંહ મહારાણાને નમન કરી પોતાના આસનપર બેઠો. કેદીને સ્હામો ઉભો રાખવામાં આવ્યો.

મહારાણા જયસિંહે આશ્ચર્યસૂચક સ્વરે પૂછ્યું:–"કેમ જ્યોતિ-

સિંહ! તમે કોને પકડી લાવ્યા છો?"

"રાજેન્દ્ર જે પાંચ બહુરૂપીઓ રામગઢથી આ તરફ આવેલા છે તેઓમાંના એકને કેદ પકડી તેને મ્હેં આપની સેવામાં ઉપસ્થિત કર્યો છે. હવે આપશ્રી આપને જેમ ઠીક લાગે તેમ કરો." જ્યોતિસિંહે ઉત્તર આપ્યો.

જયસિંહે પ્રસન્નતાપૂર્ણ દૃષ્ટિથી કેદી તરફ જોઇને પૂછ્યું:- "બદમાશ! ત્હારું નામ શું છે?"

"મ્હારું નામ ચક્રમચંદ્ર છે." કેદીએ બેપરવાહીથી ઉત્તર આપ્યો.

જયસિંહ અઘોરનાથનું સાહસ જોઇ હસી પડયો. તેણે કહ્યું:- "આ શયતાનને વિશેષ પ્રશ્નો પૂછવાનું પ્રયોજન નથી. એને હમણાંને હમણાં કેદખાનામાં લઇ જઇને કેદ કરો, તથા એનાપર સખ્ત પહેરો રાખો."

આજ્ઞા મળતાં જ કેટલાક પહેરેગીરોએ અઘોરનાથના હાથ પગમાં લોઢાની બેડીઓ નાખી, તથા તેઓ તેને કેદખાના તરફ લઇ જવા લાગ્યા. મહારાણા જયસિંહે અત્યંત પ્રસન્ન થઇ જ્યોતિસિંહને સો સોના મહોરો ભેટ આપી. જ્યોતિસિંહે મહારાણા જયસિંહને નમન કરી એ ભેટનો સ્વીકાર કર્યો.

જગન્નાથ જ્યોતિષી, કપટશંકર અને ભૈરવનાથ દરબારમાં હાજર રહીને આ પ્રકાર જોતા હતા. જ્યારે જયસિંહે અઘોરનાથને કેદ કરવાની આજ્ઞા કરી ત્યારે એ લોકો પણ બહાર નીકળી પડયા, તથા એક બીજાની સલાહથી તેમણે એક આશ્ચર્યજનક ચાલાકી કરી.

તેમણે ત્રણે જણાએ અરણ્યમાં જઇને પોતાનો વેશ બદલવા માંડયો. ભૈરવનાથે જ્યોતિસિંહનો વેશ ધારણ કર્યો, તથા કપટશંકર અને જગન્નાથે સિપાહીઓનો વેશ ધારણ કર્યો. પછીથી જે સૈનિકો અ-

ઘોરનાથને કેદખાનામાં લઇ જતા હતા તેમની તરફ તેઓ ત્રણે જણા જવા લાગ્યા. ત્યાં ગયા પછી ભૈરવનાથે કહ્યું:–"ઉભા રહો. આ નાલાયક બહુરૂપીને માટે મહારાણીશ્રીએ બીજી આજ્ઞા કરી છે. જ્યારે મ્હેં મહારાણીશ્રીને એમ કહ્યું કે, "આ શયતાનને કેદખાનામાં રાખવાથી તેના સાથીદારો કોઇ પણ રીતે તેને છોડાવીને લઇ જશે; માટે જો આપ એને મ્હારા કબજામાં રાખશો તો એ કદાપિ પલાયન કરી જવા પામશે નહિ.' ત્યારે તેમણે એને મ્હારા કબજામાં રાખવાની આજ્ઞા કરી છે; તેથી તમે એ શયતાનને મ્હારે સ્વાધીન કરો."

એ પહેરેગીરો જાણતા હતા કે, કેદીને જ્યોતિસિંહે જ પકડ્યો છે; તેથી તેનાં આવાં વચનો સાંભળી તેમના અંતરમાં બિલકુલ સંશય ઉપજ્યો નહિ. તેમણે શયતાન અઘોરનાથને, ભૈરવનાથને સ્વાધીન કર્યો.

બનાવટી જ્યોતિસિંહે અઘોરનાથસહ અરણ્યનો રસ્તો લીધો. તેના ચાલ્યા ગયા પછી આ હકીકત દરબારમાં જાહિર કરવાને માટે પહેરેગીરો દરબાર તરફ ગયા. દરબાર હજી સૂધી બરખાસ્ત થયો નહોતો. જ્યોતિસિંહ પણ પોતાના આસનપર બેસી રહ્યો હતો. એને જોતાંની સાથે જ પહેરેગીરોના હોશ ઉડી ગયા, તથા તેમનાથી એક પણ અક્ષરનો ઉચ્ચાર કરી શકાયો નહિ.

જ્યોતિસિંહે પહેરેગીરો તરફ જોઇને પૂછ્યું:–"કેમ શું છે? પેલા બદમાશને કેદખાનામાં પૂરી આવ્યા ને?"

પહેરેગીરોમાંના એક જણે સાહસ એકઠું કરીને નમ્ર સ્વરે ઉત્તર આપ્યો:–"મહારાજ, એને તો આપે જ અમારી પાસેથી આપની સ્વાધીનતામાં લીધો છે."

આ ઉત્તર સાંભળી જ્યોતિસિંહ ચમકી ઉઠ્યો તથા તેણે કહ્યું

"તમે કેદીને લઇ ગયા ત્યારનો જ હું દરબારમાં બેસી રહ્યો છું; છતાં તમારી પાસેથી હું એ શયતાનને કેવી રીતે લઇ ગયો ?"

ભયની ભાવનાથી પહેરેગીરોનો કંઠ રુંધાઇ ગયો. તેઓ કશો ઉત્તર આપી શક્યા નહિ. પાષાણનાં પૂતળાં પ્રમાણે તેઓ જ્યાં ઉભા હતા ત્યાં તેવી જ સ્થિતિમાં ઉભા રહ્યા. રાણા જયસિંહે જ્યોતિસિંહ તરફ જોઇને પૂછ્યું:–"કેમ, શું થયું ?"

જ્યોતિસિંહે ઉત્તર આપ્યો:–"બહુરૂપીઓ ચાલાકી કરી ગયા છે. તેઓ મ્હારો વેશ ધારણ કરી તેમના સાથીદારોને છોડાવી ગયા છે."

આ ઉત્તર સાંભળી રાણો જયસિંહ ઘણો દિલગીર થયો, તથા પહેરેગીરોપર તેને ઘણો ક્રોધ ઉપજ્યો. જયસિંહના ક્રોધને કળી જઇને જ્યોતિસિંહે નમ્રતાથી કહ્યું:—"રાજેંદ્ર ! પહેરેગીરોનો બિલકુલ દોષ નથી. બહુરૂપીઓનાં કામ આવાં જ હોય છે. તેમનાથી મ્હોટા મ્હોટા ચતુર માણસો ભૂલથાપ ખાઇ જાય છે તો પછી આ બિચારા પહેરેગીરોનો શો હિસાબ ?"

જ્યોતિસિંહની ભલામણથી જયસિંહે પહેરેગીરોનો અપરાધ માફ કર્યો; પરંતુ તેની દિલગીરી તો ઓછી ન જ થઈ.

ભૈરવનાથ વગેરે અઘોરનાથને સાથે લઇ જંગલમાં જઇ પહોંચ્યા પછી એક વૃક્ષ નીચે બેસી તેમણે અઘોરનાથને સઘળી હકીકત પૂછી લીધી. હવે જ તેમને માલૂમ પડયું કે, જાનકીપ્રસાદને પણ જ્યોતિસિંહે જ કેદ પકડી કોઇ ઠેકાણે છુપાવી રાખેલો હોવો જોઇએ. અંતે ભૈરવનાથે જગન્નાથને પૂછ્યું:–"તમે હવે તમારી જ્યોતિષ વિદ્યાનો પ્રયોગ કરીને કહો જોઇએ કે, જ્યોતિસિંહે જાનકીપ્રસાદને કયાં છુપાવ્યો છે ?"

જગન્નાથે પાસા ફેંકી પોતાના મન સાથે થોડા સમય સુધી

કરીને ગણના કરીને કહ્યું:–“ જ્યોતિસિંહે જ જાનકીપ્રસાદને કેદ પકડયો છે, અને અહીંથી બે ગાઉ ઉત્તરની તરફ આવેલી એક ગુફામાં તેણે તેને કેદ કરી રાખ્યો છે.”

આ હકીકત સાંભળી સર્વેએ એ ગુફા તરફ જવા માંડયું. જગન્નાથને પૂછી પૂછીને તેઓ એ ગુફા સુધી જઇ પહોંચ્યા; પરંતુ ઘણા પ્રયત્નો અજમાવ્યા છતાં તેઓ એ ગુફાના પ્રવેશદ્વારને ઉઘાડી શકયા નહિ. જગન્નાથે પુનઃ પોતાની વિદ્યાનો પ્રયોગ કરી જોઇને કહ્યું:–“ ભાઇઓ! આ પ્રવેશદ્વારની સાથે કોઇ અદ્દભુત ઘટના કિંવા જાદુગરીનો સંબંધ છે, તેથી મ્હારી વિદ્યા આ સ્થળે માર્ગસૂચક થઈ પડે તેમ નથી. જો તમે કોઈ જાદુઇ વિદ્યાનો પ્રયોગ કરો તો જ આ પ્રવેશદ્વાર ઉઘડે તેમ છે.”

તેઓ સર્વે લાચાર બની જઇ એ ગુફાનું પ્રવેશદ્વાર કેવી રીતે ઉઘાડવું તેની ચિંતા કરવા લાગ્યા.

## પ્રકરણ ૧૫ મું.

### પ્રિયતમની શોધમાં કિશોરી.

એક દિવસે જ્યોતિસિંહ દુશ્મનો શું કરે છે તે જોવા જાણવાના ઉદ્દેશથી નગરની બ્હાર નીકળી પડયો. અદ્યાપિ એક પ્રહર દિવસ બાકી હતો. જ્યોતિસિંહ જ્યારે ઘણે દૂર જઇ પહોંચ્યો ત્યારે તેણે એક ઉચ્ચ અને મજબુત વૃક્ષની પાસે વીરસિંહને વિષણ્ણવદને બેસી રહેલો જોયો. તેણે પોતાની સવારીના અશ્વને થોડે દૂર આવેલા એક વૃક્ષના થડ સાથે બાંધેલો હતો. વીરસિંહની પાસે જ એક મૃત્યુને આધીન થયેલું હરિણ પડયું હતું. તેની પાસે એક તાપણી સળગતી

હતી. રાજકુમારની પાસે જતાં એક કેળના પાંદડાં પર માંસના કેટલાક કડકા પડેલા જ્યોતિસિંહે જોયા; તેથી તેણે પૂછ્યું:—"રાજકુમાર! શા વિચારમાં બેઠા છો?"

"ભાઇ! તમે તો ગયા તે ગયા જ! હવે કયાં તમને મ્હારી ચિંતા પડી છે?" રાજકુમારે મલિન મુખે કહ્યું.

"રાજકુમાર! રત્નગઢમાં હું આપની જ સેવા બજાવતો હતો. આપની વ્યથાનું આ સેવકના અંતરમાંથી વિસ્મરણ થયું નથી તેમ જ થશે પણ નહિ." જ્યોતિસિંહે કહ્યું.

"ત્યારે મ્હારી મનમોહિની મૃગલોચનીની શી ખબર છે? એ પ્રેમઘેલી પ્રિયતમાના સમાચાર સાંભળવાને હું અત્યંત આતુર બની ગયો છું." રાજકુમાર વીરસિંહે વ્યાકુળતાથી કહ્યું.

"હમણાં હું રાજનન્દિનીને મળી શકયો નથી. હું શત્રુઓની હિલચાલ જોવામાં જ રોકાયલો છું. એક શત્રુને મ્હેં કેદ પકડયો હતો. તે પણ ચતુરાઇથી છટકી જવા પામ્યો છે. બીજા શત્રુઓની હું ફિકર કરતો નથી; પરંતુ ભૈરવનાથ ઘણો ઉસ્તાદ છે; તેને પણ જયારે હું કેદ પકડીશ ત્યારે જ મ્હારા આત્માને શાન્તિ મળશે. વારું, રાજકુમાર! હવે કહો જોઇએ કે, તમે અહીં કયાંથી આવી ચઢયા? તમારી સાથે એક પણ અંગરક્ષક કેમ નથી?" જ્યોતિસિંહે પૂછ્યું.

"ભાઇ! થોડા અંગરક્ષકોને લઇ આજે સ્હવારે હું શિકાર કરવા માટે નીકળી પડયો હતો. અરણ્યમાં મધ્યાન્હકાળ સુધી શિકારની શોધ કરી; કિન્તુ એકે શિકાર પકડાયો નહિ. એવામાં આ હરિણ મ્હારાં જોવામાં આવ્યું. મ્હેં હરિણ પાછળ મ્હારા અશ્વને

દોડાવ્યો; તેથી સઘળા અંગરક્ષકો પાછળ રહી ગયા. થોડા સમયથી હું અહીં આવી તેમની રાહ જોતાં બેઠો છું. ભાઇ મ્હને વિશેષ ભૂખ લાગ્યાથી આ હરિણનું માંસ શેકીને ખાવાનો મ્હારો વિચાર હતો; એટલામાં તમારી સ્વારી અહીં આવી પહોંચી. હવે તમે જ આ માંસને શેકી તૈયાર કરો, જેથી આપણે બન્ને જણા ખાઇએ. આજે આખા દિવસની રખડામણના લીધે મ્હેં કાંઇ ખાધું નથી!"

જ્યોતિસિંહે થોડા સમયમાં જ માંસ શેકીને તૈયાર કર્યું; પછીથી એક ઝરાના કિનારાપર બન્ને દોસ્તો ખાવા બેઠા."

"કેમ્ બરાબર થયું છે ને?" જ્યોતિસિંહે ખાતાં ખાતાં વીરસિંહને પૂછ્યું.

"એમાં મશાલો નાખનાર તમે છો એટલે કેમ બરાબર ન થાય?" વીરસિંહે જ્યોતિસિંહની પ્રશંસા કરી.

"પરંતુ રાજકુમાર! તમે મશાલો કાઢી નાખીને કેમ્ ખાઓ છો?" જ્યોતિસિંહે પૂછ્યું.

"મ્હને મોળું માંસ જ ભાવે છે." આમ કહી માંસના બે ત્રણ કડકા ખાધા પછી વીરસિંહે ઉઠી ઉભા થઈ ઝરાના પાણીમાં પોતાના હાથ ધોયા; એથી જ્યોતિસિંહે કહ્યું:-"કેમ, એટલામાં ખાઇ રહ્યા?"

"મ્હારી ભૂખ મરી ગયેલી હોવાથી હું વિશેષ ખાઇ શકયો નથી." વીરસિંહે ઉત્તર આપ્યો.

જ્યોતિસિંહે તૃપ્તિ થાય એટલું માંસ ખાધું. પછીથી તેણે કહ્યું:—"રાજકુમાર! સંધ્યા સમય થયો છે માટે તમે રાજમહેલ તરફ વિદાય થાઓ અને હું રત્નગઢ તરફ વિદાય થઉં છું."

"તમે નગર સુધી મ્હારી સાથે આવી રત્નગઢ તરફ પાછા ફરજો." વીરસિંહે કહ્યું.

"ના કુમાર! મ્હારું મસ્તિષ્ક ભમી જતું હોય એવો મ્હને ભાસ થાય છે; માટે મ્હને રત્નગઢ તરફ જ જવા દ્યો." જ્યોતિસિંહે હરકત દર્શાવી.

"ભાઇ! તમે વિશેષ ખોરાક ખાધેલો છે; તેથી જો નગર સુધી આવશો તો એ પચી જશે." કુમારે પોતાના આગ્રહનો ત્યાગ ન જ કર્યો.

"ભલે ચાલો ત્યારે." જ્યોતિસિંહે કહ્યું, અને તેઓ વિજયગઢ તરફ જવા લાગ્યા. થોડે દૂર જતાં જ જ્યોતિસિંહનું મસ્તિષ્ક વિશેષ ભ્રમિત થઈ ગયું. તેની દૃષ્ટિશક્તિ દૂર થઇ જવા લાગી, અને જોત જોતાંમાં તે બેશુદ્ધ બની જઇ પૃથ્વી પર પટકાઈ પડ્યો.

વાંચકબંધુઓ હવે સમજી શક્યા હશે કે, જ્યોતિસિંહ કોઇ બહુરૂપીના પંઝામાં જ ફસાઇ પડેલો હોવો જોઇએ; નહિ તો રાજકુમાર વીરસિંહ તેને આવી રીતે બેહોશ બનાવી દે નહિ.

જ્યોતિસિંહ બેહોશ બની પૃથ્વીપર પટકાઇ પડ્યો એટલે એ બદમાશ બહુરૂપીએ અશ્વપરથી ઉતરી એક કપડાંમાં તેની ગાંસડી બાંધી લઇ પુનઃ અશ્વારોહણ કર્યું, અને તે વિજયગઢ તરફ નહિ જતાં રત્નગઢનાં માર્ગે પાછો ફરી અરણ્યમાં જવા લાગ્યો. અરણ્યમાં જઇને તેણે મ્હોટેથી સંકેતધ્વનિ કર્યો. એ સંકેતધ્વનિ સાંભળવામાં આવતાં, અલ્પકાળમાં જ એ અરણ્યમાંથી ક્રૂરસિંહ, અઘોરનાથ, કપટશંકર અને જગન્નાથ ઘોડેસવાર પાસે આવી પહોંચ્યા. અઘોરનાથે પ્રસન્નતાપૂર્વક કહ્યું:—"વાહ ભૈરવનાથ! તમે આજે ઘણું મહાન્ કાર્ય કર્યું છે. આજે તમે આપણા સર્વથી પ્રબળ શક્તિશાળી શત્રુને પકડ્યો છે."

ક્રુરસિંહના આનંદનો તો પાર રહ્યો જ નહિ. ભૈરવનાથ કે જેણે અત્યાર સુધી રાજકુમાર વીરસિંહનો વેશ ધારણ કર્યો હતો તેણે અશ્વપરથી નીચે ઉતરી, જ્યોતિસિંહની ગાંસડીને એક બાજૂએ મૂકીને કહ્યું:—"કુંપટશંકર! આ ઘોડાને તમે રત્નગઢ પહોંચાડી દ્યો. હું એને જે તબેલામાંથી ચોરી લાવ્યો હતો એ તબેલા પાસે જ તમે એને મૂકી આવજો જેથી એ લોકો પોતાની મેળે જ બાંધી લેશે."

તરતજ કપટશંકર ઘોડેસવાર થઇ વિજયગઢ તરફ ચાલ્યો ગયો. ભૈરવનાથે જ્યોતિસિંહની ગાંસડીને પુનઃ પોતાની પીઠપર નાંખી તથા પોતાના સાથીદારોને કાંઇ કહીને તેણે રામગઢનો રસ્તો લીધો.

જ્યોતિસિંહ હમ્મેશાં મહારાણા જયસિંહના દરબારમાં જતો હતો, અને નમન કરી પોતાના આસનપર બેસતો હતો. બેએક દિવસ સુધી જ્યોતિસિંહના આસનને ખાલી પડેલું જોઇને રાણા જયસિંહે પોતાના દીવાન હરિસિંહને પૂછ્યું:—"દીવાનજી, આજકાલ જ્યોતિસિંહ કેમ જોવામાં આવતા નથી? તેમની સાથે તમારી મુલાકાત થઇ હતી કે શું?"

'ના મહારાજ! એ સંબંધી હું કાંઇ જાણતો નથી. આજે તપાસ કરીને જે હકીકત હશે તે હું આપને જણાવીશ." દીવાન હરિસિંહે કહ્યું.

દરબાર બરખાસ્ત થયા પછી હરિસિંહ જ્યોતિસિંહના નિવાસસ્થાને ગયો; પરંતુ તેનો પત્તો નહિ લાગ્યાથી એ સંબંધી નોકર ચાકરોને પૂછપરછ કરતાં તેમણે એમ જણાવ્યું કે, થોડા દિવસથી તેમનો અહીં પત્તો નથી. અમે ઘણાં સ્થળોએ તેમની શોધ કરી હોવા છતાં તેમની કશી ભાળ લાગી નથી."

દીવાન હરિસિંહ ચિંતાતુર વદને પોતાના મહાલયમાં જઇને વિચારવા લાગ્યો:-"હવે શું કરવું? જો જ્યોતિસિંહનો પત્તો નહિ લાગે તો ઘણી બદનામી થશે. કોઇ પણ રીતે એનો પત્તો તો મેળવવો જ જોઇએ."

આમ વિચારીને તેમણે ઘણે ઠેકાણે પોતાના માણસોને જ્યોતિસિંહનો પત્તો મેળવવા મોકલ્યા. તે સિવાય દીવાન હરિસિંહે વિજયગઢના દીવાન અજીતસિંહપર એક પત્ર લખી એ પત્ર એક માણસને આપી, બીજા દિવસનો દરબાર ભરાય તે પહેલાં એ પત્રનો ઉત્તર લઇ આવવાની તેને આજ્ઞા કરી. એ માણસ હરિસિંહનો પત્ર લઈ સંધ્યા સમયે વિજયગઢ જઈ પહોંચ્યો. દીવાન અજીતસિંહ પાસે હાજર થઇ તેણે તેને હરિસિંહનો પત્ર આપ્યો. એ પત્ર વાંચતાં જ અજીતસિંહની એવી ખાત્રી થઇ કે, જ્યોતિસિંહ બહુરૂપીઓની પ્રપંચ જાળમાં જ ફસાઇ પડેલો હોવો જોઇએ. 'જ્યોતિસિંહ અત્રે નથી.' એવા ભાવાર્થનો ઉત્તર લખી આપીને તેણે માણસને વિદાય કરી દીધો, તથા પોતાના કેટલાક ગુપ્તદૂતોને બોલાવી તેમને તેણે જ્યોતિસિંહની શોધમાં મોકલ્યા.

બીજા દિવસના દરબારમાં દીવાન અજીતસિંહે મહારાણા દેવીસિંહને એવી વિનંતિ કરી કે, "મહારાજાધિરાજ! રત્નગઢથી દીવાન હરિસિંહનો પત્ર લઇ એક માણસ અત્રે આવ્યો હતો. એ પત્રમાં એમ પૂછવામાં આવ્યું હતું કે, જ્યોતિસિંહ વિજયગઢમાં છે કે નહિ? થોડા દિવસથી રત્નગઢમાં તેનો પત્તો નથી. મ્હેં એવો ઉત્તર લખી મોકલ્યો છે કે, તે અત્રે નથી."

આ વચનો સાંભળી દેવીસિંહ આશ્ચર્યચકિત બની ગયો. તેણે પૂછ્યું:—"દીવાનજી, જ્યોતિસિંહ જ્યારે અહીં પણ નથી અને ત્યાં

પણ નથી ત્યારે તે ક્યાં છે ? એ બહુરૂપીઓની પ્રપંચજાળમાં તો નહિ ફસાઇ પડ્યો હોય ? મ્હારાણા કનકસિંહના કેટલાક બહુરૂપીઓ રત્નગઢ આવી પહોંચેલા છે તથા જ્યોતિસિંહ તેમના પ્રતિસ્પર્ધી તરીકે રત્નગઢ ગયો હતો તેથી એમ બનવું સંભવિત છે. હશે, જે બન્યું હશે તે બે ચાર દિવસમાં જ આપણા જાણવામાં આવશે."

રાજકુમાર વીરસિંહ પણ પિતાની પાસેના આસનપર બેસી આ વાતચિત સાંભળી રહ્યો હતો. અંતે તેણે ઉભા થઇ નમ્રતાથી કહ્યું:– "જો મ્હને આજ્ઞા મળે તો હું જ્યોતિસિંહનો પત્તો મેળવવાને જઉં ?"

આ હકીકત સાંભળીને દીવાન અજીતસિંહે રાજકુમાર તરફ જોઇને કહ્યું:—"રાજકુમાર ! આપ શૂરવીર અને સાહસિક છો એ માટે કશો સંદેહ નથી; કિન્તુ જ્યોતિસિંહ બહુરૂપીઓની પ્રપંચ-જાળમાં ફસાઇ પડેલો હોવાથી તેની મુક્તિ કરાવવાને માટે પણ કોઇ બહુરૂપીની જ આવશ્યક્તા છે. આપને વિના કારણ શ્રમ ઉઠાવવાનું પ્રયોજન નથી. વળી આપ જાણો જ છો કે, બહુરૂપીઓ જો કોઇ બહુરૂપીને પકડે છે તો તેઓ તેનો જીવ નહિ લેતાં માત્ર કેદ કરી રાખે છે; તેથી જ્યોતિસિંહના જીવન માટે શંકા રાખવાની જરૂર નથી. વળી જ્યોતિસિંહ એવો હોશિયાર અને ચાલાક છે કે, તે પોતાના પ્રતિસ્પર્ધીઓની આંખોમાં ધૂળ નાખી કોઇ પણ ઉપાયથી પોતાની મુક્તિ કરી લેશે. આપ ચાર પાંચ દિવસ સુધી ધૈર્ય ધારણ કરો; ત્યાં સુધીમાં જો તે પાછો ન આવે તો આપ આપને જેમ ઠીક લાગે તેમ કરજો."

રાજકુમાર વીરસિંહે ઉત્તર આપતાં કહ્યું:–"આપનું કહેવું બરાબર છે; પરંતુ એ હોશિયાર છે તેથી પોતાની જાતે જ છૂટીને આવશે એમ ધારી તેમની શોધ ન કરવી એ વ્યાજબી નથી."

"રાજકુમાર! આપનો જ્યોતિસિંહ પ્રત્યે અપાર પ્રેમ છે તેથી જ આપનું અંતર તેના પ્રત્યે આટલું બધું આકર્ષાય છે. ઠીક છે, ચાર પાંચ દિવસ પછી આપ આપને જેમ ઠીક લાગે તેમ કરજો." દીવાને કહ્યું.

આ પ્રસંગે રાણા દેવીસિંહે કહ્યું:-"ત્યારે બીજા કોઇને જ્યોતિસિંહની શોધમાં મોકલો."

"કેટલાક ગુપ્તદૂતોને મ્હેં અત્યાર પહેલાં જ તેની શોધમાં મોકલ્યા છે." અજીતસિંહે ઉત્તર આપ્યો.

* * * *

રત્નગઢમાં બીજા દિવસે મહારાણા જયસિંહે દીવાન હરિસિંહને દરબારમાં જ પૂછ્યું:-"કેમ, જ્યોતિસિંહનો પત્તો લાગ્યો કે?"

"અહીં તો કશો પત્તો લાગતો નથી; રત્નગઢ તરફ મ્હેં માણસ મોકલ્યો છે તે હવે સમાચાર લઇને આવતો હશે." હરિસિંહે ઉત્તર આપ્યો.

બરાબર આ સમયે જ રત્નગઢ ગયેલો માણસ ઉત્તર લઇને આવી પહોંચ્યો. દીવાન હરિસિંહે ઉત્તર વાંચ્યો, તથા અફસોસથી તેણે મહારાણા જયસિંહને જણાવ્યું કે, "વિજયગઢમાં પણ જ્યોતિસિંહ નથી; જ્યોતિસિંહના પિતાએ જ મ્હારા પત્રનો ઉત્તર લખી મોકલ્યો છે."

મહારાણો જયસિંહ ઘણો શોકાતુર બની ગયો. તેણે દીવાનને પૂછ્યું:-"ત્યારે તમે જ્યોતિસિંહની તપાસ કરવાનો કાંઇ પ્રયત્ન કર્યો છે કે નહિ?"

"જી, હા, મ્હેં કેટલાક ગુપ્તદૂતોને તેમની શોધમાં મોકલ્યા છે." દીવાને ઉત્તર આપ્યો.

દરબાર બરખાસ્ત કરીને ચિંતાતુર ચિત્તે રાણો જયસિંહ પોતાના મહેલમાં ચાલ્યો ગયો. વાતમાં ને વાતમાં રાણા જયસિંહે જ્યોતિસિંહના ગૂમ થવાની હકીકત પોતાની રાણીને કહી સંભળાવીને કહ્યું:– "જો, નસીબ ચાર ડગલાં આગળનું આગળ એવું જે કહેવાય છે તેમાં બિલકુલ અતિશયોક્તિ નથી. કુરસિંહે તો ખટપટો કરવામાં બાકી રાખી નથી. આપણને સહાયતા કરી શકે એવો એકલો જ્યોતિસિંહ હતો. એનો પણ થોડા દિવસથી પતો લાગતો નથી. એના માટે હવે મ્હારે મહારાણા દેવીસિંહ સમક્ષ પણ શરમાવું પડશે. જ્યારે જ્યારે હું જ્યોતિસિંહની ચાલચલણ, વાતચિતની છટા, ચાલાકી વગેરેનો વિચાર કરું છું ત્યારે ત્યારે મ્હારું હૃદય ભરાઇ આવે છે. એ ઘણો લાયક યુવક છે. તેના મુખમંડળપર કદાપિ ઉદાસિનતા જોવામાં આવતી નથી."

જ્યોતિસિંહના ગૂમ થયાના સમાચાર જાણી મહારાણીએ પણ ઘણો અફસોસ દર્શાવ્યો. આ સમયે કિશોરી પણ ત્યાં હાજર હતી. ઉપર્યુક્ત હકીકત સાંભળી લઇ તે રાજકુમારી મૃગલોચની પાસે જઈ પહોંચી. કિશોરીનું અંતર ભરાઇ આવ્યું હતું. તેનો કંઠ રુંધાઇ ગયો હતો. પોતાના મનમાં ને મનમાં તે જ્યોતિસિંહના ઉપર અપાર પ્રેમ રાખતી હતી. રાત્રિ દિવસ તે જ્યોતિસિંહનું જ ચિંત્વન કર્યા કરતી હતી; તેથી પ્રિયવિયોગનો શોક તેના અંતરને અતિશય વ્યથિત કરતો હતો.

કિશોરી મૃગલોચની પાસે જઈ કાંઇ બોલી શકી નહિં. તેનું મુખમંડળ ચિંતાના ગાઢ છાયાથી મલિન બની ગયું હતું. તેનાં નયનયુગલમાં અશ્રુબિંદુઓ ભરાઇ આવ્યાં હતાં. તેની આવી સ્થિતિ જોઇ રાજકુમારી મૃગલોચનીએ આતુરતાથી પૂછ્યું:–"કેમ શું થયું છે ?

ત્હારું મુખમંડળ આજે નિસ્તેજ કેમ દેખાય છે? કહે કહે, શાથી ત્હારો અંતરાત્મા દુભાય છે?"

કિશોરી કશો ઉત્તર આપી શકી નહિ. તેનાં નયનયુગલમાંથી અશ્રુબિંદુઓ સરી પડવા લાગ્યાં. રાજકુમારી મૃગલોચનીએ તેને સ્નેહાલિંગન કરીને કહ્યું:—"સખિ! તું શા માટે રુદન કરે છે? શું થયું છે તે મ્હને કહેવામાં કશી અડચણ છે?"

અંતે કિશોરીએ આત્મસંવરણ કરીને કહ્યું:—"બ્હેન! મહારાણાજીના મુખે મ્હેં એમ સાંભળ્યું છે કે, થોડા દિવસથી જ્યોતિસિંહનો પત્તો લાગતો નથી. તેઓ મહારાણા કનકસિંહના બહુરૂપીઓની પ્રપંચજાળના શિકાર થઇ પડયા છે. હવે રાજકુમાર વીરસિંહજી પણ ભાગ્યે જ અહીં આવી શકશે."

કિશોરીથી વિશેષ બોલી શકાયું નહિ. મૃગલોચની સમજી ગઇ કે, કિશોરી અંતઃકરણપૂર્વક જ્યોતિસિંહને ચ્હાય છે. અને તેથી પોતાને પણ લાભ છે; પરંતુ મૃગલોચનીને જ્યોતિસિંહ અને કિશોરી માટે ઘણો શોક ઉપજ્યો. થોડા સમય સુધી કાંઇ વિચાર કર્યા પછી કિશોરીને ઉદ્દેશીને તેણે કહ્યું:—"તું આવી જ રીતે જ્યોતિસિંહને છોડાવી કે? જો ત્હારાથી કાંઇ ન બની શકે તો હું તેમને છોડાવવાને કોઇ પ્રયત્ન કરું?!"

પુષ્પાવતી ત્યાં બેસીને આ સઘળી હકીકત સાંભળતી હતી. તેણે કહ્યું:—"જો મ્હને આજ્ઞા આપો તો હું જ્યોતિસિંહની શોધ કરવા જઉં."

કિશોરીએ કહ્યું:—"હંજી તું આવું સાહસિક કાર્ય કરવાને લાયક થઇ નથી."

"કેમ મ્હારી લાયકાતમાં શી બાકી રહેલી છે?" પુષ્પાએ સ્મિત મુખે પ્રશ્ન કર્યો.

"તું બહુરૂપીની વિદ્યા અજમાવી શકે છે એ સત્ય છે; પરંતુ એ બદમાશો એટલા બંધા પહોંચેલા છે કે, તું એમની હરિફાઈ કરી શકે તેમ નથી. જે બદમાશોની પ્રપંચજાળમાં જ્યોતિસિંહ જેવા સુચતુર પુરુષ ફસાઇ પડયા છે, તેમની આંખોમાં ધૂળ નાખવી એ કાંઇ સામાન્ય કાર્ય નથી. જો રાજકુમારી મ્હને રજા આપતાં હોય તો હું જ્યોતિસિંહને મુક્ત કરવા જવાને તૈયાર છું." કિશોરીએ કહ્યું.

મૃગલોચનીએ કહ્યું:—"આ કાર્યમાં પણ રજા મેળવવાની આવશ્યક્તા છે કે? જા, ત્હારા પ્રયત્નથી તેઓ મુક્ત થશે તો ત્હારો તેમનાપર હમ્મેશાંને માટે ઉપકાર રહેશે. તું સત્વર આ કાર્યાર્થે પ્રયાણ કર."

કિશોરીએ પુષ્પાવતીને કહ્યું:—"જો પુષ્પા! હું તો જઉં છું; પરંતુ તું ઘણી સાવધાનતા રાખજે; નહિ તો પાછું એક સંકટમાંથી મુક્ત થતાં અન્ય સંકટમાં સપડાવાનો પ્રસંગ આવશે. રાજકુમારીની તું રાત્રિ દિવસ સંભાળ રાખજે. જો તેમનાપર કોઇ પણ પ્રકારનું સંકટ મ્હારી ગેરહાજરીમાં આવશે તો હું કદાપિ ત્હારું મ્હોં સુદ્ધાં નહિ જોઉં."

"આ તરફની તમે લેશ પણ ચિંતા રાખશો નહિ. હું બરાબર હોશિયાર રહીશ." પુષ્પાવતીએ આશ્વાસન આપ્યું.

કિશોરી પોતાની વિદ્યા અજમાવવાનાં સાધનો લઇ જ્યોતિસિંહની શોધમાં નીકળી પડી.

# પ્રકરણું ૧૬ મું.

## મજલિસની મોહિની!

કિશોરી માત્ર સૌંદર્યસંપન્ન અને નિપુણા જ હતી એટલું જ નહિ પરંતુ તે બળવતી પણ હતી. બે ચાર પુરુષો સાથે લઢવું અને તેમને કેદ પુકડવા એ તો તેના માટે એક સામાન્ય કાર્ય હતું. શસ્ત્રવિદ્યાને તે ઘણી સારી રીતે જાણતી હતી. ગાવા બજાવવામાં ઉસ્તાદ, નૃત્ય કરવામાં નિપુણા તેમજ અનેક કળાઓથી તે સંપૂર્ણ પરિચિતા હતી. એવી કોઇ પણ વિદ્યા નહોતી કે જેને કિશોરી ન જાણતી હોય. તેનું અંગ ગૌર હતું. સઘળા અવયવો ઘાટદાર અને સૌંદર્યસંપન્ન હતા. તેની દેહલતા પૂર્ણ યૌવનથી તેજોમયી અને ખીલેલી જણાતી હતી. જ્યારે જ્યારે તેને અંતઃપુરનો ત્યાગ કરી બ્હાર જવું પડતું હતું ત્યારે ત્યારે તે પોતાના સૌન્દર્યને છુપાવી દેવાનો પ્રયત્ન કરતી હતી.

સંધ્યાકાળ પસાર થઇ ગયો હતો. આસમાની આકાશમાં ચંદ્રદેવ ઉદિત થયા હતા. આવા સમયે કિશોરી પોતાના મૂળવેશમાં માર્ગ કાપતી જતી હતી. ત્વરિતગતિથી તે જંગલનો માર્ગ કાપતી હતી. તેની ચાલવાની ગતિ જોઇ ભયને જાણે કે તે સમજતી જ ન હોય એવો ભાસ થતો હતો. પોતાના મનમાં તે જ્યોતિસિંહનું સ્મરણ કર્યા કરતી હતી. પોતે કયું કાર્ય કરવા જાય છે, કયાં જાય છે, કયો રસ્તો છે વગેરેનું તેને જ્ઞાન નહોતું. નેત્રોમાંથી અવિરલ અશ્રુધારાઓની વૃષ્ટિ થયાં કરતી હતી. ઠોકરો ખાતી, અથડાતી, કુટાતી તે ચાલી જતી હતી. નળરાજની શોધમાં નીકળેલી દમયન્તીની

અરણ્યમાં જેવી સ્થિતિ થઇ હતી તેવી જ સ્થિતિ તેની થતી હતી. પગમાં ઠોકરો વાગી, કાંટાઓ ભોકાઇ લોહી નીકળતું હતું. કૃષ્ણકેશ-કલાપ અસ્તવ્યસ્ત થઇ ગયેલો હતો; આમ છતાં તે માર્ગ કાપ્યા કરતી હતી. એવામાં આગળ એક નાળું આવ્યું. કિશોરી એ નાળામાં પડી ગઇ. તેના મસ્તકમાં એક પત્થર વાગવાથી ઘામાંથી લોહી વહેવા લાગ્યું. તેનાં કપડાં લોહીથી ભીંજાઇ ગયાં. હવે જ તેને એ વાર્તાનું સ્મરણ થયું કે, તે જ્યોતિસિંહને છોડાવવા માટે જાય છે. આ વાર્તાનું સ્મરણ થતાં તે સ્વગત કહેવા લાગીઃ—"હે પ્રિયતમ! આ અભાગિનીની વ્યથાની તુલના થઇ શકે તેમ નથી. હે આરાધ્યદેવતા! આ દીન દાસી નિરંતર તમારું જ સ્મરણ કર્યા કરે છે. તમારી મોહનમૂર્ત્તિનું સ્મરણ કરતાં કરતાં હું ક્યાં આવી ચઢી છું તેનું પણ મ્હને જ્ઞાન રહ્યું નથી. હું એમજ ધારું છું કે, મહારાણા કનકસિંહના બહુરૂપીઓ તમને રામગઢ લઇ ગયા હશે. પ્રિયતમ! જ્યારે હું તમને શત્રુઓની પ્રપંચજાળમાંથી મુક્ત કરી શકીશ ત્યારે જ મ્હારા અંતરની વ્યથા ઓછી થશે."

આવો વિચાર કરી કિશોરીએ, પોતે કયા માર્ગે આવી ચઢી હતી તેની તપાસ કરી તો તેને માલૂમ પડયું કે, તે રામગઢ જવાને બદલે જૂદા જ રસ્તે ચઢી ગઇ હતી; તેથી તેણે રામગઢ તરફનો માર્ગ શોધી કાઢી એ માર્ગે આગળ વધવા માંડયું. રામગઢનો માર્ગ શોધી કાઢતાં સુધીમાં મધ્યરાત્રિનો સમય ઉપસ્થિત થયો. આવી રાત્રે કિશોરી એકલી પર્વતપ્રદેશમાં પ્રિયતમનું સ્મરણ કરતી કરતી ત્વરિત-ગતિથી માર્ગ કાપવા લાગી.

જ્યારે પ્રભાતનો સમય થયો, શીતળ સુગંધિત વાયુ સ્વચ્છંદતાથી વહેવા લાગ્યો. પંખીઓ માળામાંથી બ્હાર નીકળી કર્ણપ્રિય

કલરવ કરવા લાગ્યાં. પૂર્વ દિશામાં ભગવાન્ સૂર્યનારાયણનું આગમન પ્રદર્શિત કરતાં તેજોમય રંગબેરંગી કિરણો પ્રકાશવા લાગ્યાં. કમનસીબ કિશોરીએ એક સિપાહીનો વેશ ધારણ કરી લીધો. તેને સ્નાન તથા આહાર કરવાની ચિંતા નહોતી. પ્રિયતમ જ્યોતિસિંહની ચિંતા સમક્ષ તે બીજી સઘળી ચિંતાઓને ભૂલી ગઇ હતી. અંતે બીજે દિવસે સંધ્યાકાળના અરસામાં તે રામગઢ જઇ પહોંચી. જ્યાં સૂધી જ્યોતિસિંહનો પત્તો ન લાગે ત્યાં સુધી અન્ન જળને મુખમાં સ્થાન નહિ આપવાની કિશોરીએ પોતાના મન સાથે પ્રતિજ્ઞા કરી હતી. રામગઢમાં પ્રવેશ કરી તે જ્યોતિસિંહની તપાસ કરવા લાગી. એકાએક તેને એક ચાલાકી સૂઝી આવી; તેથી એક નિર્જન સ્થળે જઇ અઘોરનાથનો વેશ તેણે ધારણ કર્યો, તથા તે ચણ્ડીપ્રસાદ નામના બહુરૂપીને ત્યાં જઇ પહોંચી.

અમે પહેલાં જણાવી ચુક્યા છીએ કે, રામગઢના છ બહુરૂપીઓ પૈકી ચાર બહુરૂપીઓ રત્નગઢ ગયા હતા અને બે રામગઢમાં જ રહ્યા હતા. રામગઢમાં રહેલા બે બહુરૂપીઓનાં નામ બદ્રીનાથ અને ચણ્ડીપ્રસાદ હતાં. ચણ્ડીપ્રસાદે અઘોરનાથને જોઇ તેને પ્રણામ કરીને પૂછ્યું:—"ભાઇ અઘોરનાથ ! આ સમયે કયા શિકારને તમે તમારી જાળમાં સપડાવીને લાવ્યા છો ?"

"આ સમયે તો હું એક પણ શિકારને અહીં લાવ્યો નથી; કિન્તુ પેલો અકબરઅલી અહીં છે કે નહિ ? બે દિવસથી તેનો પત્તો લાગતો નથી." કિશોરીએ પોતાની ચાલાકી ચલાવવા માંડી.

"અકબરઅલી અહીં આવ્યો જ નથી." ચણ્ડીપ્રસાદે યથાર્થ ઉત્તર આપ્યો.

"ત્યારે એને કોણે પકડયો હશે ? રત્નગઢમાં તો આપણી સાથે દુશ્મનાવટ કરે એવો એક પણ બહુરૂપી હવે નથી."

"ત્યાં બીજો કોઇ બહુરૂપી હશે કે કેમ એ સંબંધી ચોક્કસ રીતે હું કંઇ કહી શકતો નથી. માત્ર જ્યોતિસિંહને હું તેના નામથી જાણુતો હતો એ તો કેદ પકડાયો છે. કિલ્લામાં તેને મહારાણીશ્રીની આજ્ઞાથી કેદ કરી રાખવામાં આવ્યો છે." ચણ્ડીપ્રસાદે કહ્યું.

"ફિકર નહિ. ચિંતા કરવાનું પ્રયોજન નથી. હવે હું અકબર-અલીની શોધ કરવા જાઉં છું. હું ધારું છું કે, સત્વર તેનો પત્તો લાગશે." બનાવટી અઘોરનાથે કહ્યું.

આમ કહીને બનાવટી અઘોરનાથ ત્યાંથી રવાના થઇ ગયો. હવે કિશોરીનો જીવ ઠેકાણે આવ્યો. તેની ખાત્રી થઇ ચુકી કે, જ્યોતિસિંહ રાણગઢના કિલ્લામાં છે તથા હવે તેને મુક્ત કરવામાં વિશેષ અડચણ વેઠવી પડશે નહિ.

કિશોરી થોડે દૂર આવેલી સરિતાના તટપર ગઇ. ત્યાં બેસી થોડો આહાર કરી તેણે ક્ષુધાને શાન્ત કરી, તથા તેણે એક ગાયિકાનો વેશ ધારણ કર્યો. કિશોરીને ખૂબસૂરત બનવાની જરૂર નહોતી; તે પોતે એવી સૌન્દર્યવતી હતી કે, સેંકડો સૌન્દર્યવતીઓનું એકત્ર સૌન્દર્ય તેના સૌન્દર્ય સમક્ષ નિસ્તેજ બની જાય! છતાં પોતાને કોઈ પિછાની ન શકે એટલા માટે તેને પોતાનો ચહેરો બદલવો પડયો. જ્યારે તે સર્વ પ્રકારે તૈયાર થઇ ગઇ ત્યારે હાથમાં એક બંસી લઇ, રાજમહાલયની પાછળ આવેલી એક સ્વચ્છ જગ્યાએ જઇને બેઠી, અને એક સુમધુર આકર્ષણીય સંગીત લલકારવા લાગી. સંગીતને એક વખત ગાઇને તે બંસરીમાં ઉતારતી હતી. સંગીત આ પ્રમાણે હતું:—

મોહન ત્હારી સુંદર સુરત નાજુક જીવને જાદુ કરે રે;
કાચા સુતરને તાંતણે તાણી પ્રેમ કેદમાં કેદ પૂરે રે. મોહન૦
ભોળી સુરતમાં ફંદ આ ક્યાંના ધુતારાના ઢંગ;

મંતર જંતર જાદુ સમાવા મદનની ચેલી હું તો બની રે. મોહન૦
આ દિલ બુલબુલ અજબ ખુબીથી લોભ લગાડી બાંધી લીધું રે;
ભુખ્યું તરસ્યું શીદને રીઆવે કહે કાંઇ ત્હારું ખાધું પીધું રે. મોહન૦

(સ્વ. ડાહ્યાભાઇ ઘો. ઝવેરી.)

મધ્યરાત્રિ વીતી ગઇ હતી. મહારાણો કનકસિંહ રાજમહાલયની અગાસીમાં ઉભો રહી રાજરાણી સાથે પ્રેમવિનોદ કરી રહ્યો હતો. એકાએક કિશોરીનું સુમધુર સંગીત તેના સાંભળવામાં આવ્યું. એ સંગીત મહારાણીએ પણ સાંભળ્યું. પતિપત્નીનો પ્રેમવિનોદ આ સંગીતની લહરિયોમાં સમાઇ ગયો. સંગીતસહ બંસરીનો સ્વર સાંભળવામાં આવતાં જ કનકસિંહની તબિયત બેચેન બની ગઇ. તેણે સત્વર એક સેવિકાને બોલાવી એ ગાયિકાને રાજમહાલયમાં બોલાવી લાવવાની આજ્ઞા કરી.

દાસી કિશોરી પાસે ગઇ. કિશોરીનું ત્રિભુવનમોહન સૌંદર્ય જોઇ તે આશ્ચર્યચકિતા બની ગઇ. તેણે કહ્યું:-"સુંદરિ! મહારાણા કનકસિંહજી તમને રાજમહાલયમાં બોલાવે છે. તમારું સંગીત સાંભળી તેઓ મુગ્ધ બની ગયા છે. મ્હને તો એમજ લાગે છે કે, આજે તમારો ભાગ્યોદય થયો છે."

કિશોરી બિલકુલ આનાકાની નહિ કરતાં દાસીની સાથે રાજમહાલયમાં ગઇ. ત્યાં જઇને તે સંગીત ગાવા લાગી. એના સંગીતને સાંભળી મહારાણો કનકસિંહ અત્યંત પ્રસન્ન થઇ ગયો. તે પોતાના અંતરાવેગને રોકી શક્યો નહિ. કિશોરીને દીવાનખાનામાં લઇ જવાની તેણે દાસીને આજ્ઞા કરી.

મહારાણીએ કહ્યું:-"એના કંઠસ્વરપરથી તો એ સ્ત્રી હોય

એમજ લાગે છે; એને અંતઃપુરમાં લઇ જવામાં પણ શી અડચણ છે ?"

"પહેલાં એની સાથે વાતચિત કરી એનો પરિચય જાણવાની જરૂર છે; પછીથી જો તેને અંતઃપુરમાં રાખવી ઠીક લાગશે તો ત્યાં રાખવામાં આવશે." મહારાણીએ કહ્યું.

થોડા સમય પછી કનકસિંહ દીવાનખાનામાં ગયો. કિશોરીએ કનકસિંહને નમન કર્યું. કનકસિંહે જોયું કે, કિશોરીના મનોરમ સૌન્દર્યની તુલના વિશ્વની કોઇ પણ સુંદરીના સૌન્દર્ય સાથે થઇ શકે તેમ નહોતી. એનાં નેત્રો ચંચળ હતાં. બન્ને બાહુ બળવાન્ અને ગૌરવર્ણના હતા. નેત્રોપરની કાળી ભમરો, કામીપુરુષોને માયાની જાળમાં સપડાવવા માટે–ઘાયલ કરવા માટે જાણે કે કામદેવે ફેંકેલા હૃદયવિદારક તીર હોય એવો ભાસ થતો હતો. ઉન્નત સ્તનદ્વય ચોળીના આંકડાઓ સાથે પ્રચંડ યુદ્ધ કરી તેમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરતા હોય એમ લાગતું હતું. બન્ને પગ કદળીસ્તંભ હોય એમ લાગતું હતું. ગાલોપર લાલી છવાઇ રહેલી હતી. કપોળપ્રદેશ વિસ્તિર્ણ હતો. કિશોરીએ કેટલાક મૂલ્યવાન્ અલંકારો પણ પહેર્યા હતા.

મહારાણો કનકસિંહ આ રૂપસૌન્દર્યનું દર્શન કરી મહારાણીને ભૂલી ગયો. તેનું મન અસ્થિર બની ગયું. તેણે પૂછ્યું:–"ગુલેગુલજાર ! ત્હારા વિશ્વને વિમુગ્ધ બનાવી દે એવા રૂપસૌન્દર્યના દર્શનથી હું મહાસત્તાધિશ અનંગરાજને આધીન થઇ ગયો છું. અલબેલી અબળા ! સમસ્ત જગતનું સૌન્દર્ય ત્હારી દેહલતામાં હું જોઇ શકું છું.

ચક્ષુ ચપળ ત્હારાંમહીં હું મદનનું દર્શન કરું,
ઓષ્ઠ સુંદર ચંદ્ર જેવા ચુમીને પીડા હરું;
રસવેલી રસના સાગરે, હું સ્નાન આનંદે કરું,
રસરાજના બાજારમાં, ખરીદી પ્રિયા ! ત્હારી કરું.

પ્રથમ મ્હને કહે કે શું છે ત્હારું નામ અને કયું છે ત્હારું ધામ? પછી પાજે મ્હને પ્રીતિનો જામ અને આ દુઃખી જીગરનું દર્દ હરી લેજે તમામ. જાનેજીગર! ત્હારો પરિચય પામવાને મ્હારો અંતરાત્મા આકુળ વ્યાકુળ બની જાય છે; એક ક્ષણનો પણ વિલંબ એક યુગ જેવો જણાય છે."

"રાજેન્દ્ર! હું અજમેરની રહેવાસી છું. મ્હારું નામ રંભા છે. મ્હારા પિતા ઉસ્તાદ ગવૈયા હતા. તેમની પાસેથી જ મ્હેં સંગીત વિદ્યાનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું છે. હું મ્હારા જીગરથી એક સ્વરૂપસુંદર યુવકને ચ્હાતી હતી; પરંતુ સામાન્ય કારણને લીધે એ યુવક મ્હારો ત્યાગ કરી ચાલ્યો ગયેલો હોવાથી દેશોદેશ રખડી રઝળી હું તેની શોધ કરું છું, અને પ્રત્યેક સ્થળે તેના વિયોગનું સંગીત ગાઉં છું. જુઓ સાંભળો:—

"બંસરી બજાવી ગયો, મોહિની લગાડી ગયો,
મોહન મ્હારો બ્હેની મ્હારી, કહેને કયાં છુપાઇ ગયો?

પ્રેમબાણ રામબાણ કામબાણ મારી ગયો,
હાય રે હૃદય મ્હારું મનહર હરી ગયો! બંસરી

ચુમીને ચુમાવી ગયો, અંતરમાં વસી રહ્યો,
સંગે હસ્યો રમ્યો ફર્યો છતાં કયાં છુપાઇ ગયો? બંસરી

રાજેન્દ્ર! મ્હારા પ્રિયતમ ઉસ્તાદ ગવૈયા છે તેથી કોઇ રાજદરબારમાં તેમણે આશ્રય સ્વીકાર્યો હોય એમ ધારી નિરુપાયે હું વિવિધ રાજદરબારોમાં પણ તેમની શોધ કરું છું."

"સુંદરિ! ત્હારું ગાણું ઘણું મધુર છે. તું કાંઇક ગા. ત્હારું સંગીત સાંભળવાની મ્હારી ઇચ્છા છે." રાણા કનકસિંહે કહ્યું.

"રાજેન્દ્ર ! આપ મ્હારા સંગીતની પ્રશંસા કરો છો તેથી હું આપને અદ્વિતીય પરિક્ષક સમજું છું. વળી તબલા સારંગીના સાજ સિવાય મ્હારી સંગીતનો સંપૂર્ણ આસ્વાદ આપ લઇ શકશો નહિ; તેથી આપ પ્રથમ તેમને અત્રે બોલાવો જેથી હું મ્હારા સંગીતને સંભળાવી આપને આનંદિત કરવાનો પ્રયત્ન કરીશ." કિશોરીએ કહ્યું.

સંગીતની ધૂનમાં ને ધુનમાં મહારાણો કનકસિંહ તેની અનંગ-વ્યથાનું વિસ્મરણ કરી શક્યો. તેણે પ્રહેરેગીરને બોલાવી તબલા તેમજ સારંગીવાળાને હમણાં ને હમણાં પોતાના દરબારમાં હાજર કરવાની આજ્ઞા કરી. પહેરેગીરે તબલચી અને સારંગીવાળાને ગાઢ નિદ્રામાંથી જાગ્રત કરી મહારાણાનો આદેશ તેમને કહી સંભળાવ્યો. તેઓ લાચારીથી મહારાણા કનકસિંહના દિવાનખાનામાં હાજર થયા. ત્યાં આગળ રૂપસુંદરી કિશોરીનું દર્શન કરી તેઓ કાંઇક પ્રસન્ન થયા. ધીમે ધીમે વાતચિત કરતાં તેઓ ખીલ્યા. કિશોરીએ સંગીતનો આરંભ કર્યો. રાત્રિનો સમય હતો. તબલા સારંગી સાથે સંગીત ગવાતું હતું તેથી મહારાણો કનકસિંહ તો કિશોરીપર અત્યંત પ્રસન્ન થઇ ગયો. તબલચી અને સારંગીવાળા સુદ્ધાં દંગ થઇ ગયા. તેમને પણ પોતાના જ્ઞાનનો આજે સંપૂર્ણ ઉપયોગ કરવો પડયો. અંતે સંગીત સમાપ્ત થયા પછી કિશોરીએ નમ્રસ્વરે કનકસિંહને ઉદ્દેશીને કહ્યું:—

"મહારાજ ! હવે પ્રભાતકાળ થયો છે. ગઈ કાલની હું શ્રમિતા થઇ ગયેલી છું; કેમ કે હું ઘણે દૂરથી આપની રાજધાનીમાં આવી ચઢી છું; માટે જો આજ્ઞા આપો તો હું હવે વિશ્રાંતિ લેવા વિદાય થઉં ?"

આ વચનો સાંભળી કનકસિંહ ચમકી ઉઠયો. તેમણે જોયું તો ખરેખર પ્રભાતકાળ થયો હતો. પોતાના કંઠમાંથી મૂલ્યવાન્ મોતીની માળા બહાર કાઢી કિશોરીને ઇનામમાં આપીને તેણે કહ્યું:–" સુંદરિ!

મ્હારા કંઠનું સંગીત સાંભળવાનો સુયોગ હમ્મેશાં મ્હને પ્રાપ્ત થાય એમ જ હું ઇચ્છું છું. તું હમણાં અહીં જ રહેઃ તું અહીં સુખમાં રહી શકે એવી વ્યવસ્થા હું તને કરી આપીશ."

"આપનો જ્યારે આટલો બધો આગ્રહ છે ત્યારે પછી અહીં રહેવાનાં મ્હને કશી અડચણ નથી." કિશોરીએ નમ્રતાયુક્ત ઉત્તર આપ્યો.

પોતાના અનુચરોને કનકસિંહે રંભાના નિવાસસ્થાનની વ્યવસ્થા કરી આપવાની આજ્ઞા કરી, તથા તે દિવસે રાત્રે મજલિસ કરવાનો નિશ્ચય કર્યો.

રંભાને એક સુંદર મકાન સ્વાધીન કરવામાં આવ્યું કે, જેમાં સર્વ પ્રકારનાં સાધનો તૈયાર હતાં.

રાત્રે મજલિસ હતી. સારા સારા અગ્રગણ્ય પુરુષો એકત્ર થયા. કિશોરી પણ હાજર થઇ. કનકસિંહને નમન કરી તે પોતાના આસનપર બેઠી. મજલિસમાં આવેલી પ્રત્યેક વ્યક્તિની દૃષ્ટિ કિશોરીના સ્વર્ગીય મુખમંડળ તરફ હતી. કોઇ કોઇ પુરુષ તો પાસે બેઠેલા પુરુષને ઉદ્દેશીને કહેતો હતો કે, "વાહ ! કેવી ખૂબસૂરત સુંદરી છે ! આવી સૌંદર્યમયી સુંદરી તો આજ સુધીમાં કદાપિ જોવામાં આવી નથી."

યથા સમયે કિશોરીએ સંગીત ગાવાની શુરુઆત કરી. એક સંગીત ગાઇ રહ્યા પછી મહારાણાને ઉદ્દેશીને કમનીય કંઠે તેણે કહ્યુંઃ—
"એક વખતે મ્હેં વિજયગઢના મહારાણા દેવીસિંહના દરબારમાં મુજરો કર્યો હતો. એ દિવસે સંગીતનો જેવો રંગ આવ્યો હતો તેના જેવો રંગ અન્ય એક પણ પ્રસંગે આવ્યો નથી. મહારાણા દેવીસિંહના દીવાન અજીતસિંહના પુત્ર જ્યોતિસિંહે મ્હારા અવાજની સાથે મેળવીને એવી ઉત્તમ બીન વગાડી હતી કે અદ્યાપિ એ પ્રસંગ મ્હારાં અંતર્ચક્ષુ સમક્ષ ઉપસ્થિત થયા કરે છે. તે દિવસની મજલિસનું જીવનપર્યંત

હું વિસ્મરણ કરી શકું તેમ નથી. ચાર પાંચ દિવસપર હું પુનઃ વિજયગઢ ગઇ હતી. ત્યાં જતાં મ્હને એમ માલૂમ પડયું કે, જ્યોતિ-સિંહ ત્યાંથી ગૂમ થઇ ગયો છે; તેથી હું પણ ત્યાં નહિ રોકાતાં આ તરફ ચાલી આવી."

આટલું બોલીને કિશોરીએ મૌન ધારણ કર્યું. મહારાણો કનક-સિંહ તો તેનાપર અત્યંત પ્રસન્ન થઇ ગયો હતો. તેણે હર્ષસૂચક સ્વરે કહ્યું:—"હમણાં જ્યોતિસિંહ અત્રે કેદખાનામાં પડેલો છે; કિન્તુ મુશ્કેલીની વાત એ છે કે હું તેને મુક્ત કરી શકું તેમ નથી અને કેદીની હાલતમાં તે બીન બજાવનાર નથી."

કિશોરીએ કહ્યું:—"રાજેન્દ્ર! જો એ મ્હારું નામ સાંભળશે તો બીન બજાવવાને અવશ્ય સંમત થશે. વળી હું કહું તે પ્રમાણે તેને અત્રે હાજર કરવામાં આવશે તો તે પ્રસન્નતાપૂર્વક બીન બજાવશે."

"ત્યારે તું કહે તેવી રીતે હું તેને અત્રે બોલાવવાને તૈયાર છું." કનકસિંહે સંમતિ દર્શાવી.

"એને બોલાવી લાવવા માટે આપ બ્રાહ્મણને મોકલો. એ બ્રાહ્મણની ઉમ્મર વીશ વર્ષથી વિશેષ હોવી જોઇએ નહિ. બીજી વાત એ છે કે, એને જ્યારે અહીં લાવવામાં આવે ત્યારે પેલા બ્રા-હ્મણ છોકરા સિવાય બીજો એક પણ માણસ તેની સાથે આવે નહિ. વળી જો એ કદાચ પલાયન કરી જાય એવો તમારા અંતરમાં સં-શય હોય તો તમે તેના પગોમાંની બેડી રહેવા દેજો બીજી વાત એ છે કે, બીન ઘણી ઉત્તમ હોવી જોઇએ." કિશોરીએ કહ્યું.

કનકસિંહે મજલિસમાં આવેલા 'રામચંદ્ર નામના એક બ્રાહ્મણ છોકરાને, જ્યોતિસિંહને મજલિસમાં લઇ આવવાની આજ્ઞા કરી. પછીથી

મીર મુન્શીને એવી આજ્ઞા કરવામાં આવી કે, 'જ્યોતિસિંહને અહીં એકલો આવતાં કોઇ અટકાવે નહિ એવી પહેરેગીરોને તમે સૂચના કરી દો. તેના પગોમાં માત્ર એક બેડી રહેવા દે જો.'.

આજ્ઞા થતાં જ રામકૃષ્ણ જ્યોતિસિંહને તેડી લાવવા ચાલ્યો ગયો, તથા મીર મુન્શીએ પણ પહેરેગીરો પાસે જઇ તેમને મહારાણીની આજ્ઞા કહી સંભળાવી. જ્યોતિસિંહને મજલિસમાં એકલો જતાં કોઇએ અટકાવ્યો નહિ. આ સર્વ પ્રકાર ઉપરથી જ્યોતિસિંહે પોતાના અંતરમાં એવો ચોક્કસ વિચાર કર્યો કે, તેને બંધનમુક્ત કરવા માટે તેનો કોઇ દિલોજાન દોસ્ત અવશ્ય આવેલો હોવો જોઇએ. પ્રસન્નતા-પૂર્વક જ્યોતિસિંહ રામકૃષ્ણ સાથે રવાના થયો. જ્યારે તે મજલિસમાં આવી પહોંચ્યો ત્યારે તેણે ઘણો આશ્ચર્યજનક તમાશો જોયો. મજ-લિસમાં બેઠેલી કિશોરી પોતાના તરફ એકાગ્રદષ્ટિથી જોઇ રહી છે એમ અલ્પકાળમાં જ તે સમજી શક્યો. જ્યોતિસિંહ જ્યારે મજલિ-સમાં ઉપસ્થિત થયો ત્યારે રંભા નામધારિણી કિશોરીએ આનંદ સૂચક સ્વરે કહ્યું:—"પધારો જ્યોતિસિંહ! આપની પૂર્વ પરિચિતા રંભા ક્યારનીય આપની રાહ જોઇ રહી છે. જે બીન આપે વિજય-ગઢમાં બજાવી હતી તે બીનને આ જન્મમાં હું ભૂલી શકું તેમ નથી."

આમ કહીને કિશોરીએ જ્યોતિસિંહ તરફ બે ત્રણ વખત ગુપ્ત નેત્રસંકેત કર્યા. જ્યોતિસિંહ કિશોરીને ઓળખી ગયો. તેણે કહ્યું:—"રંભાસુંદરી! પુનઃ તમે આવી પહોંચ્યાં કે શું? જો મ્હારી સ્હામે મૃત્યુ આવે તો પણ હું તમારી સાથે બીન બજાવીને મરણને શરણ થઉં એવી જ મ્હારી મહત્વાકાંક્ષા છે; કેમ કે તમારા જેવી ગાયિકા બીજી એક પણ મ્હારા જોવામાં આવી નથી."

જ્યોતિસિંહ અને કિશોરીની વાતચિત સાંભળતાં કનકસિંહને

અતિ આશ્ચર્ય ઉપજ્યું! પરંતુ તેના અંતરમાં એવી ધૂન ભરાઇ ગઇ હતી કે, ક્યારે રંભા સંગીત લલકારે અને જ્યોતિસિંહ બીન બજાવે!

એક અત્યુત્તમ બીન જ્યોતિસિંહને આપવામાં આવી. તેણે બીન બજાવવા માંડી. કિશોરી ગાવા લાગી. કર્ણપ્રિય બીન સાથે કિશોરીનું આકર્ષણીય સંગીત ગવાતું સાંભળી કનકસિંહ તો અત્યંત પ્રસન્ન થઇ ગયો. મજલિસમાં આવેલા સર્વે લોકો લટ્ટુ બની ગયા.

એક જ સંગીત ગવાયા પછી જ્યોતિસિંહે બીન નીચે મૂકી દીધી કનકસિંહે કહ્યું:-"બીન મૂકી કેમ દીધી? બજાવોને!"

જ્યોતિસિંહે કહ્યુ:-"હું રોજ એકજ ગત કિંવા બોલ બજાવું છું. જો આપને સાંભળવાનો શૉખ હોય તો કાલે બીજી ગત સાંભળજો."

"મહારાજ! એમનામાં આજ એબ છે. તેઓ એક ઉપરાંત બીજી ગત બજાવતા જ નથી." કિશોરીએ જ્યોતિસિંહના ઉત્તરનું સમર્થન કર્યું.

કનકસિંહ વિચારવા લાગ્યો કે, "આ કોઇ વિચિત્ર પુરુષ છે. આમ કરવાથી એને શો લાભ થતો હશે?"

રંભાએ પણ પોતાનું સંગીત ગાવાનું બંધ કર્યું. મહારાણા કનકસિંહે ઘણા જ અફસોસથી મજલિસ બરખાસ્ત કરી. જ્યોતિસિંહને રામકૃષ્ણ સાથે પુનઃ જેલમાં મોકલવામાં આવ્યો. કનકસિંહના અંતરમાં તો એમજ થવા લાગ્યું કે, જ્યોતિસિંહની બીનની સાથે હમ્મેશાં રંભાનું સંગીત સાંભળવું.

પુનઃ બીજે દિવસે પણ મજલિસ થઇ અને પેલા રામકૃષ્ણ સાથે જ્યોતિસિંહને મજલિસમાં બોલાવવામાં આવ્યો. તે દિવસે પણ એક ગત વગાડીને જ્યોતિસિંહે બીન મૂકી દીધી; છતાં કનકસિંહનું

મન બરાબર સંતુષ્ટ થયું નહિ. તેણે પુનઃ બીજે દિવસે મજલિસ ભરવાની આજ્ઞા કરી. બીજે દિવસે સર્વ લોકો નિયત-સમય પૂર્વે જ આવીને મજલિસમાં યથાસ્થાને ગોઠવાઇ ગયા; પરંતુ કિશોરી મજલિસના સમયને એક કલાકનો વિલંબ હતો એ વખતે રામકૃષ્ણનું સ્વરૂપ કિંવા વેશ ધારણ કરીને કેદખાનામાં જઇ પહોંચી, તથા તેણે પહેરેગીરોને ઉદ્દેશીને કહ્યું:—"જ્યોતિસિંહને મ્હારે સ્વાધીન કરો." પહેરેગીરો જાણતા હતા કે, રામકૃષ્ણ એકલો જ હમ્મેશાં જ્યોતિસિંહને મજલિસમાં લઇ જાય છે; તેથી તેમણે તાળું ઉઘાડી જ્યોતિસિંહને બ્હાર કાઢ્યો, તથા તેના પગોમાં બેડી નાખી; તેમણે તેને બનાવટી રામકૃષ્ણને સ્વાધીન કર્યો. બનાવટી રામકૃષ્ણ તેને સાથે લઇને ત્વરિતગતિથી ત્યાંથી ચાલ્યો ગયો. થોડે દૂર જઇ રામકૃષ્ણે જ્યોતિસિંહના પગોમાંની બેડી કાઢી નાખી, અને તેમણે બન્નેએ જંગલના માર્ગે આગળ વધવા માંડ્યું. આવી રીતે અરણ્યમાં થોડે દૂર ગયા પછી કિશોરીએ પોતાનો મૂળ વેશ ધારણ કર્યો ત્યારે જ્યોતિસિંહ તેની પુષ્કળ પ્રશંસા કરવા લાગ્યો. ઉત્તરમાં કિશોરીએ કહ્યું:—"જ્યોતિસિંહ! તમે મ્હને લજ્જિતા ન કરો. હું મ્હને પોતાને તમારા જેટલી ચાલાક સમજતી નથી. તમને છોડાવવાની મ્હને કશી ગરજ નહોતી; માત્ર રાજનન્દિની મૃગલોચનીના આગ્રહથી હું તમને મુક્ત કરવા આવી હતી!"

જ્યોતિસિંહે કહ્યું:—"ઠીક છે, તને મ્હારી ગરજ ક્યાંથી હોય? મ્હને ત્હારી ગરજ છે તેથી જ મ્હારે ત્હારી સાથે બેસીને બીન બજાવવી પડી છે. જે કામ મ્હારા બાપદાદાએ નહોતું કર્યું તે કામ મ્હારે કરવું પડ્યું છે."

આ વચનો સાંભળી કિશોરી હસી પડી. તેણે કહ્યું:—"બસ મા

કરો. હવેથી આમ બોલશો નહિ. હવે કહો જોઇએ કે, આપણે અહીંથી ગુપચૂપ ચાલ્યાં જઇશું કે મહારાણા કનકસિંહને કોઇ ચમત્કાર બતાવતાં જઇશું. તેને આપણે કાંઇ ચમત્કાર તો બતાવવો જ જોઇએ." અંતે આપસ આપસમાં ઘણો વિચાર કરી બન્ને જણાં એક નિશ્ચયપર આવ્યાં, તથા પોતાનું નિશ્ચિત કાર્ય સિદ્ધ કરવાના ઉદ્દેશથી તેઓ બન્ને જણાં એક બીજા ઘોર જંગલમાં ગયાં.

## પ્રકરણ ૧૭ મું.

### કેદમાંથી છુટકારો.

હવે આપણે મહારાણા કનકસિંહની મજલિસની કેવી સ્થિતિ થઇ તે જોઇએ. યથા સમયે કનકસિંહ મજલિસમાં આવી પહોંચી પોતાના મૂલ્યવાન્ આસનપર બેઠો. જ્યારે રંભાસ્વરૂપિણી કિશોરીના આગમનમાં વિલંબ થવા લાગ્યો ત્યારે કનકસિંહે રંભાને બોલાવી લાવવા માટે એક ચોપદારને મોકલ્યો અને જ્યોતિસિંહને બોલાવી લાવવા માટે રામકૃષ્ણને મોકલ્યો. થોડા સમય પછી ચોપદારે આવી નમ્રતાથી કહ્યું:—" મહારાજ! રંભાસુંદરી તો તેમના મકાનમાં નથી, તેમજ અન્ય કોઇ સ્થળે તેમનો પત્તો સુદ્ધાં લાગતો નથી!"

આ હકીકત સાંભળી કનકસિંહ અત્યાશ્ચર્ય પામ્યો, તથા તેણે ઘણા માણસોને રંભાની શોધમાં મોકલવાની આજ્ઞા કરી. એવામાં રામકૃષ્ણે આવીને બીજા સમાચાર કહી સંભળાવ્યા કે, 'જેલમાં જ્યોતિસિંહ નથી!' હવે કનકસિંહના હોશ ઉડી ગયા. આખી મજલિસમાં બેઠેલા લોકો ઘણા વિસ્મિત બની ગયા. સર્વને એમજ લાગ્યું

કે, એક ઉસ્તાદ ગાયિકા આવી સર્વને બેવકૂફ બનાવીને ચાલી ગઇ!

બદ્રીનાથ અને ચણ્ડીપ્રસાદે કનકસિંહને એમ કહ્યું કે, "રાજેન્દ્ર! અમને તો એમજ લાગે છે કે, કોઇ બહુરૂપી આવીને જ્યોતિસિંહને છોડાવી ગયો છે."

કનકસિંહે કહ્યું:–"ઠીક છે. એણે પોતાનું કામ ઘણી ચતુરાઇથી કર્યું છે. વળી તમે બન્ને બહુરૂપીઓ મજલિસમાં હાજર હતા; છતાં તમારી અક્કલપર પત્થર પડયા હતા કે તમે તેને ન ઓળખી શકયા! ધિક્કાર છે તમારા જેવા કમઅકકલ બહુરૂપીઓને!"

આમ કહી ક્રોધમાં ને ક્રોધમાં જ મહારાણો કનકસિંહ મજલિસમાંથી ઉઠી મહેલમાં ચાલ્યો ગયો. જે લોકો મજલિસમાં આવ્યા હતા તેમણે પોતપોતાના ઘરનો રસ્તો લીધો. આ વાર્ત્તા અલ્પકાળમાંજ સમસ્ત નગરમાં જાહિર થઇ ગઇ. નગરમાં સર્વત્ર આ વાર્ત્તા સંબંધીની જ ચર્ચા ચાલવા લાગી.

બીજે દિવસે પણ મહારાણો કનકસિંહ જ્યારે દરબારમાં ઉપસ્થિત થયો ત્યારે પણ તેનો ક્રોધ ઓછો થયો નહોતો. એક ચોપદારે તેની પાસે આવી બન્ને હાથ જોડીને નમ્રતાથી કહ્યું:–"મહારાજ! જે ગાયિકા અત્રે આવી હતી તે સ્ત્રી જ હતી. એ રામકૃષ્ણનો વેશ ધારણ કરીને જ જ્યોતિસિંહને છોડાવી ગઇ છે. મ્હેં એમને બન્નેને × × × જંગલમાં જતાં જોયાં છે.

આ ખુલાસો સાંભળવામાં આવતાં કનકસિંહ વિશેષ આશ્ચર્ય પામ્યો. તેમને જંગલમાંથી પકડી લાવવાની તેણે પુષ્કળ માણસોને આજ્ઞા કરી. ચોપદારે કહ્યું:–"મહારાજ! આવી રીતે એ લોકોને કેદ પકડી શકાશે નહિ–તેઓ યુક્તિ પ્રયુક્તિથી પલાયન કરી જશે. જો બદ્રીનાથ અને ચણ્ડીપ્રસાદ મ્હારી સાથે આવે તો હું તેમને દૂરથી

એ બન્ને જણું બતાવી દઇશ. જો બદ્રીનાથ અને ચણ્ડીપ્રસાદ કોઇ ચાલાકી કરીને તેમને કેદ પકડશે તો જ તેઓ પકડાશે."

આ વાતને સમંત થઇને કનકસિંહે પોતાના બન્ને બહુરૂપીઓને ચોપદાર સાથે જવાની આજ્ઞા કરી. થોડા સમયમાં જ ચોપદાર એ બન્ને બહુરૂપીઓને ઉપરોક્ત અરણ્યમાં લઇ ગયો. ત્યાં જતાં એકકે માણસ જોવામાં આવ્યું નહિ. તેથી ચણ્ડીપ્રસાદે ચોપદારને પૂછ્યું:—"હવે આપણે તેમની ક્યાં શોધ કરીશું?"

"તેઓ આટલામાં જ કોઇ સ્થળે હશે." ચોપદારે કહ્યું.

ત્યારે તમે આગળ આગળ ચાલો; આપણે તેમની પૂરતી તપાસ કરીએ." ચણ્ડીપ્રસાદે કહ્યું.

એ લોકો આજૂબાજૂ તપાસ કરવા લાગ્યા. એવામાં એક ગોવાળણ માથાપર મટુકીમાં દૂધ લઇને આવતી હતી તેને ચોપદારે પોતાની પાસે બોલાવીને પૂછ્યું:—"આટલામાં ત્હેં એક સ્ત્રી અને એક પુરુષને સાથે જતાં જોયાં છે ?"

ગોવાળણે કહ્યું:—"હા, સ્હામેના જંગલમાં મ્હારું રહેઠાણ છે. તેમાં મ્હારી ઘણી ગાયો તથા ભેંસો રહે છે. હમણાં જ મ્હેં એ બન્ને જણાંને બે પૈસાનું દૂધ વેચાતું આપ્યું છે. બીજું બધું દૂધ લઇ હું શહેરમા વેચવાને જઉં છું."

આ હકીકત સાંભળી ચોપદાર એ ગોવાળણને ચાર પૈસા ઇનામ તરીકે આપવા લાગ્યો. એ પૈસાનો અસ્વીકાર કરીને ગોવાળણે કહ્યું:—"આપના પૈસા હું મફત લેવાને ઇચ્છતી નથી. જો આપની ઇચ્છા હોય તો મ્હારી મટુકીમાં જે ચાર પૈસાનું દૂધ રહેલું છે તે તમે ખરીદી લ્યો; જેથી મ્હારો શહેરમાં જવાનો ધક્કો ઉગરશે."

"ત્હારૂં દૂધ ખરીદી લેવાને અમને કશી અડચણ નથી. તું ત્હારી મટુકી નીચે મૂકી દે." ચોપદારે આ પ્રમાણે કહ્યું એટલે ગોવાળણ દૂધની મટુકી નીચે ઉતારી દૂધ આપવા લાગી. ચોપદારે પુષ્કળ દૂધ પીધું; પછીથી તેણે પોતાની સાથેના બહુરૂપીઓને ઉદ્દેશીને કહ્યું:—"વાહ, ઘણું ઉત્તમ દૂધ છે. શાહેરનું દૂધ તો આપ રોજ પીઓ છો; પરંતુ આ દૂધની મજા તો લઇ જુઓ."

ચોપદારના આગ્રહથી એ બન્ને બહુરૂપીઓએ પણ દૂધ પીધું તથા તેમણે એ ગોવાળણને ચાર પૈસા આપી દીધા. પછીથી તેઓ ત્રણે જણા જ્યોતિસિંહને શોધવા લાગ્યા. થોડે દૂર જતાં જ ચોપદારે કહ્યું:—"કોણ જાણે કે શાથી મ્હારું મસ્તિષ્ક ભમે છે!"

"મ્હારી પણ એવીજ સ્થિતિ છે." ચણ્ડીપ્રસાદે કહ્યું.

બદ્રીનાથ પણ કાંઇ બોલવા જતો હતો એવામાં તે બેહોશ બની પૃથ્વી પર પડી ગયો. ગોવાળણ કાંઇ દૂર ગઇ નહોતી. ત્રણેને બેહોશ બની પડી જતા જોઇ તે તેમની પાસે આવી તથા તેણે એક પ્રકારનું ઔષધ સુંઘાડીને ચોપદારને શુદ્ધિમાં આણ્યો. આ ચોપદાર જ્યોતિસિંહ હતો. જ્યારે તે શુદ્ધિમાં આવ્યો ત્યારે તેણે પોતાનો અસલ વેશ ધારણ કર્યો, તથા રામગઢના બન્ને બહુરૂપીઓને મુશ્કેટાટ બાંધી તેઓમાંના એક જણને કિશોરીએ અને બીજાને જ્યોતિસિંહે ઉપાડી લીધો. પછીથી તેમણે બન્નેએ વિજયગઢ તરફ જવા માંડ્યું.

# પ્રકરણ ૧૮ મું.

## પુષ્પાવતીની કાર્યપ્રવીણતા.

જ્યોતિસિંહને છોડાવવા માટે કિશોરી જ્યારે રામગઢ ગઇ ત્યારે પુષ્પાવતીએ વિચાર્યું કે, "અહીં ઘણા બહુરૂપીઓ આવેલાં છે, તથા હાલ હું એકલી જ અહીં છું તેથી કદાચ સંકટમાં ફસાઇ પડાય એવો સંભવ છે. હવે મ્હારે એવી યુક્તિ કરવી જોઇએ કે, જેથી બહુરૂપીઓનો બિલકુલ ભય રહે નહિ, અને રાત્રે પણ નિશ્ચિંત જીવે વિશ્રાંતિ લઇ શકાય." આવો વિચાર કરીને પુષ્પાવતીએ એક પ્રકારનો મશાલો તૈયાર કર્યો.

રાત્રે જ્યારે રાજનન્દિની મૃગલોચની પોતાના શયનભુવનમાં જઇ પલંગપર સૂઇ રહી, અને બીજાં સર્વ માણસોએ શય્યાનો આશ્રય સ્વીકાર્યો ત્યારે પુષ્પાવતીએ એ મશાલાને પાણીમાં ઘોળીને જે ઠેકાણે મૃગલોચની સૂઇ રહી હતી તે સ્થળે પ્રવેશદ્વાર પાસે બે ગજ જેટલો લેપ પૃથ્વીપર કર્યો. પછીથી નિશ્ચિંત થઇને તે રાજકુમારીના પલંગ નીચે જઇને સૂઇ રહી.

આ મશાલામાં એવો ગુણ હતો કે, જમીનપર એનો લેપ કરવામાં આવ્યો હોય અને તે સુકાઇ ગયો હોય ત્યાર પછી જો કોઇ પણ માણસનો પગ તેનાપર પડે તો ઘણા જોરથી એક અવાજ થાય, તથા પગ મૂકનારને એમ માલુમ પણ ન પડે કે, એ સ્થળે કોઇએ લેપ કરેલો છે.

રાત્રે પુષ્પાવતી નિશ્ચિંત જીવથી સૂઇ રહી. એ રાત્રે કોઇ પણ માણસ રાજનન્દિનીના શયનભુવનમાં આવ્યું નહિ. સ્હવારે પુષ્પાવતીએ

પાણીથી એ લેપ ધોઇ નાખ્યો. વળી બીજે દિવસે તેણે નવી ચાલાકી કરી. તેણે એક માટીની ખોપરી બનાવી. વિવિધ રંગોથી એ ખોપરી રંગીને બરાબર રાજનન્દિનીની ખોપરી જેવી જ બનાવી. પછીથી જે પલંગપર રાજકુમારી સૂઇ રહેતી હતી એ પલંગપર તકિયાની સહાયતાથી એ ખોપરી ગોઠવી ધડની જગ્યાએ કેટલાંક કપડાં રાખીને એક હલકી ચાદર તેનાપર ઓઢાડી દીધી; પરંતુ તેણે ખોપરીનું મ્હોં ખુલ્લું રાખ્યું અને પલંગની આસપાસ ગઇ કાલવાળો લેપ કરી દીધો. આ કાર્ય કરી રહ્યા પછી તેણે મૃગલોચનીને એ રાત્રે અન્ય શયનગૃહમાં સૂઇ રહેવા કહ્યું. મૃગલોચની સમજી જઇ બીજા શયનગૃહમાં જઇને સૂઇ રહી. જે શયનગૃહમાં મૃગલોચની સૂઇ રહી એ શયનગૃહના દ્વાર-પર પણ તેણે લેપ કરી દીધો, તથા જે શયનગૃહમાં તેણે ખોપરી મૂકી હતી તેની પાસે એક ઓરડી હતી એ ઓરડીમાં તે સૂઇ રહી.

મધ્યરાત્રિ વીતિ ગયા પછી જે શયનગૃહમાં તેણે ખોપરી ગોઠવી હતી એ શયનગૃહમાં એક મ્હોટો અવાજ થયો. એ અવાજ સાંભળવામાં આવતાં જ પુષ્પાવતી ઉઠી ઉભી થઇ, અને તેણે ત્વરિતગતિથી ત્યાં જઇ એ શયનગૃહના દ્વારને બ્હારથી બંધ કરી દીધું. પછીથી ઉચ્ચ સ્વરે તે બૂમો પાડવા લાગી. પુષ્પાવતીની બૂમો સાંભળી ઘણી દાસીઓ ત્યાં આવી ચઢી, તથા એક દાસીએ મહારાણા જયસિંહ પાસે જઇને એવી ખબર આપી કે, “ મૃગલોચનીની બ્હેનના શયનગૃહમાં ચોર પેઠેલો છે.” આ સમાચાર સાંભળી મહારાણો જયસિંહ પણ દોડી આવ્યો, તથા તેણે થોડા સિપાહીઓને મહેલની આસપાસ પહેરા-પર નિયુક્ત કર્યા. પછીથી શયનગૃહનું દ્વાર ઉઘાડવામાં આવ્યું તો કપટશંકર અને અઘોરનાથ સર્વની નજરે પડયા. ઘણા સિપાહીઓએ તેમને પકડવાને અંદર પ્રવેશ કર્યો. એ બન્ને બહુરૂપીઓ પણ ખંજર

મ્હાર કાઢી પોતાને પકડવા આવનાર સિપાહીઓપર તૂટી પડયા. ચાર પાંચ સિપાહીઓને જખ્મી કર્યા પછી તેઓ બન્ને કેદ પકડાયા. મહારાણા જયસિંહે એમને સખ્ત કેદમાં રાખવાની આજ્ઞા કરી, તથા પુષ્પાવતીને સઘળી હકીકત પૂછી. તેણે પોતાની સઘળી હકીકત કહી સંભળાવી. જયસિંહ અત્યંત પ્રસન્ન થયો, તથા તેણે પુષ્પાવતીને યથોચિત ઇનામ આપીને પૂછ્યું:–" કિશોરી કયાં છે? "

" તે બિમાર છે." પુષ્પાવતીએ અસત્ય ઉત્તર આપ્યો. જયસિંહે તત્સંબંધી તેને વિશેષ કાંઇ પૂછ્યું નહિ.

સ્હવારે દરબારમાં મહારાણા જયસિંહે ઉપર્યુક્ત બન્ને બહુરૂપીઓને બોલાવ્યા. કારાધ્યક્ષે અલ્પકાળમાં જ તેમને દરબારમાં હાજર કર્યા. જયસિંહે તેમને પૂછ્યું:–" તમારાં નામ શાં છે? "

" શિરતોડસિંહ. " અઘોરનાથે ઉચ્છૃંખલતાસૂચક ઉત્તર આપ્યો.

આવો ઉચ્છૃંખલ ઉત્તર સાંભળવામાં આવતાં રાણા જયસિંહના મનમાં તેનાપર અત્યંત ક્રોધ ઉપજ્યો. તેણે કહ્યું:–" આ બન્ને જણા ઘણા બદમાશ છે. એમના અંતરમાં સહજ પણ ભય ઉપજતો નથી. ઠીક છે, હમણાં એમને લઇ જઇ પૂરતા બંદોબસ્ત સાથે સખ્ત કેદમાં રાખો. "

તરતજ અઘોરનાથ અને કપટશંકરને કેદખાનામાં લઇ જવામાં આવ્યા. પછી મહારાણા જયસિંહે દીવાન હરિસિંહને પૂછ્યું:–" જ્યોતિસિંહનો પત્તો લાગ્યો કે? એમના માટે મ્હારા અંતરમાં ઘણી ચિંતા થયા કરે છે. તેઓ કયાં ગૂમ થઇ ગયા છે એ હું સમજી શકતો નથી. "

હરિસિંહે નમ્રતાથી કહ્યું:–" મહારાજ ! અદ્યાપિ પર્યંત તેમનો પત્તો લાગ્યો નથી. જે એ બહુરૂપીઓ પકડાયા છે તેમને જો સખ્ત

સજા કરવામાં આવે તો કદાચ જ્યોતિસિંહનો પત્તો મળી શકે એમ મ્હને લાગે છે.

મંહારાણાએ કહ્યું:–" એમ કરવાથી જ્યોતિસિંહ નારાજ થાય તેમ છે. બહુરૂપીઓને મારવા એ તેના મતવિરુદ્ધ છે. હજી પણ થોડા દિવસ સુધી તે નહિ આવે તો આપણને જે માર્ગ ઠીક જણાશે તે આપણે સ્વીકારીશું. વળી તમે એક વાર્ત્તા નિરંતર લક્ષ્યમાં રાખજો. એ વાર્ત્તા એજ છે કે, તમે આપણા સૈન્યની સંપૂર્ણ દેખરેખ રાખી યુદ્ધ માટે તૈયાર રહેજો; કેમ કે જો રામગઢાધિપતિ કનકસિંહ આપણા રાજ્ય ઉપર સત્વર ચઢી આવે તો એ સર્વથા સંભવિત છે."

"આ વાર્ત્તા મ્હારા લક્ષ્યમાં જ છે. આ સંબંધી આપને મ્હારે માત્ર એક જ વાત પૂછવાની છે તે હું એકાન્તમાં પૂછીશ." હરિસિંહે કહ્યું,

જ્યારે દરબાર બરખાસ્ત થયો ત્યારે જયસિંહે દીવાન હરિસિંહને એકાન્તમાં બોલાવીને પૂછ્યું:–" તમારે મ્હને શી વાર્ત્તા પૂછવાની છે ?"

" મહારાજ ! જ્યોતિસિંહે મ્હને અનેક વખતે કહ્યું હતું કે, અહીંના સઘળા મુસલ્માનો ક્રૂરસિંહના પક્ષમાં છે. આપણે એમને કમી કરવા જોઇએ; કેમ કે જ્યોતિસિંહનો અભિપ્રાય યથાર્થ હતો એવી મ્હારી પણ ખાત્રી થઇ છે. આ સંબંધી આપને ઠીક લાગે તે આજ્ઞા આ દાસને આપો." હરિસિંહે નમ્રતાપૂર્વક કહ્યું.

જયસિંહે સંમતિ દર્શાવતાં કહ્યું:–" બરાબર છે. હું પોતે જ આ વાત તમને કહેવાની ઇચ્છા રાખતો હતો. હવે તમે જોખમદારીનાં ગંભીર કાર્યોમાંથી ધીમે ધીમે સઘળા મુસલ્માનોને કમી કરી તેમની જગ્યાઓપર વિશ્વાસપાત્ર હિન્દુઓની નિમણુક કરજો."

આમ કહીને મહારાણો જયસિંહ મહેલમાં ચાલ્યો ગયો અને દીવાન હરિસિંહ પોતાના નિવાસસ્થાન તરફ વિદાય થઇ ગયો.

# પ્રકરણ ૧૯ મું.

## શત્રુતાની શુરુઆત.

મહારાણું કનકસિંહે બદ્રીનાથ અને ચણ્ડીપ્રસાદને જ્યોતિસિંહને કેદ પકડી લાવવા માટે મોકલી દરબાર બરખાસ્ત કર્યો, તથા તે મહેલમાં ચાલ્યો ગયો; કિન્તુ રંભાસ્વરૂપિણી કિશોરીનું કોઇ પણ પ્રકારે તે વિસ્મરણ કરી શકયો નહિ. તે દિવસે મહારાણી સાથે પણ તેણે હસીને આનંદવિનોદ કર્યો નહિ; તેથી મહારાણીએ ઉત્સુકતાથી પૂછ્યું:–"સ્વામિન્! આપના મુખમંડળપર આજે ચિંતાની છાયા છવાયલી કેમ જોવામાં આવે છે ?"

"કાંઇ નહિ. ઉજાગરાઓ થયેલા હોવાથી જ તું મ્હારા મુખપર સુસ્તી જોઇ શકે છે!" સત્ય કારણ છુપાવીને કનકસિંહે કહ્યું.

"સ્વામિન્! પેલી ગાયિકા આવેલી હતી તેને અંતઃપુરમાં લાવીને તેનું સંગીત અમને સંભળાવવાનો વાયદો કર્યો હતો તેનું શું થયું ?" મહારાણીએ પૂછ્યું.

"એ ગાયિકા અમને સર્વને ઉલ્લુ બનાવીને ચતુરાઇથી પલાયન કરી ગઇ છે; તેથી તમારી ઇચ્છા હું કેવી રીતે પૂર્ણ કરું ?" કનકસિંહે કહ્યું.

આ વાર્ત્તા સાંભળી મહારાણીને અત્યાશ્ચર્ય ઉપજ્યું. તેણે પૂછ્યું:–"શું બન્યું છે તે સ્પષ્ટતાથી કહો તો ખરા ?"

"હમણાં મ્હારો જીવ સ્વસ્થ નહિ હોવાથી હું વિશેષ વાતચિત કરી શકું તેમ નથી." આમ કહી કનકસિંહ ત્યાંથી ઉઠી પોતાના એકાન્ત વિશ્રાન્તિભુવનમાં ચાલ્યો ગયો. ત્યાં બિછાવેલા

પલંગમાં થઇ રહીને તે વિચારવા લાગ્યોઃ—" એ ત્રૈલોક્યસુંદરી રંભા કોણ હતી ? એ સ્ત્રી હતી એમાં તો સહજ પણ સંશય નથી. તે શા માટે જ્યોતિસિંહને છોડાવી ગઇ છે તેનો નિર્ણય હું કરી શકતો નથી. એનો આશક કે જેની તે વાત કહેતી હતી એ જ્યોતિસિંહ તો નહિ હોય ? હાય રંભા ! ત્હેં તો મ્હને ઘાયલ કરી નાખ્યો. ત્હારાં રામબાણ કામબાણથી મ્હારું હૃદય ઘવાઇ ગયું છે. પ્યારી રંભા હવે હું ત્હારી ક્યાં શોધ કરું ? મ્હારા અંતરની આશા હવે શું સફળ નહિ જ થાય કે ?"

દિલની બેચેની અને રંભાના વિચારોથી સમસ્ત રાત્રિ કનકસિંહે જાગરણ કરવામાં જ પસાર કરી.

સ્હવારે દરબારમાં કનકસિંહે, ચણ્ડીપ્રસાદ અને બદ્રિનાથ આવ્યા છે કે નહિ તત્સંબંધી તપાસ કરી. તપાસ કરતાં માલૂમ પડ્યું કે, અદ્યાપિ એ બન્ને બહુરૂપીઓ રામગઢમાં આવ્યા નહોતા. આ પ્રકાર માલૂમ પડતાં જ કનકસિંહને સવિશેષ આશ્ચર્ય ઉપજ્યું. દરબારમાં તે સર્વની અરજીઓ સાંભળતો હતો; પરંતુ તેનું ચિત્ત કિશોરીમાં હતું. એવામાં ભૈરવનાથ, અકબરઅલ્લી, જગન્નાથ જ્યોતિષી અને ક્રૂરસિંહ પર કનકસિંહની નજર પડી. એ લોકો કનકસિંહને નમન કરીને એક બાજૂ બેસી ગયા.

કનકસિંહે ઉત્સુકતાથી તેમને પૂછ્યું:—" અહીં તમે સર્વ ક્યારના આવ્યા છો ? વળી રત્નગઢ જઇને આજ સુધીમાં તમે શું કર્યું છે ?"

ભૈરવનાથે કહ્યું:—" મહારાજાધિરાજ ! કામ તો એ થયું છે કે, જાનકીપ્રસાદને જ્યોતિસિંહે કેદ કરી લીધો છે, તથા અઘોરનાથ અને કપટશંકરને પુષ્પાવતી નામની એક ચતુરા સ્ત્રીએ ઘણી ચાલાકી

અને હોશિયારીથી પકડી લીધા છે. આ સિવાય બીજું કોઇ કાર્ય થયું નથી.”

“ત્યારે અહીં પણ સ્નાનના જ સમાચાર છે. એક ગુલબદન સુંદરી જ્યોતિસિંહને ચાલાકીથી છોડાવી ગઇ છે. એણે કામ તો સજા પામવા જેવું કર્યું છે; પરંતુ અફસોસ કે, એ સ્ત્રી કોણ હતી, કયાંથી આવી હતી એ માલૂમ પડયું નથી. તે જ્યોતિસિંહને છોડાવી ગઇ એટલુંજ નહિ પણ જતાં જતાં બદ્રીનાથ અને ચણ્ડીપ્રસાદને પણ ફસાવી ગઇ હોય એમ લાગે છે. એ બન્ને જણાં ગઇ કાલના તેની શોધમાં ગયા છે; પરંતુ હજી સુધી પાછા આવ્યા નથી. કુંરસિંહને સહાયતા કરતાં મ્હને ઘણું જ નુકસાન થયું છે. હવે તમે લોકો એટલો પત્તો મેળવો કે એ મનમોહિની કામિની કોણ હતી કે, જેણે સંગીતસુધાનું પાન કરાવી મ્હને અસ્થિર બનાવી દીધો હતો, તથા બીજા સઘળા લોકોને લટ્ટુ બનાવી દીધા હતા? એ મોહિનીની આકર્ષણીય સૂરત અદ્યાપિ મ્હારી દૃષ્ટિ સમક્ષ હોય એવો જ મ્હને ભાસ થાય છે.” મહારાણા અસ્વસ્થતાથી કનકસિંહે કહ્યું.

“હુજૂર! એ સુંદરી બીજી કોઇ નહિ પણ રત્નગઢની રાજનન્દિની મૃગલોચનીની પ્રાણાધિકા સખી કિશોરી જ હોવી જોઇએ એવી મ્હારી નમ્ર માન્યતા છે. આ કાર્ય એના સિવાય અન્ય કોઇ કરી શકે એ સર્વથા અસંભવિત છે.” અકબરઅલીએ ભેદનો સ્ફોટ કર્યો.

“ત્યારે શું કિશોરી કરતાં પણ રાજકુમારી મૃગલોચની વિશેષ ખૂબસૂરત છે?” કનકસિંહે ઉત્સુકતાથી પૂછ્યું.

“રાજેન્દ્ર! મૃગલોચનીના સૌન્દર્ય સમક્ષ કિશોરીનું સૌન્દર્ય ચંદ્રના સમક્ષ એક નિસ્તેજ તારાના જેવું છે. આ સમસ્ત જગતમાં જો કોઇ અપૂર્વ સુંદરી હોય તો તે રાજકુમારી મૃગલોચની જ છે.

હમણાં તે યુવાવસ્થાના આરંભમાં આવેલી છે. ઘણા રાજા મહારાજાઓએ અને રાજકુમારોએ તેના હાથની માગણી કરી છે; પરંતુ હજી સૂધી તે અવિવાહિતા રહેલી છે. એ સ્વર્ગનું પારિજાત મેળવવાની વિજયગઢના રાજકુમાર વીરસિંહની મહત્વાકાંક્ષા છે. વળી રાજકુમારીથી ઉતરતી સુંદરી કિશોરી છે. એ જ્યોતિસિંહને ચ્હાય છે તેથી જ અંત્રે આવી તે તેને છોડાવી ગઇ હશે.”

આ સઘળી હકીકત સાંભળી કનકસિંહે કહ્યું:-“ત્યારે તો જ્યાં સૂધી મૃગલોચની અને કિશોરી મ્હારા હાથમાં નહિ આવે ત્યાં સૂધી મ્હને આરામ મળનાર નથી. એ બંન્નેને મ્હારે સ્વાધીન કરવા. માટે હું રાણા જયસિંહને હમણાં જ પત્ર લખવાને ઇચ્છું છું.”

ક્રૂરસિંહે કહ્યું:—“રાજેન્દ્ર! આપનો આ પ્રસ્તાવ જયસિંહ માન્ય કરશે નહિ.”

“તેથી શી ચિંતા છે? જો મ્હારી માગણી એ નાકબૂલ કરશે તો હું જયસિંહના રાજ્ય પર ચઢાઇ કરી તેને પાયમાલ કરીશ અને મ્હારી ઇચ્છા સફળ કરીશ.” આમ કહીને કનકસિંહે મીર મુન્શીને બોલાવ્યો, તથા પોતાના નામથી જયસિંહપર એક પત્ર લખવાની તેણે તેને આજ્ઞા કરી. પત્રમાં તેણે એમ લખાવ્યું કે, “રાજકુમારી મૃગલોચનીનો વિવાહ મ્હારી સાથે કરી તેની સખા કિશોરીને પણ મ્હારી સેવામાં મોકલો.” આવા ભાવાર્થનો પત્ર લખાવી, તેના પર મહારાણાએ મહોર કરીને ભૈરવનાથને આપ્યો અને કહ્યું:-“તમે આ પત્ર લઇ જાઓ. આ કાર્ય તમારાથી જ બનશે.”

કનકસિંહની આજ્ઞા માન્ય કરી ભૈરવનાથ પત્ર લઇ રત્નગઢ તરફ વિદાય થયો.

# પ્રકરણ ૨૦ મું.

## યુદ્ધની તૈયારી.

એક દિવસે દરબારમાં બેસીને મહારાણા જયસિંહ દીવાન હરિસિંહને જ્યોતિસિંહના વર્ત્તમાન પૂછી રહ્યો હતો કે, હજી સુધી તેનો પત્તો લાગ્યો કે નહિ? એવામાં જ જ્યોતિસિંહ પોતાની પીઠ-પર એક મ્હોટી ગાંસડી ઊંચકીને સ્હામેથી આવતો નજરે પડ્યો. દરબારમાં પ્રવેશ કરી મધ્યભાગમાં ગાંસડી ઉતારી મૂકી તેણે જયસિંહને નમન કર્યું. જ્યોતિસિંહને ઉપસ્થિત થયેલો જોઇને જ-યસિંહ અત્યંત પ્રસન્ન થયો, તથા તેણે તેને આસનપર બેસવાનો સંકેત કર્યો. તે આસનપર બેઠો એટલે જયસિંહે જીજ્ઞાસાથી પૂછ્યું:-"કેમ જ્યોતિસિંહજી, આટલા દિવસ સુધી તમે ક્યાં છુપાઇ ગયા હતા, તથા તમે તમારી સાથે આ શું લઇ આવ્યા છો? તમારી ચિંતાથી અમે અડધા થઇ ગયા છીએ. દીવાન અજીતસિંહ પણ ચિંતા કર્યા કરતા હશે; કેમ કે અમે તમારી ત્યાં પણ તપાસ કરાવી હતી."

જ્યોતિસિંહે નમ્રતાપૂર્વક કહ્યું:—"આપનો આ તાબેદાર શત્રુ-ઓની પ્રપંચજાળમાં ફસાઇ પડ્યો હતો. યુક્તિ પ્રયુક્તિથી હું તેમની પ્રપંચજાળનો ભેદ કરી છૂટી આવ્યો છું, અને જે બે બહુરૂપીઓ રામગઢ હતા તેમને મ્હારી સાથે લેતો આવ્યો છું."

આ વચનો સાંભળી જયસિંહ અતિ આનંદિત થયો. તેણે પોતાના હાથપરનું કીમતી કડું જ્યોતિસિંહને ઇનામમાં આપી દઇને કહ્યું:-"અહીં પણ બે બહુરૂપીઓને પુષ્પાવતીએ મહેલમાંથી કેદ પકડ્યા છે. તમે જે બે બહુરૂપીઓને લઇ આવ્યા છો તેમને પણ સત્વર કેદખાનામાં મોકલી દેવા જોઇએ."

પછીથી ગાંસડી છોડવામાં આવી. જ્યોતિસિંહ એ બન્ને બહુરૂપીઓને શુદ્ધિમાં લાવ્યો અને જે ઠેકાણે અઘોરનાથ અને કપટશંકરને કેદ કરી રાખવામાં આવ્યા હતા એ સ્થળે તેમને પણ કેદ કરવામાં આવ્યા.

ત્યાર પછી જ્યોતિસિંહે કહ્યું:—"મહારાજ ! વિજયગઢમાં સર્વને મ્હારી ચિંતા થયા કરતી હશે, માટે જો આપ રજા આપો તો હું જઇને સર્વને મળી સર્વના આત્માનું સમાધાન કરી આવું."

"તમારે ત્યાં જરૂર જવું જ જોઇએ. તમે બેલાશક જાઓ; પરંતુ અત્રે સત્વર પાછા આવી પહોંચજો." જયસિંહે સંમતિ આપી. પછીથી તેણે દીવાન હરિસિંહને ઉદ્દેશીને કહ્યું:–"દીવાનજી, તમે પણ જ્યોતિસિંહ સાથે વિજયગઢ જાઓ અને મહારાણા દેવીસિંહને આપણા તરફની ભેટ અર્પણ કરી પાછા આવજો."

યથા સમયે દીવાન હરિસિંહ અને જ્યોતિસિંહ વિજયગઢ તરફ રવાના થઇ ગયા.

બીજી તરફ કિશોરીને કાર્યસિદ્ધિ કરીને પાછી આવેલી જોઇ મૃગલોચની અતિ આનંદિતા થઇ. તે તેને આલિંગન કરી તેના કુશળ વર્તમાન પૂછવા લાગી. કિશોરીએ સઘળી હકીકત વિસ્તારથી મૃગલોચનીને કહી સંભળાવી. એવામાં પુષ્પાવતી પણ ત્યાં આવી ચઢી અને સખીને સુખરૂપ પાછી આવેલી જોઇ ઘણો હર્ષ પામી. તેને જોઇને પુષ્પાવતીએ કહ્યું:–"સખિ! તું એકલી મનમાં મલકાઇશ નહિ. તું શત્રુના એ બહુરૂપીઓને જેવી રીતે અત્રે પકડી લાવી છે તેવી જ રીતે મ્હેં પણ બે બહુરૂપીઓને અહીં કેદ પકડેલા છે." આમ કહીને પુષ્પાવતીએ સઘળી હકીકત તેને કહી સંભળાવી; જે સાંભળી કિશોરી ઘણી આનંદિતા થઇ.

બીજી તરફ રસ્તે જતાં જ્યોતિસિંહે હરિસિંહને ઉદ્દેશીને કહ્યું "જો આપણે સ્હવારે દરબારના સમયે વિજયગઢ જઇ પહોંચીશું તો ઠીક થશે, કેમ કે એ સમયે દરબારમાં સર્વ હાજર હશે."

આ વાતને હરિસિંહે પણ પસંદ કરી, તથા તેઓ રસ્તામાં જ રોકાયા. બીજે દિવસે દરબારના સમયે તેઓ બન્ને વિજયગઢ જઇ પહોંચ્યા, અને બારોબાર દરબારમાં જ ચાલ્યા ગયા. મહારાણા દેવીસિંહની પાસે જ એક આસનપર વીરસિંહ બેઠેલો હતો. જ્યોતિસિંહ નજરે પડતાં જ તેના આનંદનો પાર રહ્યો નહિ. તેને જાણે કે સમસ્ત વિશ્વનો આનંદ પ્રાપ્ત થઇ ગયો!

દીવાન હરિસિંહે ઝુકીને મહારાણા દેવીસિંહને અને રાજકુમારને નમન કર્યું. તથા અજીતસિંહને પણ ઉચિત માન આપ્યું. જ્યોતિસિંહે પણ દેવીસિંહના ચરણોમાં પોતાનું શિર ઝુકાવ્યું. પછીથી પિતાને પ્રણામ કરી તે રાજકુમારની પાસે પડેલા એક આસનપર બેઠો. દીવાન હરિસિંહે મહારાણા જયસિંહનો પત્ર અને ભેટ તથા રાજકુમાર વીરસિંહ માટે એક મૂલ્યવાન્ પોષાક થાળોમાં મૂકી એ સઘળું મહારાણા દેવીસિંહ સમક્ષ મૂકાવી તેનો સ્વીકાર કરવાની તેણે પ્રાર્થના કરી, અને કહ્યું:—"રાજેન્દ્ર! આ સામાન્ય ભેટનો આપ સ્વીકાર કરી અમને અનુગૃહિત કરો."

દેવીસિંહે ઉત્તરમાં કહ્યું:—"મહારાણા જયસિંહજીનો અમારાપર અપાર પ્રેમ છે એ હું સારી રીતે જાણું છું. આવી ભેટ મોકલવાનો શ્રમ વેઠવાની સહજ પણ આવશ્યકતા નહોતી; છતાં જ્યારે તમારો અત્યાગ્રહ છે ત્યારે તમારી ભેટનો હું પ્રસન્નતાપૂર્વક સ્વીકાર કરું છું."

ત્યાર પછી દેવીસિંહે જ્યોતિસિંહને તેના કેદ પકડાયાના સમાચાર પૂછ્યા. જ્યોતિસિંહે એ સઘળી હકીકત સંક્ષિપ્તમાં નિવેદન કરી;

પોતે કેવી રીતે મુક્ત થઇ શક્યો હતો એ સબંધી તેને અસત્ય વર્ણન કરવું પડ્યું. અંતે તેણે કહ્યું:-"રાજેન્દ્ર! રાજગઢથી છૂટીને આવતી વખતે હું ત્યાંના બે બહુરૂપીઓને પણ કેદ પકડી મ્હારી સાથે રત્નગઢ લઇ આવ્યો છું."

દેવીસિંહે પ્રસન્નતાપૂર્વક જ્યોતિસિંહને ધન્યવાદ આપ્યો અને એક સુંદર પોષાક તેને ભેટ તરીકે અર્પ્યો. ત્યાર પછી દેવીસિંહની અનુમતિ લઇ જ્યોતિસિંહ તેની માતાને મળવા પોતાને ઘેર ગયો; કેમકે પુત્રનાં કેદ પકડાયાના વર્તમાન જાણવામાં આવ્યાથી તે રાત્રિ દિવસ રૂદન કર્યા કરતી હતી. હરિસિંહનો આતિથ્ય સત્કાર કરવાનું કાર્ય દીવાન અજીતસિંહને સોંપીને દેવીસિંહે દરબાર બરખાસ્ત કર્યો.

જ્યોતિસિંહ તેની માતા તથા અન્યાન્ય સગાં સંબંધીઓને મળી, તેમના મનનું સમાધાન કરી રાજકુમાર વીરસિંહને મળવાના ઉદ્દેશથી તેના મહેલ તરફ ગયો. વાતચિત કરતાં કરતાં વીરસિંહે હાસ્યમુખે તેને પૂછ્યું:-"ભાઇ! તમે તમારા કેદ પકડાયાની વાત તો દરબારમાં ખરી કહી હોય એમ લાગે છે; કિન્તુ તમે છૂટી આવ્યા છો એમાં કાંઇ ભેદ હોય એમ મ્હને લાગે છે; માટે મ્હારાથી કોઇ વાત છુપાવવાનું કારણ નથી."

અંતે કિશોરીની સહાયતાથી પોતે કેવી રીતે છૂટયો હતો તેનું યથાર્થ વર્ણન જ્યોતિસિંહે રાજકુમાર સમક્ષ કર્યું. એ વર્ણન સાંભળી વીરસિંહે હસીને કહ્યું:-"ભાઇ! ત્યારે તો કિશોરીના સહવાસમાં રહીને તમે આ દિલોજાન દોસ્તનું કાર્ય કરવું ભૂલી જતા હશો!"

"રાજકુમાર! આપની મહત્વાકાંક્ષા હવે સત્વર પૂર્ણ થઇ જશે.

આજના દરબારમાં ભેટ તરીકે આવેલા પોષાકને જોઇને તો આપ મલકાતા હતા!" જ્યોતિસિંહે પણ હાસ્યમુખે કહ્યું.

પછીથી બન્ને મિત્રો બીજી વાતો કરવા લાગ્યા. જ્યોતિસિંહ થોડા દિવસ સુધી વિજયગઢમાં રહ્યો. થોડા દિવસ પછી દીવાન હરિસિંહે રત્નગઢ તરફ જવાની વિદાય માગી, અને જ્યોતિસિંહને પણ પોતાની સાથે મોકલાવાની વિનંતિ કરી. એ વિનતિ દેવીસિંહે માન્ય કરી.

જ્યોતિસિંહ અને હરિસિંહ એ દિવસે સ્હાંજે દરબારના સમયે રત્નગઢ જઇ પહોંચ્યા. જ્યોતિસિંહના પુનરાગમનથી રાણો જયસિંહ પ્રસન્ન થયો. દરબાર બરખાસ્ત થવાની તૈયારીમાં હતો એવામાં રામગઢથી રાણા કનકસિંહનો પત્ર લઇને ભૈરવનાથ દરબારમાં ઉપસ્થિત થયો, તથા તેણે પત્ર રાજાના હાથમાં મૂક્યો.

જયસિંહે એ પત્ર વાંચવાની હરિસિંહને આજ્ઞા કરી. પત્ર વાંચતાંની સાથે જ હરિસિંહનું મુખમંડળ ક્રોધથી લાલચોળ બની ગયું. જયસિંહ અને જ્યોતિસિંહ દીવાનના મુખપરના ભાવમાં થયેલું પરિવર્તન જોઇને સમજી ગયા કે, એ પત્રમાં કાંઇ અયોગ્ય હકીકત લખેલી હોવી જોઇએ. પત્ર વાંચી રહ્યા પછી હરિસિંહે કહ્યું:—"મહારાજ ! કૃપા કરીને આ પત્ર આપ એકાન્તમાં વાંચજો કિંવા વંચાવજો."

તરતજ ભૈરવનાથને ઉતારો આપવાની વ્યવસ્થા કરી મહારાણાએ દરબાર બરખાસ્ત કર્યો. પછીથી જ્યોતિસિંહ અને હરિસિંહ સાથે જયસિંહ રાજમહાલયમાં ગયો. ત્યાં તેણે હરિસિંહને, આવેલો પત્ર વાંચવાની આજ્ઞા કરી એટલે હરિસિંહે કહ્યું:—" મહારાજ! કનકસિંહે આ પત્રમાં એવા અનુચિત શબ્દો લખ્યા છે કે મ્હારી જીભે હું એ શબ્દોનો ઉચ્ચાર કરી શકું તેમ નથી."

જયસિંહે પત્ર પોતાના હાથમાં લઇ વાંચી જોયો અને પગથી મસ્તક સુધી ક્રોધાગ્નિની જ્વાળાથી સળગી ઉઠી એ પત્ર ફાડી નાખી ફેંકી દીધો. પછીથી તેણે રોષસૂચક સ્વરે કહ્યું:—"ભૈરવનાથને ઉત્તરમાં સાફ જણાવી દો કે, સત્વર તેણે રત્નગઢમાંથી ચાલ્યા જવું. આવતી કાલ સુધી તે આ રાજ્યની સરહદમાં રહેશે તો ઘણી જ ભયંકરતાથી તેનો જીવ લેવામાં આવશે. જ્યારથી નરાધમ ક્રૂરસિંહ અહીંથી ચાલ્યો ગયો ત્યારથી જ મ્હારા અંતરમાં એવો દૃઢ વિશ્વાસ ઉપજ્યો હતો કે, તે આપણા વિરુદ્ધ તેનાથી બની શકશે એટલા ઉપાયો અજમાવશે. ચિંતા નહિ, જ્યાં સુધી મ્હારા અંગમાં ઉષ્ણ શોણિત વહે છે ત્યાં સુધી મહારાણા કનકસિંહની આ અયોગ્ય મહત્વાકાંક્ષા સફળ થનાર નથી. દીવાનજી, હવે તમે પણ આવશ્ક બંદોબસ્ત સત્વર કરી નાખજો."

જ્યોતિસિંહે ગંભીરતાસૂચક સ્વરે કહ્યું:—"મહારાજ! મહારાણા કનકસિંહે જ્યારથી તેનાં બહુરૂપીઓને અત્રે મોકલ્યા ત્યારથી આપણે તેનો હેતુ સમજી શક્યા હતા. હવે વિના વિલંબે એ રત્નગઢપેર ચઢી આવશે એ માટે સહજ પણ સંદેહ નથી. તેના બાહુરૂપીઓ આપણા કેદી થઇ પડેલા હોવાથી તે પોતાના અંતરમાં ઉપજેલા ક્રોધને શમાવી શકશે નહિ; તેથી આપણે પણ યુદ્ધની તયારીથી સત્વર તૈયાર થઇ જવું અત્યાવશક છે."

"હું જાણું છું કે, કનકસિંહના સૈન્યમાં ત્રીસ હજાર યોદ્ધાઓ છે; પરંતુ મ્હારા સૈન્યમાં પણ દશહજાર યોદ્ધાઓ છે; તેથી હું ભય પામતો નથી. ક્ષત્રિયો યુદ્ધક્ષેત્રને જ પોતાની રંગભૂમિ સમજે છે.

ખરા ક્ષત્રિય નથી ડરતા, મરણની બ્હીક નહિ ધરતા,
મૂકીને પાય દુશ્મનપર, નિરંતર સ્વર્ગે સંચરતા;

સૂતા જે સુખશય્યામાં, નથી ક્ષત્રિય એ વીરો,
દુશ્મન મારીને મરતા, ખરા ક્ષત્રિયધર્મીઓ.

અદ્યાપિ ભારતવર્ષના પ્રબળ પરાક્રમી ક્ષત્રિયોના સર્વાંગમાં ઉષ્ણ શોણિત વહે છે. ન્યાય અને નીતિનું સંરક્ષણ કરવા માટે તેઓ અદ્યાપિ આત્મોત્સર્ગ કરવાને તૈયાર છે." મહારાણા જયસિંહે ક્ષત્રિયોચિત શબ્દો ઉચ્ચાર્યા.

"શિરછત્ર! અમારા મહારાણા દેવીસિંહના સૈન્યની સંખ્યા પણ લગભગ પાંચ હજારની છે. તેઓનું તથા આપણું સૈન્ય મળી શત્રુઓના સૈન્ય સહિત મુકાબલો કરવામાં અડચણ આવશે નહિ. વળી માત્ર સૈન્યબળથી જ વિજય પ્રાપ્તિ થતી નથી. યુક્તિ પ્રયુક્તિ અને ચતુરાઇનો ઉપયોગ કરવામાં આવે છે તો અવશ્ય વિજયી થવાય છે. મ્હારી નમ્ર માન્યતા એવી છે કે, હવે આપ વિના વિલંબે મહારાણા દેવીસિંહજી પાસે સહાયતા માગો. આપ દીવાનજીને એક પત્ર લખી આપી મ્હારી સાથે મોકલો, એટલે અમે ત્યાંના સઘળા સૈન્યને અહીં લઇ આવીશું. વળી જો આપ આજ્ઞા આપતા હો તો અમે બહાદુર રાજકુમાર વીરસિંહજીને પણ અમારી સાથે અત્રે તેડી લાવીએ. એમને જ આપણે આપણા સમસ્ત સૈન્યના સેનાધિપતિનો અધિકાર સમર્પણ કરીશું." જ્યોતિસિંહે પૂર્વવત્ સ્વરે કહ્યું.

"મહારાજ! જ્યોતિસિંહનો વિચાર સર્વાંશે ઉચિત તેમજ કાર્યમા પરિણત કરવા જેવો છે!" દીવાન હરિસિંહે જ્યોતિસિંહના મતને પુષ્ટિ આપી.

"પરંતુ આ પ્રચંડ યુદ્ધમાં સમસ્ત સૈન્યના સેનાધિપતિ રાજકુમાર વીરસિંહજીને કરવામાં હું નારાજ છું. રાજકુમાર બહાદુર અને સાહસિક છે. પરંતુ સર્વથી આગળ શત્રુઓ સ્હામે આપણે તેમને

જ મોકલીએ તો એમાં આપણી કૃતઘ્નતા જ ગણાય. વળી આવી માગણી મહારાણા દેવીસિંહજી પણ માન્ય કરે કે કેમ એ માટે મ્હારા મનમાં શંકા રહેછે.” જયસિંહે અડચણ દર્શાવી.

“રાજેન્દ્ર! આપના અંતરમાં આપ એવી શંકાને કદાપિ સ્થાન આપશો નહિ. આપની માગણી મહારાણા દેવીસિંહજી અત્યંત પ્રસન્નતા-પૂર્વક માન્ય કરશે.” જ્યોતિસિંહે જયસિંહની અડચણ દૂર કરતાં કહ્યું.

અંતે રાણા જયસિંહે સૈન્યની માગણીસહ રાજકુમાર વીરસિંહને મદદાર્થે મોકલવા માટેનો એક પત્ર તૈયાર કરી દીવાનના હાથમાં મૂક્યો. એ પત્રમાં તેણે કનકસિંહ તરફથી આવેલા એક પત્રનો ઉલ્લેખ સુદ્ધાં કર્યો હતો. ત્યાર પછી તેણે દીવાન હરિસિંહને વિજયગઢ તરફ મોકલ્યો, તથા ત્યાંથી તેને સત્વર કાર્યોદ્ધાર કરી પાછા ફરવાની સૂચના કરી.

જ્યારે દીવાન હરિસિંહ વિજયગઢ જઇ પહોંચ્યો ત્યારે નિશાકાળ ઉપસ્થિત થયેલો હોવાથી તે બારોબાર દીવાન અજીતસિંહને ત્યાં ગયો. અજીતસિંહે તેનો અત્યંત આદર સત્કાર કરીને તેને ઉતારો આપ્યો. કુશળવર્ત્તમાનની પૂછપરછ થયા પશ્ચાત્ આવી રીતે એકાએક આવવાનું શું પ્રયોજન છે એવો અજીતસિંહે હરિસિંહને પ્રશ્ન કર્યો. હરિસિંહે ઉત્તરમાં સર્વ હકીકત કહી સંભળાવી. એ હકીકત સાંભળી અત્યંત ક્રોધના આવેશને આધીન બની જઇને અજીતસિંહ ગર્જના-સૂચક સ્વરે બોલી ઉઠયોઃ—“આજકાલ કનકસિંહના અહંભાવની સીમા રહી નથી. તેનો અહંકાર આસમાનં સૂધી પહોંચ્યો છે. મ્હને લાગે છે કે, તેને વિનાશકાળે વિપરીત બુદ્ધિ સૂઝી છે; પરંતુ ચિંતા નહિ. આપણે તેને આપણી શક્તિનો સંપૂર્ણ પરિચય કરાવીશું, તેના આ-સમાન સુધી ઊંચે ચઢેલા ગર્વને રસાતળમાં પહોંચાડીશું.”

એ રાત્રે જ દીવાન અજીતસિંહ, હરિસિંહને મહારાણા દે-

વીરસિંહ પાસે લઇ ગયો. આ સમયે રાજકુમાર વીરસિંહ પણ તેનાં પિતા પાસે બેઠેલો હતો. હરિસિંહને સંમાનપૂર્વક એક આસનપર બેસાડી દેવીસિંહે તેને રત્નગઢના સમાચાર પૂછ્યા. એના ઉત્તરમાં હરિસિંહે પોતાની પાસેનો પત્ર દેવીસિંહના હાથમાં આપ્યો. દેવીસિંહે જાતે જ એ પત્ર વાંચ્યો. પત્ર વાંચતાં જ તેને એટલો બધો ક્રોધ ઉપજ્યો કે, તે એક પણ અક્ષરનો ઉચ્ચાર કરી શક્યો નહિ. એ પત્ર તેણે રાજકુમાર વીરસિંહને વાંચવા આપ્યો. વીરસિંહે પત્ર વાંચી જોયો એટલે તેના ક્રોધનો પણ પાર રહ્યો નહિ. તેનાં નેત્રોમાંથી ક્રોધના અગ્નિકણો વર્ષવા લાગ્યા. થોડા સમય સૂધી મૌન ધારણ કર્યા પછી તેણે નમ્રતાપૂર્વક કહ્યું:–" પિતાશ્રી ! યુદ્ધમાં ભાગ લેવાની મ્હારી પ્રબળ ઇચ્છા છે. સ્નેહીના પર સંકટ આવી પડેલું જોઈ એક સિંહ શું કદાપિ તેનાથી દૂર ભાગી જશે કે? ક્ષત્રિયોનો ધર્મ જ યુદ્ધ કરવાનો છે. આપ પ્રસન્નતાપૂર્વક મ્હને યુદ્ધમાં ભાગ લેવા જવાની રજા આપો. "

"બહાદુર કુમાર ! હું તમને ઘણી ખુશીથી યુદ્ધમાં ભાગ લેવા જવાની રજા આપું છું. હું સારી રીતે જાણું છું કે, ક્ષત્રિય વીરો, આત્મીય સ્વજનો કરતાં પણ યુદ્ધને અતિપ્રિય ગણે છે. આપણું સઘળું સૈન્ય સાથે લઇ તમે મહારાણા જયસિંહજીને સહાયતા કરવા જાઓ, તથા યુદ્ધક્ષેત્રમાં શત્રુઓને તમારા વીરત્વનો પૂર્ણ પરિચય કરાવી આપણી વીરકીર્તિનો વિશ્વમાં વિસ્તાર કરો અને પૂર્વજોના નામને દીપાવો." પછીથી મહારાણા દેવીસિંહે પોતાના દીવાન અજીતસિંહને ઉદ્દેશીને કહ્યું:–" દીવાનજી, આજે રાત્રે જ આપણું સમસ્ત સૈન્ય યુદ્ધમાં જવાને તૈયાર થઇ જાય એવી વ્યવસ્થા સત્વર કરો. પ્રભાતકાળે સૈન્યસહ રાજકુમાર રત્નગઢ તરફ કૂચ કરશે."

વીરસિંહ પ્રભાતકાળે રત્નગઢ જવા માટેની તૈયારી કરવા પોતાના મહાલયમાં ગયો. મૃગલોચનીના અને યુદ્ધના વિચારોમાં એ રાત્રિ તેના ધારવા પ્રમાણે જાણે કે ઘણી ઝડપથી પસાર થઇ ગઇ!

## પ્રકરણ ૨૧ મુ

### યુવરાજનું સ્વાગત.

પ્રભાતકાળ થતાં ન થતાંમાં જ સ્નાન સંધ્યાદિ નિત્યકર્મથી નિવૃત્ત થઈ રાજવંશી વસ્ત્રો પરિધાન કરી કુમાર વીરસિંહ તેની માતા પાસે વિદાય લેવા ગયો. રાણા, દેવીસિંહે રાત્રે સઘળી હકીકત રાણીને કહી સંભળાવી હતી. તે પુત્રનો લશ્કરી પોષાક જોઇ અત્યંત પ્રસન્ન થઇ. વીરસિંહે દંડવત પ્રણામ કરી તેની પાસે વિદાય માગી. રાણીએ સજળનયને અતિ પ્રેમપૂર્વક પુત્રને આલિંગન કર્યું, તથા તેના બરડાપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું:-"બેટા! જાઓ, વીરપુરુષોમાં તું નામના મેળવ. ક્ષત્રિય કુળની ઓજસ્વિની કીર્ત્તિનો સર્વત્ર વિસ્તાર કરી ફત્તેહનો ડંકો બજાવ. શૂરવીર પુરુષો જેવી રીતે યુદ્ધ પ્રસંગે, માતાપિતા, સ્ત્રી પરિવાર આદિ સગાં સંબંધીઓના સ્નેહનું વિસ્મરણ કરી સ્વ-કર્ત્તવ્ય બજાવે છે તેવી જ રીતે તું પણ ત્હારું કર્ત્તવ્ય બજાવ. શત્રુઓ યુદ્ધક્ષેત્રમાં ત્હારી પીઠ ન જુએ એ વાર્ત્તા સર્વ સમયે સ્મરણમાં રાખજે. બેટા! તેત્રીશ કરોડ દેવતાઓ શત્રુઓથી ત્હારું સંરક્ષણ કરો અને વિજયદેવી તને જ વરો એવી હું અંતઃકરણપૂર્વક તને શુભાશીષ આપું છું."

માતા પાસેથી વિદાય લઇ રાજકુમાર બ્હાર નીકળ્યો. બ્હાર

તેણે દીવાન હરિસિંહને ઘોડેસવાર થઇને તેની રાહ જોતા જોયો; તેથી તે પણ એક ચપળ અશ્વપર સવાર થઇ અગ્રેસર થયો. તેમની પાછળ સઘળું સૈન્ય રત્નગઢના માર્ગે અગ્રેસર થવા લાગ્યું.

જ્યારે તેઓ સર્વે રત્નગઢની સરહદમાં જઇ પહોંચ્યા ત્યારે રાજકુમાર વીરસિંહ અશ્વપરથી ઉતરી પડયો, તથા તેણે હરિસિંહને ઉદ્દેશીને કહ્યું:–"આ જંગલમાં જ સમસ્ત સૈન્યસહ થોભવાનો તથા સર્વે પ્રકારની વ્યવસ્થા કર્યા પછી નગરમાં પ્રવેશ કરવાનો મ્હારો વિચાર છે."

હરિસિંહે કહ્યું:–" આપનો વિચાર અત્યુત્તમ છે: હું આગળ જઇને આપના શુભાગમનના સમાચાર મહારાણાશ્રીને નિવેદન કરીશ; પછીથી પાછો અત્રે આવીને આપની સાથે સાથે હું નગરમાં આવીશ."

વીરસિંહે સંમતિ દર્શાવી એટલે વખતને વ્યર્થ નહિ ગૂમાવતાં હરિસિંહ ત્યાંથી સત્વર ચાલ્યો ગયો. તેણે મહારાણા જયસિંહ પાસે જઇ કુમારના આગમનના વર્તમાન નિવેદન કરીને કહ્યું:–" મહારાજે ! રાજકુમાર વીરસિંહજી પોતાના સમસ્ત સૈન્યસહ અહીંથી એક ગાઉના અંતરે ઉતર્યા છે."

આ સમાચાર સાંભળી જયસિંહ ઘણો પ્રસન્ન થયો, તથા તેણે કહ્યું:–" સૈન્યના ઉતારા માટે તમે કહો છો એ સ્થાન અત્યુત્તમ છે; કિન્તુ વીરસિંહજીને સંમાનપૂર્વક આપણે અહીં તેડી લાવવા જોઇએ. હવે તમે આપણા રાજ્યના સઘળા સરદારોને સાથે લઇ જઇ વીરસિંહજીનું સ્વાગત કરી તેમને અહીં તેડી લાવો."

જયસિંહની આજ્ઞાનુસાર ઘણા સરદારોને સાથે લઇ દીવાન હરિસિંહ વીરસિંહને તેડી લાવવા માટે ગયો. આ સમાચાર જાણવામાં આવતાં જ જ્યોતિસિંહ વીરસિંહ પાસે જઇ પહોંચ્યો અને દૂરથી જ તેણે કહ્યું:–" સ્વાગતમ્ !"

જ્યોતિસિંહને જોઇને વીરસિંહ અતિ આનંદિત થયો, તથા તેણે તેને કેટલીક હકીકત પૂછી. જ્યોતિસિંહે સહાસ્યમુખે ઉત્તર આપ્યો:–"જે છે તે ઠીક છે, અને બાકી રહ્યું હશે તે યથાસ્થિત થઇ જશે. રાજકુમાર ! તમારા સૌભાગ્યનો ઉદયકાળ પાસે આવી પહોંચ્યો છે." આમ કહીને જ્યોતિસિંહ લશ્કરની વ્યવસ્થા કરવામાં રોકાયો.

થોડા સમયમાં જ હરિસિંહ પણ ત્યાં જઇ પહોંચ્યો અને મહારાણા જયસિંહની આજ્ઞા હતી તે તેણે રાજકુમારને જણાવી. રાજકુમાર એક સુસજ્જિત અશ્વપર સવાર થયો અને સો લશ્કરી સૈનિકોસહ રાણા જયસિંહની મુલાકાત કરવા જવા લાગ્યો.

સમસ્ત શહેરમાં એવા સંવાદનો પ્રચાર થઇ ગયો. કે, વિજયગઢનો રાજકુમાર મહારાણા જયસિંહની મદદે આવે છે, તથા તેની સવારી અલ્પકાળમાં જ કિલ્લામાં જશે. આથી સઘળાં માણસો સવારી જોવાને માટે રાજમાર્ગ પર આવેલાં મકાનોની અગાસીઓમાં અને છજાંઓમાં અગાઉથી બેસી ગયાં. રસ્તાઓપર પણ મનુષ્યોની ઘણી ઠઠ જામી ગઇ. સર્વેનાં નેત્રો ઉત્તર દિશા તરફ–કે જે તરફથી સવારી આવવાની હતી તે તરફ–હતાં. આ સમાચાર જ્યારે અંતઃપુરવાસિની રાજરમણીઓના જાણવામાં આવ્યા ત્યારે તેઓ સર્વ રાજમહાલયની ઊંચી અટારીમાં જઇને મૂલ્યવાન્ આસનોપર બેઠી. મૃગલોચની અને કિશોરી સુદ્ધાં એ રમણીમંડળમાં હતી. મહારાણા જયસિંહ પણ સવારી જોવા માટે દિવાનખાનાની છતપર જઇને એક સુખાસનપર બેઠો.

થોડા સમયમાં જ ઉત્તર દિશા તરફ થોડી ધૂળ ઉડતી જોવામાં આવી. ધીમે ધીમે સવારી પણ આવતી નજરે પડી.

જે સવારો રાજકુમારની પાછળ આવતા હતા તેમણે બખ્તરો પહેરેલાં હતાં. એ બખતરોપર અસ્ત થતા સૂર્યનાં કિરણોનો પ્રકાશ પડતો હોવાથી તે ઘણાં તેજસ્વી જણાતાં હતાં. રાજકુમારની આગળ સોનાની છડી સાથે એક છડીદાર આગળ વધતો હતો. આખા શહેરમાં લાલપીળા રંગની ધ્વજાઓ અને પુષ્પમાળાઓ જોવામાં આવતી હતી. છડીદારની પાછળ એક સુચતુર બળવાન્ અશ્વ કે જેનું સર્વાંગ અનેકવિધ મૂલ્યવાન્ અલંકારોથી વિભૂષિત થયેલું હતું તેના પર રાજકુમાર વીરસિંહ સવાર થયો હતો. વીરસિંહે રાજવંશી પોષાક પહેરેલો હતો. તેનું વદનમંડળ હર્ષવિકસિત જણાતું હતું. તેનાં નેત્રો તેજોમય દેખાતાં હતાં. તેના કંઠમાં મૂલ્યવાન્ મોતીઓની એક માળા ઝૂલી રહી હતી. તેના કમરપટા પર સોનાના મ્યાનમાં એક તલ્વાર લટકી રહી હતી. તેના મ્હોં પર તાકત, જવાંમર્દી, અને વીરતા જાણે કે પ્રકાશી રહ્યાં હતાં.

શહેરમાં ઘણી ગિર્દી થઇ ગઇ. જેની દૃષ્ટિ વીરસિંહપર પડતી હતી તેનાં નેત્રો અંજાઇ જતાં હતાં. મહારાણીએ ઘણા કાળ પછી રાજકુમારને આવા તેજ અને રુઆબમાં જોયો તેથી તેના અંતરમાં પણ અપાર માયા ઉપજી. એકાએક અંતરના આવેગથી તેના મુખમાંથી એવા શબ્દોનો ઉચ્ચાર થઇ ગયો કે, "જો મ્હારી મૃગલોચનીને લાયક કોઇ વર હોય તો તે રાજકુમાર વીરસિંહ જ છે; ગમે તેટલી અડચણો હશે તો પણ હું તેમને જ મ્હારા જમાઇરાજ બનાવીશ."

મૃગલોચની અને કિશોરી બીજી એક બારીમાંથી રાજકુમાર તરફ જોઇ રહી હતી. કિશોરીએ વક્રદષ્ટિથી રાજનન્દિની તરફ જોયું; જેથી એ મુગ્ધા લજ્જાશીલા બની ગઇ. તેનું હૃદય જોરથી ધબકતું

હતું. રાજકુમારની પ્રેમપ્રતિમા તેના હૃદયપટપર અંકિત થઇ ગઇ હતી. તિક્ષ્ણદૃષ્ટિથી તે રાજકુમાર તરફ જોઇ રહી.

યથા સમયે વીરસિંહ કિલ્લા નીચે આવી પહોંચ્યો. મહારાણો જયસિંહ સત્વર નીચે ઉતર્યો. વીરસિંહે રાણા જયસિંહને વંદન કર્યું. જયસિંહે તેને સ્નેહાલિંગન કર્યું. તેનાં નેત્રોમાંથી હર્ષાશ્રુઓ ઉભરાઇ જવા લાગ્યાં. પછીથી તે વીરસિંહનો હાથ પકડી તેને મહેલમાં લઇ ગયો. મહારાણી તેમને બન્નેને પોતાના તરફ આવતા જોઇને આગળ આવી. વીરસિંહે તેને નમન કર્યું. રાણીનાં નયનયુગલમાં સ્નેહાશ્રુજળ ભરાઇ આવ્યું. અત્યંત પ્રસન્નતાપૂર્વક તેણે રાજકુમારને આસનપર બેસવા કહ્યું. રાણો જયસિંહ પણ એક આસનપર બેઠો. તેની ડાબી બાજૂ મહારાણી અને જમણી બાજુએ વીરસિંહ બેઠા. નવવસ્ત્રથી વિભૂષિતા થયેલી દાસીઓ ત્યાં ફર્યા કરતી હતી. વીરસિંહની તિક્ષ્ણ દૃષ્ટિ ચોતરફ ફરવા લાગી. જાણે કે એ દૃષ્ટિ કોઇને શોધવાનો પ્રયત્ન કરતી હોય એવો જ ભાસ થતો હતો. એક દ્વારની પાછળ છુપાઇ રહીને તેની ફાટમાંથી રાજનન્દિની મૃગલોચની પણ એકાગ્રદૃષ્ટિથી રાજકુમાર તરફ જોઇ રહી હતી. પ્રિયતમને મળવાને માટે તેનું મન અધીરું બની ગયું હતું; પરંતુ આ પ્રસંગે કુમારને મળી શકાય તેમ નહોતું.

થોડા સમય સુધી રાણો જયસિંહ અને રાજકુમાર મહેલમાં રહ્યા. પછીથી જયસિંહ કુમારને પોતાના દીવાનખાનામાં લઈ ગયો, તથા તેણે રાજમહાલયમાં જ કુમારને ઉતારો આપ્યો. રાણા પાસેથી વિદાય લઇ કુમાર પોતાના વિશ્રાન્તિભુવનમાં ગયો. રાજનન્દિની મૃગલોચનીનું દર્શન નહિ થવાથી તેનું અંતર ઉદાસ થઇ ગયું હતું. રાજનન્દિની સાથે કેવી રીતે મુલાકાત કરવી તેની જ ચિંતા એ કર્યા કરતો હતો.

એ ચિંતામાં ને ચિંતામાં જ તે નિદ્રાધીન થઇ ગયો.

સ્હવારે જ્યારે રાણો દરબારમાં ગયો ત્યારે વીરસિંહ પણ પોતાના નિત્યકર્મથી નિવૃત્ત થઇ દરબારી પોષાક પહેરીને જ્યોતિસિંહની સાથે દરબારમાં ગયો. રાણાએ પોતાના સિંહાસનની પાસે જ એક રત્નજડિત કુરસીપર કુમારને માનપૂર્વક બેસાડયો. દરબારમાં દીવાન હરિસિંહે મહારાણા દેવીસિંહે લખેલો પ્રત્યુત્તર રાણાના હાથમાં મૂકયો. એ ઉત્તર વાંચી રાણો ઘણો આનંદિત થયો. થોડા સમય પછી તેણે દીવાનને ઉદ્દેશીને કહ્યું:—"દીવાનજી, વિજયગઢથી આવેલા સૈનિકોને ખાનપાન વગેરેની બિલ્કુલ તકલીફ ન ઉઠાવવી પડે એ સંબંધી પૂર્ણ સંભાળ રાખજો." પછીથી રાજકુમાર વીરસિંહને ઉદ્દેશીને તેણે કહ્યું:—"વીરસિંહજી, અહીંના તેમજ આપના સકળ સૈન્યની સરદારી આજથી જ હું આપને સમર્પણ કરું છું. આપને જેમ ઠીક લાગે એવો બંદોબસ્ત આપ કરજો."

વીરસિંહે જ્યોતિસિંહ તરફ દૃષ્ટિ ફેરવીને કહ્યું:—"તમે જાઓ, અને મ્હારા સૈન્યના ત્રણ વિભાગ પાડી નાખીને બબ્બેહજાર સૈનિકોને રત્નગઢની બન્ને બાજૂએ રાખો, તથા હજાર સૈનિકોના દશ વિભાગ પાડી નાખીને રત્નગઢની આસપાસ પાંચ ગાઉ સૂધી તેઓ બંદોબસ્ત રાખે એમ કરો. ગુપ્તદૂતોને પણ ચોતરફ મોકલો. અહીંના સૈન્યની આવતી કાલે કવાયત જોઇને તેની ઉચિત વ્યવસ્થા કરવામાં આવશે."

આજ્ઞા થતાં જ જ્યોતિસિંહ રવાના થઈ ગયો. વીરસિંહની કાર્યકુશળતાથી રાણો જયસિંહ પોતાના મનમાં ને મનમાં ઘણી પ્રશંસા કરવા લાગ્યો. તેણે હરિસિંહને કહ્યું:—"દીવાનજી, કાલે કવાયત થવાની છે એવું આપણા સૈન્યમાં જાહિર કરી દો."

એટલામાં રાણા જયસિંહના ગુપ્તદૂતોએ આવી નમન કરીને ખબર આપી કે, "કનકસિંહ પોતાના સઘળા સૈન્યસહ રત્નગઢપર ચઢાઇ કરવાના ઉદ્દેશથી રામગઢથી નીકળી ચુકયો છે. એત્રણ દિવસમ તે આપણા રાજ્ય પાસે આવી પહોંચશે."

રાજકુમારે સાહસિકતાથી કહ્યું:-"કાંઇ ચિંતા નહિ. તમે તમારા કામપર ચાલ્યા જાઓ."

બીજે દિવસે મહારાણો જયસિંહ અને રાજકુમાર એક હાથી-પર બેસીને લશ્કરની કવાયત જોવા ગયા. હરિસિંહે સૈન્યમાંથી ઘણા મુસલમાનોને કમી કરેલા હોવા છતાં હજી એકહજાર મુસલમાન સૈનિકો સૈન્યમાં રહી ગયા હતા. કવાયત જોઇને રાજકુમાર ઘણો ખુશી થયો; પરંતુ મુસલમાનોની ચર્યા જોઇ તે ચિંતામગ્ન બની ગયો. રાજકુમારની ચિંતાનું કારણ રાણો તરત જ સમજી ગયો તથા તેણે મૃદુસ્વરે પૂછયું:–"મુસલમાન સૈનિકોને સૈન્યમાંથી કમી કરી નાખ-વાની આપની ઇચ્છા છે કે?"

"ના, એમ કરવાથી એ લોકો શત્રુઓના સાથીદાર થઇ જશે. મ્હારા વિચાર પ્રમાણે તો મ્હને એમ કરવું ઉચિત લાગે છે કે, શત્રુઓના આક્રમણને અટકાવવા માટે સર્વ સૈનિકોની આગળ તેમને જ મોકલવા, તથા તેમની પછવાડે એક તોપખાનું અને થોડું સૈન્ય અમારું રહેશે. એ મુસલમાન સૈનિકોની ખરાબ દાનત જોવામાં આવશે કિંવા તેઓ પલાયન કરી જવાનો પ્રયત્ન કરતા જણાશે તો અમારું સૈન્ય તોપો છોડીને તેમનો જીવ લેશે. જીવ જવાના ભયથી એ લોકો શત્રુઓને નહિ મળી જતાં યુદ્ધ કરશે."

વીરસિંહનો આ વિચાર જયસિંહને પસંદ પડયો, તથા પોતાના મનમાં તે કુમારના અદ્ભુત બુદ્ધિબળની પ્રશંસા કરવા લાગ્યો.

જ્યારે રાણાએ પાછા ફરવા માંડયું ત્યારે વીરસિંહે નમ્રતાપૂર્વક કહ્યું:–" આજે શિકાર ખેલવા જવાની મ્હારી ઇચ્છા થઇ છે; જો આપ રજા આપતા હો તો જઉં ?"

"ઠીક જાઓ; પરંતુ બહુ દૂર જશો નહિ અને સંધ્યાકાળ પૂર્વે પાછા આવી પહોંચજો." જયસિંહે સંમતિ દર્શાવીને સૂચના કરી. પછીથી તેણે હાથીને નીચે બેસાવડાવ્યો. વીરસિંહ હોદ્દામાંથી ઉતરી પડી ઘોડાપર સવાર થયો. મહારાણાની આજ્ઞાથી દીવાન હરિસિંહે રાજકુમારની સાથે સો સવારોને મોકલ્યા.

રાજકુમાર વીરસિંહ શિકાર કરવાના ઉદ્દેશથી એક યોગ્ય અરણ્યમાં જઇ પહોંચ્યો અને શિકારની શોધ કરવા લાગ્યો. એટલામાં જ્યોતિસિંહે તેની પાસે આવીને પૂછયું:–" સૈન્યનો સઘળો બંદોબસ્ત કરીને આપ આ તરફ આવ્યા છો કે શું ?"

– "એક જ દિવસમાં સઘળો બંદોબસ્ત કયાંથી થઇ જાય ? થોડો થયો છે ને થોડો આવતી કાલે થઇ જશે." રાજકુમારે સરળ ઉત્તર આપ્યો.

"જે ગુફામાં આપણે યુસફખાનને કેદ રાખ્યો છે એ ગુફા તરફ જઇ આવવાની આજે મ્હારી ઇચ્છા થઇ છે. જો આપની ઇચ્છા હોય તો આપ પણ મ્હારી સાથે ચાલો." જ્યોતિસિંહે કહ્યું.

"હા ચાલો, હું પણ તમારી સાથે આવું છું." આમ કહીને કુમારે ઘોડાનું મ્હોં ફેરવ્યું. સાથે આવેલા સવારોને રત્નગઢ તરફ પાછા ચાલ્યા જવાની આજ્ઞા કરવામાં આવી. બે હરિણનો કુમારે શિકાર કર્યો હતો એ હરિણોના મૃતદેહને સવારો લઇ ગયા.

યથા સમયે રાજકુમાર અને જ્યોતિસિંહ ગુફા પાસે જઇ પહોંચ્યા. ગુફાના પ્રવેશદ્વાર પાસે જઇ તેમણે બન્નેએ અશ્વપરથી

અવતરણ કર્યું. પછીથી જ્યોતિસિંહે કહ્યું:–"હવે આપ ગુફાનો દરવાજો ઉઘાડો જોઇએ."

વીરસિંહે સિંહની પાસે જઇ તેની જીહ્વા બ્હાર ખેંચી કાઢી. એ સાથે જ એક ભયંકર અવાજ થયો અને ગુફામાં પ્રવેશ કરવાનો માર્ગ ખુલ્લો થયો. જ્યોતિસિંહે કહ્યું:–"પ્રવેશદ્વાર ઉઘાડવાનું તમને યાદ તો રહ્યું છે. તમારી સ્મરણશક્તિ ઘણી ઉત્તમ છે."

પછીથી બન્ને જણાએ ગુફામાં પ્રવેશ કર્યો, અને ફરતા ફરતા તેઓ ઝરીના કિનારા પાસે જઈ પહોંચ્યા તો ત્યાં તેમણે યુસફખાન અને જાનકીપ્રસાદને એક શિલાપર બેઠેલા જોયા. તેમના પગોમાં બેડીઓ હતી. કુમારને જોઇ તેઓ ઉઠી ઉભા થયા અને નમ્રતાપૂર્વક કહ્યું:– "હુજૂર! હવે અમારા અપરાધની અમને માફી મળવી જોઇએ."

"હજી થોડા દિવસ પછી તમને માફી આપવામાં આવશે." કુમારે કહ્યું.

થોડા સમય સુધી વીરસિંહ અને જ્યોતિસિંહ બાગમાં ફર્યા અને તેમણે મેવો ખાધો. પછીથી જ્યોતિસિંહે કહ્યું:–"રાજકુમાર! ચાલો હવે આપણે બન્ને જણા બ્હાર નીકળી જઇએ."

બન્ને જણા બ્હાર નીકળ્યા એટલે જ્યોતિસિંહે કહ્યું:–"આ પ્રવેશદ્વાર આપે ઉઘાડેલું હોવાથી આપ જ તેને બંધ કરો."

રાજકુમારે દ્વાર બંધ કર્યું તથા તેઓ ઘોડેસવાર થઇ રત્નગઢની પાસે જઇ પ્હોંચ્યા એટલે જ્યોતિસિંહે કહ્યું:–"આપ હવે પધારો. હું લશ્કરની થોડી ઘણી તપાસ કરીને આવું છું."

રાજકુમાર નગર તરફ વળ્યો અને જ્યોતિસિંહ બીજી દિશા તરફ ગયો. વીરસિંહે કિલ્લામાં જઇ અશ્વપરથી અવતરણ કરી પોતાના વિશ્રામભુવનમાં જઇ વિશ્રાન્તિ લેવા માંડી.

એક પ્રહર રાત્રિ પસાર થઇ હશે એવામાં જ્યોતિસિંહ વીર-સિંહ પાસે આવી પહોંચ્યો. રાજકુમારે પૂછ્યું:—"કહો જોઇએ કે, શા સમાચાર છે?"

"આપની આજ્ઞાનુસાર મ્હેં સઘળો બંદોબસ્ત કરી નાખ્યો છે. આજે આખા દિવસમાં મ્હને એક કલાકની પણ ફુરસદ મળી શકી નથી; નહિ તો મ્હેં આપની મુલાકાત કરી હોત."

આ વાક્યો સાંભળી વીરસિંહે હસી પડીને કહ્યું:—"બે પ્રહર સુધી તો તમે મ્હારી સાથે હતા ને કહો છો કે મુલાકાત કરી શકાઇ નહિ!"

વીરસિંહનું વાક્ય સાંભળી જ્યોતિસિંહ વિસ્મિત બની ગયો તેણે કહ્યું:—"આપ શું કહો છો એ હું સમજી શકતો નથી."

"આટલા બધા ભૂલકણા ક્યારથી થઇ ગયા? જે ગુફામાં આપણે યુસફખાન અને જાનકીપ્રસાદને કેદ કરી રાખ્યા છે એ ગુફામાં આજે તમે મ્હારી સાથે નહોતા આવ્યા કે?"

હવે જ્યોતિસિંહના મ્હોંપરનો રંગ ઉડી ગયો. મૌન ધારણ કરી તે વિષણ્ણવદને વીરસિંહના મ્હોં તરફ જોઇ રહ્યો. જ્યોતિસિંહની સ્થિતિ જોઇ વીરસિંહ પણ વિસ્મિત બની ગયો. જ્યોતિસિંહે પૂછ્યું:— "વારુ, એ તો કહો કે, હું આપને ક્યાં મળ્યો હતો? ક્યાં સુધી આપની સાથે આવ્યો હતો અને ક્યાંથી પાછો ફર્યો હતો?"

આ પ્રશ્નોના ઉત્તરમાં વીરસિંહે તેને સઘળી હકીકત કહી સંભળાવી. એ હકીકત સાંભળતાં જ જ્યોતિસિંહે કહ્યું:—"રાજકુમાર! આપે બધી બાજી બગાડી છે. યુસફખાન અને જાનકીપ્રસાદ પલાયન કરી જશે એની વિશેષ ચિંતા નથી; પરંતુ ગુફાનું ગુપ્તદ્વાર ઉઘાડવા અને બંધ કરવાનું રહસ્ય શત્રુઓ સમજી ગયા તેની જ વિશેષ ચિંતા છે."

રાજકુમારે કહ્યું:–"ભાઇ! તમે શું કહો છો? હું તો કાંઇ સમજી શકતો નથી."

"જો સમજી શક્યા હોત તો આવી રીતે છેતરાત નહિ. આ કામ બદમાશ ભૈરવનાથનું જ હોવું જોઇએ: પેલો જગન્નાથ જ્યોતિષી પણ કાંઇ સામાન્ય માણસ નથી. એણે જ પોતાના જ્યોતિષની સહાયતાથી એ ગુપ્ત ગુફા શોધી કાઢી પોતાના સાથીદારોને બતાવેલી હોવી જોઇએ." જ્યોતિસિંહે ખુલાસો કર્યો.

વીરસિંહ આ સઘળી હકીકત સાંભળી વિસ્મિત અને સ્તંભિત બની ગયો. પોતાનાથી થયેલી ભૂલ માટે તે અફસોસ કરવા લાગ્યો. જ્યોતિસિંહે કહ્યું:–"કુમાર! હવે અફસોસ કરવાનું પ્રયોજન નથી. જે થવાનું હતું તે થઇ ગયું છે. હું હમણાં ગુફા તરફ જાઉં છું. કેદીઓ તો પલાયન કરી ગયા હશે; કિન્તુ હું ત્યાં જઇને તાળાનો બંદોબસ્ત કરીશ. એ પ્રવેશદ્વારનાં બીજાં પણ કેટલાંક તાળાં છે કે જે વિશેષ મજબુત છે. એ તાળાં વાસવા ઉઘાડવામાં ઘણો સમય લાગતો હોવાથી જ હું તેનો ઉપયોગ કરતો નથી. હવે એ તાળાંઓમાંનું જ એક લગાવ્યા સિવાય છુટકો નથી."

"મ્હને પણ એ તાળાં બતાવશો કે?" વીરસિંહે ઉત્સુકતાથી પૂછ્યું.

"જ્યાં સુધી આપણે યુદ્ધમાં વિજયી ન થઇએ ત્યાં સુધી હું એ તાળાં આપને બતાવી શકીશ નહિ. આપ કદાચ પાછા શત્રુઓથી છેતરાઇ જાઓ તો આપણી બાજી ધૂળધાણી થઇ જાય." જ્યોતિસિંહે કહ્યું. રાજકુમારે પણ એ સંબંધી વિશેષ આનાકાની કરી નહિ.

તરત જ જ્યોતિસિંહ ગુફા તરફ ચાલ્યો ગયો, તથા સ્હવાર થતાં પહેલાં તો પાછો આવી પહોંચ્યો. સ્હવારે વીરસિંહે જ્યારે

સભ્યાત્યાગ કર્યો ત્યારે તેણે જ્યોતિસિંહને પૂછ્યું:–" ભાઇ ! ગુફાના શા સમાચાર છે ?"

" કેદીઓ છૂટી ગયા છે; પરંતુ હું તાળાનો બંદોબસ્ત કરી આવ્યો છું." જ્યોતિસિંહે ઉત્તર આપ્યો.

ન્હાઇ ધોઇ નાસ્તો કરી જ્યોતિસિંહ રાજકુમારને દરબારમાં લઇ ગયો. બન્ને જણા યથાસ્થાને બેસી ગયા. આજે ગુપ્તદૂતોએ દરબારમાં આવી એવા સમાચાર જાહિર કર્યા કે, "રાણા કનકસિંહનું સૈન્ય વિશેષ પાસે આવી પહોંચ્યું છે. હવે તે રત્નગઢથી માત્ર દશ ગાઉ દૂર રહેલું છે."

આ સમાચાર સાંભળી રાણા જયસિંહ તરફ દૃષ્ટિ કરીને રાજકુમારે કહ્યું:–" મહારાજ ! મુસલ્માન સૈનિકોને હવે કનકસિંહના સૈન્યને આગળ વધતું અટકાવવા માટે મોકલવા જોઇએ."

" રાજકુમાર ! આપ આપની ઇચ્છા હોય તેમ કરો." રાણા જયસિંહે સંમતિ દર્શાવી.

રાજકુમારે જ્યોતિસિંહને ઉદ્દેશીને કહ્યું:–" આપણું એક તોપખાનું પણ એ યવનસૈન્યની પાછળ રવાના કરો." આમ કહી તેણે જ્યોતિસિંહના કાનમાં મૃદુસ્વરે એવી સૂચના કરી કે, " આપણા તોપખાનાવાળાઓને સમજાવી દેજો કે જો તેઓ મુસલ્માન સૈન્યની દાનત ખરાબ જુએ કિંવા તેઓ પલાયન કરી જવાનો પ્રયત્ન કરતો જણાય તો તેઓ એક પણ યવન સૈનિકને જીવતો રાખે નહિ."

જ્યોતિસિંહ ઉપર દર્શાવેલો બંદોબસ્ત કરવાને ચાલ્યો ગયો. તે હરિસિંહને પણ પોતાની સાથે લઇ ગયો. મહારાણાએ દરબાર બરખાસ્ત કર્યો, તથા રાજકુમારને સાથે લઇ તેઓ મહેલમાં ગયા. તેમણે બન્નેએ સાથે બેસીને ભોજન કર્યું. પછીથી કુમાર પોતાના

વિશ્રાન્તિભુવનમાં ચાલ્યો ગયો. તેનો અવકાશનો સમય ઘણી વ્યાકુળતામાં પસાર થતો હતો; પરંતુ આજે પણ તે રાજનન્દિની મૃગલોચનીનું દર્શન કરી શક્યો નહિ.

---

## પ્રકરણ ૨૨ મું.

---

### હૃદયવિદારક ઘટના.

સંધ્યાકાળ સમયે પણ રાણા જયસિંહને મળવા માટે વીરસિંહ ગયો. રાણો જયસિંહ તેને પોતાની પાસે બેસાડી તેની સાથે વાતચિત કરવા લાગ્યો. એવામાં દીવાન હરિસિંહ અને જ્યોતિસિંહ પણ ત્યાં જઇ ચઢ્યા. રાણાએ તેમને સૈન્યવિષયક કેટલાક પ્રશ્ન પૂછ્યા. 'આજ્ઞાનુસાર યવનસૈન્યને મોકલ્યું છે અને તેમની પાછળ એક તોપખાનું પણ રવાના કર્યું છે' એવો જ્યોતિસિંહે ઉત્તર આપ્યો. હવે યુદ્ધ સંબંધીની ચર્ચા ચાલવા લાગી. ચર્ચામાં ને વિચારોમાં રાત્રિના બે પ્રહર પસાર થઇ ગયા. એવામાં એકાએક ચોપદારોએ આવીને એવા વર્તમાન જણાવ્યા કે, "મહારાજ! ચોરમહેલમાંથી કેટલાક માણુસો નીકળી પલાયન કરી ગયા છે. પહેરેગીરોએ તેમને શત્રુઓ સમજી તેમના તરફ તીર છોડયાં હતાં; છતાં તેઓ ઘાયલ થઇને પણ નાશી ગયા!"

આ સમાચાર સાંભળી રાણો ઘણી ચિંતામાં પડી ગયો. રાજકુમાર અને જ્યોતિસિંહ પણ વિસ્મિત અને સ્તંભિત બની ગયા. એવામાં રાજમહાલયમાં કેટલાંક માણુસો ઉચ્ચ સ્વરે આક્રંદ કરતાં હોય એવો હૃદયવિદારક ધ્વનિ સાંભળવામાં આવ્યો. ધીમે ધીમે એ આક્રંદધ્વનિ વિશેષ ભયંકરતાથી સંભળાવા લાગ્યો. સમસ્ત રાજ-

મહાલયમાં હાહાકાર થઇ રહ્યો. રાણાના અને રાજકુમારના મુખપર ગાઢ ચિંતાની છાયા છવાઇ ગઇ. એવામાં કેટલીક દાસીઓ ત્વરિત ગતિથી એ સ્થળે આવી પહોંચી, તથા ઘણી મુશ્કેલીથી તેમણે કહ્યું:-" મહારાજ! રાજકુમારીનું તથા કિશોરીનું મસ્તિષ્ક કાપી નાખીને કોઇ લઇ ગયું છે."

આ વર્તમાન જાણવામા આવતો જ સર્વનું અંતર ભેદાયું. રાણો તો હાય પોકારી પડી ગયો. રાજકુમારની પણ અજબ સ્થિતિ થઇ ગઇ. દીવાન હરિસિંહના નેત્રામાંથી અશ્રુધારાઓની અવિરલ વૃષ્ટિ થવા લાગી. જ્યોતિસિંહ પાષાણના પુતળા પ્રમાણે સ્તંભિત બની ગયો. મહારાણાએ આત્મસંવરણ કરી રાજકુમારને પોતાના હૃદય સાથે ચાંપી આક્રંદ કરવા માંડયું. આક્રંદ કરતો કરતો તે કુમારને સાથે લઇ ત્વરાથી રાજમહાલયમાં ગયો. ત્યાં જતાંજ તેણે ઘણો હાહાકાર થતો જોયો. અબળાઓના આર્તનાદથી ગગનમંડળ પણ જાણે કે ત્રિદિર્ણ થતું હતું. મૃગલોચનીના મૃતદેહ પાસે રાજરાણી પછાડા ખાતી હતી. મૃગલોચનીનું મસ્તક ધડથી જૂદું થઇ ગયેલું હોઈ એ સ્થળેથી અતિશય શોણિત વહી જતું હતું. રાણો પણ જઇને રાજનન્દિનીના મૃતદેહ પાસે ઢળી પડયો. રાજકુમારના અંગમાં તે: હાલવા જેટલી શક્તિ પણ રહી નહિ. અંદર જતાં જતાં દ્વાર પાસે જ તે ઢળી પડયો. દાંત બેસી ગયા અને મ્હોં મુડદાના જેવું નિસ્તેજ બની ગયું.

એ સ્થળે રાજનન્દિની મૃગલોચની અને કિશોરીની લાશ પડી હતી. તેમનાં બન્નેના મસ્તિષ્કને કોઇ કાપી ગયું હતું. એ ઠેકાણે ચારે તરફ લોહીને લોહી જ જોવામાં આવતું હતું. સર્વની સ્થિતિ ઘણી વિચિત્ર થઇ ગઇ હતી. મહારાણી આક્રંદ કરતી કરતી ઉચ્ચ

સ્વરે કહેતી હતી કે, "દીકરી, તું મ્હને એકલી મૂકીને ક્યાં ચાલી ગઇ રે? ક્યા નિષ્ઠુર માણસે ત્હારૂં આવું રોમાંચ ઉપજાવે એવું ભયંકર મૃત્યુ નિપજાવ્યું છે? હવે ત્હારા સિવાય જીવતી રહીને હું શું કરીશ? ત્હારા માટે જ આટલી બધી ઉપાધીઓ આવી પડી હતી; હવે જ્યાંરે તું જ અમારો સર્વનો ત્યાગ કરી ચાલી ગઇ છે ત્યારે આ રાજ્યનું પણ શું થશે?!"

રાણો જયસિંહ પણ આક્રંદ કરતાં કહેતો હતો કે, "હવે નિમકહરામ ક્રૂરસિંહનું અંતર ઠંડું થયું હશે. હવે દુરાત્મા કનકસિંહની દુષ્ટેચ્છા સફળ થઇ હશે. હવે તે આવીને ભલે આ રત્નગઢને સ્વાધીન કરે. હવે અમને સુખ દુઃખની સહજ પણ ચિંતા નથી."

એવામાં રાણા જયસિંહે દ્વાર પાસે વીરસિંહને પડી રહેલો જોયો. તેનું મસ્તક વિદિર્ણ થયેલું હોઇ તેમાંથી લોહીની ધારા વહી જતી હતી. તેનો શ્વાસ પ્રશ્વાસ રુંધાઇ ગયેલો હતો. રાણાએ રાજકુમારની નાડી તપાસી જોઇ તો તેના ધબકારા બંધ થઇ ગયેલા જણાતા હતા. નાસિકા પાસે હાથ મૂકી જોયો તો ત્યાં પણ કોઇ પણ પ્રકારની જીવિતક્રિયા થતી જોવામાં આવી નહિ. આ સર્વ પ્રકાર જોવામાં આવતાં રાણા જયસિંહના મસ્તિષ્કપર જાણે કે વજ્રાઘાત થયો. ઉચ્ચ સ્વરે રડતાં રડતાં તે બોલી ઉઠયોઃ—"અરેરે! મહા ભયંકર અનર્થ થઇ ગયો છે. સંકટપર સંકટ આવી પડ્યું છે. મ્હારા કમનસીબ કિસમતની સીમા આવી રહેલી છે. મ્હારા રાજ્યની પાયમાલી થવાની સાથે વિજયગઢ રાજ્યની પણ પાયમાલી થઇ ગઇ છે. હવે હું મહારાણા દેવીસિંહને શો ઉત્તર આપીશ? સમસ્ત રત્નગઢનું રાજ્ય વીરસિંહને સમર્પણ કરી વાનપ્રસ્થાશ્રમમાં ગમન કરવાની મ્હારી જે મહત્વાકાંક્ષા હતી તે આજે સર્વથા નિરા-

શાના સ્વરૂપમાં પરિવર્તિત થઇ ગઇ છે. (દ્વાર તરફ દષ્ટિ કરીને રાણો કહેવા લાગ્યો.) અરે, કોઇ જલ્દી જાઓ અને જ્યોતિસિંહને બોલાવી લાવવામાં એક ક્ષણ માત્રનો વિલંબ ન કરો.”

બરાબર આ સમયે જ અસ્થિર ચિત્તે જ્યોતિસિંહ જયસિંહ સમક્ષ ઉપસ્થિત થયો. રાજકુમારને મૃતવત્ સ્થિતિમાં પડી રહેલો જોઇ તેની વ્યાકુળતા વૃદ્ધિંગત થઇ ગઇ. તેણે અનેક ઉપચારો કર્યા કિન્તુ વીરસિંહ શુદ્ધિમાં આવ્યો નહિ. રાજવૈદ્યે પણ વિવિધ ઉપચારો કર્યા; કિન્તુ તેનો એક પણ ઉપચાર આશાજનક નિવડ્યો નહિ. જ્યોતિસિંહના શોકની સીમા રહી નહિ.

રાજનન્દિની મૃગલોચની અને કિશોરીના મૃત્યુવર્તમાન અલ્પકાળમાં જ સમસ્ત રત્નગઢમાં જાહિર થઇ ગયા. પ્રજા પણ આ વર્તમાન જાણવામાં આવતાં અત્યંત દુઃખી થઇ. ઘણાં મનુષ્યો આક્રંદ કરતાં કરતાં રાજમહાલયની પાસે એકત્ર થવા લાગ્યાં. રાણો જયસિંહ અને તેની રાણી રાજનન્દિની મૃગલોચનીના મૃતવત્ દેહ પાસે પડ્યાં પડ્યાં હૃદયવિદારક ક્રંદન કરતાં હતાં. દાસીઓનાં નેત્રોમાંથી પણ અવિરલ અશ્રુધારાઓ પ્રવાહિતા થતી હતી. એક પ્રકારના ગાઢ શોકની છાયા રાજમહાલયમાં છવાઇ ગઇ હતી. એવામાં એક ઘણો ભયંકર અવાજ થયો, અને રાક્ષસના જેવા એક વિદ્રુપ અંગવાળો પુરુષ ખભાપર મ્હોટી ગદા લઇ ત્યાં ઉપસ્થિત થયો. સર્વની દષ્ટિ એ વિચિત્ર પુરુષ પ્રત્યે આકર્ષાઇ. સર્વ દિઙ્‌મૂઢ બની જઇ તેના તરફ જોઈ રહ્યાં. પ્રથમ તો એ પુરુષે સકળ મનુષ્યોના શોક પ્રત્યે દુર્લક્ષ્ય દર્શાવી હાસ્ય કર્યું, તથા જ્યોતિસિંહના મુખમંડળ તરફ થોડા સમય સુધી એકાગ્રદષ્ટિથી જોઇ રહીને તેણે કહ્યું:—“માયાના મોહથી મુગ્ધ બની જઇ શા માટે વ્યર્થ શોક કરો છો ?

હે દૈવજ્યોતિસ્વરૂપ મનુષ્યો! તમે સંપૂર્ણ વિચાર કરી જોશો તો તમને માલૂમ પડશે કે, આ સકળ માયાવી કાર્ય છે. શોક કર્યાથી કાંઇ સુફળ ફળવાનું નથી. ગુરુદેવ બ્રહ્માનંદને તમારા સહાયક સમજી તમે તમારું કર્તવ્ય બજાવો."

આટલાં વચનો ઉચ્ચારી એ વિદ્રુપ અંગવાળો પુરુષ જે સ્થાનેથી આવ્યો હતો તે સ્થાન તરફ જતો રહ્યો. તે ક્યાં જતો રહ્યો એ કોઇ જાણી શકયું નહિ; તેની પાછળ જવાનું સાહસ કોઇ કરી શકયું નહિ.

ઉપર્યુક્ત પુરુષનાં વચનોનો અલ્પકાળપર્યંત જ્યોતિસિંહે પોતાના અંતરમાં કાંઇ વિચાર કર્યો. પછીથી તેણે કુમારનું મસ્તિષ્ક એક તકિયાપર ગોઠવી, મૃગલોચનીના સર્વાંગની તપાસ કરી જોઇ. તો તેના વિષણ્ણ વદનમંડળપર આશાની છાયા છવાંઇ રહી. આનંદાવેશમાં જ તેણે કહ્યું:-"હવે મ્હને એમજ લાગે છે કે, રાજકુમારીને તથા તેમની સખી કિશોરીને રાણા કનકસિંહનો જ બહુરૂપી યુક્તિ પ્રયુક્તિથી ઉપાડી ગયેલો હોવો જોઇએ, તથા તે જ આ બનાવટી મૃતદેહોને અહીં મૂકી ગયેલો છે; કેમ કે આ મૃતદેહોને જોઇ આપણે તેમને મૃત્યુ પામેલી સમજી કોઇ પણ પ્રકારની શોધ કરીએ નહિ."

રાણા જયસિંહે કહ્યું:-"આ મૃતદેહો બનાવટી છે એમ તમે શા ઉપરથી ધાર્યું?"

"આપને હું ખાત્રી કરી આપવા તૈયાર છું. આપ મ્હારી પાસે આવો." જ્યોતિસિંહે કહ્યું.

રાણા જયસિંહ આશાતુર વદને તેની પાસે ગયો. મહારાણી પણ ત્યાં ગઇ. જ્યોતિસિંહે પોતાની કમરમાંથી એક તીક્ષ્ણ કટાર

બ્હાર ખેંચી કાઢી, કિશોરીનો એક કૃત્રિમ પગ કાપી નાખ્યો. એ પગનાં કડકાં તેણે મહારાણાને બતાવીને કહ્યું:—" "જુઓ, આ પગના કડકામાં એકે હાડકું જોવામાં આવે છે ?"

જયસિંહે બરાબર તપાસ કરીને કહ્યું:—"તમારું કહેવું યથાર્થ છે. આ મૃતદેહ બનાવટી છે એ માટે હવે મ્હારા અંતરમાં સહજ પણ સંદેહ રહેતો નથી."

પછીથી મૃગલોચનીના મૃતદેહની પણ એવી જ રીતે પરીક્ષા કરવામાં આવી તો તેમાંથી પણ એકે હાડકું જોવામાં આવ્યું નહિ. હવે જ સર્વેની એવી ખાત્રી થઇ ગઇ કે, આ નૃશંસ કાર્ય કોઇ બહુરૂપી જ કરી ગયો છે. રાણા જયસિંહે કહ્યું:—"મૃગલોચની અદ્યાપિ જીવિતા છે એમ જાણવામાં આવતાં મ્હારું અંતર આનંદિત થાય છે; પરંતુ તે શત્રુઓની પ્રપંચજાળમાં ફસાઇ પડી છે એ કાંઇ સામાન્ય શોકની વાત નથી."

"એ માટે આપ નિશ્ચિંત રહો. હું હમણાં જ રાજકુમારીની શોધમાં જઉં છું. તેમને તથા કિશોરીને હું સત્વર શત્રુઓના પંજામાંથી છોડાવી લાવીશ." જ્યોતિસિંહે નિર્ભયતા દર્શાવી.

જ્યોતિસિંહનાં આવાં નિર્ભયતાસૂચક વચનો સાંભળવામાં આવતાં સર્વેના અંતરમાં સાહસ ઉપજ્યું. હવે મહારાણાના અંતરમાં રાજકુમાર વીરસિંહને સત્વર શુદ્ધિમાં લાવવાની ચિંતા ઉત્પન્ન થઇ. રાજવૈદ્યે તેમજ અન્ય, માણસોએ અનેકવિધ ઉપચારો કર્યા; કિન્તુ રાજકુમાર શુદ્ધિમાં આવ્યો નહિ. જ્યોતિસિંહે પણ ઘણા ઉપાયો અજમાવ્યા; કિન્તુ તેના સર્વ ઉપાય વ્યર્થ થયા. અંતે રાણા જયસિંહે જ્યોતિસિંહને ઉદ્દેશીને પૂછ્યું:—"હવે આપણે શું કરીએ ?"

"મહારાજ ! રાજકુમારને તેમના વિશ્રામભુવનમાં મોકલી દો.

ત્યાં જઇને હું એકલો જ તેમને શુદ્ધિમાં લાવવાનો પ્રયત્ન કરીશ." જ્યોતિસિંહે કહ્યું.

તરત જ રાજકુમારને બે માણસો તેના એકાન્ત વિશ્રામભુવનમાં મૂકી આવ્યા. ત્યાર પછી એકલો જ્યોતિસિંહ રાજકુમાર પાસે ગયો. વીરસિંહને એક મૂલ્યવાન્ પલંગમાં સૂવાડવામાં આવ્યો હતો.

જ્યોતિસિંહે વિશ્રામભુવનનાં સઘળાં બારી બારણાં બંધ કરી દીધાં પછીથી વીરસિંહના કાન પાસે મ્હોં રાખીને તે કહેવા લાગ્યોઃ—" રાજકુમાર! મૃગલોચની મરી ગઇ નથી; પરંતુ જીવતી છે. જુઓ જુઓ, કનકસિંહના બહુરૂપીઓ તેને ઉપાડી જાય છે. જલ્દી જઇ તમે તેને દુષ્ટોના સપાટામાંથી છોડાવો—એક ક્ષણનો પણ વિલંબ ન કરો. મૃગલોચનીને શત્રુઓના પંઝામાં ફસાઇ પડેલી જોયાં છતાં તમે એક કાયર ભીરુ પુરુષની માફક આમ પડયા રહેશો કે?! આટલામાં જ આપના વીરત્વનો અંત આવે છે કે?"

આટલાં વાકયોનો કર્ણમાં પ્રવેશ થતાં જ વિરસિંહે પોતાનાં નેત્રો ઉઘાડયાં, તથા તેણે રોષદર્શક સ્વરે કહ્યું.—" કોણ મ્હારી મૃગલોચનીને લઇ જાય છે? કયાં છે મ્હારી મૃગલોચની?"

આમ કહીને તે વ્યાકુળતાથી ચોતરફ જોવા લાગ્યો. જ્યોતિસિંહને તેણે પોતાની પાસે બેઠેલો જોયો. વ્યાકુળતાથી તેણે જ્યોતિસિંહને પૂછ્યુંઃ—" ભાઇ! હમણાં કોણ કહેતું હતું કે, મૃગલોચની જીવતી છે, અને તેને બહુરૂપીઓ ઉપાડી જાય છે?"

"રાજકુમાર! હું જ આપના કાનમાં એમ કહેતો હતો, તથા આપને મ્હેં જે કહ્યું છે તે સત્ય છે. રાજકુમારી જીવતાં છે; પરંતુ દુશ્મનો એમનું હરણ કરી ગયા છે. દુશ્મનોએ મૂકેલી બનાવટી લાશો જોઇને જ આપ બેહોશ બની ગયા હતા." જ્યોતિસિંહે રાજકુમારના ભ્રમને દૂર કરવાનો પ્રયત્ન કર્યો.

"એ લાસ બનાવટી હતી એમ કહી તમે મ્હારું સાંત્વન કરવાને ઇચ્છો છો કેમ?" વીરસિંહે અવિશ્વાસ દર્શાવ્યો.

"હમણાં જ હું આપની ખાત્રી કરી આપું છું." આમ કહીને જ્યોતિસિંહે વિશ્રામભુવનનું પ્રવેશદ્વાર ઉઘાડી નાખ્યું તો ત્યાં આગળ રાણો જયસિંહ સજળનયને અને વિષણ્ણવદને ઉભો રહ્યો હતો. રાજકુમારને શુદ્ધિમાં આવેલો જોતાં તેના શોકનો ભાર કાંઇક ઓછો થયો. મહારાણીએ કેટલીક દાસીઓને રાજકુમારની તબિયતના સમાચાર જોઇ આવવા મોકલી હતી તેઓ પણ ત્યાં આવી પહોંચી. તેઓમાંની એક દાસીને ઉદ્દેશીને જ્યોતિસિંહે કહ્યું:—"રાજકુમારીજીની અને કિશોરીની બનાવટી લાસોમાંથી પગના જે બે કડકાઓ કાપેલા છે તે તું સત્વર અહીં લઇ આવ."

દાસી જંઇને સત્વર એ કડકા લઇ આવી. પછીથી એ બન્ને મૃતદેહ બનાવટી હોવાની જ્યોતિસિંહે રાજકુમારની ખાત્રી કરી આપી. પોતાની ખાત્રી થઇ ગયા પછી વીરસિંહે કહ્યું:—"ઠીક છે; પરંતુ દુશ્મનોએ ઘણી બદમાશી કરી છે. આપણે તેમને તેમના આવા ભયંકર કાર્યની સજા કરવા જ જોઇએ."

"એ માટે આપ નિશ્ચિંત રહો, અને આ દોસ્ત શું કરે છે તે શાન્તિથી જુઓ." જ્યોતિસિંહે કહ્યું.

સ્હવાર થતાં સુધી મહારાણો જયસિંહ, જ્યોતિસિંહ અને વીરસિંહ વાતો કરતા બેસી રહ્યા. એવામાં ત્યાં આગળ દીવાન હરિસિંહે ઉપસ્થિત થઇ રાણાને નમન કર્યું. રાણાએ તેને એક આસનપર બેસવાનો ઇશારો કર્યો. હરિસિંહ આસનપર બેઠો. બીજાં માણસોને કિંવા દાસ દાસીઓને ત્યાંથી વિદાય કરી દેવામાં આવ્યાં. પછીથી હરિસિંહે જ્યોતિસિંહને પૂછ્યું—"મ્હેં એવું સાંભળ્યું છે કે, જે મૃતદેહને સર્વએ રાજકુમારીના મૃતદેહ તરીકે ઓળખ્યો હતો તે બનાવટી હતો!"

જ્યોતિસિંહે હરિસિંહને સઘળી સત્ય હકીકત કહી સંભળાવી. ત્યાર પછી હરિસિંહે કહ્યું:–" બીજો પણ એક માઠો બનાવ બન્યો છે. રાજનંન્દિનીના મૃત્યુ વર્ત્તમાન જાણવામાં આવ્યાથી સર્વે ચિંતાતુર હતા. જે જે સરકારી નોકરોના જાણવામાં આ સમાચાર આવ્યા તેઓ વ્યાકુળતાથી રાજમહાલય પાસે દોડી આવ્યા. જે ઠેકાણે આપણે પેલા બહુરૂપીઓને કેદ કરી રાખ્યા હતા ત્યાં પહેરો ઓછો થઈ ગયો. આ સુયોગને વ્યર્થ નહિ જવા દેતાં એ બહુરૂપીઓ તેમનાપર જે પહેરેગીરો પહેરો ભરતા હતા તેમના પર તૂટી પડી, તેમને ઘાયલ કરી પલાયન કરી ગયા છે. આ કાર્યમાં તેમના સાથીદારોએ તેમને સંપૂર્ણ સહાયતા કરેલી છે."

આ સમાચાર સાંભળી રાણો, જ્યોતિસિંહ અને વીરસિંહ સ્તંભિત બની ગયા. અલ્પકાળ પછી વીરસિંહે કહ્યું:–" આપણે પાછા મ્હોટી મુશ્કેલીમાં ફસાઇ પડયા. શત્રુના સઘળા બહુરૂપીઓ આપણી કેદમાંથી મુક્ત થઇ ગયા છે. રાજનન્દિની તથા કિશોરીને ઉપાડી જઇને તો તેમણે ગજબ કર્યો છે! હવે આ સુત્રળું સહન કરી શકાતું નથી. હું આજે જ કૂચ કરીશ, અને આપણા વૈરની વસુલાત લઇશ."

રાજકુમારે આટલાં વચનો ઉચ્ચાર્યાં એવામાં એક ચોપદારે આવીને અર્જ કરી કે, " મહારાજ ! યુદ્ધના સમાચાર લઇ એક ગૂપ્ત દૂત આવેલો છે. તેને અહીં હાજર કરવાની રજા છે ?"

" સત્વર તેને અહીં હાજર કર." રાણાએ અનુમતિ આપી. ચોપદાર ચાલ્યો ગયો અને અલ્પકાળમાં જ એક ગુપ્તદૂતને ત્યાં મૂકી ગયો. તેણે રાણાને નમન કરીને નમ્રતાપૂર્વક કહ્યું:–"મહારાજ! શત્રુઓને આગળ વધતા અટકાવવા માટે જે યવન સૈન્યને અહીંથી

મોકલવામાં આવ્યું હતું તે યથાસ્થાને જઇ પહોંચે ત્યાં સુધીમાં શત્રુ સૈન્ય ચાર ગાંઉ સુધી આગળ આવ્યું હતું. યુદ્ધના આરંભકાળમાં યવન સૈન્ય ગચ્છંતિ કરી જવાનો પ્રયત્ન કરતું હતું; તેથી પાછળના સૈન્યને તોપો ફેરવવાની ફરજ પડી હતી, અને તેથી ચોથા ભાગનું યવન સૈન્ય માર્યું ગયું હતું. અન્ય યવન સૈનિકોએ નિરુપાયવશાત: શત્રુઓ સાથે એવા પરાક્રમથી યુદ્ધ કર્યું કે તેમણે લગભગ એક હજાર શત્રુઓનો સંહાર કરી નાખ્યો; પરંતુ અંતે યુદ્ધમાં સઘળું યવન સૈન્ય માર્યું ગયું છે. તોપચીઓ જીવના જોખમે યુદ્ધ કરે છે; માટે હવે જો તેમને ત્વરાથી સહાયતામાં બીજું સૈન્ય નહિ મોકલી આપવામાં આવે તો તેમનો પણ નાશ થઇ જશે."

આ વર્તમાન સાંભળી વીરસિંહે હરિસિંહને હુકમ કર્યો કે, બીજું પાંચ હજારની સંખ્યાનું સૈન્ય તેમની મદદે મોકલો, અને સંગ્રામ ક્ષેત્રમાં મ્હારો તંબુ ઠોકવાની પણ વ્યવસ્થા કરો. મધ્યાન્હકાળે હું પણ કૂચ કરીશ."

હરિસિંહ સૈન્ય રવાના કરવાને ચાલ્યો ગયો. જયસિંહે રાજકુમારને કહ્યું:-"હું પણ તમારી સાથે આવીશ."

"ના-હમણાં આપ અહીં જ રહો. હું એક વખત જઇને જોઉં તો ખરો કે મહારાણો કનકસિંહ કેવો બહાદુર છે! આપને હમણાં તકલીફ ઉઠાવવાની જરૂર નથી." વીરસિંહે કહ્યું.

થોડા સમય સુધી વાતચિત થયા પછી મહારાણો જયસિંહ ઉઠીને મહેલમાં ચાલ્યો ગયો. જ્યોતિસિંહ અને રાજકુમાર સ્નાન સંધ્યાદિ નિત્યકાર્યથી સત્વર નિવૃત્ત થઇ ગયા. પછીથી જ્યોતિસિંહે એક ડાંડીઆને બોલાવી આખા નગરમાં એવો ઢંઢેરો ફેરવવાની આજ્ઞા કરી કે, "જેને દંતારવીરની સાધના હોય તેણે જ્યોસિંહને મળવું."

આજ્ઞાનુસાર દાંડીઆએ આ ઢંઢેરો સમસ્ત નગરમાં ફેરવ્યો. આ ઢંઢેરાનો ભેદ નહિ સમજાયાથી સર્વ આશ્ચર્ય પામ્યા.

યથા સમયે રાજકુમાર અને જ્યોતિસિંહ દરબારમાં હાજર થયા. આજે દરબારમાં સર્વના મુખમંડળપર ચિંતાની છાયા છવાઇ રહેલી જોવામાં આવતી હતી. રાજકુમાર યુદ્ધમાં જવા માટે રાણા પાસેથી વિદાય લઈ જ્યોતિસિંહ સાથે ચાલ્યો ગયો. જયસિંહનું ચિત્ત પણ અસ્વસ્થ હોવાથી આવશ્યક કાર્યો બજાવી તે રાજમહેલમાં ચાલ્યો ગયો. મૃગલોચની અને કિશોરી જીવતી છે એવા વર્તમાન જાણવામાં આવ્યાથી જયસિંહના અંતરમાં ધૈર્ય ઉત્પન્ન થયું હતું; કિન્તુ તેઓ બન્ને કેટલું બધું દુઃખ ભોગવતી હશે એ વિચાર સર્વના અંતરને વ્યાકુળ બનાવી દેતો હતો. સર્વનાં નેત્રોમાંથી અદ્યાપિ અશ્રુજળ સુકાતું નહોતું. કોઇને ક્ષુધા તૃષ્ણાનું ભાન રહ્યું નહોતું. રાણો જયસિંહ મહેલમાં ગયો એટલે રાણીએ અધીરતાથી તેને પૂછ્યું– "સ્વામિન્! રાજકુમારીની શોધ કરવાનો કાંઇ પ્રયત્ન કર્યો કે નહિ ?"

"તમે એ માટે સર્વથા નિશ્ચિંત રહો. જ્યોતિસિંહ પોતે રાજકુમારીની શોધ કરવા જાય છે. વીરસિંહ પણ યુદ્ધમાં ભાગ લેવા માટે હમણાં જ દરબારમાંથી વિદાય થયા છે. હવે તો ઇશ્વર જે કરે તે ખરૂ પ્રિયા !" જયસિંહે કહ્યું.

"પરમકૃપાળુ પરમાત્મા યુદ્ધમાં આપણો વિજય કરો અને અધર્મી શત્રુઓનો સંહાર કરો એવી તેને મ્હારી અનન્યભાવે પ્રાર્થના છે." રાણીએ કહ્યું.

## પ્રકરણ ૨૩ મું.

### રણમાં ભંગ.

દિવસનો અલ્પકાળ અવશિષ્ટ હતો. યુદ્ધભૂમિના મયદાનમાં જ્યોતિસિંહ, વીરસિંહ અને સેનાપતિ શૂરસિંહ તંબૂમાં બેસીને વાતચિત કરતા હતા. પૂર્વ તરફ ઘણા તંબૂઓ ઠોકેલા જોવામાં આવતા હતા. મ્હોટા મ્હોટા શામિયાનાઓમાં તોપો ગોઠવી રાખેલી જોવામાં આવતી હતી. દક્ષિણ તરફના શામિયાનાઓમાં અનેક અશ્વો- ખેંતબારા કરી રહ્યા હતા. તેનાથી થોડે દૂર કેટલાક હાથીઓને મજબુત સાંકળો સાથે બાંધી રાખેલા હતા. પશ્ચિમ તરફ દુંદુભીવાળાઓ, ગુપ્તદૂતો, સુરંગો ખોદનારાઓ વગેરેના તંબૂઓ હતા. ખોરાકીનો સરસામાન પણ ત્યાંજ રાખેલો હતો. અસંખ્ય સિપાહીઓ પોતાનાં હથિયારોને કાર્યોપયોગી બનાવતા હતા.

વીરસિંહે સેનાપતિ શૂરસિંહને કહ્યું:—"આવતી કાલે પ્રભાત થતાં જ આપણો પડાવ દુશ્મનોની પાસે યુદ્ધના મયદાનમાં પડશે એમ હું ધારું છું."

"મહારાજ! આપની ધારણા યથાર્થ છે. સર્વ પ્રકારની સુવ્ય-વસ્થા મધ્યરાત્રિ થતાં સુધીમાં થઇ જશે એટલે પછી આપણું સૈન્ય ત્વરિતગતિથી અહીંથી કૂચ કરશે." શૂરસિંહે કહ્યું.

બરાબર આ સમયે જ લક્ષ્મણસિંહ ત્યાં આવી પહોંચ્યો. તેણે રાજકુમાર તથા જ્યોતિસિંહને નમન કર્યું. તેને જોઇ રાજકુમાર અત્યંત પ્રસન્ન થયો, તથા જ્યોતિસિંહે પણ તેને સ્નેહાલિંગન કર્યું.

"કેમ લક્ષ્મણ! ત્હેં અહીં આવીને શું કામ કર્યું છે?" વીરસિંહે પૂછ્યું.

જ્યોતિસિંહે કહ્યું:–"રાજકુમાર! લક્ષ્મણસિંહે ધાર્યું કાર્ય બજાવ્યું છે. જુઓ, પ્રથમ તો આપણે બન્ને જ્યારે રાજનન્દિની મૃગલોચનીના બગીચામાં રાત્રિના સમયે બેઠા હતા ત્યારે ત્યાં મહારાણાના આગમનની ખબર આપવા આવનાર તથા આપણને સાવધાન કરી જનાર લક્ષ્મણસિંહ જ હતો. ત્યાર પછી વિજયગઢ આવીને ક્રૂરસિંહના રામગઢ ગયાના સમાચાર આપનાર, અને ક્રૂરસિંહનું રામગઢના બહુરૂપીઓ સહ રત્નગઢમાં આગમન થયાના વર્તમાન જણાવનાર પણ લક્ષ્મણસિંહ જ હતો. છેવટે જ્યારે મૃગલોચની અને કિશોરીનું ખૂન થયું છે એમ સમજી આપણે સર્વે વિલાપ કરતા હતા ત્યારે તેઓ બન્ને જીવતી છે એમ આપણને લક્ષ્મણસિંહ જ વેશાંતર કરીને જણાવી ગયો હતો. એનું કોઇ ચોક્કસ ઠેકાણું નહિં હોવાથી આજે પ્રભાતકાળે મ્હેં જે ઢંઢેરો ફેરવ્યો હતો તે એને બોલાવવા માટે જ ફેરવ્યો હતો."

આ સઘળી હકીકત જાણવામાં આવતાં જ રાજકુમાર વીરસિંહે અત્યંત પ્રસન્નતાપૂર્વક કહ્યું:–"લક્ષ્મણસિંહ! તમારી કાર્યકુશળતા માટે તમને જેટલો ધન્યવાદ આપવામાં આવે તેટલો ઓછો જ છે." આમ કહીને વીરસિંહે લક્ષ્મણસિંહની પીઠ ઠોકી.

"રાજકુમાર! મ્હેં માત્ર મ્હારું કર્તવ્યકર્મ બજાવ્યું છે; તેથી મ્હારી પ્રશંસા કરવાની આવશ્યકતા હોય એમ હું ધારતો નથી." લક્ષ્મણસિંહે સૌજન્ય દર્શાવ્યું. ત્યાર પછી તેણે ગંભીરતાસૂચક સ્વરે કહ્યું:–"હવે આપણે રાજનન્દિનીને શત્રુઓના પ્રબળ પંઝામાંથી સત્વર મુક્ત કરવાં જોઇએ; નહિ તો તેમને અપાર કષ્ટ વેઠવું પડશે. વળી જો આપણે માત્ર રાજનન્દિનીને મુક્ત કરવાના જ કાર્યમાં ગુંથાઇશું

તો યુદ્ધનું પરિણામ શોચનીય આવવાની સંભાવના છે, માટે જે કાંઇ કરવું હોય તે સંપૂર્ણ વિચાર કરીને કરવાની જરૂર છે."

આ સમયે રાજકુમારે જ્યોતિસિંહને પૂછ્યું:–" જ્યોતિસિંહ ! હમણાં રાજકુમારી મૃગલોચની ક્યાં હશે ?"

"એ વાતની મ્હને ચોક્કસ ખબર નથી; પરંતુ મ્હને એમ લાગે છે કે, અકબરઅલ્લી અને ભૈરવનાથ મળી રાજનન્દિનીને ઉપાડી ગયા છે. આપણે જો તેમની શોધ કરીશું તો તેમનો પત્તો લાગ્યા સિવાય રહેશે નહિ." જ્યોતિસિંહે ઉત્તર આપ્યો.

પછીથી યુદ્ધભૂમિમાં જઇ પહોંચીને પછી તેમણે સર્વેએ રાજકુમારીની શોધ કરવા જવાનો નિશ્ચય કર્યો.

મધ્યરાત્રિ સૂધી તેઓ સર્વ મસલત કરતા બેસી રહ્યા. ત્યાર પછી તેઓ શ્રમિત થયેલા શરીરને વિશ્રાંતિ આપવા ઉઠયા. રાજકુમારે પોતાના તંબુમાં શયન કર્યું. તેની સાથે જ જ્યોતિસિંહનો તંબૂ હતો. એ તંબૂમાં જ્યોતિસિંહ અને લક્ષ્મણસિંહે શયન કર્યું. પછીથી એ તંબૂઓની આસપાસ સશસ્ત્ર પહેરેગીરો પહેરો ભરવા લાગ્યા.

રાત્રિનો જ્યારે એક પ્રહર અવશિષ્ટ રહ્યો ત્યારે પ્રથમથી થયેલા નિર્ણયાનુસાર સમસ્ત સૈન્યે એ સ્થળેથી કૂચ કરવાની તૈયારી કરી. સર્વ પ્રકારની તૈયારી થઇ ગયા પછી સૈન્યે આગળ વધવા માંડયું. સૈન્યની પાછળ એક હાથીપર રાજકુમાર બિરાજ્યો હતો. તેની આજૂબાજૂ અનેક અંગરક્ષકો ખુલ્લાં હથિયારોસહિત ચાલતા હતા. જ્યોતિસિંહ અને લક્ષ્મણસિંહ પોતાની બહુરૂપી વિદ્યાનાં સકળ સાધનો સાથે લઇ, ઘોડેસવાર થઇ રાજકુમારની આગળ પાછળ ચાલતા હતા.

એક પ્રહર દિવસ થતાં સૂધીમાં રાજકુમારનું સૈન્ય મહારાણા કનકસિંહનાં સૈન્ય પાસે જઇ પહોંચ્યું એ સ્થળે સત્વર છાવણી નાખી

શકાય એવો બંદોબસ્ત રાજકુમારે પ્રથમથી જ કર્યો હતો. સઘળા સૈન્યે ત્યાં પડાવ નાખ્યો એટલે રાજકુમાર વીરસિંહ પોતાંના તંબૂમાં સર્વ સલાહકારો સાથે બેસી યુદ્ધ સંબંધીની મસલત ચલાવવા લાગ્યો. પ્રથમ યુદ્ધનો આરંભ નહિ કરતાં રાણા કનકસિંહને એક પત્ર લખી મોકલાવવાનો સર્વએ નિશ્ચય કર્યો. વીરસિંહે પોતાના કામદારને પત્ર લખવાની આજ્ઞા કરી. એ પત્રમાં રાણા કનકસિંહને ઉદ્દેશીને એવા ભાવાર્થની હકીકત લખવામાં આવી કે, કૂરસિંહ જેવા બેઇમાન બદમાશ નોકરના ભંભેર્યાંથી તમે મહારાણા જયસિંહ વિરુદ્ધ યુદ્ધ કરવા આવ્યા છો એ તમે સર્વથા અનુચિત કાર્ય કર્યું છે! એટલું જ નહિ પણ તમારા બહુરૂપીઓ રત્નગઢમાંથી રાજકુમારી મૃગલોચની અને તેમનાં સખી કિશોરીનું હરણ કરી ગયા છે. આપના તરફથી જે અયોગ્ય પગલું ભરવામાં આવ્યું છે તે સંબંધી વિચાર કરવાની આ તમને તક આપી છે. આ તકનો સદુપયોગ કરી રાજનન્દિની અને તેમની સખી કિશોરીને યોગ્ય આદરસત્કારસહ આપ સત્વર અત્રે પહોંચાડી દેજો, તથા આપના સમસ્ત સૈન્યને આપની રાજધાનીમાં પાછું બોલાવી લેજો. આમ છતાં પણ જો આપનો વિચાર અધર્મનો આશ્રય સ્વીકારી યુદ્ધ કરવાનો જ હોય તો અમે પણ ક્ષત્રિયો છીએ. યુદ્ધમાં ઉતરવાને, અને અમારું પ્રબળ પરાક્રમ પ્રદર્શિત કરવાને અમે પ્રત્યેક ક્ષણે તૈયાર છીએ. ક્ષત્રિય સંતાનોની સુખશય્યા યુદ્ધભુમિ જ છે!"

આવા ભાવાર્થનો પત્ર લખી કામદારે તૈયાર કર્યો. હવે આ પત્ર કોની સાથે કનકસિંહને પહોંચાડવો એ વિચારથી વીરસિંહ ચોતરફ દૃષ્ટિ ફેરવવા લાગ્યો. આ સમયે લક્ષ્મણસિંહ પોતાના આસનપરથી ઉઠી ઉભો થયો, તથા રાજકુમાર સમક્ષ એ પત્ર લઇ જવાની પોતાની ઇચ્છા તેણે નમ્રતાપૂર્વક પ્રદર્શિત કરી. જ્યોતિસિંહની સંમતિ મળતાં

તેની આ ઇચ્છાને વિરસિંહે માન્ય કરી; પછી લક્ષ્મણસિંહ, વીરસિંહ તથા જ્યોતિસિંહને નમન કરી સ્વકાર્ય સાધનાર્થે તે વિદાય થઇ ગયો.

વાંચકબંધુઓ ! હવે આપણે મહારાણા કનકસિંહની છાવણીનું દિગ્દર્શન કરીએ. એક વિસ્તૃત મયદાનમાં કનકસિંહના સકળ સૈન્યે છાવણી નાખી હતી. અનેક ન્હાના મ્હોટા તંબૂઓ અધિકારી મંડળને માટે ઠોકવામાં આવ્યા હતા. એ તંબૂઓના સ્વરુપ ઉપરથી જ તેમાં નિવાસ કરતા અધિકારીની યોગ્યતાની તરકાર કલ્પના ઉપજી શકતી હતી. સિપાહી લોકોએ પૃથ્વીદેવીના વિશાળ વક્ષઃસ્થળપર જ આશ્રય સ્વીકાર્યો હતો. યુદ્ધનો સઘળો સરંજામ સુવ્યવસ્થાથી ગોઠવેલો જોવામાં આવતો હતો. સર્વ સ્થળોએ સશસ્ત્ર પહેરેગીરો સાવધાનતાથી પહેરો ભરતા નજરે પડતા હતા. મહારાણા કનકસિંહના તંબૂના શોભાસૌન્દર્યની તુલના થઇ શકવી અસંભવનીય હતી. સુવર્ણકળશમંડિત એ તંબૂ મખમલનો હોઇ તેનું બ્હારનું સૌન્દર્ય પણ પ્રેક્ષકને મુગ્ધ અને આશ્ચર્યચકિત બનાવી દે એવું હતું.

છાવણીમાં જઇ પહોંચતાં જ વિના વિલંબે લક્ષ્મણસિંહે કનકસિંહના તંબૂને અનાયાસે જ પિછાની લીધો. તંબૂમાંથી વાજીંત્રનો મધુર સ્વર સાંભળવામાં આવતો હતો. એક વિશાલનયના, અપ્સરાસ્વરૂપિણી, ત્રિભુવનમોહિની નવયૌવના ગાયિકા આકર્ષણીય સંગીત લલકારી રહી હતી. મહારાણો કનકસિંહ એક વિરામાસનપર આડો પડેલો હોય એ ગુલબદન દાસીઓ મયૂરપુચ્છના પંખાથી તેને વાયુ ઢોળતી હતી. વિરામાસનની પાસેના એક આસનપર સુરાસુંદરીની સ્થાપના થયેલી જોવામાં આવતી હતી. રાણો કનકસિંહ વારંવાર સુરાપાન કરી, ગાયિકાના સંગીતસુધાનું પાન કરતો હતો.

ગાયિકા હૃદયભેદક અને મદોત્પાદક હાવ ભાવથી ગાઇ રહી હતી કે,

" લૂંટો લૂંટોજી મેરા બાલા જોબન.
બાલા જોબન, મેરા બાલા જોબન. લૂંટો...
મધવા પીલાઉં મૈંય મીઠાઇ ખિલાઉં;
ઔર મૈંય દઉં મેરા કોમલ બદન. લૂંટો...
બિરહાકી મારી મૈંય મર રહી હું;
આઓ મેરા બલ્લમા બુઝાઓ અગન. લૂંટો...
ભૂખ ન જાનું, પ્યાસ ન જાનું;
એક પિયુસે મેરી લાગી લગન. લૂંટો...

ગાન પૂર્ણ થયું; છતાં વાયુદેવતામાં જાણે કે તેનો મધુર આલાપ અલ્પકાળ સૂધી કાયમ રહ્યો. રાણા કનકસિંહે પુનઃ એક સુરાપાત્રનું પાન કરીને આવેગસૂચક સ્વરે કહ્યું:-" ગુલબદન ! ત્હારાં સંગીતની હું જેટલી તારીફ કરું તેટલી ઓછી જ છે. શરાબ, સંગીત અને સુંદરી એ ત્રણે વસ્તુઓ વિશ્વમાં પુરુષવર્ગને માટે અત્યંત આનંદદાયિની છે."

બરાબર આ સમયે એક ચોપદારે આવી નમન કરીને અર્જ કરી કે:—" મહારાજ ! રાજકુમાર વિજયસિંહનો એક દૂત એક પત્ર લઇને આવ્યો છે. તે હમણાં આપની મુલાકાત કરવા માગે છે. મ્હને શી આજ્ઞા છે ?"

" એક કલાક પછી પુનઃ મ્હારી પરવાનગી લઇ તું એને અત્રે ઉપસ્થિત કરજે. હમણાં એને તમારી સર્વની દેખરેખમાં રાખો." મહારાણા કનકસિંહે આજ્ઞા કરી. ચોપદાર પુનઃ નમન કરી ચાલ્યો ગયો.

ત્યાર પછી ગાયિકાને વિદાય કરવામાં આવી. કનકસિંહે એક ચોપદારને મોકલી પોતાના બહુરૂપીઓને પોતાની પાસે બોલાવ્યા. બીજા કેટલાક રાજ્યાધિકારીઓ પણ ત્યાં આવી યથાસ્થાને બેસી ગયા.

બરાબર એક કલાકનો સમય પસાર થઈ ગયો એટલે પુનઃ ઉપર્યુક્ત ચોપ્રકારે આવી રાજકુમાર વીરસિંહના દૂતને હાજર કરવાની આજ્ઞા માગી. કનકસિંહે તેને આજ્ઞા આપી. લક્ષ્મણસિંહે તંબૂમાં પ્રવેશ કરી, કનકસિંહના આસન પાસે રાજકુમારનો પત્ર મૂકી દીધો. પછીથી તે એક બાજુએ ખસી જઇને ઉભો રહ્યો. તેણે કનકસિંહને નમન પણ કર્યું નહિ. એથી રાણો કનકસિંહ અત્યંત ક્રોધે ભરાયો; પરંતુ તેણે આત્મસંવરણ કરીને પોતાના એક નોકરને વીરસિંહનો પત્ર વાંચવાની આજ્ઞા દરી. નોકર પત્ર વાંચી રહ્યો એટલે અપાર ક્રોધવશ થઇને કનકસિંહે ઉચ્ચ સ્વરે કહ્યું:—" આજકાલનો એક નામર્દ છોકરો કેટલો બધો મિજાજ બતાવે છે. એના જેવા શિયાળના ડરાવ્યાથી શું મ્હારા જેવો બહાદુરસિંહ ડરી જશે? આજે એ અજ્ઞાની છોકરાએ મ્હારું જે ભયંકર અપમાન કર્યું છે તેથી મ્હારા તન બદનમાં કિન્નાની પ્રચંડ જ્વાળા સળગી ઉઠી છે. વીરત્વનાં બણગાં ફુંકવાથી કાંઇ વિશ્વમાં વિજેતા તરીકે વિખ્યાત થઇ શકાતું નથી.

ગગનમાં ગાજતા મેઘો, નહીં કદિ એ વરસવાના;
ભસે છે શ્વાન જે બહુએ, નહીં એ તો કરડવાના,
ગુમાની જે બની ગાંડા, કરે મુખે બહુ બકવા;
કદિ ના હામ ભીડીને, કંઇ એ કાર્ય કરવાના.

એ ગુમાની છોકરાનું ગુમાન હું અલ્પકાળમાં જ દૂર કરીશ—તેના વીરત્વરુપી અભિમાની હથિયારની ધાર બુઠ્ઠી કરી નાખીશ.

શિયાળના ડરાવ્યાથી સિંહ તો ડરતો નથી;
ભસે છે શ્વાન જે તેની, પરવા કદિ કરતો નથી.

મ્હારા હાથમાં આવેલી સુંદરીઓને હું પાછી તેમને સ્વાધીન કરું ?! ના ના—એ બન્ને સુંદરીઓ મ્હારા રંગમહાલયને શોભાવશે અને

મ્હને તેમના યૌવનનો આસ્વાદ ચખાડી સ્વર્ગીય સુખનું દર્શન કરાવશે.” સુરાની ઉત્તેજનાને આધીન થઇ કનકસિંહે આવાં વચનો ઉચ્ચાર્યાં.

“મહારાણા કનકસિંહ ! મ્હને તો એમજ લાગે છે કે, વિનાશકાળે તમને વિપરીત બુદ્ધિ સૂઝી છે.” લક્ષ્મણસિંહે સાહસનો સંચય કરીને કહ્યું.

“ઓ બે બદામના ગુલામ ! શું તું પણ મ્હારું અપમાન કરે છે ?” આમ બોલી તેણે લક્ષ્મણસિંહને પકડવાની પોતાના માણસોને આજ્ઞા કરી. લક્ષ્મણસિંહે પ્રથમથી જ સાવધાનતા રાખી હતી. પોતાના કમ્મરપટ્ટામાં ખોસેલી કટારને બ્હાર ખેંચી કાઢી પોતાનાપર હુમલો કરનાર માણસો પૈકી બે ત્રણ જણાને તો તેણે ધરાશાયી કરી નાખ્યા. પછીથી પોતાની બહુરૂપી વિદ્યાના વાંટવામાંથી એક દડો બ્હાર કાઢી તેણે તેને જોરથી પૃથિવીપર પછાડયો. તે સાથે જ એક એવો પ્રચંડ અવાજ થયો કે, મહારાણા કનકસિંહના તંબુમાં ઘણો ખળખળાટ થઈ રહ્યો. સઘળા દરબારીઓ અને રાણો સુદ્ધાં આ અવાજ થતાંની સાથે જ ચમકી ઉઠયા. કનકસિંહના મસ્તકપરનો મૂલ્યવાન્ શિરપેચ જમીનદોસ્ત થઇ ગયો. વિના વિલંબે એ શિરપેચને ઉપાડી લઇ લક્ષ્મણસિંહ એ તંબુમાંથી પલાયન કરી ગયો. તેના આવા અદ્ભુત વ્યવહારથી કોઇ તેને પકડવાનું સાહસ કરી શકયો નહિ.

કનકસિંહના સઘળા નોકરો દિઙ્મૂઢ બની જઇ એક બીજાના મ્હોં તરફ જોઇ રહ્યા. લક્ષ્મણસિંહને કોઇ પકડી શકયું નહિ તેથી કનકસિંહના ક્રોધનો પાર રહ્યો નહિ. પોતાનો સઘળો ક્રોધ તેણે પોતાની પાસે બેઠેલા બહુરૂપીઓપર ઉતાર્યો. તેમના તરફ તિરસ્કારયુક્ત

દૃષ્ટિથી જોઇને રાણા કનકસિંહે ક્રોધકર્કશ સ્વરે કહ્યું:–"ધિક્કાર છે તમને અને તમારી બહુરૂપી વિદ્યાને. એક અનુભવશૂન્ય નામર્દ મ્હારું આવું ભયંકર અપમાન કરી ગયો; છતાં તમે તેને કાંઈ કરી શક્યા નહિ એ કાંઇ સામાન્ય શર્મની વાત નથી!"

"રાજેન્દ્ર! અસંખ્ય મનુષ્યોમાં અમે નિર્ભયતાથી પ્રવેશ કરી ઇચ્છિત કાર્યને સફળ કરી શકીએ છીએ; કિન્તુ માત્ર એક જ માણસપર દશ બહુરૂપીઓએ તૂટી પડવું એ કાર્ય અમારા ધર્મ વિરુદ્ધ છે. અહીં મ્હોટા મ્હોટા પહેલવાનો હતા તેમણે શુ કર્યું?" ભૈરવનાથે કહ્યું.

"ઠીક છે, કાલે હુ જોઇ લઇશ." આમ કહી સર્વેને વિદાય કરી રાણો કનકસિંહ વિશ્રાન્તિ લેવા શય્યાવશ થયો.

## પ્રકરણ ૨૪ મું.

### ભીષણ સંગ્રામ અને વિજયપ્રાપ્તિ.

આનંદથી અધીરો બની જઈ ત્વરિતગતિથી લક્ષ્મણસિંહ પોતાની છાવણીમાં જઇ પહોંચ્યો. રાજકુમાર વીરસિંહ પાસે ઉપસ્થિત થઇને તેણે, બનેલા સર્વ બનાવનું યથાસ્થિત બ્યાન કર્યું. તેની હકીકત સાંભળી રહ્યા પછી વીરસિંહે પણ અત્યંત આનંદિત થઇને કહ્યું:–"ચાલો, યુદ્ધારંભમાં જ આપણને અત્યુત્તમ શુકન થયા છે."

"સર્વથી સારા શુકન તો મ્હારા માટે થયા છે કે મ્હેં એક ઉત્તમ શિષ્ય તૈયાર કર્યો છે." જ્યોતિસિંહે પ્રસન્નતાસૂચક સ્વરે કહ્યું. પછીથી તેણે કનકસિંહના શિરપેચને પોતાના વાટવામાં મૂકી દીધો. આવો પ્રકાર જોઇને વીરસિંહે કહ્યું:–"વારુ, તમે આ શિરપેચનું શું કરશો? તમારો જે વિચાર હોય તે મ્હને જણાવો તો ખરા?"

"રાજકુમાર! આનું નામ વિજયનો શિરપેચ છે. જે દિવસે આપનો વરઘોડો નીકળશે તે દિવસે આ શિરપેચ પહેરી, હાથમાં ઝુંડો લઇને હું સર્વની આગળ ચાલીશ." જ્યોતિસિંહનો આવો વિનોદાત્મક ઉત્તર સાંભળી રાજકુમાર ઉચ્ચ સ્વરે હસી પડયો; કિન્તુ તે સાથે તેનાં નેત્રોમાંથી બે અશ્રુબિંદુઓ સરી પડયાં. જ્યોતિસિંહ સમજી શક્યો કે, એ વિરહાશ્રુજળ રાજનન્દિનીના વિયોગનું જ હતું. તેણે લક્ષ્મણસિંહને ઉદ્દેશીને કહ્યું:–"ભાઇ! આવતી કાલે યુદ્ધનો આરંભ થશે જ; એટલા માટે એક બહુરૂપી તો અત્રે રહેવો જોઇએ જ; વળી મૃગલોચનીની ખબર મેળવવી એ સર્વથી અગત્યનું કાર્ય છે–".

"ત્યારે આપ અહીં રહીને આજ્ઞા આપતા હો તો હું રાજનન્દિનીની તપાસ કરવા જવાને તૈયાર છું." લક્ષ્મણસિંહે કહ્યું.

"ભાઇ! રામગઢના પહાડી પ્રદેશથી તું બરાબર પરિચિત નથી. રાજનન્દિની અને કિશોરી એ પ્રદેશમાં જ હોવાં જોઇએ એમ હું ચોક્કસ ધારું છું, માટે તું અહીં રહે અને હું તેમની શોધ કરવા જઉં છું." આમ કહી રાજકુમાર વીરસિંહની સંમતિ લઇ, તેને સર્વ પ્રકારે સાવધાનતા રાખવાની સૂચના કરી, પોતાનાં ઉપયોગી સાધન સાથે લઇને તે રામગઢ તરફ જવા નીકળી પડયો, અને અલ્પકાળમાં જ એક ધીચ જંગલમાં અદ્રશ્ય થઇ ગયો.

જ્યોતિસિંહના વિદાય થયા પછી વિષણ્ણવદને રાજકુમારે શય્યાનો આશ્રય સ્વીકાર્યો. રાજકુમારી ક્યાં કેવી સ્થિતિમાં હશે એ સંબંધીના જ અનેક વિધ વિચારો તેના અંતરમાં પ્રત્યેક ક્ષણે ઉપજતા હતા. રાત્રિનો ઘણો સમય વ્યતીત થયા પછી રાજકુમાર નિદ્રાધીન થયો; પરંતુ તેની નિદ્રાને અમે તંદ્રા કહીશું તો તેજ વિશેષ ઉચિત લેખાશે. તંદ્રાવસ્થામાં તે અદ્‌ભુત સ્વપ્નોનું દર્શન કરવા લાગ્યો. ક્વચિત્ તે

મૃગલોચનીને અગાધ જળરાશીમાં ડૂબી મરતી જોતો હતો તો કવચિત્ તેને અંધકારમયી ગુફામાં બંધનાવસ્થામાં પડી રહેલી જોતો હતો. સ્વપ્નાવસ્થામાં કુમાર બકવાદ કર્યા કરતો હતો. અંતે એક અત્યંત ભીષણ દેખાવ તેના જોવામાં આવ્યો.

મૃગલોચની અને કિશોરીનાં મસ્તકોમાંથી લોહીની અજસ્ત્ર ધારાઓ વહી જતી હતી. એક નરરાક્ષસ એ રુધિરનું પાન કરતો હતો. આવો હૃદયવિદારક દેખાવ નજરે પડતાં જ વીરસિંહ સ્વપ્નાવસ્થામાં પણ કંપી ઉઠયો, તથા એ નરરાક્ષસનો નાશ કરવા માટે તેની પાસે જવાની તે તૈયારી કરવા લાગ્યો. રાજકુમાર ત્યાં જઇ પહોંચે તે પૂર્વે તો એક મહાત્માને પોતાના હાથના ચીમટાથી એ નરરાક્ષસના અંગપર પ્રહાર કરતા તે જોઇ શકયો. પછીથી એ મહાત્મા પુષ્પપિંજરમાં એ બન્ને મસ્તકો મૂકી અદૃશ્ય થઇ ગયા.

આવો પ્રકાર જોવામાં આવતાં જ રાજકુમાર ચમકી ઉઠયો. તે ત્વરાથી જાગ્રત થયો—શુદ્ધિમાં આવ્યો. એવામાં એક ગુપ્તદૂતે આવીને શત્રુઓ ચઢી આવે છે એવા સમાચાર તેને કહી સંભળાવ્યા. વીરસિંહ વિના વિલંબે યુદ્ધસજ્જાથી સુસજ્જિત થઇ ગયો અને પોતાના સમસ્ત સૈન્યસહ પ્રથમથી ચોક્કસ કરેલા સ્થળે જઇ પહોંચ્યો. વ્યૂહરચના કેવી રીતે કરવી એ સંબંધીનું તેણે સેનાપતિને પ્રથમથી જ શિક્ષણ આપ્યું હતું. વીરસિંહ એક અરબી અશ્વપર સવાર થયો હતો. તેણે લક્ષ્મણસિંહને ઉદ્દેશીને કહ્યું:—"યુદ્ધમાં અસંખ્ય મનુષ્યોના લોહીને રેડાવા દેવાની કાંઇ જરૂર નથી. કનકસિંહને આપણે એવો સંદેશો પહોંચાડવો જોઇએ કે, જેઓ વીરત્વના ઘમંડી હોય તેઓ એક બીજાની સાથે દ્વંદ્વ યુદ્ધ કરે. વળી કનકસિંહ પોતાને સાક્ષાત અર્જુનનો અવતાર સમજે છે, તેથી તેની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવાને હું

તૈયાર છું. વિના કારણ ગરીબ બિચારા સિપાહીઓનું લોહી શા માટે રેડાવા દેવું જોઇએ ?"

"આપનો વિચાર અત્યુત્તમ છે. અલ્પકાળમાં જ આ સંદેશો હું કનકસિંહને પહોંચાડી આવું છું." આમ કહીને લક્ષ્મણસિંહ શત્રુઓની છાવણી પાસે જઇ પહોંચ્યો અને તેણે પોતાની પાસેનો એક રુમાલ બે ત્રણ વખત હલાવ્યો. આવો પ્રકાર જોવામાં આવતાં જ બહુરૂપી ભૈરવનાથ કનકસિંહના સૈન્યમાંથી બ્હાર નીકળી લક્ષ્મણસિંહ પાસે આવી પહોંચ્યો, તથા તેણે કહ્યું:–" જય માયાની." લક્ષ્મણસિંહે પણ ઉત્તરમાં એજ શબ્દો ઉચ્ચાર્યા. પછીથી ભૈરવનાથે પૂછ્યું:– "કેમ શી ખબર છે કે તમે અહીં આવીને બહુરૂપીઓને બોલાવો છો?".

"તમને એક વાત કહેવાના વિચારથી હું અત્રે આવ્યો છું." લક્ષ્મણસિંહે કહ્યું.

"કહો ત્યારે."

"તમારા સૈન્યમાં મર્દ વિશેષ છે કે સ્ત્રીઓ વિશેષ છે ?"

"એક પણ સ્ત્રી અમારા સૈન્યમાં નથી."

"તમારા સૈન્યમાં કોઇ બહાદુર છે કે, સર્વ ગરીબ સિપાહીઓનો જીવ લેવાવાળા અને તમાશો જોવાવાળા છે ?"

"અમારા સૈન્યમાં અનેક બહાદુર પુરુષો છે."

"તમારા કહેવાપરથી તો મ્હને એમ લાગે છે કે, તમારા સૈન્યમાં સઘળા નામર્દોનો જ સમાવેશ થયેલો છે."

"એ તો યુદ્ધમાં ઉતરતાં જ માલૂમ પડશે."

"ત્યારે પછી એકેકની સાથે એકેક લઢી–દ્વંદ્વ યુદ્ધ કરી તમારા વીરત્વનો પરિચય કેમ કરાવતા નથી ? એમ કરવાની યુદ્ધનો સત્વર અંત આવી જશે અને બિચારા ગરીબ સિપાહીઓનો જીવ સુદ્ધાં

બચશે. અમારા રાજકુમાર વીરસિંહજીનું એવું કહેવું છે કે, મહારાણા કનકસિંહને પોતાના વીરત્વનું ઘણું ઘમંડ છે; તેથી તેની સાથે દ્વંદ્વ યુદ્ધ કરવા તેઓ તૈયાર છે. જો તેઓ જીતશે તો રામગઢના રાજસિંહાસનના માલિક થશે, અને પરાજિત થશે તો સૈન્યસહ પાછા ફરી જશે." લક્ષ્મણસિંહે સઘળો ખુલાસો કર્યો:

"આ કાર્યમાં અમારા મહારાણા પાછી પ્હાની કરે એવા નથી. તેઓ જંગબહાદર છે. તમારા રાજકુમારને તો તેઓ એક મગતરાની માફક ચોળી નાખશે." ભૈરવનાથે કહ્યું.

"એ તો હું પણ જાણું છું કે, તમારો મહારાણો બોલવામાં બહાદરજ છે; પરંતુ તે જ્યારે રાજકુમારની સાથે દ્વંદ્વ યુદ્ધ કરે ત્યારે જ તેમના વીરત્વની માહિતી મળી શકે."

આટલી વાતચિત થયા પછી ભૈરવનાથ પોતાના સૈન્યમાં ગયો, તથા લક્ષ્મણસિંહ સાથે જે વાતચિત થઇ હતી તેની સઘળી હકીકત તેણે રાણા કનકસિંહને કહી સંભળાવી. સઘળી હકીકત સાંભળવામાં આવતાં જ ક્રોધથી તેનું મ્હોં લાલચોળ બની ગયું. તેણે ઉચ્ચ સ્વરે કહ્યું:–" એ આજકાલનો નાદાન છોકરો મ્હારી સાથે દ્વંદ્વ યુદ્ધ કરવાની અભિલાષા રાખે છે? મ્હને તો એમજ લાગે છે કે, તેના મસ્તકપર મૃત્યુનો ભયંકર ડંકો વાગે છે.

મ્હારી રાજસત્તાના દિશામાં નાદ ગાજે છે;
ઘડીમાં જોઇ લેજે કે, વિજયવાજીંત્ર વાજે છે.

ભૈરવનાથ! એ છોકરાની ઉમ્મેદ પાર ઉતારવા હું તૈયાર છું." આમ કહીને આવેગમાં ને આવેગમાં ઘોડાપર સવાર થઇ મહારાણો કનકસિંહ મેયદાનમાં સ્હામો આવ્યો. રાજકુમાર વીરસિંહ પણ કનકસિંહને મેયદાનમાં આવેલો જોઇ, પોતાનાં અશ્વને એડી મારી આગળ વધ્યો. કનકસિંહ પાસે જઇ પહોંચ્યા પછી રોષસૂચક સ્વરે તેણે કહ્યું:–

"પોતાને મ્હોએ પોતાના વીરત્વનાં વખાણ કરો છો અને એક વીર પુરુષ તરીકે જ્યારે સર્વત્ર પરિચિત થવાનો પ્રયત્ન કરો છો ત્યારે પછી બહાદુરીથી યુદ્ધ કરીને મૃગલોચનીને કેમ ન લઇ ગયા ? ધિક્કાર છે આવી બહાદુરીપર!"

આ વચનો રાણા કનકસિંહના હૃદયમાં તીર જેવાં લાગ્યાં. ક્રોધવશ થઇને તેણે વીરસિંહ પર હુમલો કર્યો; પરંતુ વીરસિંહ પ્રથમથી જ સાવધાન હતો તેથી તેણે કનકસિંહનો ઘા ચુકાવી દીધો. દ્વારસ્તોઃ અને દુશ્મનોના મુખમાંથી 'વાહ વાહ' નો અવાજ નીકળી પડયો. આથી કનકસિંહ વિશેષ રોષે ભરાઇ મ્યાનમાંથી તલ્વાર બ્હાર ખેંચી કાઢી રાજકુમારપર તૂટી પડયો. વીરસિંહે પણ તલ્વારનો જવાબ તલ્વારથી જ આપ્યો. બે પ્રહર સુધી બન્ને જણાનું દ્વંદ્વ યુદ્ધ ચાલ્યું બન્ને જણા જીવની માયાનો ત્યાગ કરી એક સાથે યુદ્ધ કરતા હતા. અંતે વીરસિંહની તલ્વારના ઘાથી કનકસિંહનો ઘોડો જખ્મી થઇને પડી ગયો. વળી મહારાણા કનકસિંહના અંગપર પણ કેટલાક જખ્મ ગયા, અશ્વપરથી કૂદી પડી કનકસિંહે વીરસિંહના અશ્વને મારી નાખવાની ઇચ્છા કરી; કિન્તુ તેની મતલબ સમજી જઇને વીરસિંહ અશ્વપરથી કૂદી પડયો; અને તેણે અગ્રેસર થઇ કનકસિંહના હાથના કાંડાપર એક એવો જબરજસ્ત ફટકો લગાવ્યો કે જેથી તેના હાથમાંની તલ્વાર જમીનપર પડી ગઇ. એ તલ્વારને ત્વરાથી લક્ષ્મણસિંહે ઉપાડી લીધી. કનકસિંહ સમજી ગયો કે, વીરસિંહ સર્વ પ્રકારે બળવાન્ હતો. જો બીજો થોડો સમય આવી રીતે દ્વંદ્વ યુદ્ધ થશે તો પોતાનો જીવ જશે આવો વિચાર કરી તેણે પોતાના સૈન્યને, રાજકુમાર વીરસિંહપર હુમલો કરવાનો સંકેત કર્યો. એકાએક અસંખ્ય દુશ્મનોએ વીરસિંહને ઘેરી લીધો. આવો પ્રકાર જોવામાં આવતાં જ

વીરસિંહના સૈન્યે પણ દુશ્મનોપર હુમલો કર્યો. સેનાપતિ શૂરસિંહ અને લક્ષ્મણસિંહ ઘણી મુશ્કેલીથી શત્રુ સૈન્યને ભેદ કરી રાજકુમારની મદદે જઇ પહોંચ્યા. બન્ને સૈન્ય એક બીજામાં ભરાઇ ગયાં, અને પ્રચંડ રણસંગ્રામની શુરૂઆત થઈ.

કનકસિંહના સૈન્યમાં જે યોદ્ધાઓ પોતાને અદ્વિતીય પહેલવાન સમજતા હતા તેમણે સર્વએ વીરસિંહનો સંહાર કરી નાખવાની ઇચ્છા કરી. એકાએક તેઓ સર્વે રાજકુમારપર તૂટી પડયા. રાજકુમાર વીરબાળક અભિમન્યુની માફક અપૂર્વ નિપુણતાથી યુદ્ધ કરવા લાગ્યો. શત્રુઓનો સંહાર થવા લાગ્યો. ઘોડાઓના ખડખડાટથી, સમશેરોના અવાજથી, ઘાયલ થતા સૈનિકોની હૃદયવિદારક ચીસોથી, હાથીઓના કારમા અવાજોથી સમસ્ત યુદ્ધભૂમિએ અત્યંત ભીષણ સ્વરૂપ ધારણ કર્યું. સેનાપતિ શૂરસિંહ પોતાના સૈન્યને ઉત્તેજિત કરવાના ઉદ્દેશથી તેમને સંબોધીને કહેવા લાગ્યો:—" બહાદુર ક્ષત્રિયો ! શત્રુઓનો સંહાર કરી આ ધર્મયુદ્ધમાં વિજય મેળવો. જયાં ધર્મ છે ત્યાંજ જયદેવીનું શુભાગમન થાય છે. ક્ષત્રિય કુળદીપક શૂરવીરો ! આપણો ધર્મ આપણે પ્રાણાન્તે પણ બજાવવો જોઇએ. આપણી માતૃભૂમિની સ્વાધીનતાનું, આપણી મા બ્હેનોની મર્યાદાનું આપણે આપણા જીવના જોખમે પણ સંરક્ષણ કરવું જ જોઇએ. શૂરવીર ક્ષત્રિય વીરો પોતાનો ધર્મ બજાવવામાં કદાપિ પાછી પ્હાની કરતા નથી. શત્રુ અધર્મનો આશ્રય સ્વીકારી મનમાં ને મનમાં મલકાય છે—ગર્વથી ફુલાય છે; પરંતુ આપણે ધર્મનો પક્ષ સ્વીકારી યુદ્ધ કરીએ છીએ. આ જગતમાં અધર્મનો કદાપિ વિજય થતો નથી. અધર્મનો કવચિત્ જે અભ્યુદય થયેલો જોવામાં આવે છે તે ક્ષણ કાળ માટે પ્રકાશતી સૌદામિનીના જેવો ક્ષણસ્થાયી હોય છે. તેનાથી સુખ કિંવા શાન્તિની પ્રાપ્તિ થતી નથી. બાહ્ય દૃષ્ટિથી તે

સૌન્દર્યમય લાગે છે; પરંતુ વાસ્તવિક રીતે તે દાવાનલ જ હોય છે. ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રના સમયમાં એકત્રિત થયેલાં ઉભય સૈન્યદલ મહારાજ યુધિષ્ઠિરની જયપ્રાપ્તિની કામના કરતાં હતાં. પ્રભાતકાળે જાગ્રત થયા પછી સર્વ એક સ્વરે કહેતા કે, "**जयस्तु पाण्डुःपुत्राणाम् येषां पक्षे जनार्दनः**' એજ પ્રમાણે પરમકૃપાળુ પરમાત્માની કૃપાથી આ ધર્મયુદ્ધમાં આપણે અવશ્ય વિજયી થઇશું. આજે જ આપણે અહીંથી શત્રુઓનો સંહાર કરી નાખી વિજયદેવીસહ પાછા ફરવાનું છે."

શૂરસિંહનાં આવાં ઉત્તેજનાત્મક વચનો સાંભળી અસંખ્ય ક્ષત્રિયવીરો એક સ્વરે બોલી ઉઠયાઃ-"કબુલ છે-ધર્મના રક્ષણ માટે અમારો તુચ્છ જાન પણ કબુલ છે.''

ક્ષત્રિય વીરો પુનઃ પ્રબળ પરાક્રમથી શત્રુઓનો સંહાર કરવા લાગ્યા. રાજકુમાર વીરસિંહના હાથે પણ ઘણા દુશ્મનો માર્યા ગયા. સંધ્યાકાળ સુધી આ ભીષણ યુદ્ધ ચાલ્યું. ત્યાર પછી યુદ્ધ બંધ પાડવાનો ડંકો વગાડવામાં આવ્યો. અદ્યાપિ વિજયદેવી ક્યા પક્ષને વરશે એ સર્વથા અનિશ્ચિત હતું. બન્ને પક્ષ પોત પોતાની છાવણીમાં જતા રહ્યા. રાજકુમાર પોતાના તંબૂમાં ગયો; કિન્તુ એ ઘણો શ્રમિત થઇ ગયો હતો. સેનાપતિ શૂરસિંહ પણ જખ્મી થયો હતો. રાત્રે સર્વેએ આરામ કર્યો.

કનકસિંહ પોતાના તંબૂમાં જઇ સઘળા સલાહકારો સાથે હવે શું કરવું એ સંબંધીની મસલત ચલાવવા લાગ્યો. તેણે કહ્યું:-"વીરસિંહનું સૈન્ય જો કે ઘણું થોડું છે; પરંતુ એની બહાદુરી જોવામાં આવ્યાથી મ્હારું સઘળું ધૈર્ય અદ્રશ્ય થઇ ગયું છે; કેમ કે મ્હેં તેની સાથે યુદ્ધ કરી તેના વીરત્વનો પૂર્ણ પરિચય પ્રાપ્ત કર્યો છે.

મ્હારો તો એવો અભિપ્રાય છે કે રાત્રિના સમયે રાજકુમારના સૈન્ય-પર છુપો હુમલો કરવો. આ અભિપ્રાય સર્વેને સમયોચિત લાગ્યો.

મધ્યરાત્રિ વ્યતીત થઇ ગયા પછી કનકસિંહે પાંચસો સૈનિકો-સહ એકાએક વીરસિંહના સૈન્યપર હુમલો કર્યો. ઘણી ગડબડ થઇ રહી. અંધકારમયી રાત્રિમાં દોસ્ત કે દુશ્મન પિછાનવાનું કાર્ય ઘણું મુશ્કિલ હતું. રાજકુમારનું સૈન્ય પોતાના સૈનિકોનો જ, શત્રુઓ સમજીને સંહાર કરવા લાગ્યું. વીરસિંહ પણ આ પ્રકાર સમજી ગયો. તે વિના વિલંબે પોતાના તંબૂમાંથી બ્હાર નીકળી પડયો. લક્ષ્મણસિંહે ઘણા માણસોને મશાલો સળગવાની સૂચના કરી. ટૂંક સમયમાં જ મશાલો સળગી ઉઠી અને સર્વત્ર પ્રકાશનો વિસ્તાર થઇ રહ્યો. હવે શત્રુઓના પાંચસો માણસોનો સંહાર કરવાનું કાર્ય કાંઇ વિશેષ મુશ્કિલ નહોતું. પ્રભાતકાળ થતાં ન થતામાં તો સર્વ શત્રુઓનો સંહાર થઇ ગયો; કિન્તુ મશાલોના પ્રકાશનો વિસ્તાર થતાં પૂર્વે વીરસિંહના લગભગ એક હજારો સૈનિકો માર્યા ગયા હતા. એ માટે વીરસિંહને ઘણો અફસોસ થયો અને તેણે સ્હવારે યુદ્ધને બંધ પડવા દીધું નહિ.

બન્ને સૈન્ય પુનઃ એક બીજાંમાં ભળી ગયાં. રાજકુમારે નિત્ય-કર્મથી નિવૃત્ત થઇ, બખ્તર પહેરી સૈન્યમાં પ્રવેશ કર્યો. યુદ્ધ પ્રચંડ રીતે ચાલી રહ્યું હતું. કોઇને પોતાના તનબદનની પણ ખબર નહોતી. એવામાં એકાએક પૂર્વ અને ઉત્તરકોણમાંથી કેટલાક ઘોડેસવાર સૈનિકો ત્વરિત ગતિથી યુદ્ધક્ષેત્ર તરફ આવતા માલૂમ પડયા. એ સઘળા સૈનિકોની આગળ એક તેજસ્વી વીરપુરુષ અરબી અશ્વપર સવાર થઇ સ્ફુર્તિથી આગળ વધતો જોવામાં આવ્યો. તેના પોષાક વગેરેપરથી તે સૈન્યનો સરદાર હોય એવો ચોક્કસ ભાસ થતો હતો. એ સરદારે પોતાના મ્હોંપર બુરખો નાખેલો હતો તેથી તેની માત્ર બે આંખો જ જોવામાં આવતી હતી. એ સરદારની પાછળ આવતા

સઘળા ઘોડેસવાર સૈનિકોએ સુદ્ધાં પોતાનાં મ્હોંપર બુરખા નાખ્યા હતા.

ઉપર્યુક્ત સૈન્ય જ્યારે રણસંગ્રામમાં આવી પહોંચ્યું ત્યારે તેણે પ્રબળ પરાક્રમથી રાણા કનકસિંહના સૈન્યપર પાછળથી હુમલો કર્યો. આ પ્રકાર જ્યારે વીરસિંહ અને તેના સૈનિકોના. જોવામાં આવ્યો ત્યારે તેમની હિમ્મત પણ ઘણી વધી ગઇ. તેઓ વિશેષ હિમ્મતથી યુદ્ધ કરવા લાગ્યા. બન્ને બાજૂના હુમલાને કનકસિંહનું સૈન્ય પહોંચી શક્યું નહિ. તેઓ પલાયન કરી જવા લાગ્યા. રાજકુમારે અને તેના સૈનિકોએ ~~બ~~ બે ગાઉ સુધી શત્રુઓની પૂંઠ લીધી; પછીથી તેઓ સર્વે વિજયડંકો વગાડતા વગાડતા પોતાની છાવણીમાં આવ્યા; પરંતુ તે પૂર્વે તેમને મદદ કરવા આવેલું સૈન્ય અદ્રશ્ય થઇ ગયેલું હોવાથી તે કોનું સૈન્ય હતું, તેનો સરદાર કોણ હતો વગેરે જાણી શકવાનું કાર્ય મુશ્કિલ હતું. રાજકુમારે સ્વગત ઘણો વિચાર કર્યો; કિન્તુ તે કોઇ પણ પ્રકારનો નિશ્ચય કરી શક્યો નહિ.

મહારાણા કનકસિંહનો સઘળો માલ ખજાનો તથા તેના મૂલ્યવાન્ તંબૂઓ વગેરે વીરસિંહના હાથમાં આવ્યું. વીરસિંહ જ્યારે નિશ્ચિંત થયો ત્યારે તેણે લક્ષ્મણસિંહને પૂછ્યું:–"પેલા બુરખાવાળા લોકો કે જેમણે આપણને સહાયતા કરી હતી તેઓ કોણ હતા એ તમે કહી શકો છો ?"

"ના મહારાજ ! એ સંબંધી હું કાંઇ સમજી શક્યો નથી; પરંતુ તેમની બહાદુરી અપૂર્વ હતી એ ચોક્કસ છે."

બરાબર આ સમયે એક ગુપ્તદૂતે આવી એવા સમાચાર કહ્યા કે, "દુશ્મનો થોડે દૂર જઇને રોકાયા છે, અને તેઓ ફરીથી યુદ્ધમાં ઉતરવાની તૈયારી કરી રહ્યા છે."

આ સમાચાર સાંભળી રાજકુમાર વીરસિંહ પુનઃ યથોચિત તૈયારી કરવામાં ગુંથાયો.

# પ્રકરણ ૨૫ મું.

## આશા નિરાશા.

જ્યોતિસિંહ મૃગલોચની અને કિશોરીની શોધ કરવા માટે રાજકુમાર વીરસિંહ પાસેથી વિદાય થઇ યુદ્ધક્ષેત્રમાંથી બ્હાર નીકળી પડ્યો, અને સ્વગત વિચારવા લાગ્યો કે, "હવે હું ક્યાં જાઉં? શત્રુના સૈન્યમાં શોધ કરવાની કશી જરૂર નથી; કેમ કે, મૃગલોચની અને કિશોરી શત્રુ સૈન્યમાં નહિ જ હોય એવી મ્હારી દૃઢ માન્યતા છે. પ્રથમ રામગઢ જવું જ હું વિશેષ ઉત્તમ સમજું છું. રાજકુમારને જેવી રીતે મૃગલોચનીના વિરહની અપાર વ્યથા થાય છે તેવી જ રીતે મ્હારો અંતરમાં કિશોરીના માટે અપાર દુઃખ થાય છે. પ્રથમ દૃષ્ટિએ જ તેણે મ્હારા અંતરાત્માનું આકર્ષણ કરી મ્હને પ્રેમવશ બનાવી દીધો છે. શત્રુઓએ જ્યારે મ્હને કેદ કર્યો હતો ત્યારે તેણે પુષ્કળ દુઃખ વેઠીને તથા ઘણું સાહસ કરીને મ્હને મુક્ત કર્યો હતો; તેથી આ પ્રસંગે મ્હારે તેને ત્વરાથી શત્રુઓના પંઝામાથી મુક્ત કરવી જ જોઇએ."

સ્વગત આવો વિચાર કરી જ્યોતિસિંહ રામગઢ તરફ જવા લાગ્યો. કોઇ પણ પ્રકારની ચિંતામાં કિંવા વિચારોમાં જો કોઇ મનુષ્ય પોતાનો માર્ગ કાપે છે તો તેનો માર્ગ સત્વર ખૂટે છે તેમજ તેને વિશેષ શ્રમ પણ જણાતો નથી. જ્યોતિસિંહ પણ પોતાના મનમાં ને મનમાં અનેકવિધ વિચારો કરતો કરતો બીજે દિવસે સ્હવારે જ રામગઢ જઇ પહોંચ્યો. તે પોતાનો વેશ બદલીને રામગઢમાં આમતેમ ફરવા લાગ્યો. વારંવાર તે અનેક સ્થળોએ અટકતો હતો અને

પોતાનું કાર્ય સિદ્ધ કરવાની ફિકર કરતો હતો; પરંતુ સંધ્યાકાળ સુધીમાં તે કાંઈ કરી શક્યો નહિ.

રાત્રે જ્યોતિસિંહે વેશ બદલીને કિલ્લામાં પ્રવેશ કર્યો, અને તે ચોતરફ શોધ કરવા લાગ્યો. મધ્યરાત્રિનો સમય ઉપસ્થિત થયો હતો. જ્યોતિસિંહ કિલ્લામાં આવેલા ઉચ્ચ પ્રાસાદોનું સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કરતો હતો. આવી કાર્યપ્રણાલીમાં કેટલોક સમય પસાર કર્યા પછી પોતાની પાસેની એક કાળી ચાદર બ્હાર કાઢીને તે તેણે પોતાના શરીરપર ઓઢી લીધી. પછીથી એક ચંદનઘોને બ્હાર કાઢી તેની દોરીનો એક છેડો હાથમાં પકડી રાખીને તેણે એક પ્રાસાદમાં પ્રવેશ કર્યો. એ પ્રાસાદનું દિવાનખાનું તદ્દન શાન્ત અને ગંભીર જણાતું હતું; પરંતુ દીપકોના ઉજ્વળ પ્રકાશનો એ દીવાનખાનામાં પૂર્ણ વિસ્તાર થઇ રહેલો હતો. પછીથી જ્યોતિસિંહ સાવધાનતાથી એ મહેલના વિશાળ ચૉકમાં ગયો. એવામાં તેની દૃષ્ટિ એક સુંદરતાપૂર્ણ ઓરડા તરફ ગઇ. એ ઓરડાના શોભાસૌન્દર્યની સીમા નહોતી. એક દીપકનો ઝાંખો પ્રકાશ એ ઓરડાઓમાં ફેલાયો હતો. ત્યાં એક મૂલ્યવાન્ પલંગમાં બિછાવેલી દૂધના જેવી સફેદ અને મખમલના જેવી સુંવાળી શય્યામાં એક ઇંદ્રલોકની અપ્સરા જેવી અલૌકિક સૌન્દર્યમયી નવયુવતી સૂઇ રહી હતી. એ પલંગની આસપાસ નીચેના ભાગમાં કેટલીક રાજરાણીની તહેનાતમાં રહેનારી દાસીઓ કિંવા સેવિકાઓ પણ સૂઇ રહી હતી. જ્યોતિસિંહે આ શયનગૃહમાં પ્રવેશ કરી સળગતા દીપકને બુઝાવી નાખ્યો; પછીથી તે શયનગૃહના દ્વાર પાસે ઉભો રહી એ ત્રૈલોક્યસુંદરીના વદનમંડળનું મુગ્ધદૃષ્ટિથી દર્શન કરવા લાગ્યો. જ્યોતિર્મયી જ્યોત્સ્નાનો રમ્ય પ્રકાશ એ મનમોહિનીના મુખમંડળ પર પડેલો હોવાથી એ સુંદરી સાક્ષાત ભુવનમોહિની જ હોય એવો

સહજ ભાસ થતો હતો. તેનો સુકોમળ કૃષ્ણકેશકલાપ તેના મુખમંડળનું દર્શન કરવા આવેલો કોઇ ફણિધર હોય એમ લાગતું હતું. સુંદરીના ઓષ્ઠનો ગુલાબી રંગ નવપ્રફુલ્લ ગુલાબ પુષ્પના રંગથી કોઇ પણ રીતે ઉતરે એવો નહોતો. આ નિદ્રાધીના સુંદરી મહારાણી કનકસિંહની રાણી જ હોવી જોઇએ એવો જ્યોતિસિંહે પોતાના મનમાં વિચાર કર્યો. થોડા સમય સૂધી સ્વગત કાંઇ વિચાર્યા પછી પોતાના વાટવામાંથી લેખનસામગ્રી બ્હાર કાઢીને તેણે એક એવો પત્ર લખ્યો કે,

"કોણ જાણે કે શાથી હમણાં ને હમણાં રાજનન્દિની મૃગલોચનીને મળવાની પ્રબળ ઇચ્છા મ્હારા અંતરમાં ઉત્પન્ન થઇ છે. ગમે તેમ હો, હું હમણાં જ તેને મળવા જાઉં છું. એને ક્યાં રાખવામાં આવેલી છે તેનો પત્તો મ્હને મળેલો છે."

પછીથી રાણીના પલંગ પાસે જઇ એક પ્રકારનું ઔષધ સુંઘાડીને જ્યોતિસિંહે તેને બેહોશ બનાવી દીધી. આ કાર્ય કરીને તેણે રાજરાણીને એક ચાદરમાં બાંધી લીધી. તેણે જે પત્ર લખ્યો હતો તે રાણીના બિછાનામાં ઉશિકા પાસે મૂકી દીધો. તત્પશ્ચાત્ તે ત્યાંથી, રાણીને ઊંચકી જે માર્ગેથી આવ્યો હતો તે જ માર્ગેથી રાજમહાલયની બ્હાર નીકળી પડયો, અને સરિતાતટ તરફ જવાનો ગુપ્ત દરવાજો ઉઘાડી તેમાંથી બ્હાર નીકળી, પહાડી પ્રદેશ તરફ આગળ વધવા લાગ્યો.

જ્યોતિસિંહે એક પરિચિત ગુફામાં જઇ રાજરાણીને સૂવાડી અને તે સત્વર શુદ્ધિમાં ન આવે એટલા માટે તેણે તેને વિશેષ બેશુદ્ધિની દવા સુંઘાડી. આટલું કાર્ય કર્યા પછી પાછો તે કિલ્લાના દરવાજા પાસે જઇ એક ખુણામાં છુપાઇને બેસી રહ્યો.

પ્રભાતકાળે જ્યારે દાસીઓ જાગ્રત થઇ ત્યારે પલંગમાં

રાજરાણી જોવામાં નહિ આવ્યાથી તેઓ આશ્ચર્યચકિતા અને વિમૂઢા બની ગઈ. તેમણે સર્વત્ર ઘણી શોધ કરી; કિન્તુ રાણીનો પત્તો નહિ લાગ્યાથી ઘણો કોલાહલ થઈ રહ્યો. આ વર્તમાન સમસ્તે રામગઢમાં ફેલાઈ ગયા. સર્વે જનો ચિંતાતુર બની ગયાં. મહારાણો કનકસિંહ યુદ્ધક્ષેત્રમાંથી પલાયન કરી દશ પંદર સવારો સાથે રામગઢ જઈ પહોંચ્યો. કિલ્લામાં પ્રવેશ કરતાંની સાથે જ મહારાણીના ગૂમ થયાના સમાચાર તેના જાણવામાં આવ્યા. આ સમાચાર જાણવામાં આવતાં જ તે અસ્થિર બની ગયો. મહેલમાં જતાં જ તેણે જોયું કે ત્યાં ઘણો શોરબકોર થઈ રહ્યો હતો. ચોતરફથી રુદનધ્વનિ સાંભળવામાં આવતો હતો. આ સમયે મહારાણા કનકસિંહની સ્થિતિ અત્યંત આશ્ચર્યજનક બની ગઈ હતી. તેની બુદ્ધિ શુદ્ધિ ઠેકાણે નહોતી. યુદ્ધભૂમિમાંથી પલાયન કરી જઈ થોડા અંતરે તેણે પોતાના સૈન્યની છાવણી નખાવી હતી, તથા સઘળા બહુરૂપીઓને વિવિધ પ્રકારે સમજાવી તે રામગઢ તરફ ચાલ્યો આવ્યો હતો. અહીંની આવી સ્થિતિ જોઈ, ઉદાસ બની જઈ તેણે મહારાણીના શયનગૃહમાં પ્રવેશ કર્યો. ત્યાં તપાસ કરતાં, જ્યોતિસિંહે જે પત્ર મૂકી રાખ્યો હતો તે રાણા કનકસિંહના હાથમાં આવ્યો. એ પત્ર જોઈને કનકસિંહ વિવિધ વિચારો કરવા લાગ્યો. તેણે વિચાર્યું:—“ આ પત્ર મહારાણીએ લખ્યો હોય એમ લાગતું નથી. તેના અક્ષરો આટલા બધા સ્વચ્છ નથી. ત્યારે કોણ આ પત્ર લખીને અહીં મૂકી ગયું.. વળી જો આ પત્ર રાણીએ જ લખ્યો હોય તો મૃગલોચનીને ક્યાં છુપાવી રાખી છે એ તેનાં જાણવામાં ક્યાંથી આવ્યું ? હવે શું કરવું ? અહીં કોઈ બહુરૂપી પણ નથી કે તે રાણીની શોધ કરવા જાય ! વળી મૃગલોચનીની પાસે પણ કોઈ માણસને મોકલવો હું વ્યાજબી ધારતો નથી.”

"આવી આવી ઘણી બાબતોનો કનકસિંહે સ્વગત વિચાર કર્યો. અંતે તેણે વિચાર્યું:–" જેમ થવાનું હોય તેમ ભલે થાય; પરંતુ જે સ્થળે મૃગલોચનીને છુપાવી રાખવામાં આવી છે એ સ્થળે એક વખત તપાસ તો કરી આવવી જોઇએ. સ્હાંજ પડશે એટલે હું એકલો જ તપાસ કરવા માટે ત્યાં જઇશ."

આવો નિશ્ચય કરી કનકસિંહ બ્હાર નીકળ્યો. ક્ષુધા તથા તૃષાની ચિંતા નહિ કરતાં વિચારમગ્ન સ્થિતિમાં તે પોતાના દિવાનખાનામાં બેસી રહ્યો. કોઇની સાથે તે વાતચિત સુદ્ધાં કરતો નહોતો; કિન્તુ તેની આજ્ઞા મળવાની રાહ નહિ જોતાં કેટલાક નોકરો રાજરાણીની શોધ કરવા ચાલ્યા ગયા હતા.

સંધ્યાકાળ થયા પછી કનકસિંહે પોતાની સવારીનો અશ્વ મંગાવ્યો, તથા અશ્વપર સવાર થઇ તે એકલો જ કિલ્લાની બ્હાર નીકળી પડયો. પછીથી તે પૂર્વ દિશા તરફ આગળ વધવા લાગ્યો.

જો કે રાત્રિનો સમય ઉપસ્થિત થયેલો હતો; કિન્તુ જ્યોતિર્મયી જ્યોત્સ્નાના ઉજ્વળ પ્રકાશનો વસુંધરાપર વિસ્તાર થયેલો હતો. વસુંધરાદેવીએ સફેદ સાળુથી પોતાના અંગને ઢાંકયું હોય એવો સહજ ભાસ થતો હતો. રસ્તો સ્પષ્ટ દેખાતો હતો.

જ્યોતિસિંહ કિલ્લાની પાછળ એક ખુણામાં જ છુપાઇ રહ્યો હતો. તેણે જ્યારે રાત્રિના સમયે કનકસિંહને અશ્વારોહણ કરી કિલ્લાની બ્હાર જતો જોયો ત્યારે તે પણ ઘણી જ સાવધાનતાથી તેની પાછળ પાછળ જવા લાગ્યો. ત્રણ ગાઉ સુધી તે કનકસિંહની પાછળ પાછળ ગયો. આ પ્રકાર કનકસિંહ જાણી શકયો નહિ. કનકસિંહે આટલો માર્ગ કાપ્યા પછી એક જળશૂન્ય નાળામાં પોતાના અશ્વને ચલાવવા માંડયો. આ નાળાની બન્ને બાજૂ બીવણ જંગલ આવેલું

હતું. જ્યોત્સ્નાના પ્રકાશનો વિસ્તાર થયેલો હોયા છતાં આ સ્થળ ઘણું ભયજનક ભાસતું હતું. વારંવાર વૃક્ષલતાઓનો ખડ્ખડાટ, જંગલી જાનવરોની ભયાજનક બૂમો વગેરે સાંભળવામાં આવતું હતું.

એ નાળું ઘણું મ્હોટું હતું. કનકસિંહે એ નાળામાં જ લગભગ એક ગાઉ જેટલો માર્ગ કાપ્યો. હવે એ નાળામાં જ્યોત્સ્નાનો પ્રકાશ જોવામાં આવતો નહોતો; કેમ કે બન્ને બાજૂનાં ઊંચા વૃક્ષો પરસ્પર સંલગ્ન થઇ ગયાં હતાં. હવે એ નાળું સુરંગ જેવું જણાતું હતું. રસ્તામાં પત્થરો વગેરે બાધાજનક વસ્તુઓ પડેલી હોવાથી કનકસિંહનો અશ્વ હવે મૃદુગતિથી માર્ગ કાપવા લાગ્યો; પરંતુ અંધકારનો લાભ લઇ જ્યોતિસિંહ કનકસિંહની છેક પાસે જઇ પહોંચ્યો. એ સ્થળેથી થોડે દૂર આવેલા એક નિર્જન સ્થળે મશાલ જેવો પ્રકાશ એકાએક જોવામાં આવ્યો. જ્યારે જ્યોતિસિંહ એ પ્રકાશ તરફ વિશેષ આગળ ગયો ત્યારે તેણે જોયું કે, એ સ્થળે એક ન્હાની ગુફા આવેલી હતી. એ ગુફાની બ્હાર બન્ને તરફ બળવાન્ સિપાહીઓ હાથમાં નગ્ન તલ્વાર લઇ પહેરો ભરતા હતા, કે જેમની સંખ્યા લગભગ વીશની હતી. ગુફામાં બે સુંદરીઓ બેઠેલી પણ જોવામાં આવતી હતી. જ્યોતિસિંહ એ બન્ને સુંદરીઓને જોતાં જ તેમને ઓળખી શક્યો કે, તેઓ મૃગલોચની અને કિશોરી હતી; કિન્તુ તેમની મુખમુદ્રા સ્પષ્ટતાથી જોઇ શકાતી નહોતી.

કનકસિંહને જોતાં જ સિપાહીઓ તેને ઓળખી શક્યા. એક સિપાહીએ આગળ આવી ઘોડાની લગામ પકડી રાખી. કનકસિંહ ઘોડાપરથી નીચે ઉતરી પડ્યો. સિપાહીઓએ બે મશાલો સળગાવી. હવે જ્યોતિસિંહ મૃગલોચની અને કિશોરીના મુખમંડળને સ્પષ્ટતાથી જોઇ શક્યો. મૃગલોચનીનું વદનમંડળ વિષણ્ણ જણાતું હતું. તેના

મસ્તકપરનો કૃષ્ણકેશકલાપ છૂટી ગયો હતો. રુદન કરવાથી તેનાં નેત્રો સૂઝી ગયાં હતાં. એક પાષાણશિલાપર તે કિશોરીની સાથે બેસી રહી હતી. તેમની સ્હામે વિવિધ પ્રકારની ખાદ્યસામગ્રી પડેલી હતી; પરંતુ તેમણે તેને સ્પર્શ સુદ્ધાં કર્યો હોય એમ લાગતું નહોતું. તેમની બન્નેની શોચનીય સ્થિતિ જોવામાં આવતાં જ્યોતિસિંહનાં નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યું.

કનકસિંહે એ ગુફામાં જઇ સર્વત્ર તપાસ કરી; પરંતુ રાણીનો પત્તો લાગ્યો નહિ. કનકસિંહ વિશેષ ચિંતાતુર બની ગયો. નિરાશાની સાથે જ તેના મનમાં ઘણો ક્રોધ ઉપજ્યો. ક્રોધસૂચક દૃષ્ટિથી તેણે મૃગલોચનીને ઉદ્દેશીને પૂછ્યું:—"મૃગલોચનિ! રાણી કળાવતી ક્યાં છે એ તું જાણે છે કે ?"

"ના—એ સંબંધી હું કાંઇ જાણતી નથી." મૃગલોચનીએ ટૂંક'માં જ ઉત્તર આપ્યો.

થોડા સમય સુધી મૌનાવલંબન કર્યા પછી કનકસિંહે કહ્યું:—"સુંદરિ! મૃગલોચનિ! હજી ક્યાં સુધી આવું કષ્ટ ભોગવવાનો ત્હારો વિચાર છે? જાણી જોઇને તું શા માટે દુઃખી થાય છે. જો પ્રસન્નતાપૂર્વક તું મ્હારી માગણી કબૂલ કરીશ તો ત્હારા સઘળા દુઃખનો અંત આવી જશે—અપાર સ્વર્ગસુખનો તને સાક્ષાત્કાર થશે. માનીતી મોહિનિ! જ્યારથી મ્હેં ત્હારી મનોહર મુખમુદ્રાનું દર્શન કર્યું છે ત્યારથી જ આ જીવમાં પ્રેમની પ્રચંડ જ્વાળા સળગી ઉઠી છે. એ જ્વાળા જ્યાં સુધી ત્હારા અંગનું મ્હારા અંગ સાથે આલિંગન નહિ થાય ત્યાં સુધી શાન્ત થનાર નથી. ઇશ્કના આતશથી હું બળી ખાકસાર થઇ જાઉં છું. હે મનમોહન મૂર્ત્તિ! હવે તો દિલમાં દયા લાવ અને આ પ્રેમિકને વિશેષ ન તલસાવ, તું સત્વર મ્હારી માનીતી બની અપાર મોજમઝા ઉડાવ.

દુરલભ લલનાની ઝંખનામાં ઝલાયું
મન મનમથ-બાણે મૃળમાં છે ધવાયું;
તહીં ખરી જઇ જૂનાં પાન વાએ અનેરા,
નવતર દીસે છે અંકુરો આંત્ર કેરા !

( કે. હ. ધ્રુવ. )

માટે પ્રિયા ! હવે મ્હને તમે તમારા યૌવન રસામૃતનું પાન કરાવો અને રતિરંગનો લ્હાવો ઉડાવો."

"કનકસિંહ ! ચાર દિવસથી ચાંદની જેવા આ ક્ષણભંગુર માનવજીવનમાં શા માટે આવી નીચતા કરો છો ?–પાપમાં પાય ધરો છો ? જે રૂપ જોઇ તમે દીવાના બન્યા છો–જે કાયા જોઇ તમે મોહાંધીન થયા છો એ રૂપ નાશવંત છે–એ કાયા અંતે માટીમાં મળી જનાર છે; માટે જે પરમકૃપાળુ પરમાત્માએ સુંદરતા ઉત્પન્ન કરી છે તે પિતાના સૌંદર્યને જ જોવાની લાલસા રાખો, તથા આ વિલાસ લાલસાનો અને રાક્ષસી મહાત્વાકાંક્ષાનો ત્યાગ કરો. વિલાસપ્રાપ્તિથી સુખનો સાક્ષાત્કાર નહિ થતાં દુઃખનો જ અનુભવ થશે."

"ના ના–એ અજ્ઞાની છોકરી, હજી સૂધી તું અનંગની અપાર પીડાથી અજાણી છે તેથી જ આમ કહે છે. શરાબ અને સુંદરી એ બેજ વસ્તુઓ બેચેન મગજને રાહત આપનાર છે; માટે મ્હારું કહ્યું માન અને છોડી દે ગુમાન." કનકસિંહે આવેશમાં જ કહ્યું.

"નહિ નહિ, ક્ષત્રિય કન્યા પ્રસન્નતાપૂર્વક મૃત્યુને આલિંગન કરશે; પરંતુ કદાપિ અધર્માચરણ નહિ જ આચરશે. જુઓ વિચારો કે, તમારાં અધર્મી આચરણોનો ઉત્તર, તમારે પરમકૃપાળુ કિરતારના દરબારમાં આપવો પડશે. શું તમે એમ સમજો છો કે, આવો અધર્મ આચરી અંતે તમે મુક્તિ મેળવી શકશો ? હજી પણ હું તમને સાવ-

ધ્યાન કરું છું, કે, અધર્મનો ત્યાગ કરી ઇશ્વરનું સ્મરણ કરો કે જેથી તમારા માનવજીવનની સાર્થકતા થાય.

જીવન છે સ્વપ્નું ક્ષણિક, પળમાં ઉડી એ જાય છે,
પુણ્યને બસ . પાપનો, સંગાથ સાથે થાય છે;
જુવાની આ જશે ચાલી, જશે આ પાપને માયા,
મળશે માટી માંહી આ, તમારી તો કનક કાયા.

માટે મિથ્યા ભ્રમમાં ન ભમો એટલો જ મ્હારો ઉપદેશ છે."

"મૃગલોચનિ! હું ત્હારી પાસે ઉપદેશ સાંભળવા આવ્યો નથી. જો તું મ્હારી ઇચ્છા પૂર્ણ નહિ કરે તો જુલ્મ ગુજારીને, દુઃખોની વૃષ્ટિ વર્ષાવીને હું તને મ્હારી સત્તાને આધીન કરીશ; માટે દુરાગ્રહમાં સાર નથી—અહીં કોઇ ત્હારું મદદગાર નથી."

"જેનું મદદગાર કોઇ નથી તેનો મદદગાર પરમકૃપાળુ કિરતાર છે કે જેની શક્તિ સમક્ષ સેંકડો શત્રુઓ લાચાર છે. દુઃખ સુખની મ્હને પરવાહ નથી. ક્ષત્રિય બાળા દુઃખને સમજતી નથી. વળી તમે એટલું અવશ્ય સ્મરણમાં રાખજો કે, જો નેવનાં પાણી મોભે ચઢે, જો ચંદ્રમાંથી અગ્નિ વર્ષે અને સમુદ્ર પોતાની માઝા મૂકે તો જ તમારી પાપવાસના પૂર્ણ થાય તેમ છે." મૃગલોચનીએ દૃઢતા દર્શાવી.

"ઠીક છે, હવે થોડા સમયમાં જ તું જોઇશ કે ત્હારી કેવી દુર્દશા થાય છે. શું એક નામર્દ છોકરો વીરસિંહ ત્હારા પ્યારનો ઉમ્મીદવાર છે? હું એ ત્હારા પ્રિયતમનો પ્રાણનો સંહાર કરી નાખી તને મ્હારી પ્રિયતમા બનાવીશ." આમ કહીને ઉત્તરની રાહ નહિ જોતાં કનકસિંહ એ ગુફામાંથી બ્હાર નીકળી પડ્યો. તેને પાછો ફરતો જોઇને જ્યોતિસિંહે એટલામાં જ છુપાઇ જવાનો વિચાર કર્યો; પરંતુ અફસોસ કે, એ ઉંડા સાંકડા નાળામાં છુપાઇ રહેવા જેવું એક પણ

સ્થાન નહોતું. લાચારીથી તેને નાળાની બ્હાર નીકળી જવું પડયું. પહેલા નાળાની બ્હાર નીકળી પડી તે એક ખુણામાં છુપાઇ ગયો. કનકસિંહ ત્યાંથી નીકળી રામગઢ તરફ રવાના થઇ ગયો.

હવે જ્યોતિસિંહ વિચારવા લાગ્યો:–"હું એકલો જ એ ગુફામાંથી રાજનન્દિની અને કિશોરીને કેવી રીતે મુક્ત કરીશ ? લઢીને કાંઇ, તેમને શયતાન શત્રુઓના પંઝામાંથી મુક્ત કરી શકાય તેમ નથી. વળી જો હું મહારાણાનો વેશ ધારણ કરીને એ ગુફામાં જાઉં તો પણ હાલ મ્હારો હેતુ સિદ્ધ થાય તેમ નથી; કેમ કે મહારાણો હમણાં જ ગુફામાં જઇ આવ્યો છે. વળી જો બીજી કોઇ યુક્તિ અજમાવું અને, તે શત્રુના જાણવામાં આવે તો તે રાજનન્દિની અને કિશોરીને બીજા કોઇ સ્થળે છુપાવી રાખે, અને મ્હારી સઘળી મહેનત બરબાદ કરી નાખે; તેથી રાજકુમાર પાસે જઇ ત્યાંથી થોડા માણસો મેળવીને અહીં આવવું જ મ્હને વિશેષ કલ્યાણકર જણાય છે."

આવો વિચાર કરી જ્યોતિસિંહ રત્નગઢ તરફ જવા લાગ્યો. સમસ્ત રાત્રિ ચાલવામાં પસાર કર્યા પછી બીજે દિવસે સ્હવારે તે વીરસિંહ પાસે જઇ પહોંચ્યો. વીરસિંહે જ્યોતિસિંહને સ્નેહાલિંગન કર્યું, અને ઉત્સુકતાથી પૂછયું:–"કેમ કાંઇ પત્તો લાગ્યો કે ?"

આ પ્રશ્નનો ઉત્તર હકારમાં સાંભળી વીરસિંહ અત્યંત પ્રસન્ન થયો. તેણે પોતાની પાસે બેઠેલા સઘળા લોકોને વિદાય કરી દીધા. એ સ્થળે માત્ર વીરસિંહ, લક્ષ્મણસિંહ, શૂરસિંહ, અને જ્યોતિસિંહ રહ્યા. વીરસિંહે જ્યારે સઘળી હકીકત પૂછી ત્યારે જ્યોતિસિંહે સઘળી હકીકત તેને કહી સંભળાવી. ત્યાર પછી તેણે કહ્યું:–"જો બીજા કોઇને મુક્ત કરવાનું હોત તો, હું કોઇ પણ યુક્તિ અજમાવતં, અને કદાચ મ્હારી યુક્તિનો ભેદ શત્રુ સમજી જાત તો તેની આંખોમાં

ધૂળ નાખી નાશી આવત; પરંતુ આ પ્રકાર મૃગલોચનીનો છે. તેઓ સુખપૂર્વક મુક્ત થઇ આવે એવી જ મ્હારી ઇચ્છા છે. વળી આપણી યુક્તિ નિષ્ફળ ન જ જવી જોઇએ. હું માત્ર લક્ષ્મણસિંહને લઇ જવા અહીં આવ્યો છું. વળી એ સમાચાર પણ હું જાણી શકયો છું કે, આપે યુદ્ધભૂમિમાં મહારાણા કનકસિંહનો પરાજય કર્યો છે. હવે જો કદાચ લક્ષ્મણસિંહ મ્હારી સાથે આવે તો તેથી કોઇ અડચણ જેવું નથી."

"હું તથા લક્ષ્મણસિંહ બન્ને જણા તમારી સાથે આવીએ છીએ. હવે પાછી એકાએક લડાઇ થાય એવી સંભાવના નથી. વિરસિંહે કહ્યું.

"સારી વાત છે. આપ પણ ચાલો." સંમતિ મળતાં જ રાજકુમાર તરત તૈયાર થઇ ગયો, તથા શૂરસિંહને આવશ્યક સુચનાઓ કરી સંધ્યાકાળ થતાં ન થતાંમાં તો તેઓ ત્યાંથી નીકળી પડ્યા. વીરસિંહ ઘોડાપર બેઠો હતો અને જ્યોતિસિંહ તથા લક્ષ્મણસિંહ પગે ચાલતા હતા. રસ્તે ચાલતાં ચાલતાં રાજકુમારે વિજયપ્રાપ્તિના અથેતિ વર્તમાન જ્યોતિસિંહને કહી સંભળાવ્યા, તથા જે સવારો બુરખા નાખીને આવ્યા હતા તેમની હકીકત સુદ્ધાં કહી. એ સમાચાર સાંભળી જ્યોતિસિંહ પણ વિસ્મિત બની ગયો તથા એ બુરખાવાળાઓ કોણ હશે એ તે સમજી શકયો નહિ.

આવી રીતે તેઓ માર્ગ કાપતા હતા. ચાંદની હોવાથી રસ્તો સ્પષ્ટ જોવામાં આવતો હતો. તેઓ લગભગ ચારેક ગાઉ ગયા હશે એવામાં એકાએક ભૈરવનાથ એકલો તેમની નજરે પડયો. ભૈરવનાથે રાજકુમારને જોઇ તેની પાસે આવી સલામ કરી. તેની સલામના ઉત્તરમાં વીરસિંહે હાસ્ય કર્યું. લક્ષ્મણસિંહે કહ્યું:—" કેમ ભૈરવનાથજી!

આપે એક નામર્દ દગાબાજ અને ચોર રાજાની સેવાને કેમ સ્વીકારી છે ? આપ અમારા દરબારમાં આવીને જુઓ તો ખરા કે, અમારા સરદાર કેવા શૂરવીરશિરોમણિ અને ન્યાયપ્રિય છે ? !'"

ભૈરવનાથે કહ્યું:–" તમારું કહેવું ઠીક છે. એક દિવસે એમજ થશે. જ્યાં સુધી મહારાણા કનકસિંહ સાથેના તમારા વિરોધભાવનો અંત ન આવી જાય ત્યાં સુધી હું તમારો સોબતી કેવી રીતે થઇ શકું ? વળી હું તમારો સોબતી થઉં તો પણ તમે મ્હારાપર વિશ્વાસ ક્યાંથી મૂકો ? ગમે તેમ તો પણ હું એક બહુરૂપી છું." આમ કહી વીરસિંહને પુનઃ નમન કરી તેણે ત્વરાથી બીજો માર્ગ સ્વીકાર્યો, અને જોતજોતાંમાં તે ગાઢ જંગલમાં અદ્રશ્ય થઇ ગયો.

જ્યોતિસિંહે રાજકુમારને કહ્યું:–" માર્ગમાં આપણુને ભૈરવનાથ મળ્યો એ ઠીક થયું નથી. આપણે ક્યાં જઇએ છીએ તેની તપાસ કર્યા સિવાય હવે તે નિશ્ચિંત થશે નહિ."

" હા, એમાં તો સંદેહ નથી કે આપણુને ખરાબ શુકન થયા છે ! " લક્ષ્મણસિંહે જ્યોતિસિંહના સંદેહને દ્રઢ કર્યો.

રાજકુમારે ધબકતા હૃદયે કહ્યું:–" ત્યારે હવે આપણે શું કરીશું ? આ વખતે બીજી કોઇ યુક્તિ આપણે અજમાવી શકીએ તેમ નથી."

" આપણે સીધા રસ્તાનો ત્યાગ કરી જંગલના રસ્તે જઇશું તો એના અંતરમાં સંદેહ ઉપજશે નહિ. વળી આ જંગલના રસ્તામાં ઘણાં મયદાનો આવેલાં છે; તેથી જો કોઇ આપણી પાછળ આવતું હશે તો તે પણ આપણુને માલૂમ પડયા સિવાય રહેશે નહિ." જ્યોતિસિંહે કહ્યું.

બન્ને જણા જ્યોતિસિંહના આ વિચારને સંમત થયા. તેમણે ત્રણે જણાએ બીજે રસ્તે જ્યોતિસિંહની પાછળ પાછળ ચાલવા માંડયું.

તેમના સદ્દભાગ્યે કોઇએ તેમની પૂંઠ પકડી નહોતી.

પ્રભાતકાળે તેઓ એક નાળા પાસે જઇ પહોંચ્યા. એ નાળાના કિનારાપર બેસી તેઓ પ્રાભાતિક નિત્યકાર્યથી નિવૃત્ત થયા. પછીથી આગળ ચાલતાં ચાલતાં એક પ્રહર દિવસ ચઢતાં તેઓ એક જંગલમાં જઇ પહોંચ્યા. એ સ્થળેથી જે ગુફામાં મૃગલોચની અને કિશોરી હતાં તે ગુફાનું નાળું લગભગ બે ગાઉના અંતરે હતું. જ્યોતિસિંહે કહ્યું:—"હવે દિવસનો અવશિષ્ટ સમય આપણે અહીં જ પસાર કરી નાખીએ તો ઠીક, કેમ કે, રાત્રે આપણે સહેલાઇથી આપણું કાર્ય સિદ્ધ કરી શકીશું."

ત્રણે જણાએ એક ઘટાદાર વૃક્ષ નીચે મુકામ કર્યો. ઘોડાના જીનને નીચે નાખી તેનાપર રાજકુમાર બેઠો તથા ઘોડાને એટલામાં ચરવા માટે છોડી દીધો. આખો દિવસ વાતચિત કરવામાં અને યુક્તિઓ રચવામાં પસાર થઈ ગયો. સૂર્યાસ્ત થતાં પૂર્વે એ ત્રણે જણા આ સ્થળેથી રવાના થયા. થોડા સમયમાં જ તેઓ પેલા નાળા પાસે જઇ પહોંચ્યા, અને ત્યાંથી ગુફા તરફ આગળ વધ્યા.

રાજકુમારે આ નાળું જોઇને કહ્યું:—"ઘણું ભયંકર નાળું છે." નાળાના મ્હોં પાસે જતાં જ્યોતિસિંહે જે સ્થળે ગઇ કાલે પ્રકાશ જોયો હતો ત્યાં અંધકાર જોવામાં આવ્યો. શો પ્રકાર બન્યો હશે એના ગંભીર વિચારમાં તે પડી ગયો! અંતે તેઓ જ્યારે ગુફાના દ્વાર પાસે જઇ પહોંચ્યા ત્યારે ત્યાં તેમણે કેટલાક માણસોને જખમી થઇને પડી રહેલા જોયા. વિના વિલંબે જ્યોતિસિંહે પોતાના વાટવામાંથી રોશનીનો સામાન કાઢી પ્રકાશ કર્યો. એ પ્રકાશમાં તેણે જોયું કે, આ ગુફા પાસે જેટલા પહેરેગીરો ગઇ કાલે પહેરો ભરતાં હતા તેઓ સર્વે જખમી થઈ જમીનદોસ્ત બની ગયા હતા. ગુફામાં જઇને

તપાસ કરવામાં આવી તો ત્યાં મૃગલોચની તથા કિશોરી માલૂમ પડી નહિ. બન્નેનાં ઘરેણાં માત્ર ત્યાં પડી રહેલાં હતાં. ચોતરફ લોહીના ડાઘ પડેલા હતા. આવો ભયંકર દેખાવ જોવામાં આવતાં, કુમારથી રહી શકાયું નહિ. તેનો જીવ વ્યાકુળ બની ગયો. એક હાય મારીને તે એજ સ્થળે બેસી ગયો, તથા રુદન કરવા લાગ્યો. જ્યોતિસિંહ તેને સમજાવવા લાગ્યો કે, " આપ આટલા બધા અધીરા કેમ બની જાઓ છો ? જે પરમાત્મા આપણને અહીં સુધી લાવ્યા છે તે જ પરમાત્મા આપણને પુનઃ રાજનન્દિની પાસે લઇ જશે. સંકટ સમયે સુજ્ઞ મનુષ્યે અધીરા બની જવું જોઇએ નહિ. '**चक्रवत् परिवर्त्तन्ते दुःखानि च सुखानि च**' સૂત્રાનુસાર સુખ અને દુઃખ સહોદર સ્વરૂપ છે. જેવી રીતે આકાશમાં ચંદ્ર અને સૂર્ય બન્ને ભાઇઓ ક્રમાન્વયે દિવસ અને રાત્રિ લાવે છે તેવી જ રીતે સુખ અને દુઃખ, ભાગ્યાકાશમાં સુખરૂપ પ્રકાશ અને દુઃખરૂપ અંધકારનો વિસ્તાર કરે છે. ગગનમંડળ કવચિત્ મેઘાચ્છાદિત રહે છે. તો કવચિત્ સ્વચ્છ રહે છે તેવી જ રીતે કવચિત્ દુઃખરૂપ મેઘ. આચ્છન્ન થઇને અંધકારમય થાય છે તો કવચિત્ સુખના સ્નિગ્ધ પ્રકાશથી પ્રકાશિત થાય છે. ભાગ્ય કદાપિ શૂન્ય થઇ રહેતું નથી. સુખ કિંવા દુઃખનું અસ્તિત્વ ભાગ્યમાં અવશ્ય રહે છે જ. વળી મનુષ્યના ભાગ્યાકાશમાં પ્રથમ દુઃખનો ઉદય થાય એ જ ઉત્તમ છે. એમાં અનંત સુખ છે. જીવનપર્યંત દુઃખ ભોગવનાર કિંવા સુખ ભોગવનાર વ્યક્તિ વિશ્વમાં વિરલ હોય છે. જેણે દુઃખ અને સુખ બન્ને ભોગવ્યાં હોય છે તેજ સત્ય સુખનો આસ્વાદ અનુભવી શકે છે. સુખ ભોગવ્યા પછી જે દુઃખ ભોગવે છે તે અવશ્ય દુર્ભાગી જ છે. દુઃખ ભોગવ્યા સિવાય સુખની પ્રાપ્તિ થતી નથી એવું વિધિનું વિધાન વિશ્વમાં સર્વત્ર જોવામાં આવે છે."

રાજકુમાર વીરસિંહે કહ્યું:-"ભાઇ! તમારું કહેવું યથાર્થ છે; પરંતુ આ સ્થળનો દેખાવ જોતાં મ્હને એમજ લાગે છે કે, મ્હારા અંતરની આરાધ્યા દેવી મૃગલોચની આ પાપતાપપૂર્ણ પૃથિવીનો પરિત્યાગ કરી પરલોકપ્રયાણ કરી ગઇ છે. અરેરે! મ્હારા સુખની આશાનો પ્રાસાદ જમીનદોસ્ત થઇ ગયો છે. હાય! કમનસીબ કિસ્મત!

ભાગ્યના પાસા બધા ઉલટા કદિ જો થાય છે;
સુખ અને આશા તણો પ્રાસાદ તૂટી જાય છે.

મ્હારી મહત્વાકાંક્ષા સર્વથા યાતનાદાયિની નિરાશાના સ્વરૂપમાં ફેરવાઇ ગઇ છે."

"રાજકુમાર! આપ નિરાશ ન બની જાઓ. જો રાજનન્દિનીનો જીવ ગયો હોત તો તેમનો મૃતદેહ અહીં આટલાંમાં જ પડ્યો હોત." જ્યોતિસિંહે રાજકુમારનું સમાધાન કરવાના હેતુથી કહ્યું.

"આ કદાચ ભૈરવનાથની કોઇ ચાલાકી તો નહિ હોય?" લક્ષ્મણસિંહે સંશયાધીન થઇને કહ્યું.

"ના, તેની ચાલાકી હોય એમ લાગતું નથી. વળી આપણે કદાચ એમ માની લઇએ કે, આ ભૈરવનાથની જ ચાલાકી હોય તો ગુફાની બ્હાર પહેરો ભરતા પહેરેગીરોને કોણે મારી નાખ્યા? આ આશ્ચર્યજનક પ્રકાર બરાબર સમજી શકાતો નથી. ફિકર નહિ. પ્રયત્નને કોઇ પણ પ્રકાર અસાધ્ય નથી. હવે આપણે અહીંથી સત્વર ચાલી નીકળવું જોઇએ." જ્યોતિસિંહે કહ્યું.

આ સમયની રાજકુમાર વીરસિંહની હૃદયવિદારક સ્થિતિનું યથાર્થ વર્ણન આ નિર્જીવ લેખિનીથી થઇ શકે તેમ નથી. તેને ઘણું સમજાવવામાં આવ્યો-વિવિધ પ્રકારે તેનું સાંત્વન કરવામાં આવ્યું ત્યારે તે નાળામાંથી બ્હાર નીકળ્યો. પછીથી લક્ષ્મણસિંહે કહ્યું:-

વારું, હવે તમે અમને મહારાણા કનકસિંહની રાણી પાસે તો લઇ જાઓ."

"ભલે ચાલો." જ્યોતિસિંહે સંમત થતાં કહ્યું.

પછીથી જ્યોતિસિંહ તેમની બન્નેની સાથે, તેણે જ્યાં મહારાણી કલાવતીને રાખી હતી ત્યાં ગયો; કિન્તુ ત્યાં કલાવતી પણ ન્હોતી. આથી સર્વેની ચિંતા વૃદ્ધિગંત થઇ ગઇ. મધ્યરાત્રિ વીતી ગઇ હતી. ત્રણે જણા બેઠા બેઠા આ આશ્ચર્યજનક ઘટનાનો વિચાર કર્યા કરતા હતા. થોડા સમય પછી લક્ષ્મણસિંહ બોલી ઉઠયો:— "ગુરુજી! મ્હને એક યુક્તિ સૂઝી છે. એ યુક્તિ અજમાવી જોવાથી આ આશ્ચર્યયુક્ત ઘટના કેવી રીતે ઘટી છે તે અવશ્ય આપણા જાણવામાં આવશે. આપ આ સ્થળે જ આરામ લ્યો. હું પત્તો મેળવવા જાઉં છું."

"ભાઇ જા! તું કોઇ પ્રશંસાપાત્ર કાર્ય કર. હું અને રાજકુમાર આ સ્થળે જ વિશ્રામ લઇએ છીએ." જ્યોતિસિંહે તેને યુક્તિ અજમાવવાની રજા આપી.

પછીથી એક પંડિતનો વેશ ધારણ કરી લક્ષ્મણસિંહ ત્યાંથી રવાના થયો. ત્યાંથી રામગઢ વિશેષ દૂર નહોતું તેથી થોડા સમયમાં જ તે ત્યાં જઇ પહોંચ્યો. દૂરથી તેણે જોયું કે, એક સિપાહી ટહેલતો ટહેલતો પહેરો ભર્યા કરતો હતો. લક્ષ્મણસિંહ એક શીશી હાથમાં લઇને તેની પાસે ગયો તથા તેને એક સોનામહોર દેખાડીને કહ્યું:—"જમાદાર સાહેબ! આ સોનામહોર આપ લ્યો, અને આ શાનું અત્તર છે તે કહી આપો. એક વિદેશી વ્યાપારીએ મ્હને આ અત્તર આપીને એમ કહ્યું છે કે, 'જો તમે આ અત્તર કયી જાતનું છે એ કહી શકશો તો હું તમને પાંચ સોનામહોરો આપીશ.' પરંતુ હું કોઇ દિવસ અત્તર વાપરતો નહિ હોવાથી આ અત્તર

ઓળખાવા આપની પાસે આવ્યો છું. આપ રાજદરબારમાં છો તેથી અનેકવિધ પ્રકારનાં અત્તરોનો આપે સદુપયોગ કર્યો હશે. અદ્યાપિ મ્હને થોડો સમય છે. સ્હવારમાં એ વિદેશી વ્યાપારીને ઉત્તર આપવાનો વાયદો છે; માટે જો આ મહોર લઈ આપ આ અત્તર ઓળખી આપો તો મ્હને એ વ્યાપારી પાસેથી પાંચ સોનામહોરો મળે તેમ છે."

લક્ષ્મણસિંહના આ વચનો સાંભળી તથા પાસે સળગતા એક દીપકના પ્રકાશમાં સોનામહોર જોઇ પહેરગારના મ્હોંમાં પાણી છૂટયું. આ સુયોગને વ્યર્થ નહિ જવા દેવાનો તેણે પોતાના મન સાથે નિશ્ચય કર્યો. તેણે વિચાર્યું:-"આ કોઇ અજબ બેવકૂફ માણસ હોય એમ લાગે છે. આ અત્તર શાનું છે તેનો હું અસત્ય ઉત્તર આપીશ તો પણ એ કાંઇ આવતી કાલે પાછો મ્હારી પાસે સોનામહોર પાછી લેવા આવવાનો નથી. ખરું જ છે કે, લોભીઆ વસતા હોય ત્યાં ધુતારા ભૂખે મરતા નથી." આમ વિચારીને સોનામહોરને તેણે પોતાના ખિસ્સામાં મૂકી દઇને પ્રસન્નતાસૂચક સ્વરે કહ્યું:-એમાં શી મ્હોટી વાત છે. આ અત્તર શાનું છે તે હું હમણાં જ કહી આપું છું. અત્તરોનો ઉપયોગ કરવામાં જ આજ સુધીનું મ્હારું જીવન પસાર થયું છે."

વાસ્તવિક રીતે આ પહેરેગીરે તેની આટલી ઉમ્મરમાં એકે વખત અત્તર સુંઘ્યું નહોતું; પરંતુ માર તોપ, કોણ પૂછે છે? એ વાક્યાનુસાર તેણે અસત્ય વાક્ય ઉચ્ચાર્યું હતું. તેણે વિના વિલંબે અત્તરની શીશીનો બુચ કાઢી નાખી શીશી સુંઘતાં ક્ષણ માત્રમાં જ તે બેહોશ બની જઇ પૃથ્વીપર ઢળી પડયો. પછીથી એ સિપાહીને ગાંસડીમાં બાંધી લઈ, તેને ઊંચકીને લક્ષ્મણસિંહ જ્યોતિસિંહ પાસે ગયો, અને કહ્યું:-"આ કિલ્લાનો પહેરેગીર છે; એને સઘળી હકીકત

આપણે પૂછી લઇએ; છતાં જો આપણો હેતુ સિદ્ધ નહિ થાય તો આપણે બીજી કોઇ યુક્તિ અજમાવીશું."

આમ કહીને લક્ષ્મણસિંહ એ પહેરેગીરને પુનઃ એક પ્રકારનું ઔષધ સુંઘાડીને શુદ્ધિમાં લાવ્યો. શુદ્ધિમાં આવતાં જ પોતાને ભીષણ અરણ્યમાં આવી ચઢેલો જોઇ એ પહેરેગીર વિસ્મિત, ભયભીત અને આશ્ચર્યચકિત બની ગયો. પોતાને અત્તર સુંઘાડનાર પંડિતને તેણે બીજા બે બહાદુર પુરુષોસહ પોતાની પાસે ઉભો રહેલો જોયો. તે કાંઇ કહેવાનો પ્રયત્ન કરતો હતો એવામાં લક્ષ્મણસિંહે કડક સ્વરે તેને પૂછ્યું:–"ત્હારાં મહારાણી ક્યાં છે તે તું અમને કહે જોઇએ?"

પહેરેગીરે આ પ્રશ્નના ઉત્તરમાં એક શબ્દ પણ કહ્યો નહિ; તેથી તેના હાથપગ મજબુતાઇથી બાંધી દેવામાં આવ્યા; આમ છતાં તેણે પૂછ્યું:–"મહારાણીની હકીકત પૂછનાર તમે કોણ છો? તમે શામાટે મ્હને આ હકીકત પૂછો છો?"

જ્યોતિસિંહે તેને એક લત્તાપ્રહાર કરીને કહ્યું:–"મૂંગો મૂંગો તને પૂછવામાં આવે એ પ્રશ્નોનો સત્વર ઉત્તર આપ, નહિ તો જોત જોતાંમાં જીવથી જઇશ."

પહેરેગીરે નમ્ર થઇ જઇને કહ્યું:–"કેટલાક દિવસથી મહારાણી ગૂમ થઇ ગયાં છે; તેમનો બિલકુલ પત્તો લાગતો નથી. મહેલમાં પણ ગરબડાટ થઇ રહ્યો છે. આથી વિશેષ કાંઇ હું જાણતો નથી."

જ્યોતિસિંહે વીરસિંહને કહ્યું:–"હવે આપણું કાર્ય સિદ્ધ થતાં થોડા દિવસનો વિલંબ લાગશે. આપ લશ્કરમાં ચાલ્યા જાઓ; હું આપણા કાર્યાર્થે જાઉં છું."

વીરસિંહે કહ્યું:–"હવે આપણું કાર્ય સિદ્ધ નહિ થાય ત્યાં સુધી હું લશ્કરમાં જનાર નથી–ત્યાં મ્હને એક ક્ષણ પણ ચેન પડનાર નથી."

જ્યોતિસિંહે કહ્યું:–"જો આપ આમ કરશો તો મહાન્ સંકટ આવી પડશે. જો આ વર્તમાન કનકસિંહના જાણવામાં આવશે તો તે યુદ્ધ કરવામાં એક ક્ષણનો પણ વિલંબ નહિ કરે. વળી આપ યુદ્ધક્ષેત્રમાં હાજર નહિ હો તો મહારાણા જયસિંહજી પણ ગભરાઇ જશે. આપના પિતાજી પણ આપની ગેરહાજરીના સમાચાર સાંભળી વ્યાકુળ બની જશે!"

વીરસિંહે વિષણ્ણવદને કહ્યું:–"જ્યારે મ્હારી પ્રાણાધિકા જીવન-મોહિની મૃગલોચની હવે આ જગતમાં નથી ત્યારે પછી મ્હારે મન નગરવાસ અને અરણ્યવાસ સમાન છે!"

જ્યોતિસિંહે વીરસિંહને ઘણું સમજાવ્યો. તેણે કહ્યું:–"રાજ-કુમાર! આપે અધીરા બની જઇ સર્વના આત્માને અપાર શોક સંતાપ થાય એવું કાર્ય કદાપિ કરવું જોઇએ નહિ. આપ જાણો જ છો કે, મ્હારી સઘળી મહેનત આપને સુખી કરવા માટે જ છે; છતાં આપ જ્યારે આવી રીતે નાઉમ્મીદ બની જાઓ તો પછી મ્હને મ્હારું કાર્ય કરવામાં ઉમંગ કયાંથી રહે?"

આ વચનો સાંભળી રાજકુમારે કહ્યું:–"ઠીક છે; આવતી કાલનો દિવસ મ્હને તમારી સાથે રહેવા દો. જો ત્યાં સુધીમાં પણ મૃગલોચનીનો પત્તો નહિ લાગે તો હું લશ્કરમાં ચાલ્યો જઇશ, અને સૈન્યસહ રામગઢપર ચઢી આવીશ. હું યુદ્ધનો આરંભ કરી દઇશ અને તમે મ્હારી પ્રાણાધિકા મૃગલોચનીની શોધ કરજો."

અંતે જ્યોતિસિંહે વીરસિંહનાં આ વચનો માન્ય કર્યાં. આ સઘળી વાતચિત ઘણી સાવધાનતાથી કરવામાં આવી હતી; તેથી જે પહેરેગીરને લક્ષ્મણસિંહ પકડી લાવ્યો હતો તે એમાંનો એક અક્ષર સુદ્ધાં સાંભળી શક્યો નહિ.

જ્યોતિસિંહે એ પહેરેગીરને એક વૃક્ષના થડ સાથે બરાબર બાંધી દીધો, અને લક્ષ્મણસિંહને કહ્યું:–"હવે તું અહીં રાજકુમાર પાસે રહે અને હું પત્તો મેળવવા જઉં છું."

આમ કહી લક્ષ્મણસિંહને ગુપ્ત રીતે કંઇ વાત પૂછી રાજકુમાર પાસેથી વિદાય લઇ જ્યોતિસિંહ કિલ્લા તરફ રવાના થઇ ગયો.

---

## પ્રકરણ ૨૬ મું.

---

### શત્રુના સપાટામાં વીરસિંહ.

જે જંગલમાં વીરસિંહ અને લક્ષ્મણસિંહ બેઠા હતા, તથા પેલા પહેરેગીરને વૃક્ષના થડ સાથે બાંધેલો હતો એ જંગલ ઘણું ભયંકર હતું. જ્યોતિસિંહના ચાલ્યા ગયા પછી વીરસિંહ અને લક્ષ્મણસિંહ એક પત્થરપર બેસી વાતચિત કરવા લાગ્યા.

બરાબર પ્રભાતકાળના અરસામાં કોઇનો ફેંકેલો એક ન્હાનો પત્થર વીરસિંહના પગ પાસે પડ્યો. આથી વીરસિંહ અને લક્ષ્મણસિંહ અત્યંત આશ્ચર્ય પામ્યા. જે તરફથી એ પત્થર આવ્યો હતો તે તરફ તેમણે દૃષ્ટિ કરી એવામાં એક ન્હાનો પત્થર તેમની પાસે આવીને પડ્યો; પણ કોઇને વાગ્યો નહિ. આ સમયે લક્ષ્મણસિંહે ઉચ્ચ સ્વરે કહ્યું:—"છુપાઇને પત્થરો મારનાર કોણ છે? સ્હામે આવતાં શું થાય છે?"

આ પ્રશ્નના ઉત્તરમાં એવું વાક્ય સાંભળવામાં આવ્યું કે, "લુચ્ચાઓની સાથે લુચ્ચાઈ કર્યા સિવાય ચાલતું નથી. સીધી આંગળીથી કદાપિ ઘી નીકળતું નથી."

આ ઉત્તર સાંભળવામાં આવતાં રાજકુમાર ઘણો ક્રોધે ભરાયો. તેણે પોતાની તેજસ્વી તલ્વારને મ્યાનમાંથી બ્હાર ખેંચી કાઢી. આ પ્રકાર જોઇ લક્ષ્મણસિંહે કહ્યું:-" આપ શા માટે તકલીફ ઉઠાવો છો? એ નામર્દને હું હમણાં જ આપની પાસે હાજર કરું છું. એમાં શું મ્હોટું કામ છે ?" આમ કહીને જે તરફથી ઉપર્યુક્ત અવાજ આવ્યો હતો તે તરફ લક્ષ્મણસિંહ ગયો. થોડે દૂર જતાં લક્ષ્મણસિંહ એક ધીચ ઝાડીમાં એક માણસને જોઇ શક્યો. એ માણસ ઝાડીમાં ભરાઇ રહેલો હોવાથી તેનું મ્હોં સ્પષ્ટતાથી જોઇ શકાતું નહોતું. લક્ષ્મણસિંહને પોતાના તરફ આવતો જોઇ તેનાપર બીજો એક પત્થર ફેંકી એ માણસ પલાયન કરી જવા લાગ્યો. લક્ષ્મણસિંહ પણ તેને પકડવાના ઉદ્દેશથી તેની પાછળ પાછળ દોડવા લાગ્યો; પરંતુ થોડે દૂર જતાં જ એ માણસ કોઇ સ્થળે છુપાઇ ગયો. લક્ષ્મણસિંહે તેની ઘણી શોધ કરી; પરંતુ પત્તો લાગ્યો નહિ. સૂર્યોદય થતાં સુધી તેણે એ બદમાશની શોધ કરી; પરંતુ અફસોસ કે બદમાશનો પત્તો ન જ લાગ્યો. અંતે લાચારીથી લક્ષ્મણસિંહ જે સ્થળે રાજકુમાર વીરસિંહ બેઠેલો હતો ત્યાં ગયો; પરંતુ આ સમયે ત્યાં રાજકુમાર પણ નહોતો ! રાજકુમારની પણ તેણે ઘણી શોધ કરી; કિન્તુ તેનો પત્તો લાગ્યો નહિ. વળી જે પહેરેગીરને તેણે વૃક્ષના થડ સાથે બાંધ્યો હતો એ પહેરેગીર પણ તેની ગેરહાજરીમા સુયોગનો લાભ લઇ ગૂમ થઇ ગયો હતો.

લક્ષ્મણસિંહનાં નયનયુગલમાં અશ્રુજળ ભરાઇ આવ્યું, રાજકુમાર સંબંધી પોતે જ્યોતિસિંહને શો ઉત્તર આપશે એ તે વિચારી શક્યો નહિ. તે સ્વગત કહેવા લાગ્યો:-" હવે હું શું કરું અને રાજકુમારને ક્યાં શોધું ? અરેરે ! એક કાર્ય સિદ્ધ થતું નથી તે પૂર્વે તો બીજું બગડે છે. વિધિના ભયંકર વિધાનને કળી શકવાનું સામર્થ્ય

જો મનુષ્યજાતિમાં હોત તો આ જગતમાં કોઇ પણ માણસને દુઃખનો અનુભવ થાત નહિ. હવે જો રાજકુમારને શોધતો શોધતો હું અહીંથી દૂર નીકળી જઇશ, અને એ સમય દરમ્યાન જ્યોતિસિંહ જો કદાચ આ સ્થળે આવી પહોંચશે, અને અમને નહિ જુએ તો તેમની કેવી સ્થિતિ થઇ જશે ?" આ પ્રમાણે વિચારી આજૂબાજૂમાં તપાસ કરી આવી લક્ષ્મણસિંહ પુનઃ ઉપરોક્ત સ્થળે જઇને બેઠો. બેઠો જ્યોતિસિંહની અત્યંત અધીરતાથી રાહ જોવા લાગ્યો. તેના મુખમંડળપર હમણાં ગાઢ ચિંતાની છાયા છવાઇ રહી હતી. હવે આપણે જ્યોતિસિંહે કિલ્લામાં જઇને શું કર્યું તેનું દિગ્દર્શન કરીએ.

જ્યોતિસિંહ પહેરેગીરના વેશમાં કિલ્લાના દરવાજા પાસે જઇ પહોંચ્યો. પ્રભાતકાળ થયેલો હોવાથી જે સિપાહીઓ નિદ્રામાંથી જાગ્રત થઇ ગયા હતા તેમણે જ્યોતિસિંહ તરફ જોઇને કહ્યું:-"જયરામસિંહ! તમે ક્યાં જતા રહ્યા હતા ? અહીં પહેરામાં ગરબડ થઇ ગઇ હતી. ભૈરવનાથજી અહીં પહેરાની તપાસ કરવા આવ્યા હતા. તમને અહીં નહિ જોયાથી તેઓ તમારાપર અપાર ક્રોધે ભરાઇને તમારી શોધ કરવા ચાલ્યા ગયા છે તે હજી સુધી પાછા આવ્યા નથી. તમારા લીધે અમારે સર્વેને પણ તેમનો ઠપકો અને તિરસ્કાર સહન કરવો પડ્યો."

જયરામસિંહના વેશમાં જ્યોતિસિંહે કહ્યું:-"મ્હારી તબિયત બગડી ગઇ હતી. જંગલ જવાની ઇચ્છા થવાથી હું પહેરાપર ચાલ્યો ગયો હતો. જંગલ જતાં તબિયત વિશેષ બગડયાથી મ્હને પાછા ફરતાં ધાર્યા કરતાં વિશેષ વિલંબ થયો છે. હજી પણ મ્હારા પેટમાં ગરબડાટ થયા કરે છે. ભાઇ! જીવની માયા ડુંગર જેવડી હોય છે એ તમે ક્યાં નથી જાણતા ? હું પુનઃ જંગલ જવા જાઉં છું. આ

વખતે હું સત્વર પાછો આવીશ.” આમ કહીને બનાવટી જયરામસિંહ ત્યાંથી ચાલતો થયો.

સિપાહીઓ સાથેની વાતચિતપરથી જ્યોતિસિંહે સાંભળી લીધું કે, ‘ભૈરવનાથ કિલ્લામાં આવ્યો હતો અને તમારી શોધમાં ગયો છે.’ આ હકીકત સાંભળવામાં આવતાં તે હોશિયાર બની ગયો. તેણે વિચાર્યું કે, “જો હું અહીં હાજર હોઇશ અને ભૈરવનાથ આવી પહોંચશે તો તે મ્હને અવશ્ય ઓળખી જશે; તેથી હવે વિશેષ સમય સુધી અહીં રોકાવામાં કલ્યાણ નથી.’ આવો વિચાર કરી થોડે દૂર જઇ એક ભિખારીનો વેશ ધારણ કરી તે સડકની એક બાજૂએ બેસી ગયો, તથા ભૈરવનાથની પાછા આવવાની રાહ જોવા લાગ્યો.

થોડો સમય પસાર થયો હશે એવામાં તે ભૈરવનાથને કિલ્લા તરફ આવતો જોઇ શકયો. તેની પાછળ પોતાની પીઠપર એક ગાંસડી ઊંચકીને અકબરઅલી આવતો હતો તથા અકબરની પાછળ પેલો પહેરેગીર હતો.

જ્યોતિસિંહ ભૈરવનાથને આવા ઠાઠથી આવતો જોઇ વિસ્મિત અને ભયભીત બની ગયો. એક ક્ષણ માત્રમાં જ તેના અંતરમાં અનેક આશંકાઓ ઉપજી. તેણે વિચાર્યું:–“આ લોકોની સાથે રાજકુમાર અને લક્ષ્મણસિંહની તકરાર જરૂર થયેલી હોવી જોઇએ. તેમ ન બન્યું હોય તો જે પહેરેગીરને ત્યાં વૃક્ષના થડ સાથે બાધ્યો હતો તે અહીં કેવી રીતે આવી શકે? અકબરની પીઠપર જે ગાંસડી છે એ ગાંસડીમાં રાજકુમાર હોવા જોઇએ યા તો લક્ષ્મણસિંહ હોવો જોઇએ; પરંતુ આ સમયે એક પણ શબ્દ બોલી શકાય એમ નથી; કેમ કે અહીં મ્હને મદદ કરે એવું બીજું એક પણ માણસ નથી.” આમ વિચારી જ્યોતિસિંહ મૌન ધારણ કરી બેસી રહ્યો.

જ્યારે એ ત્રણે જણા એ કિલ્લામાં જતા રહ્યા ત્યારે જ્યોતિસિંહ ઉઠી ત્વરિતગતિથી, જે સ્થાને રાજકુમાર અને લક્ષ્મણસિંહ હતા. એ સ્થાન તરફ જવા લાગ્યો. તે જ્યારે યથાસ્થાને જઈ પહોંચ્યો ત્યારે લક્ષ્મણસિંહે વિષણ્ણવદને અને સજળનયને કહ્યું:–“ગુરુજી! રાજકુમાર દુશ્મનોના કેદી થઇ પડયા છે.” આમ કહીને તેણે સઘળી હકીકત જ્યોતિસિંહને કહી સંભળાવી. એ હકીકત સાંભળીને તેણે કહ્યું:–“ભાઇ! આજકાલ આપણી શનીની દશા ચાલતી હોય એમ લાગે છે. આપણો એકે પ્રયત્ન સફળ થતો નથી. ઉલટા દિવસે દિવસે આપણે વિશેષ સંકટોમાં ફસાઇ પડીએ છીએ. મૃગલોચની અને કિશોરી કયાં કેવી સ્થિતિમાં હશે તેની ચિંતા થયા કરતી હતી તેમાં વળી હવે રાજકુમારના ગૂમ થયાની ચિંતા વધી છે. જ્યાં સૂધી રાજકુમારનો પત્તો નહિ લાગે ત્યાં સૂધી આપણે મહારાણા જયસિંહજી. કિંવા દેવીસિંહજીને આપણું મ્હોં બતાવી શકીશું નહિ.”

પછીથી તેમણે બન્ને જણાએ એક બીજાની સાથે આવશ્યક વાતચિત કરી એક તરફનો માર્ગ સ્વીકાર્યો.

## પ્રકરણ ૨૭ મું.

### સુધામાં હલાહલ!

ચડયું બ્રહ્માંડ ચકડોળે જીગરમાં આગ વરસે છે,
સીતમગર કાળજાં ફોલે જીગરમાં આગ વરસે છે!
ભલે લૂંટો ભલે ફૂટો, રિહાઇને કરી નાબૂદ,
કરો દર ઝુલ્મ રેલાવો, જીગરમાં આગ વરસે છે

× × × ×

જીવીને આફતો વેઠી: હજારો સ્યાનતો લીધી!
કરી છે એ કમાઇ કે, જીગરમાં આગ વરસે છે!
બનો ઝાલિમ: બનો કાતિલ: ઝહર સિંચો રગેરગમાં
મરો મારો બધી આલમ: જીગરમાં આગ વરસે છે!

—વસન્ત.

રામગઢના સુવિસ્તૃત કિલ્લામાં મહારાણા કનકસિંહના ખાસ મહાલયમાં આવેલી એક કોટડીમાં હમણાં બહાદુર વીરકેસરી રાજકુમાર વીરસિંહ વિષણ્ણવદને બેઠેલો હતો, એ કોટડીની આગળ લોઢાનાં સુદૃઢ સળીઆ જડી દીધેલા હતા. કેટલીક હૃષ્ટપુષ્ટ સ્ત્રીઓ હાથમાં નગ્ન કટારો રાખી એ ઓરડીની આસપાસ પહેરો ભર્યા કરતી હતી. રાજકુમાર આ સમયે અંતરની ઉત્તેજનાથી સ્વગત વિચારતો હતો કે, "ભાગ્યદેવીની ભયંકરતાથી અને વિધાતાના વિચિત્ર વિધાનથી આજે હું એક બકરાની માફક મ્હારા શત્રુની કેદમાં પડેલો છું. અનેક પ્રકારનાં કષ્ટો ઉઠાવ્યા પછી જીવનમોહિની મૃગલોચનીનો પત્તો તો મેળવ્યો; છતાં તેનો ઉદ્ધાર કરી શકવાનો સુયોગ મળ્યો નહિં તેથી મ્હને ઘણો અફસોસ થાય છે. હમણાં મ્હારી હૃદયેશ્વરી—આરાધ્યાદેવી આલોકમાં છે કે પરલોકમાં પહોંચી ગઇ છે તેનો પણ કશો નિર્ણય થઇ શકે તેમ નથી. મૃગલોચની! જીવનાધિકારિણી! એક વખત તું ત્હારા આ દુર્ભાગી પ્રિયતમને દર્શન આપ. ત્હારા દર્શનથી હું મ્હારું સઘળું દુઃખ ભૂલી જઇશ. ત્હારા દર્શનથી આવી દુઃખદ સ્થિતિમાં પણ હું અપાર સુખ અનુભવી શકીશ.

લપાઇ પ્રેમની ઘેલાઇમાં છુપી ખુદાઇ છે,
ચમકતાં લોહખંજરમાં મીઠી લહેજત સમાઇ છે!
થઇ ઘેલા જગે ફરવું, સનમનું ગાન મુખ કરવું,

હૃદયમાં ધ્યાન તો ધરવું, સનમનું એ કમાઇ છે!
ભર્યું છે દુ:ખ દુનિયામાં, નહિ કંઇ સુખ દુનિયામાં,
છતાં સુખ મેળવે તેથી, જગતમાં એ નવાઇ છે!
હમે ચોળી સહુ અંગે, સનમની યાદ. કેરી ખાક,
ધુની આ પ્રેમનીમાં તે, કલિ સુખની લંપાઇ છે!
નીસાસા માશૂકના વ્હેના, તે તો ધમણુ છે,
બન્યાં આ હાડ લાકડ પ્રેમ, અગ્નિકુંડ માંહિ છે!
થઇ ચિતા ભડકતી હોમ; કીધો આંસુડાં ઘીનો,
લઇ મુખમંત્ર માશૂક નામ, આહુતિ અપાઇ છે.
પૂર્યું ઘીને થયા ભડકા, પડી મૂર્તિ નજર તેમાં,
મીઠી. મૂર્તિ તણી યાદી, હજી દિલમાં છુપાઇ છે!
લઇ વીણા કરેને ગાય, દેવી ગીતડું મીઠું
મધુરાં ગીતની ધૂન આ, હૃદયમહીં રહી છવાઇ છે!
કીધો મ્હેં યજ્ઞ તો પુરો, હવે તો ભોગ છે દેવો,
દઇ દે ભોગ લઇ ખંજર, પછી તો બાદશાહી છે.!
કહે દુનિયા દિવાનો તો કહે છે કામ તેથી શું!
દીવાના માર તું હૃદયે, સનમ યાદી રફાઇ છે.

—હરિહર.

મૃગલોચનિ! જીવનાધિકે! ત્હારા વિયોગની વ્યથા હવે હું વેઠી શકતો નથી.”

રાજકુમાર વીરસિંહ સ્વગત આવી ચિંતા કર્યા કરતો હતો. તે જે ઓરડીમાં કેદી થઇ પડયો હતો તેનો આગળનો ભાગ લોખંડના સળીઆથી જડેલો હોવાથી. અંદરનો દેખાવ સ્પષ્ટતાથી જોઇ શકાતો હતો; છતાં આ ઓરડીમાં કાંઇ ભેદ તો હતો જ.

પ્રપંચપરાયણ પાપી મનુષ્ય હમ્મેશાં શત્રુથી વિશેષ સાવધાન રહે છે. એવા માણસો પોતાના કેદી શત્રુપર પૂરતી તપાસ રાખી શકાય એટલા માટે તેને આવી ઓરડીમાં જ કેદ કરી રાખે છે કે જેથી પ્રતિપળે તેની હિલચાલપર સહેલાઇથી સંપૂર્ણ લક્ષ્ય આપી શકાય. કનકસિંહે આવા જ ઉદ્દેશથી વીરસિંહને આ ઓરડીમાં કેદ કરી રાખ્યો હતો; છતાં સઘળું ભાન–કષ્ટ ભૂલી જઇ વીરસિંહ તેની પ્રિયતમા મૃગલોચનીનું જ સ્મરણ કર્યા કરતો હતો. મૃગલોચની જીવતી હશે કે કેમ એ માટે પણ તેના અંતરમાં શંકા રહેતી હતી. તેને એવો વિચાર ઉપજતો નહોતો.

"ટાળ્યું જાયે મૃત્યુ ના આયુ ખૂટયે
રાખે કૂપે કુંભ દોર તૂટયે ?
એ તો રાને રૂખડાં તુલ્ય આમે
જીવો વિશ્વે નીપજે, નાશ પામે."

(કે. હ. ધ્રુવ.)

વાંચકબંધુઓ, જુઓ તો ખરા કે, પવિત્ર પ્રેમની છબી કેવી મનોહર હોય છે? જેણે એ છબી મેળવી હોય છે એને જગતમાં કોઇ પણ પ્રકારનો અભાવ હોતો નથી. આ નશ્વર જગતમાં એજ સુખી છે. પ્રેમના જેવો અમૃતતુલ્ય પદાર્થ સંસારમાં બીજો એકે નથી. એ અપૂર્વ છબી કિંવા નિધિ બજારમાં વેચાતો નથી; દ્રવ્યથી એ ધન મેળવી શકાતું નથી. રાજ્યભંડારમાં પણ એ વસ્તુ હોતી નથી. એ વસ્તુ તો માત્ર મનમાં એને નયનોના ખુણામાં હોય છે. મન સહિત એક વખત જેનું દર્શન કરવામાં આવે છે તથા મનમાં અને નયનમાં જો ઉભયનું ઐક્ય થઇ જાય છે ત્યારે તેઓ બન્ને એક બીજાનાં બંધનમાં બંધાય છે. દ્રવ્યથી એ સ્નેહબંધન બંધાતું

નથી. માત્ર દાંપત્ય પ્રેમ જ નહિ; પરંતુ સર્વ પ્રકારના પ્રેમની રીત આવી જ છે. મનનું મિલન થયા સિવાય પ્રેમ ઉપજતો નથી. પ્રેમમાં ગરીબ કે તવંગરનો ભેદ હોતો નથી. મન જેને ચ્હાય છે તે દીન હીન કિંવા કંગાલ હોય છે તો પણ પ્રણયની દૃષ્ટિમાં તે લક્ષપતિ લેખાય છે. જેના પ્રત્યે પ્રેમ ઉપજે છે તેનું દર્શન નહિ થતાં કેટલી વ્યથા થાય છે એ હકીકત પ્રણયી મનુષ્યો જ જાણે છે. પ્રેમ માટે સ્વ. કવિવર ડાહ્યાભાઇ પણ લખી ગયા છે કે,

" નથી પ્રેમ નીપજતો કાંઈ વાટે કે ઘાટે,
નથી પ્રેમ વેચાતો મળતો દોશીડાની હાટે;
લોભના લગડે નહિ લાધે, પ્રેમતણું પરવારજો,
સ્વારથ કાકા કૈઆ કોટે નહીં પ્રીત મોતીની માળજો. "

હે પ્રણય ! કોણ તને રત્ન કહીને સંબોધે છે. અસંખ્ય ઉપાસકો પોતાનો પ્રાણ આપીને પણ તને પ્રસન્ન કરી શકયા નથી. ત્હારી પ્રાપ્તિ આ ત્રિવિધતા પૂર્ણ સંસારમાં ભાગ્યે જ થાય છે. ત્હારાં આશ્રિતોને નિરંતર રૂદન જ કરવું પડે છે. ત્હારું હૃદય એટલું બધું કઠોર છે કે, કોમળ કમળને દલિત કરતાં પણ ત્હારા અંતરને આઘાત થતો નથી. હે ઉન્મત્ત મન ! તું પણ અલ્પકાળમાં જ આત્મભાન ભૂલી ઉત્તેજિત કેમ બની જાય છે? તું ત્હારા આશ્રિત મનુષ્યને દુઃખી શા માટે કરે છે?

" શું જાણે કે પરવશ થઈ આંસુ છે ઢોળવાનાં?
શું જાણે કે હૃદય ધરતાં ઘા જ છે લાગવાના?
આ સંસારે પ્રથમ પ્રીતિએ કોણ જાણી શકયું છે?
કે પ્રીતિનું રુધિર સઘળું કૃષ્ણ અશ્રુ તણું છે? "

કલાપી.

વીરસિંહ પ્રત્યેક ક્ષણે મૃગલોચનીનું સ્મરણ કરી રૂદન કર્યા કરતો હતો. વારંવાર તે ગાઢ નિશ્વાસ મૂકતો હતો. ઘણી વખત તે પોતાના મન સાથે એમ કહેતો હતો કે, " અરેરે ! જો હું બંધનમાં ન બંધાયો હોત-શત્રુના પંઝામાં ન સપડાયો હોત તો અત્યાર સુધીમાં હું મ્હારી પ્રેમપ્રતિમાનો પત્તો અવશ્ય મેળવત. આજ સુધી મ્હેં તેને માટે અનેક પ્રકારનું કષ્ટ ઉઠાવ્યું છે; છતાં ભાગ્યદેવીની નિષ્ઠુરતાથી હજી સુધી મ્હારી ઇચ્છા પરિતૃપ્ત થઇ નથી. અત્યારની મ્હારી સ્થિતિ એવી છે કે,

શોભા લૈ હરી પદ્મિનીની દયિતા પેઠે દિનશ્રી ગઇ,
બિંબે સૂર્યનું માહરા હૃદય શું રંગાયું રાગે સહી;
આ ઝૂરી ચકવો રહ્યો, હું સરિખો ચિત્તે પ્રિયા ચિંતવી,
દૃષ્ટે વિશ્વની આંધળી મુજ પડે હા અંધકારે હવી ! "

યથાકાળે મધ્યરાત્રિ થઇ. સર્વત્ર એક પ્રકારની ગંભીર નિસ્તબ્ધતા છવાઇ ગઇ હતી. જનાનાની રમણીઓનો નુપૂરધ્વનિ સંભળાતો બંધ થઇ ગયો હતો. એવામાં જે બેડોળ દેખાવની સ્ત્રીઓ વીરસિંહનાપર પહેરો ભરતી હતી તેમણે ત્યાં દીપકો સળગાવ્યા. ત્યાર પછી એ સ્થળે તેમણે કેટલાંક મૂલ્યવાન્ આસનો ગોઠવી દીધાં. એક આસનપર ઉત્તેજનામયી, મદનોત્પાદિની સુરાસુંદરીની સ્થાપના કરવામાં આવી. પાનદાન, ઇત્રદાન આદિ મુખવાસની સામગ્રી પણ યથાસ્થિત ગોઠવી દેવામાં આવી.

ઉપર દર્શાવ્યાનુસાર સઘળી વ્યવસ્થા કરી એ સ્ત્રીઓ કોઇની માર્ગપ્રતિક્ષા કરવા લાગી. ઉપર પ્રમાણે સઘળી વ્યવસ્થા જોઇ વીરસિંહ ગંભીર વિચારમાં પડી ગયો. તેણે વિચાર્યું કે, " મહને બીજા કોઇ સ્થળે કેદ નહિ કરતાં જનાનખાનામાં આવેલી આ ઓરડીમાં

કેમ કેદ કરેલો છે ? વળી આવા મધ્યરાત્રિના સમયે અહીં આ સઘળી વ્યવસ્થા કેમ કરવામાં આવી છે ? ”

થોડા સમયમાં જ રાણો કનકસિંહ બે ત્રિભુવનમોહિની નવયુવતીઓ સાથે આવીને એક વિસામાસનપર બેઠો; તેની સાથે આવેલી બે નવયુવતીઓ પણ તેની જમણી તેમજ ડાબી બાજૂએ એજ આસનપર બેઠી. એ સુંદરીઓને જોતાંની સાથે જ વીરસિંહ અત્યંત વિસ્મિત બની ગયો. એ બે નવયુવતીઓમાં એક રાજનન્દિની મૃગલોચની અને બીજી તેની સખી કિશોરી હતી. વીરસિંહ તેમને બન્નેને જોઇ ઉચ્ચ સ્વરે બોલી ઉઠયો:–“ હે પરમાત્મન્ ! હુ આ શું જોઉં છું ? શું હુ સ્વપ્ન જોઉં છું કે સત્ય પ્રકાર જોઉં છું ? શું આજે મ્હારી પ્રાણેશ્વરી મૃગલોચની–મ્હારા જીવનની આનંદદાયિની મૃગલોચની મ્હારા પ્રબળ હરિફની પાસે બેઠી છે ? તેણે મ્હારા આ નરાધમ હરિફને પોતાના નારીજીવનનું યથાસર્વસ્વ સમર્પણ કર્યું છે ? શું આ પ્રકાર સંભવિત છે ? ના ના–હુ ભ્રમમાં ભૂલું છું. મૃગલોચની સ્વધર્મપરાયણા સુંદરી છે. તે મ્હારા સિવાય બીજા કોઇ પણ પુરુષનો તેના અંતરમાં વિચાર સુદ્ધાં કરે તેમ નથી; કેમ કે સતી નારી હમ્મેશાં તેના એક જ પ્રાણાધિક પ્રિયતમનું સ્મરણ, મનન અને ચિંતવન કરે છે.

સતી સૌભાગ્યની દેવી પિયુપદ પ્રેમથી પૂંજે,
નિરંતર નાથને સેવી, ગુણો નિજ નાથના ગૂંજે.
પતિ સાથે જીવન ધરતી, પતિ સાથે બળી મરતી,
પ્રબળ પ્રેમે રતિ ધરતી ચરણ સ્પર્શે ધરા ધ્રુજે.
વહે છે દિવ્યતા જગમાં કરે સંચાર ખગજગમાં,
સતી વિણ શ્રેષ્ઠતા જગમાં સતીની અન્ય ના સુજે.

આજે મ્હારી દૃષ્ટિશક્તિ ભ્રમિત થઇ ગઈ હોય એવો જ મ્હને ભાસ થાય છે !"

"કેમ વીરસિંહજી! શી ચિંતા થાય છે—કહો જોઇએ કે શાથી તમારી મુખમુદ્રા નિરતેજ દેખાય છે ?" કનકસિંહે ગર્વસૂચક સ્વરે પ્રશ્ન કર્યો.

"મ્હારી ચિંતાનું પ્રયોજન પ્રદર્શિત કરવાની આવશ્યકતા વિચારતો નથી.

ના ના પૂછો દિલની દશા જે હોય તે છોને રહી,
શું કામ છે કહો જાણીને કે, હું સુખી છું કે નહીં ?"

"જુઓ જુઓ, જે મૃગલોચનીને મેળવવા માટે તમે અપાર પ્રયત્નો કર્યા હતા—જેનું નિરંતર તમે સ્મરણ કર્યા કરતા હતા એ મૃગલોચની હવે બહાદુર કનકસિંહની હૃદયેશ્વરી બની છે—તેને મ્હેં મ્હારી પ્રાણેશ્વરી કરી છે. જુઓ, એક વખત મૃગલોચનીનું દર્શન કરો અને તમારા અંતરને શાન્ત કરો !" ઉપહાસસૂચક સ્વરે કનકસિંહે કહ્યું.

આ વચનો સાંભળવામાં આવતાં વીરસિંહના મસ્તક પર જાણે કે વજ્રાઘાત થયો. તે બોલી ઉઠયો:—"હે પ્રભુ ! હું આ શું સાંભળું છું ! શું સમસ્ત વિશ્વમાં હવે નીતિનું નિશાન સુદ્ધાં રહ્યું નથી કે ? જે પ્રકારની કલ્પના મ્હેં સ્વપ્નમાં સુદ્ધાં કરી નહોતી એજ પ્રકાર લાચારીથી આજે મ્હારે મ્હારી નજરે જોવો પડે છે. ખરું છે કે, આ જગતમાં જે મનુષ્ય સ્ત્રીજાતિપર વિશ્વાસ રાખે છે તે મૂર્ખ લેખાય છે. આજથી હવે જીવન અને મૃત્યુ આ અભાગી જીવને માટે સમાન છે; કેમ કે,

દિલની હતી જે ચાહના; તે આજથી પૂરી થઇ;
વ્હાલી હતી જે આશના, તે જાનથી બુરી થઇ.
ઓ! નિન્દ હા! એ ખ્વાબો ઉલ્ફત જામ આજ ફુટી ગયું;
લિહજ્જત અમારી ચશ્મની, ઝેરી સંનમ ઝુંટી ગઇ.
અલ્મસ્ત એકજ ઇશ્કની, વાતો હવે ખૂટી રહી:
ખ્વારી હમારી થઈ રહી, યારી સનમ લૂંટી રહી.
દિલ ઇશ્ક દોરી તૂટતાં, આ જીંદગી તૂટી વહી;
દિલ કાચ મોતી તૂટતાં, બાકી રહી બુટી નહિ.
હા! વશ હવસને થઇ જીગરમાં, ખૂનમાં બરછી ધરી,
કંઇ કસ નથી બસ બદનમાં, સરબસર ચીરે ફરી.
જુસ્સો વહે જલતાં જીગરમાં આગના સોલા ભરી;
ન રિઆવ થઇ તું બેહયા! આમુશ કર કત્લે છુરી.
કરી ચાક સીને સાફ ખંજર, બેવફાઇ ખુંચતી;
પરવાહ શી આલમ કરું, દિલની સફાઇ ઝુંપતી.
આ બેકદરદારી અને યારી હમારી આ રહી;
જુલ્મે સીતમગારી અને, દિલની ખુવારી ક્યાં વહી?
કદી પ્યારને બદલે ભલે ફાંસી નજર મળતી અહીં;
કદી આજ ઉલ્ફતમાં હમારી, શાન જો જલતી રહી.
એ આગને ફાંસી અહીં છે, પાક દોરી ઇશ્કની;
જે જામ ચાખે ઇશ્કની તે રાહ જોશે વસ્લની.

મૃગલોચના! હવે આ જીવનમાં હું ત્હારા નામનો ઉચ્ચાર સુદ્ધાં કરીશ નહિ. તું ત્હારાં માબાપ વગેરેનો પણ પરિત્યાગ કરી શત્રુની પ્રિયતમા થઇ છે એ માટે ભવિષ્યકાળમાં ત્હારે અપાર પશ્ચાત્તાપ

કરવો પડશે. મ્હારાથી ત્હારી પરીક્ષા કરવામાં જે ભૂલ થઇ છે એ માટે મ્હને પણ હવે ઘણો શોક થાય છે;

અફસોસ કે શું જોઉં છું જોવાય ના આ આંખથી,
મૃગલોચની મ્હારી નહિ, રોવાય છે ચોધારથી;
ભૂલી પ્રેમ પ્રિયતમનો અરે, તું શત્રુને શું ચ્હાય છે?
જોઇ તને આજે હવે આ જીવ તો અકળાય છે.
અબળા તણો વિશ્વાસ જગમાં જ્ઞાની જન કરતા નથી;
એ ભોળી ભામાના ભમાવ્યે, સુજ્ઞ જન ભમતા નથી.
આશા ઉડી ગઇ આજથી, શું હું કરું, શું ના કરું?
અતિ ક્રોધ અંતર ઉપજે, મારું હવે કે હું મરું!
કામાંધને ના ખ્યાલ છે કંઈ, પ્રેમી જનના પ્યારનો;
ક્ષણમાં ભૂલે છે સ્નેહ એ, દિન રાતના દિલદારનો.
આશામરિચિકા મહીં, ભટકાવી ત્હેં માર્યો મ્હને;
તોયે અરે પાષાણી ઓ, ઉપજી દયા ના કંઇ તને?
જીવન અકારું થઇ ગયું, શો મોહ દુનિયાનો ધરું?
મન ચ્હાયે છે કે, એક ક્ષણમાં જીવન મ્હારું દૂર કરું.
(મ. જા. ઠક્કરે.)

હે દગાબાજ સુંદરિ! ત્હેં મ્હારું જીવન દુઃખમય બનાવી દીધું છે. બસ આજથી મ્હારી ખાત્રી થઇ ગઇ છે કે, આ સઘળી જહાન બેવફા છે.

જોઇ મ્હેં આ જહાન સારી બેવફા!
જ્યાં કરી ત્યાં ખોઇ યારી બેવફા
હું રઝળતો ઇશ્કના બાઝારમાં,
શોધતો ગુન્ચેવફાઇ બેવફા!
મ્હેં જગાવ્યો દારપર અહાલેક ત્યાં—
ત્હેં ભરી જામે સફાઇ બેવફા!

ઇન્તેજારીથી કલામો સાંભળ્યાં,
  મ્હેં કરી કુરબાન સુરત બેવફા !
ચુમું તને હું હોઠ પર કે પ્હાનીએ ? !
  દિલ વસાવી પ્યારી સૂરત બેવફા !
ત્હારી ગલીમાં આવતાં જખ્મી બની,
  બેઇમાની મેળવી છે બેવફા !
વેચી બેઠો દીન ને ઇમાન હું,
  કંઇ રહું-કુંઇ કંઇ લઇને બેવફા !
પેરમાં બેડી ગળે જન્જીર છે,
  કયદખાનું ભોગવું હું બેવફા !
મૃત્યુ છે પ્યારું મ્હને આ કયદથી,
  જીવતો શાને બળું હું બેવફા !
પાઇ જામે ઇશ્ક અય દિલદાર ત્હેં !
  ચશ્મમાં આંસુ ભરું છું બેવફા !
બેવફાઇ જોઇને ત્હારી સનમ !
  જો તજું તો હું ઠરું છું બેવફા !
હર નજરે રૂખ્સત તણા પયગામને,
  આખિરી તસલીમ કરું છું બેવફા !
ખુશ રહે, હાંસી કરી મ્હારી જીગર
  ત્હારી હાંસીમાં મરું છું બેવફા !
વસ્લમાં દીદારની ઝાંખી કરી—
  પ્રાણ પરવાના તજે છે બેવફા !
કત્લ કરતાં કદ્રદાની શીખજે,
  કંઇ નથી બીજી તમન્ના બેવફા !

કર કરુણા તું ધર રહમ દિલબર જરા,
ભર નમક એ જખ્મપર ઓ બેવફા !
દર્દે-દિલ મરહમનું તાલિબ થાય તો,
ફેર સમજું તુજ્મમાં હું બેવફા !
કોણે બતાવી હાય ! રાહે ઇશ્ક આ ?
કમનસીબી કયા કહું ? હું બેવફા !
જાનથી બેજાન હું પાગલ બન્યો,
કહે હજી શું શું સહું હું બેવફા
સર કર્યું હાજર બનાવી જામ મ્હેં,
જાનનો પાયો તને મય બેવફા !
ખું વહાવી મ્હેં કદમબોસી કરી,
બેતરસ બેદિલ તું નિર્દય બેવફા !
જીંદગીની જામમાં ઉલ્ફત ભરી,-
મ્હેં કરી મ્હેમાની ત્હારી બેવફા !
ઉલ્ફતે લાચારનો કંઇ ખ્યાલ કર !
કર ખતમ આ આહોજારી બેવફા !
જીંદગી હાર્યો નિગાહે-ચશ્મમાં !
યારી ના કરતા, પુકારું બેવફા !
ગુલ થતાં ચિરાગ એ બ્હારે વસન્ત !
ઇશ્ક કાતિલ જહર ધારું બેવફા !

મૃગલોચનિ ! હું ત્હારી નજર સ્હામે કેદી તરીકે હાજર છું; છતાં તું શા સાહસથી મ્હારા શત્રુ સાથે પ્યાર કરે છે ? અફસોસ ! હે ગગનમંડળમાં ઉદિત થતા સૂર્ય ચંદ્ર ! તમે પૃથિવીપર ધૂળ ચાટતા થઇ જાઓ—આ વિશ્વબ્રહ્માંડનો પ્રલય થઇ જાઓ. જે જગતમાં ન્યાય, નીતિ,

ધર્મ અને પવિત્રતા નથી તે જગત્ સ્વર્ગ નહિ પરંતુ નરક છે તેમાં નિવાસ કરનારાં મનુષ્યો શયતાન સ્વરૂપ છે."

બરાબર આ સમયે જ કનકસિંહે એક સુવર્ણના પ્યાલામાં મદ્ય ભરી એ પ્યાલો મૃગલોચનીના હાથમાં આપ્યો. મૃગલોચની વીરસિંહના દેખતાં એ પ્યાલામાંનો મદ્ય પી ગઇ. આ સમયે વીરસિંહે કહ્યું:–"ધિક્કાર છે પાપાણી; એક આર્યબાળિકા થઇને તું અસ્પર્શ્ય સુરાનું પાન કરે છે! ત્હેં ત્હારા બાપદાદાના મહિમામય વંશને કલંક લગાડયું છે. જો આ સઘળો પ્રકાર રાણા જયસિંહજીના જાણવામાં આવશે તો તેઓ ત્હારા જીવનનો સંહાર કરી નાખવાની જ પ્રતિજ્ઞા કરશે."

આ સમયે કનકસિંહ બોલી ઉઠયો:–"વીરસિંહ! તું મ્હારી હાજરીમાં મ્હારી પ્રાણેશ્વરીનો આવો ભયંકર તિરસ્કાર શા સાહસથી કરે છે? તું જાણે છે કે, હવે ત્હારી મુક્તિનો માર્ગ માત્ર મ્હારી દયા ઉપર અવલંબીને રહેલો છે. વળી જે શરાબનો તું તિરસ્કાર કરે છે, એ શરાબ જેવી સુખદાયિની—આનંદદાયિની વિશ્વમાં બીજી એકકે વસ્તુ નથી.

રૂસ્તમો બહેમન બનાતી હય શરાબ,
રંજ ઔર ગંમસે છુડાતી હય શરાબ;
ઐસોં ન શાત ચાહિયે હરદમ હુજૂર હો,
દુન્યાકિ રંજો ગમ હોન ખોફેનશુર હો;
સર મંસ્તીયોંકા જલસેમેં આલમ જરૂર હો,
બેહોશીયોં કા બજમમે રંગે વુફુર હો;
મહેફિલમાં શોરે કુલ કુલે મીનાઓ મુશ્ર હુવા,
લાસા ' કિયા શરાબકે, તૌબાકા ' કુલ હુવા.

બસ શરાબ જ જીંદગીનું નૂર છે."

" ત્યારે હવે તું શરાબીની ખરાબી સાંભળઃ—

શરાબી ખલકમેં મશહૂર બદ અફઆલ હોતા હય,
શરાબીકા દમે આખરં, બુરા અહેવાલ હોતા હય;
શરાબી નશેસે ગીરતા હય તો પામાલ હોતા હય,
હુવા કુછ હોશ તો ફિર ઇજમે હલાલ હોતા હય;
ગરજ ખનાસકા શએતાંકી સુરત બેહાલ હોતા હય.

માટે જે શરાબીમાં આજે તું આનંદ માને છે તે જ શરાબી ત્હારી ખાના ખરાબી કરશે, સમજ્યો ?"

" ફિકર નહિ.

હમ હુએ પએદા જહામેં ખાને પીનીકે લિયે,
યાકે જાહેદકી તરાંહ બેલુત્ફ જીને કે લિયે.

યુવરાજ વીરસિંહ ! તું આજે મ્હારું જે ભયંકર અપમાન કરે છે તેનું પ્રતિફળ ત્હારે ભોગવવું પડશે. અકાળે ત્હારે યમદૂતને આધીન થવું પડશે. " કનકસિંહે અત્યંત ક્રોધાધીન થઈ જન્હને કહ્યું.

" જ્યારે ત્હારામાં એટલી બધી તાકાત છે ત્યારે પછી ત્હેં મ્હને શા માટે કેદ કરી રાખ્યો છે ? એક વખત મ્હને મુક્ત કરી, હથિયાર આપ અને પછી તું આ બહાદુરસિંહનો સપાટો જોઇ લે. " વીરસિંહે પછી રોષદર્શક સ્વરે કહ્યું.

" ના ના–હું એવો મૂર્ખમતિ નથી કે ત્હારા જેવા ભયંકર ફણિધરને મ્હારા પંઝામાં ફસાવ્યા પછી મુક્ત કરૂં. જાનોજીગર ! મૃગલોચનિ ! હવે આપણે આપણો આનંદ વિનોદ ચાલવા દો. આ શયતાનના શબ્દો સાંભળવાની આપણને કશી જરૂર નથી ! "

કનકસિંહનાં આ વચનો સાંભળી મૃગલોચનીએ પોતાના બન્ને હાથ તેના કંઠપ્રદેશમાં નાખ્યા. આ પ્રસંગે કનકસિંહે મૃગલોચનીના અધરોષ્ઠપર ચુંબન કર્યું. આ પ્રકાર વીરસિંહથી જોઇ શકાયો નહિ. ક્રોધ તેમજ ક્ષોભની ઉત્તેજનાથી તે અતિ અસ્થિર બની ગયો. તેણે કહ્યું:–" હે પ્રભુ ! આ શું થાય છે ? સૂર્યદેવથી શીતળતા પ્રાપ્ત થતી હોય, ચંદ્રમાંથી અગ્નિકણુની વૃષ્ટિ થતી હોય, સુખડમાંથી દુર્ગંધની વાસ આવતી હોય એવો જ અસંભવિત પ્રકાર આજે મ્હારી નજરે પડે છે. હવે હું આ પાપપૂર્ણ પ્રસંગનું દર્શન કરી શકતો નથી. " આમ કહીને અત્યંત બળપૂર્વક વીરસિંહે પોતાના હાથમાંની લોઢાની બેડી તોડી નાખી. તત્પશ્ચાત્ પ્રબળ લત્તાપ્રહારથી દ્વાર તોડી નાખી તે રાણા કનકસિંહ સમક્ષ અમિશર્માના સ્વરૂપમાં ઉપસ્થિત થયો, તથા તેની પાસે પડેલી તલ્વાર ઉંચકી લઇ મૃગલોચનીના શિરપર તેણે એવો સખ્ત આઘાત કર્યો કે, ક્ષણ માત્રમાં જ તેનું મસ્તક ધડથી જૂદું થઇ જઇ પૃથિવીપર પડયું. એ ધડ ધરાપર તરફડવા લાગ્યું. કનકસિંહ સહજ સ્વસ્થ થાય તે પૂર્વે જ વીરસિંહે કિશોરીના અંગના પણ બે કડકા કરી નાખ્યા; છતાં તેણે કનકસિંહના શરીરપર એકે ઘા કર્યો નહિ.

આવો ભયંકર પ્રકાર બનેલો જોઇ કનકસિંહ દિઙ્મૂડ બની ગયો. તેના મુખમાંથી એક પણ અક્ષર બ્હાર નીકળી શક્યો નહિ. રાજકુમારની બહાદુરી પાસે તેની બહાદુરી હવામાં ઉડી ગઇ. આશ્ચર્યચકિત, નિસ્મિત અને ભયભીત બની જઇ તે વીરસિંહના ક્રોધપૂર્ણ મુખ તરફ જોઇ રહ્યો.

રાજકુમાર વીરસિંહ લોહીથી ખીંજાયલી નગ્ન તલ્વાર લઇને ઉભો રહ્યો હતો એવામાં જ્યોતિસિંહ અને લક્ષ્મણસિંહ તેની પાસે

આવી પહોંચ્યા, તથા જ્યોતિસિંહે પ્રફુલ્લ મુખમુદ્રાદ્વારા વીરસિંહને શાબાશી આપીને, રાણા કનકસિંહને એક પ્રકારનું તીવ્ર ઔષધ સુંઘાડી બેહોશ બનાવી દીધો. તે ઉપર્યુક્ત પ્રકાર જોઇ એવો દિઙ્મૂઢ બની ગયો હતો કે, તે કેવી રીતે બેશુદ્ધ બની ગયો તેનું પણ તેને ભાન રહ્યું નહિ. લક્ષ્મણસિંહે સત્વર તેની ગાંસડી બાંધી પોતાની પીઠપર ઉંચકી લીધી.

જ્યોતિસિંહે વીરસિંહ તરફ જોઇને કહ્યું–“બીજી કોઇ પણ વાત નહિ બોલતાં આપ મ્હારી સાથે ચાલ્યા આવો. અત્યારની આપની સ્થિતિને હું સારી રીતે સમજું છું.”

આ સમયે એ સ્થળે કેટલીક દાસીઓ સિવાય બીજું કોઇ હાજર નહોતું. ઉપરોક્ત ઘટનાના દર્શનથી દાસીઓ ઘણો ભય પામી હતી; જેથી તેઓ એક પણ શબ્દ ઉચ્ચારવાનું સાહસ કરી શકી નહિ. જ્યોતિસિંહ, લક્ષ્મણસિંહ અને વીરસિંહ એ સ્થળેથી ચાલ્યા ગયાં ત્યાં સુધી તેઓ સર્વ તેમના તરફ એકાગ્રદૃષ્ટિથી જોઇને પાષાણપ્રતિમાઓ પ્રમાણે ઉભી રહી.

## પ્રકરણ ૨૮ મું.

### પાપનું પ્રતિફળ.

“વસન્તે હર્ષ પામી કોકિલા ઉદ્યાનમાં ગાતી;
ચકોરી પૂર્ણ ઇન્દુના હૃદયને જોઇ મલકાતી;
નદી વર્ષાઋતુમાં જળ થકી અત્યંત છલકાતી;
કમલિની સૂર્યદર્શનથી પ્રફુલ્લિત તે પળે થાતી;

થતાં નવયૌવના નારી; મદનના ભાવ ધારે છે;
મદનનાં ચિહ્ન પ્રકટી અંગની શોભા વધારે છે;
સરળ કાયા કુમારીની નવાં ચિહ્નો બતાવે છે;
છતાં લજ્જાવતી લલના, મદન ભાવો છુપાવે છે;
નહિ આરામ દિવસે કે, ન રાતે ચેન આવે છે;
વિરહની વેદના આઠે પ્રહર ભુંડી સતાવે છે;
ચપળ જે ચાલને આંખો થતી તે મંદતાવાળી;
છતાં પણ બેસતી ઉઠતી મદનના રોગને પાળી !"

વાંચકબંધુઓ ! હવે ચાલો આપણે રત્નગઢ જઇને વિરહિણી પુષ્પાવતીની પરિસ્થિતિ જોઇ આવીએ. પુષ્પાવતીની ઉમ્મર લગભગ સત્તર અઢાર વર્ષની થયેલી હોવા છતાં તે હજી સુધી કુમારિકા જ હતી; તેનું અંગ યૌવનના આગમનથી વિશેષ મનમોહક અને રમણીય બન્યું હતું. પ્રથમની તેની બાળિકાસુલભ ચપળતા અદ્રશ્ય થઇ ગઇ હતી અને તેના સ્થાને લજ્જાએ અધિકાર મળવ્યો હતો. તેનાં નેત્રોનાં કટાક્ષબાણ ભલભલા યોગી મહાત્માઓના હ્રદયને વીંધી નાખવાને શક્તિવાન્ હતાં. તેના શરીરદુર્ગના સૌન્દર્યશિખરપર કામદેવની વિકાર રૂપિણી વિજયપતાકા ઉડવા લાગી હતી. તેનું નવવિકસિતયૌવન પુષ્પ અતિ આકર્ષક અને મોહક દેખાતું હતું. તેના શરીરનો રંગ ગૌર હોઇ તેજોમય લાગતો હતો.

બાળા જ્યારે નવયુવતી થાય છે ત્યારે કુદરતી રીતે જ તેના અંતરમાં પ્રણયનો સંચાર થાય છે, અને આવા સમયે જે પુરુષ પ્રતિ તેને પ્રેમ ઉપજે છે એ પુરુષનું જ નિરંતર તે સ્મરણ કર્યા કરે છે. પુષ્પાવતીએ જ્યારથી લક્ષ્મણસિંહને જોયો હતો ત્યારથી તેના અંતરમાં અનુરાગ ઉપજ્યો હતો; પરંતુ લક્ષ્મણસિંહનો વિયોગ તેના માટે ઘણો અસહ્ય થયો હતો.

ખીલી ફરી ગુલ રંગમાં,
જોબન ખીલેલું અંગમાં,
ઉડે પરાગ પ્રવીણ પ્રમદા,
કોઇ પિયુ નહિ સંગમાં !
ખીલી સ્હવારે જે કળી,
સ્હાંજે જશે કરમાઇ તે,
ખાલી સુગંધિ વહી જશે,
શ્યામા શરિરે શરમાઇ તે.

"પુષ્પાવતી તેના શયનમંદિરમાં એક વિરામાસન પર આડી પડેલી હતી. તેનું ચિત્ત ચિંતાતુર જોવામાં આવતું હતું. તેની છાતી ધબકતી હતી. તે સ્વગત વિચાર્યા કરતી હતી કેઃ–" લક્ષ્મણસિંહ ! પ્રાણેશ ! હવે હું તમારા વિયોગની વ્યથા વેઠી શકતી નથી. જ્યારથી મ્હેં તમારું રતિનાથના જેવું મનમોહક મુખડું જોયું છે ત્યારથી જ મ્હેં મ્હારૂં જીવન સર્વસ્વ તમને સમર્પણ કર્યું છે. રાત્રિ દિવસ હું તમારા જ નામની જપમાળા જપ્યા કરું છું. હવે મ્હને સંગીતપર સ્નેહ નથી. ભોજનપર પ્રીતિ નથી. આનંદ ભોગવવાની અભિરૂચી નથી. સખીઓનો વિનોદ મ્હારા અશાન્ત જીવને શાન્ત કરી શકતો નથી.

આ પ્રેમ એવી વસ્તુ છે જે સ્વાર્થને નથી જાણતી;
લજ્જા તથા જનમાનને પણ તે કદા ન પિછાનતી.
જો જો પતંગ બળી મરે દીપક પરે નિઃસ્વાર્થે તે,
ને પ્રાણ અર્પે છે ચકોરો ચન્દ્રપર નહિ સ્વાર્થે તે.
હે પ્રાણવલ્લભ ! પ્રેમદા આ પ્રેમની છે ભોગિની,
તે ઇચ્છતી ના વૈભવોને પ્રેમની છે યોગિની.

મમ નેત્ર આ આતુર રહે છે તવ વંદનના દર્શને,
ને ઇચ્છતું આ હૃદય નિશદિન તવ તનુના સ્પર્શને.
સૌભાગ્યહેતો જીવના આધાર ! સત્વર આવને;
તું સ્નેહજળ સિંચન કરી આ વિરહવૃન્હિ સમાવને.

( ઠક્કુર નારાયણ. )

હવે પ્રિયતમનાં દર્શનાર્થે જવાનો જ મ્હેં મ્હારા મન સાથે દૃઢ નિશ્ચય કર્યો છે. આ નિશ્ચય પ્રમાણે વર્ત્તવાથી એક પંથને દો કાજ સફળ થશે. પ્રિયતમનાં દર્શન કરવાની અભિલાષા પરિતૃપ્ત થશે અને રાજનન્દિની મૃગલોચની અને મ્હારી જીવનાધિકા સખિ કિશોરીનો પણ કશો પત્તો મેળવી શકાશે" આવો નિશ્ચય કરી અસ્થિર જીવને સહજ સ્વસ્થ કરવાના હેતુથી પુષ્પાવતી બગીચામાં ગઇ. આ સમયે બગીચામાં કેટલીક સુંદર બાળાઓ સંગીત ગાઇ રહી હતી. પુષ્પાવતી દૂર ઉભી રહીને તેમનું સંગીત સાંભળવા લાગી. એ મધુર સંગીતધ્વનિ રાત્રિની ગંભીરતાનો ભેદ કરી ઘણે દૂર સૂધી પ્રતિધ્વનિત થઇ વાયુતરંગોમાં ભળી જતો હતો.

( ગરબો )

રૂડી રઢીઆળી રાત, ચાલોને રમવા ચતુરા ચોકમાં
લાગે હૃદય રંગીઆત, આનંદ હ્હેકે છે ત્રણ લોકમાં—
મ્હાલે મદન જોબન વનમાં—હાંરે—લાગી તાલાવેલી તનમાં
ઓયુ ચાલો ચોકમાં—રૂડી—

જુએ ચકોરી બાબરી ચંદ્ર ઉદયનો ઘાટ;
વિરહે વ્યાકુળ વલ્લભા, જોતી પ્રિયતમ વાટ—
રતિરસે રમણીઓ બની રંગરાતી, નણદીના વીરા
વિના છાતી ભરાતી,

જેને વીતી જગતમાં તે પર પીડા જાણ
સાકરના શૉખીનને ભૂખ્યાનું નહિ ભાન—
શીદ સતાવોરે સલુણા સુંદર શીદ સતાવોરે;
પ્રેમ કરીને પ્યારા, શાને ટળવળાવોરે;
લાજ ન આવે રે ઠગારા ચંદ્ર લાજ ન આવેરે
નારી નીસાસાનો સાગર નાહક ખળભળાવોરે
આશા સાગરમાં મુક્યું શ્યામ સમાગમ નાવ,
પાર પલકમાં પહોંચવા દીનાનાથ હે દાવ.
જુએ વ્હાલાની વાટ, બાળાઓ બેસી ઘરના ગૉખમાં,
આવ્યા પિયુ પ્રભાત ઝાંઝર ઝણુણુ ઝમક્યાં ચૉકમાં.

(સ્વ. ડાહ્યાભાઇ.)

આ ગરબો ગાનાર બાળાઓ પુષ્પાવતીની સાહેલીઓ જ હતી; તેથી એક સખીએ પુષ્પાવતી પાસે જઇને કહ્યું:—"બ્હેન! આજે દૂર કેમ ઉભાં રહ્યાં છો? અમારાથી રીસાયાં છો કે શું?"

"ના બ્હેન ના—પરંતુ આજે મ્હારા અંતરની સ્થિતિ સારી નથી તેથી જ તને આમ લાગે છે" પુષ્પાવતીએ ઉત્તર આપ્યો.

"કેમ, તમને શું થયું છે; કોઇ કાન્ત કલાધરની સ્મૃતિએ તો તમારા મનને ચિંતાતુર બનાવી નથી દીધું ને?!" વસુમતી નામની એક સખીએ કહ્યું.

"દર્દીના દર્દની તને કલ્પના પણ નથી. તેથી જ તું આજે મ્હારી આવી મશ્કરી કરે છે!" પુષ્પાએ પૂર્વવત્ સ્વરે કહ્યું,

"હાં—હા—ખરું છે! કામદેવના બાણુનો તમારા કોમળ જીગરમાં ઘા લાગ્યો હશે. તેથી જ તમે દર્દી બન્યાં છો. તમારા દર્દની

અમને પૂર્ણ કલ્પના છે; જુઓ સાંભળો." આમ કહીને વસુમતીએ બીજી સખીઓમાં ભળી જઇ બીજો એક ન્હાનો ગરબો ગાવા માંડયો:—

" જાય. કેમ દુખદનિશા આજનીરે;
રાહ જુએ રામા રતિરાજનીરે;
રહેનારી રોતી સદા સીમા તજી લાજની રે. જાય.
હેમ હુતાશન સરીખડો પ્યારા વિના પલંગ;
કુસુમ શય્યા સુકાઇ ગઇ, રસિયા વિણુ નવ રંગ.
ઝુરતી ઝરૂખે ઘડી ઘડી આવી ઝાંખતી
ભાન ભૂલી પંથી પર એ કહી એ ભાખતી
લાગે ભયાનક રાત એકલડી હું બ્હી મરું!
નિદ્રા તો વેરણુ થઇ, સુતાં પડે ના સુખ,
સ્વપ્નામાં ઝબકી ઉઠું, જોઇ મોહન મુખ.
સહે ભારી આશા અટવાણી સુખ સાજમાં—"

ગરબો પૂર્ણ થયો એટલે સઘળી સખીઓએ પુષ્પાવતીને ઘેરી લીધા તથા તેઓ પુષ્પાવતી સાથે વિનોદ કરવા લાગી. વસુમતીએ હેંકો કરીને નિમ્ન લિખિત કડી લલકારી:—

શરમાઇ રહી સખી શાને તું, રતિનાથ સવારી આવે છે;
ચેન પડે ના ત્હારા મનને પ્રિયતમ યાદ સતાવે છે!"

આ સમયે બીજી એક સખીએ હાથના હાવ ભાવ સહિત લલકાર્યું કે,

" મનમોહનેની સુંદર સુરત, સ્વપ્નામાં તું ભાળે છે;
યૌવનના આ વિધવિધ રંગો, રસિકાં નિત્ય નિહાળે છે."

ત્રીજી એક સખીએ ઉમેર્યું કે,

"યૌવન વેલી, રસિક નવેલી, પ્રેમ પ્રભાવે ખીલી છે;
આશ્રય તરુવર પ્રિયતમ વિરહે, વામા આ તો વ્હીલી છે."

પુષ્પાવતીએ કૃત્રિમ વિરક્તી દર્શાવતાં કહ્યું:-"જાઓ જાઓ આમ મ્હને સતાઓ છો શા માટે ? હવે તો હું તમારાથી કંટાળી ગઇ છું !"

"જો કંટાળી ગયાં હશો તો તમારાં પિયુજી પધારી તમને આનંદ આપશે-તમારા અંતરમાં શાન્તિ સ્થાપશે." વાચાળ વસુમતીએ વિનોદમાં જ કહ્યું.

"જાઓ જાઓ આમ છેક જ ચબાવલીઓ શું બની જાઓ છો !" આમ કહી છણુકો કરીને પુષ્પાવતી ત્વરાથી એક લતાકુંજ તરફ ચાલી ગઇ. રાત્રિનો સમય થયેલો હોવાથી સઘળી સખીઓ પણ યથાસ્થાને જતી રહી. હવે પુષ્પાવતી ઉદ્યાનમાં એક આસનપર બેસી પુનઃ લક્ષ્મણસિંહ સંબંધીના જ વિચારો કરવા લાગી.

પુષ્પાવતી થોડા સમય સુધી ત્યાં બેસી રહી હશે એવામાં પોતાની પાછળ કોઇનો પદધ્વનિ સાંભળવામાં આવ્યાથી તેણે તે તરફ દૃષ્ટિ ફેરવી તો એક માણસને મૃદુગતિથી તેણે પોતાની પાસે આવતો જોયો. વાંચકબંધુઓ જાણે છે કે, આ બગીચો રાજનન્દિની મૃગલોચની અને રાજકીય કુટુંબની સ્ત્રીઓના વિહાર માટે હતો તેથી ત્યાં અપરિચિત પુરુષ આવી શકે એવો સંભવ નહોતો. એ પુરુષે પુષ્પાવતી પાસે આવીને કહ્યું:-"સુંદરિ ! હું તમારો એક સંદેશો લઇ આવ્યો છું."

આવનાર માણસ એક ત્રીશેક વર્ષનો પુરુષ હોઇ તેનું શરીર ઘણું બળવાન હતું. એ પુરુષ પુષ્પાવતીથી સર્વથા અપરિચિત હોવાથી

પુષ્પાવતીએ તેને પૂછ્યું:—" પ્રથમ તમે મ્હને તમારી ઓળખાણ આપો અને કહો કે તમે આ બાગમાં કેવી રીતે આવી શક્યા છો ? આ બાગમાં કોઇ પણ અપરિચિત પુરુષને પ્રવેશ કરવા દેવો નહિ એવી મહારાણા જયસિંહજીએ પહેરેગીરોને સૂચના કરેલી છે; છતાં તમે અત્રે આવી શક્યા છો એથી મ્હને ઘણું આશ્ચર્ય ઉપજ્યું છે."

"તમે મ્હને નથી ઓળખતા; પરંતુ હું તમને સારી રીતે ઓળખું છું. તમારું નામ પુષ્પાવતી છે; કેમ ખરું ને ? હું મહારાણા જયસિંહજીનો જ એક સામાન્ય સૈનિક છું. હમણાં લક્ષ્મણસિંહજી સાથે રહી હું રાજકુમારી મૃગલોચનીની શોધ કરું છું, તથા તેમનો જ સંદેશો તમારી પાસે લઇ આવ્યો છું, છતાં જો એ સંદેશો સાંભળવાની, તમારી ઇચ્છા ન હોય તો હમણાં જ હું આ સ્થાનનો ત્યાગ કરી જવાને તૈયાર છું," આમ કહીને એ માણસ ત્યાંથી ચાલ્યા જવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આવો પ્રકાર જોઇ પુષ્પાવતીએ તેને ઉદ્દેશીને કહ્યું:—" તમે મ્હારા આવા સામાન્ય પ્રશ્નોથી વિરક્ત બની શા માટે ચાલ્યા જાઓ છો ? હું તમારો સંદેશો સાંભળવાને તૈયાર છું."

"ત્યારે મ્હારી સાથે આવવા માટેનો સંદેશો લક્ષ્મણસિંહજીએ તમને મોકલ્યો છે." પેલા માણસે ઉભા રહી ગંભીરતાથી કહ્યું.

"તમે માઠું લગાડશો નહિ. આજકાલ કેવાં ભીષણ તેમજ આકસ્મિક સંકટો ઉત્પન્ન થાય છે એ પ્રકાર તમારાથી અજાણ્યો નહિ જ હોય. એટલા માટે તમે જે સંદેશો લઇ આવ્યા છો તે મ્હારા જીવનાધાર લક્ષ્મણસિંહે જ મોકલ્યો છે તેની ખાત્રી શી છે ?" પુષ્પાવતીએ સંદેહનો વિનાશ કરવાના આશયથી પૂછ્યું.

"તમારો સંદેહ સર્વથા અસ્થાને છે. જુઓ, આ હું લક્ષ્મણ-

સિંહજીએ લખેલો એક પત્ર લઇને જ તમારી પાસે ઉપસ્થિત થયો છું. " આમ કહીને એ પુરુષે એક બીડેલો પત્ર પુષ્પાવતીના કોમળ કરમાં મૂકયો અને ગંભીરતા ધારણ કરી તે સહજ દૂર ઉભો રહ્યો.

પુષ્પાવતીએ અધીરચિત્તે એ પત્ર ઉઘાડી વાંચવા માંડયો તો તેમાં નીચે પ્રમાણે હકીકત લખેલી હતી:–

" પ્રણયદેવી પુષ્પાવતિ!

તું સારી રીતે જાણતી હોઇશ કે પ્રેમિક હૃદય હમ્મેશાં ચંચળ જ હોય છે. સામાન્ય ઘટનાથી પણ તે અધીર બની જઇ અપાર દુઃખ ભોગવે છે, આ વિશ્વમાં પ્રેમિક પ્રેમિકા માટે વિયોગના જેવું બુરું દુઃખ બીજું એક પણ નથી. પ્રિયા! અહીં હું પ્રતિ ક્ષણે હારું જ સ્મરણ કર્યા કરું છું.

" કરું જયાં જયાં નજર ત્યાં ત્યાં મીઠી માશૂકની યાદી;
રહી જાઉં ચૈતને દેખાય તે માશૂકની યાદી !
બળેલ જળેલ હું આરામમાં આરામને સારું;
ગયો તો ના મળ્યો આરામ પણ ઉલટી વધી વ્યાધિ !
કુસુમ સૌ થઇ ઉભાં માશૂક એ મુજ આંખની સામે !
કમળ, ચંપક અને ગુલાબ દે માશૂકની યાદી !
વળી ઝરતો ઝરો છે સુર કરતો પ્રેમીલો મીઠો,
રીઆને દઇ સનમની, ઝાંઝરીની માધુરી યાદી !
વળી છોડી ચમનદિલને, ચમનમાં લાવવા સારું,
ગયો ગૃહમાં ગ્રહી વીણા, છતાં યે તેહની યાદી !
પકડતાં હાથમાં વીણા, ઉભું મુખ આવીને સામે,
જરી હસતું જરી કંઇ માનમાં આહ ! તે મીઠી યાદી !

લઇને ગોદમાં વીણા વગાડી મેં ને તે કાળે,
થઇ દેવી હૃદય ઉતરી, સનમની વાણીની યાદી !
ઉભું મુખ આવીને સામે ને બોલ્યું વીણ સ્વરથી તે,
તરત મુખ ગાનથી ચાલી, મીઠી માશૂકની યાદી !
હું ઝબકી સેજથી ઉઠ્યો, રહી જોઉં સનમ સઘળે,
**દીવાના** ના કંઇ વસ્તુ, સનમની જ્યાં નહીં યાદી !

મનમોહિની માશુક ! હવે આ વિરહી પ્રિયતમ તમારા વિરહની વ્યથાને વેઠી શકતો નથી, માટે આ પત્રવાહકસહ તમે આ તરફ આવજો—આ પ્રિયતમને વિશેષ ન તલસાવશો.

લિ૦

પ્રણયાધીન લક્ષ્મણસિંહ.”

આ પત્ર વાંચી પુષ્પાવતી પણ સ્થિરતા ધારણ કરી શકી નહિ. તેના અંતરમાં પણ પ્રેમતરંગો ઉપસ્થિત થવા લાગ્યા. તે આત્મજ્ઞાન ભૂલી જઇ આગંતુક પત્રવાહક સાથે જવાને તૈયાર થઇ. આ સમયે તેણે એ માણુસને સંબોધીને કહ્યું:—“ તમે બગીચાની બ્હાર જઇ રાજમહાલયની ઉત્તર તરફ જે માર્ગ જાય છે ત્યાં મ્હારી રાહ જોતા ઉભા રહેજો. હું વસ્ત્રો બદલી આવશ્યક સરસામાન લઇ સત્વર ત્યાં આવી પહોંચીશ અને ત્યાર પછી આપણે ઇચ્છિત સ્થળે જઇશું.”

“ભલે જેવી આજ્ઞા.” આમ કહી ઉપરોક્ત માણુસ બગીચામાંથી બ્હાર જવા લાગ્યો અને પુષ્પાવતી અંતઃપુર તરફ જવા લાગી. આ માણુસ જ્યારે બગીચામાં આવ્યો ત્યારે તેણે પહેરેગીરોને ભૂરકી ચાપ આપી બેશુદ્ધ બનાવી દીધા હતા; હજી સુધી એ લોકો શુદ્ધિમાં

આવેલા નહિ હોવાથી એ માણુસને બ્હાર નીકળી જતો કોઇએ અટકાવ્યો નહિ. બાગમાંથી બ્હાર નીકળી પુષ્પાવતીએ દર્શાવેલા સ્થળે પહોંચી જઇને એ પુરુષ અધીરતાથી તેની રાહ જોવા લાગ્યો. થોડા સમયમાં જ પુષ્પાવતી ત્યાં જઇ પહોંચી; એટલે એ પુરુષ તેને પોતાની પાછળ આવવાનો હસ્તસંકેત કરી માર્ગ કાપવા લાગ્યો. પુષ્પાવતી તેની પાછળ પાછળ જવા લાગી.

યથા સમયે આકાશમાં ચંદ્રદેવનો ઉદય થયો. વસુંધરાપર પ્રકાશનો વિસ્તાર થયો. આ સમયે પુષ્પાવતી અને પેલો પુરુષ રત્નગઢથી લગલગ પાંચ ગાઉના અંતરે આવી પહોંચ્યાં હતાં; આ સ્થળે પેલા પુરુષે પુષ્પાવતીને ઉદ્દેશીને કહ્યું:—" સુંદરિ ! મ્હને લાગે છે કે તમે થાકી ગયાં હશો; માટે આટલામાં જ આપણે રાત્રિનો બાકી રહેલો સમય વિશ્રાન્તિ લેવામાં પસાર કરીએ. પ્રભાતકાળે આપણે માર્ગક્રમણ કરીશું. "

પુષ્પાવતીએ પુરુષના આ પ્રસ્તાવને માન્ય કર્યો, તથા તેઓ બન્ને એક ઘટાદાર વૃક્ષ નીચે જઇને બેઠાં. રાત્રિનો સુશીતળ મધુર વાયુ વિહરતો હોવાથી સ્વાભાવિક રીતે જ પુષ્પાવતીનાં નેત્રો ઘેરાવા લાગ્યાં, અને અલ્પકાળમાં જ તે એ વૃક્ષ નીચે સૂઇ ગઇ. તેને ઉંઘી ગયેલી જોઇ પેલો પુરુષ તેની પાસે આવ્યો તથા તેણે તેને એક પ્રકારનું તીવ્ર ઔષધ સુંઘાડી સંપૂર્ણ બેહોશ બનાવી દીધી. પછીથી એને પોતાની પીઠપર નાખી સીધા રસ્તાનો ત્યાગ કરી એ શયતાન પુરુષ અરણ્યમાર્ગે આગળ વધ્યો. થોડે દૂર જઇ એક પાષાણુ શિલા પાસે ઉભા રહી પુષ્પાવતીના ચૈતન્યહીન દેહને તેણે પૃથિવીપર મૂકી એ શિલાને ખસેડી, તો તેમાંથી અંદર ઉતરવાનાં પગથીઆં હતાં. એ

પુરુષ પુષ્પાંવતીને ઉચકી એ.એદી ભોંયરામાં ઉતર્યો અને તેણે શિલાને યથાસ્થિત કરી દીધી.

આવી રીતે ભોંયરામાં એ પુરુષ આગળ જવા લાગ્યો. અંધકારમાં તે સહેલાઇથી આગળ વધતો હોવાથી એ ભોંયરાનો માર્ગ તેનાથી સુપરિચિત હોય એવો ચોક્કસ ભાસ થતો હતો. આવી રીતે થોડા સમયમાં જ એ પુરુષ પુષ્પાવતીસહ એક વિસ્તૃત સ્થળે જઇ પહોંચ્યો. એ સ્થળે વિશ્રાન્તિ લેવાનાં સાધનોની વિપુલતા જોવામાં આવતી હતી. એક બાજૂએ એક પલંગ પડેલો હતો. એક આસનપર સળગતો દીપક ગોઠવવામાં આવેલો હોઇ એ સ્થળે પ્રકાશનો વિસ્તાર થયેલો હતો. બીજી બાજૂએ એક કબાટ હોઇ એમાં વિવિધ વસ્ત્રો હતાં. એ પુરુષે પુષ્પાવતીને પલંગમાં સૂવાડી તે શુદ્ધિમાં આવે એવું ઔષધ તેને સુંઘાડયું; પછીથી થોડે દૂર પડેલા એક વિરામાસનપર બેસીને એ પુરુષ મદ્યપાન કરવા લાગ્યો. તેના બોલાવવાથી એક કાળી કદરૂપી સ્ત્રી ત્યાં હાજર થઇ. એ સ્ત્રીનું નામ તેના શરીરના રંગને અનુસરતું જ અર્થાત્ કાળિકા હતું. તેનાં નેત્રો જોતાં જ તે નિષ્ઠુર નારી હોય એવી તત્કાળ કલ્પના ઉપજતી હતી. કાળિકા આવી એટલે તેણે ઉપરોક્ત પુરુષને ઉદ્દેશી પુછ્યું:—" કેમ બહાદુરસિંહ ! આજે કોઇ શિકારને સપડાવી લાવ્યા છો કે નહિ ?"

" આજનો શિકાર ઘણો મૂલ્યવાન્ છે એ શિકારની પ્રાપ્તિથી આ બહાદુરસિંહ સૌભાગ્યવાન્ છે. કાળિકા ! એક વખત પલંગમાં સૂઇ રહેલી પદ્મિની તરફ જો અને ત્હારાં નયનોને સાર્થક કર. " બહાદુરસિંહે પ્રસન્નતા સૂચક સ્વરે કહ્યું.

કાળિકાએ આશ્ચર્ય પામીને પલંગ તરફ જોયું. પુષ્પાવતીનું અલૌકિક રૂપસૌન્દર્ય જોઇ તે વિસ્મિત બની ગઇ. તેણે કહ્યું.—"સર-

દારસાહેબ ! આપનું કહેવું તદન ખરું છે. આવી સુરસુંદરીને મેળવી શકે એવા ભાગ્યશાળી વીરપુરુષો વિશ્વમાં વિરલ જ હોય છે. ”

“ પરંતુ હજી એ જ્યારે મ્હારી વિનંતિ સ્વીકારે ત્યારે જ મ્હારી ઇચ્છા સફળ થાય ! ” બહાદુરસિંહે કહ્યું.

“ હવે એ આપની વિનંતિ નહિ સ્વીકારે તો ક્યાં જશે ? જીવની માયા ડુંગર જેવડી હોય છે. વળી આ કોમળાંગીને આપ મૃત્યુનો ભય દર્શાવશો એટલે એ સહેલાઇથી આપની ઇચ્છાને આધીન થશે. ” કાળિકાએ પોતાના સ્વભાવને ઉચિત થાય એવી સલાહ આપી.

આ સમયે પુષ્પાવતીએ પોતાના અંગને હલાવ્યું. આવો પ્રકાર જોઇ બહાદુરસિંહે કાળિકાને ત્યાંથી ચાલી જવાનો સંકેત કર્યો. ક્ષણ માત્રમાં જ તે ત્યાંથી ચાલી ગઇ. તેના ગયા પછી લગભગ દશ મિનિટના અંતરે પુષ્પાવતી સહજ શુદ્ધિમાં આવી. નિદ્રાવસ્થામાં તેણે તેના પ્રિયતમ લક્ષ્મણસિંહને જ સ્વપ્નમાં જોયેલો હોવાથી શુદ્ધિમાં આવતાંની સાથે જ તેણે વ્યાકુળતાસૂચક સ્વરે કહ્યું;—“ પ્રિયતમ લક્ષ્મણસિંહ ! પુનઃ મ્હારો ત્યાગ કરી તમે ક્યાં જતા રહ્યા ? આવો પ્રિયતમ ! એક વખત આ દાસી પાસે આવો—આ અબળાને વિશેષ ન કકળાવો. ”

આ વચનો સાંભળી બહાદુરસિંહે પુષ્પાવતી પાસે ઉપસ્થિત થઇને કહ્યું:–“ જાનોજીગર ! શું ત્હારા જેવું રમણીરત્ન લક્ષ્મણસિંહ જેવા સામાન્ય માણસના ભાગ્યમાં જાય એ વ્યાજબી ગણાય ? ના ના—તું તો આ બહાદુરસિંહની પ્રાણેશ્વરી થવાને જ યોગ્ય છે—પ્રિયતમા ! લક્ષ્મણસિંહનો વિચાર ત્હારા અંતરમાંથી દૂર કર—અને મ્હને ત્હારા પ્રિયતમ તરીકે પસંદ કર. ”

"હે પ્રભુ ! પ્રભુ ! હું આ શું સાંભળું છું ? હું કયા નરરાક્ષની પ્રપંચજાળમાં ફસાઇ પડી છું ? હે નરાધમ ! તું મ્હારા વીર પ્રિયતમનો તિરસ્કાર કરતાં સહજ પણ સંકોચાતો નથી.. ત્હારાપર મ્હને પ્રથમથી જે સંશય ઉપજ્યો હતો તે અંતે સાચો ઠર્યો છે--ત્હારા પાપનો ઘડો ત્હેં પૂરો ભર્યો છે." પુષ્પાવતીએ પલંગની નીચે ઉતરી તિરસ્કારસૂચક સ્વરે કહ્યું.

"મનમોહિની માશુક ! તુમે મ્હારો તિરસ્કાર શામાટે કરો છો ? હું મ્હારા જીગરથી તમને ચ્હાઉં છું. અલબેલી બાળા ! મ્હારામાં શી વાતનું ઓછાપણું જણાય છે કે જેથી તમારો જીવ લક્ષ્મણસિંહ તરફ વિશેષ તણાય છે ? મ્હારી પાસે પુષ્કળ સંપત્તિ છે. જો તમે મ્હારી ઇચ્છાને આધીન થશો તો આપણે બન્ને જણાં એક બીજાંના સહવાસમાં રહી અપાર સુખ અનુભવી શકીશું." બહાદુરસિંહ બોલ્યો.

"ઓ અધર્મી, હંસની સાથે કાગડાની, રત્નની સાથે પાષાણની, દેવની સાથે દૈત્યની, અને સુવર્ણની સાથે પીત્તળની સમાનતા કદાપિ થઇ શકે છે કે ? તું મનુષ્યવેશધારી નિષ્ઠુર શયતાન છે ત્યારે મ્હારા પ્રિયતમ સાક્ષાત દેવ સમાન છે. એક અબળાને ઉપાડી લાવી તેનાપર બળાત્કાર કરવામાં જ તું ત્હારી બહાદુરી સમાયલી સમજે છે. ત્હારી પાસે કુબેરનો રત્નભંડાર હોય, ઇંદ્રલોકનું ઐશ્વર્ય હોય, ત્રિભુવનપતિના જેટલી ત્હારી શક્તિ હોય, તો પણ હું ત્હારી અધર્મયુક્ત પાપયાચના કાળાંતરે પણ સ્વીકારીશ નહિ—જીવ જતાં પણ હું અધર્માચરણ આચરીશ નહિ. અધર્મથી પ્રાપ્ત કરેલા ઐશ્વર્ય કરતાં ન્યાય નીતિ અને ધર્મ માર્ગની ગરીબાઇ મ્હને વિશેષ પસંદ છે." પુષ્પાવતીએ સ્વધર્મ પ્રતિ દૃઢતા દર્શાવી.

" મનોહારિણી, કામદેવની ઉત્તેજનાથી હું અસ્થિર બની ગયો છું. એક વખત તું મ્હારી પ્રાર્થના સ્વીકારી મ્હારી ઇચ્છાને પરિતૃપ્ત કર. પછીથી હું ત્હારી પ્રત્યેક વાત કબૂલ કરીશ." વિકારવૃત્તિને વશ થઇ બહાદુરસિંહે કહ્યું.

" હરિ હરિ ! ત્હારા મોહની પ્રબળતાને અદ્યાપિ તું શાન્ત કરી શકતો નથી ? વિચાર કરી જો કે, સતીને સંતાપી આ સંસારમાં કોણ સુખી થઇ શક્યું છે ? આજ સુધી મનસા, વાચા તેમજ કર્મણાથી મ્હેં મ્હારા સતીત્વનું સંરક્ષણ કર્યું છે. સતી સ્ત્રી સ્વધર્મ સમક્ષ અન્ય વિષયોને તુચ્છ સમજે છે. તું મ્હારો જીવ લઇશ, મ્હારા દેહના સેંકડો કટકા કરી નાખીશ તો પણ ત્હારી પાપવાસના તૃપ્ત થનાર નથી—આ વીરાંગના મૃત્યુથી ડરનાર નથી. "

" ત્યારે શું મ્હારી વિનંતિ તું કાને ધરનાર નથી—જુલ્મ ગુજાર્યા સિવાય તું મ્હારી વાસના શાન્ત કરનાર નથી ? સુંદરિ ! ધર્માનુયાયી મનુષ્યને જ સંસારમાં સંકટો સહન કરવાં પડે છે; માટે વિના કારણ ધર્મનો આશ્રય સ્વીકારી તું મૃત્યુને કેમ ચ્હાય છે ?" બહાદુરસિંહ બોલ્યો.

" ના ના—પાપિષ્ઠ ! આ સ્થળે ત્હારી ગંભીર ભૂલ થાય છે. જ્યાં સુધી ધાર્મિક મનુષ્ય પર દુઃખ પડતું નથી ત્યાં સુધી તેની ધર્મપ્રીતિનું પ્રાબલ્ય કેટલું છે તેની પરીક્ષા થઇ શકતી નથી. અગ્નિના સંયોગથી જેવી રીતે સુવર્ણની શુદ્ધતાની કસોટી થાય છે તેવીજ રીતે દુઃખની કસોટીથી ધર્મપરાયણ વ્યક્તિની ધર્મપ્રીતિનું મૂલ્ય અંકાય છે. જે મનુષ્ય પ્રાણાન્તે પણ સ્વધર્મનો ત્યાગ કરતું નથી તે જીવનના અંતે સદ્ગતિ પામી સ્વર્ગીય સુખ ભોગવવાને ભાગ્યશાળી થાય છે; માટે હજી પણ કહું છું કે, આ અબળા પર દયા

દર્શાવ અને જુલ્મની વૃષ્ટિ ન વર્ષાવ." પુષ્પાવંતીએ ઉપદેશાત્મક વચનો સંભળાવ્યાં.

"ના ના—હું ત્હારો ઉપદેશ સાંભળવાને ઇચ્છતો નથી. તું સત્વર મ્હારી ઇચ્છા માન્ય કર—ત્હારો દુરાગ્રહ દૂર કર." બહાદુરસિંહે પૂર્વવત્ સ્વરે કહ્યું.

"હજી સુધી તું ત્હારા દુરાગ્રહનો ત્યાગ કરતો નથી તેથી મ્હને ઘણો ખેદ થાય છે. જે કાયા જોઇ તું મુગ્ધ બન્યો છે, જે સૌન્દર્ય જોઇ તું ઉન્મત્ત બન્યો છે તે સૌન્દર્ય ચાર દિવસની ચાંદનીના જેવું ક્ષણસ્થાયી છે. યુવાનીએ તને દીવાનો બનાવી દીધો છે; પરંતુ વિચાર કરી જો કે, જે કાયા જોઇ ત્હારા અંતરમાં વિકાર ઉપજ્યો છે એ કાયા મળ, મૂત્ર, રુધિર, માંસ આદિ દુર્ગંધયુક્ત વસ્તુઓથી ભરેલી છે. ત્હારા અંતરમાં પ્રેમ નહિ પણ મોહ ઉપજ્યો છે. કહે કહે કે, આ અંગનો કયો ભાગ જોઇ તું વિકારયુક્ત થયો છે ? તું માગે તે અવયવ કાપી આપવાને હું તૈયાર છું." પુષ્પાવતીએ કહ્યું.

"સુંદરિ ! મદનદેવની પ્રબળતા કેટલી છે એ વિષયથી તું સર્વથા અજ્ઞાત હોય એવો જ મ્હને ભાસ થાય છે. સકળ સંસાર મદનને આધીન થઈ રહેલો છે. દેવદેવાદિ પણ મદનની અપાર પીડાથી વિચલિત બની ગયા હતાઃ—

"સર્વ સંસાર મદન આધીન,
શ્રુતિ જ્ઞાન વિસ્તારક બ્રહ્મા થઈ ધર્મથી હીન;
થયા પિતાનો ધર્મ ભૂલીને નિજ દુહિતામાં લીન. સર્વ૦
મહાદેવ સ્મરસંહારક પણ થયા મદનથી હીન;
ભિલ્લભામિનીમાં ભરમાયા, ભાળી રૂપ નવીન. સર્વ૦

કેંક સાધુએ કામભક્ત થઈ ત્યાગ્યાં નિજ કૌપીનઃ
ઇન્દ્ર ચન્દ્ર ભૂલ્યા તો બીજાં કયમ ન ચળે મનમીન્? સર્વ૦

( દેવી દમયંતી. )

માટે મ્હારા અંતરની અનંગવ્યથા અન્ય કોઇ પણ રીતે શાન્ત થાય તેમ નથી જ.” બહાદુરસિંહે મદનપ્રાબલ્ય દર્શાવ્યું.

“ હા હા-દુરાત્મા ! ત્હારા મનમાં કળિનો સંચાર થયો છે, તેથી જ તું ત્હારી ઉદ્દામ વાસનાને શાન્ત કરી શકતો નથી, કેમકે,

“ કલિ માનવની ધર્મ બુદ્ધિ પલટાવે,
મતિ ભૂલાવે, ભરમાવે. કલિ૦
શુદ્ધિ બુદ્ધિ ઉડી જતી થતાં કલિ સંચાર;
અધર્મનો અધિકાર ને અનીતિનો વિસ્તાર. કલિ૦
અન્યાયો અતિ એથી થતાં,
ભવમાં છતાં નયનીલતાં સૂકા જતાં,
પરિણામ ન શુભ આવે. કલિ૦
સેવક કલિના થાય તે છેવટ નરકે જાય,
જણાય રોટી શ્વાનને નહિ સોટી દેખાય;
ચાંદરણી એ દિન ચારની
સુખસારની સંસારની, રતિમારની
યમભય શાશ્વત લાવે. કલિ૦

( દેવી દમયંતી. )

માટે હજી પણ કાંઇક વિચાર કર અને ધર્મમાર્ગે વિચરણ કર.”

“ સુંદરિ ! જેવી રીતે તું ત્હારા નિશ્ચય પર દૃઢ છે તેવી રીતે હું મ્હારા નિશ્ચયપર દૃઢ છું. ચાલ, હવે હું ત્હારા મુખમાંથી મ્હારા

પ્રશ્નના ઉત્તર સિવાય બીજો એક પણ શબ્દ સાંભળવાને ઇચ્છતો નથી." આમ કહીને બહાદુરસિંહ મદ્ય તેમજ વિકારની ઉત્તેજનાથી પુષ્પાવતીના અંગને આલિંગન કરવા આગળ ધસ્યો. પુષ્પાવતી આ સમયે દૂર ખસી ગઇ અને તેણે કહ્યું:—" ખબરદાર પિશાચ ! મ્હારા અંગને ત્હારા કલંકી હસ્તનો સ્પર્શ સુદ્ધાં કરીશ નહિ !"

બહાદુરસિંહ આ વચનો સાંભળી અત્યંત ક્રોધે ભરાયો. દિવાલ પર લટકતી તલ્વાર લેવા જેવો તે પાછો ફર્યો કે તરતજ પુષ્પાવતીએ સાવધાન બની જઇ, પોતાનાં વસ્ત્રોમાં છુપાવી રાખેલી વિષયુક્ત કટાર બ્હાર કાઢી અને એક ક્ષણમાં જ તેણે એ કટારને બહાદુરના બરડામાં ખોસી દીધી; તે સાથે જ એક હાય પોકારીને બહાદુરસિંહ જમીનદોસ્ત બની ગયો અને તેનો દેહ તરફડવા લાગ્યો. તેને ત્યાં એવી સ્થિતિમાં જ રહેવા દઈ પોતાની સ્થિતિનો વિચાર કરી પુષ્પાવતી દીપક હાથમાં લઇ એ ભોંયરાની બ્હાર નીકળી પડી ત્વરાથી રત્નગઢ તરફ જવા લાગી.

બહાદુરસિંહની અંતકાળની હૃદયવિદારક બૂમ સાંભળી કાળિકા સત્વર એ સ્થળે આવી તો ત્યાં તેણે સંપૂર્ણ અંધકારનું સામ્રાજ્ય સ્થપાયલું જોયું. તરતજ તે દીપક લઇ આવી. દીપકના પ્રકાશમાં બહાદુરસિંહના ચૈતન્યહીન દેહને જોઇ તે પાષાણ પ્રતિમાની માફક જ્યાં ઉભી રહી હતી ત્યાં જ ઉભી રહી. સૌભાગ્યવાન્ બહાદુરસિંહની આવા ભયંકર સૌભાગ્યને જોઇ ભયની ભાવનાથી તે કંપી ઉઠી ! અસ્તુ.

સમાપ્ત.

## રા. વ્રજલાલ જાદવજી ઠક્કર કૃત પુસ્તકો.

| પુસ્તકનું નામ. | મૂલ્ય. |
|---|---|
| *૧ પ્રેમની પ્રતિજ્ઞા ( સંક્ષિપ્ત પ્રેમકથા ).... .... | ૦—૩—૦ |
| ૨ નિર્ભાગી કુસુમ ( ,, ).... .... | ૦—૪—૦ |
| ૩ સમાજ (સ્વ. સાક્ષર રમેશદત્તની નવલકથાનો સર્વોત્કૃષ્ટ અનુવાદ ).... .... ........ | ૧—૦—૦ |
| *૪ વાર્તાવિહાર ( નવ ઐતિહાસિક પ્રેમકથાઓ ) | ૦-૧૨-૦ |
| ૫ મિલન-મંદિર ( સામાજિક આદર્શ નવલકથા ) | ૧—૪—૦ |
| ૬ સરોજસુંદરી ( ,, ) | ૧—૮—૦ |
| ૭ વનવાસિની ( રસિક પ્રેમકથા ) .... .... | ૧—૪—૦ |
| *૮ ગૃહિણી કે દેવી ? ( સામાજિક નવલકથા ).... | ૦-૧૨-૦ |
| ૯ રાજનૈતિક ષડ્યંત્ર (ઐતિહાસીક નવલ કથા) છપાય છે..... .... .... .... | ૧-૪-૦ |
| ૧૦ ભાગ્યદેવીની ભયંકરતા ! ( સચિત્ર નવલકથા.) | ૧—૪—૦ |
| ૧૧ કંગાલ કેદી અથવા સ્નેહ-બંધન ( સચિત્ર ) | ૧-૧૨-૦ |
| ૧૨ ,, ,, ભાગ ૨ જો ,, | ૧-૧૨-૦ |
| ૧૩ પિશાચિની કે પ્રેમદા ? ( અદ્ભુત નવલકથા ) | ૧—૮—૦ |
| ૧૪ સંસાર કે નરકાગાર ? (વીસમી સદીનું ચિત્ર. ) | ૧—૪—૦ |
| ૧૫ સ્વર્ગમાં શયતાન ? ( રસિક નવલકથા ) .... | ૧—૪—૦ |
| ૧૬ અંગના કે દેવાંગના ? ( ,, આદર્શ ,, ) .... | ૧—૮—૦ |

## રા. ચુનીલાલ વર્ધમાન શાહકૃત રસિક નવલકથાઓ.

## લતા અને લલિતા ભાગ ૧-૨-૩-૪- લતા અને લલિતા

એ બ્હેનો હોવા છતાં જૂદા જૂદા રંગઢંગમાં અને જૂદા જૂદા સ્વભાવની માતાઓના સહવાસમાં ઉછરવાથી તેમનામાં જે ફરક જોવામાં આવે છે તેનું દિગ્દર્શન આ નવલકથામાં કરી શકાય છે. અંગ્રેજ કુમારિકાના પ્રેમદર્શનથી હિંદુ છોકરી ઉપર કેવી અસર થાય છે, કેળવાયેલા પુત્રને ચોક્કસ કુમારિકા સાથે પરણવાની ફરજ પાડનાર પિતા તેનું કેવું માઠું પરિણામ મેળવે છે અને રાજવંશીઓમાં કેવી કેવી ભિન્ન ભિન્ન પ્રકૃતિઓ જોવામાં આવે છે એનો ઉત્તમ ચિતાર આપેલો છે. વાર્તાનો દરેક ભાગ અત્યંત રસિક છે અને ચારે ભાગોમાં સુંદર ફોટોગ્રાફિક ચિત્રો આપવામાં આવ્યાં છે. સુંદર છપાઇ, ઉંચા કાગળ, પાકું સોનેરી સુશોભિત પૂઠું, દરેક ભાગનાં પૃષ્ઠ ૨૦૦. કિંમત દરેક ભાગની ૧-૦-૦ મુજબ રૂ. ૪-૦-૦

## કાશ્મીર અને કેસરી (બીજી આવૃત્તિ)- રણજીતસિંહને

અફઘાનો સાથે ઘણીવાર ઝપાઝપી થઇ હતી અને કાશ્મીર પ્રાન્તને માટે તો ચાર વાર સવારીઓ લઇ જવી પડી હતી; જેમાં છેલ્લી સવારીમાં વિજય પ્રાપ્ત થયો હતો, અને તે વિજય એટલો તો દૃઢ હતો કે પુનઃ અફઘાનો રણજીતસિંહના જીવનકાળપર્યંત કાશ્મીર સામે ઉંચું માથું કરીને જોઈ શકયા નહોતા. રણજીતસિંહની વીરતા, દીવાન હરિદાસની દેશભક્તિ, સહજારામનું શૌર્ય, મહેશ્વરની હીનતા, કનકપ્રભાની કરુણાજનક સ્થિતિ ઇત્યાદિ આકર્ષણીય વિષયોને

એવી સુંદર રીતે આલેખવામાં આવ્યાં છે કે વાંચકની જિજ્ઞાસા એક પછી એક પ્રકરણ વાંચવાને ઉશ્કેરાતી જાય તેમ છે. પૃષ્ઠ ૨૫૦ પાકું પૂઠું કિં. રૂ. ૧.

**પિશાચમંદિર ભા.** ભા. ૧-૨ જો—આ નવલકથા એટલી તો હૃદયગ્રાહી અને ચમત્કારિક છે કે, પૃષ્ઠે પૃષ્ઠે જિજ્ઞાસારસની જાણે કે સરિતા જ વહેતી હોય એવો સહજ ભાસ થાય છે. વળી ગુજરાતી વાંચકોને વાંચવામાં વિશેષ સરળતા પડે એ માટે પ્રયોજકે મૂળ અંગ્રેજી વસ્તુસંકલનાને ઘણી કુશળતાથી ગુજરાતીમાં ઉતારી છે; આમ હોવાથી વાંચતાં બિલકુલ કંટાળો ઉપજવાનો ભય છે જ નહિ. અરણ્યમાં અત્યાચાર, કિલ્લાનો ગુપ્તભેદ, ભયાનક ચક્રયંત્ર, કેદમાં સપડાયલી કુમારિકા, શ્વેત આકૃતિ, ચક્રયંત્રવાળું ભોંયરું, પ્રેમમંદિર કે પિશાચમંદિર? વગેરે પ્રકરણો વાંચતાં આહાર નિદ્રાનું સર્વથા વિસ્મરણ થઇ જાય તેમ છે. આ નવલકથાના દરેક ભાગમાં ફોટો ઝીંકોનાં પાંચ પાંચ મનહર ચિત્રો આપેલાં છે. બન્ને ભાગ જુદા બાંધેલા છે. પાકું પૂઠું, બન્ને ભાગ પૃષ્ઠ ૬૦૦ છતાં કિમ્મત દરેક ભાગની રૂ. ૨) મુજબ કુલ રૂ. ૪.

**ભાગ્યચક્રનો મહામંત્ર**—આ સચિત્ર નવલકથામાં એક કુળવાયલી બાળા પ્રભાવતી અને તેના અવિવાહિત પતિ સુમિત્રનો કૌમાર અવસ્થામાં પરસ્પર પ્રેમ છે; પરંતુ ભાગ્યચક્ર વિલક્ષણ હોવાથી એ બાળાના પિતાનું એકાએક ખૂન થાય છે. ખૂનીને પકડવાને એક કાર્યદક્ષ ડિટેક્ટિવ ઘણો પ્રયત્ન કરે છે, તેને ઘણા પુરાવાઓ મળી આવે છે;

પરંતુ તે ખૂનીનો નિર્ણય કરી શકતો નથી કે તેને પકડી શકતો નથી વગેરે બનાવો જાણે મ્હોં આગળ ઉભા જ હોય એમ જણાય છે પૃષ્ઠ ૪૦૦ મૂલ્ય રૂ. ૧--૮--૦

## રા. નારાયણ વિસનજી ઠક્કુર કૃત રસિક નવલકથાઓ.

**આજકાલનું હિન્દુસ્તાન** અથવા પ્રાણહારક મૃગજળ—ભા. ૧–૨. ચાલૂ સમયમાં ચાલતા નીંદ્ય સુધારા, ગાડીવાડીના વૈભવ ખાતર ગમે એવા શ્રીમંત પતિ મેળવવાની લાલસા, શ્રીમંતોનાં મૃત્યુ સમયે થતાં વીલના કલ્પનામાં પણ ન આવે એવા બનાવોથી ભરપૂર નવલકથા. પ્રણયદર્શન, વિકાર અને વિવેક; સુધામાં હલાહલ, શરીફ બદમાશોની ટોળી, સત્યનિષ્ઠા, અબળાનું સાહસ, ભયંકર પ્રપંચજાળ, નિશાચરોનો ગૃહપ્રવેશ, ગુલાબની પ્રેમપત્રિકા, ભાગિરથીની ભયંકરતા, અધઃપાતનો આરંભ, કપિંજલનો કાળ અને સુલોચનાની અદ્રશ્યતા વગેરે પ્રકરણો વાંચતાં તમે જુની આંખોએ નવીન તમાશો જ જોઇ શકશો. પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૨૦, દરેક ભાગમાં ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, બન્ને ભાગનું પાકું રૂપેરી પૂઠું છતાં કિંમત. દરેકની ૧–૮–૦ કુલ રૂ. ૩).

**ભયંકર ભદ્ર** અથવા કેવળ ૨૪ વર્ષના ક્ષણભંગુર સંસાર માટે—આ સંસારના ક્ષણભંગુર ભોગવિલાસની લાલસાથી મહત્વાકાંક્ષાના પ્રવાહમાં તણાઇને ક્ષુદ્ર માનવી પિશાચના દાસત્વને સ્વીકારીને આ જગતમાં કેવાં કર્મકમાટી ઉપજાવનારાં કૃત્યો કરે છે, અને જ્યારે પિશાચની નરકગર્ત્તામાં પડવાનો પ્રસંગ

તેમનાં નેત્રો સમક્ષ આવીને ઉભો રહે છે તે સમયે તેમની કેવી દયાજનક દુર્દશા થઇ જાય છે' એનું જે તાદશ્ય શાબ્દિક ચિત્ર જોવું હોય તો તે કેવળ આ અદ્ભુત નવલકથામાં જ દેખાશે. મ્હોટી સાઇઝનાં પૃષ્ઠ ૩૦૦, રૂપેરી નામ તથા પાંચ સુંદર ફોટો-ગ્રાફ્ક ચિત્રોવાળી આ નવલકથાની કિં. માત્ર રૂ. ૨) છે. પો. માફ.

## નાદિરનો દોરદમામ— અને બાહુબળનું પરિણામ—સ્વર્ગવાસી

અમૃત કેશવ નાયક તથા વિદ્યમાન ઠક્કુર નારાયણ વિસનજી કૃત. એક સાધારણ સિપાહી તરીકે ઇરાનના બાદશાહના સૈન્યમાં દાખલ થઇ ધીમે ધીમે આગળ વધી અંતે છળપ્રપંચ તથા અદ્વિતીય બાહુબળથી ઇરાનના બાદશાહ બની બેઠેલા અને ત્યાર પછી હિન્દુસ્તાનમાં આવી દિલ્હીમાં 'કત્લેઆમ' ચલાવી દિલ્હીની મૂગલિઆત 'શહેનશાહના' પાયાને હમ્મેશને માટે ઢીલો કરી જનાર નાદિરશાહનું જીવનચરિત્ર આ ગ્રંથમાં એટલું અને એવું ઉત્તમતાથી વર્ણવાયું છે કે જાણે એક ઉત્કૃષ્ટ નવલકથા વાંચતા હોઈએ તેવો જ ભાસ થાય છે. ઉત્તમ કાગળ, ઉત્તમ બાઇન્ડીંગ ૨૫૦ પૃષ્ઠના ગ્રંથની કીમત રૂા. ૨— —૦ પોસ્ટેજ જૂદું.

## મારી ભયંકર સંસારયાત્રા અથવા એક નિરાધાર અબળાનો

આર્ત્તનાદ! આ સામાજિક નવલકથામાં સંસાર વ્યવહારમાં પ્રચલિત થઇ પડેલા કેટલાક વિષયોનું એવી શાસ્ત્રીય દૃષ્ટિથી અવલોકન કરવામાં આવ્યું છે કે, જેમાંથી ઘણું શીખવાનું મળી શકે તેમ છે. બાળવિધવાની હિન્દુ સમાજમાં કેવી શોચનીય સ્થિતિ છે, લગ્ન

કોને કહેવાય છે, પુનર્લગ્નની ઉત્પત્તિ કેવી રીતે થઈ છે; જ્ઞાતિહિત કેવી રીતે સાધી શકાય તથા જ્ઞાતિના સડાઓને કેવી રીતે દૂર કરી શકાય આદિ અનેક ઉપયોગી વિષયોની ચર્ચા આ નવલકથામાં ઘણી રસિકતાથી કરેલી છે. પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૫૦, પાકું રૂપેરી પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૨—૦—૦

## રા. વ્રજલાલ જાદવજી ઠક્કરકૃત રસિક નવલકથાઓ.

**કંગાલ કેદી** અથવા સ્નેહ-બંધન—ભાગ ૧-૨. આ નવલકથામાં સુખદુઃખના પડછાયા, સ્વામી સ્નેહજ્યોતિનું આદર્શ સાધુજીવન અને દૈવી પરોપકાર, હતભાગ્ય રંગનાથની સ્થિતિનું અને જીવનનું કલ્પના પણ ન કરી શકાય એવું અસંભવ પરિવર્તન, પોલિસ અમલદારોની નિષ્ઠુરતા, સંપત્તિનો સદુપયોગ, નિરાધાર સ્નેહલતાના જીવનનો અકાળે આવેલો શોચનીય અંત, શાન્તિલતાના કષ્ટની પરિસીમા, અપૂર્વ વાત્સલ્ય સ્નેહ, કૃષ્ણલાલનાં કુટિલ કારસ્થાન, શ્રીમંતોની શઠતા અને વિલાસપ્રિયતા, નર્મદાની પ્રાણહારક આશા, પ્રણય અને વિરહના આકર્ષણીય પ્રસંગો, પાપિષ્ઠા કાળિકાની કુટિલતા, સતી સાધ્વીની શાયળપ્રીતિ, આદિ અનેકવિધ આકર્ષણીય ઘટનાઓથી પરિપૂર્ણ. દરેક ભાગમાં ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, ચીકણા સફેદ કાગળ, બન્ને ભાગનું પાકું રૂપેરી પૂંઠું; દરેક ભાગની કીંમત રૂ. ૧—૧૨—૦ મુજબ કુલ રૂ. ૩—૮—૦.

**દગાબાજ દુનિયા**—આ નવલકથાની વસ્તુસંકલના એવી તો અદ્ભુત, પરંતુ સંભવિત છે કે, પ્રત્યેક પૃષ્ઠે વાચકની જીજ્ઞાસા વૃદ્ધિંગત થાય તેમ છે પત્નીનું ગૂમ થવું, રેલ્વે ટ્રેનમાં સંન્યાસીના મૃતદેહનું તણાઇ આવવું, સાધ્વી સતી નિર્મળાનો દૈવી અને આદર્શ સ્વામીસ્નેહ, સંન્યાસીના જીવનનું ગુપ્ત રહસ્ય, પાપનો પશ્ચાત્તાપ, સંતાનસ્નેહ, લોકચર્ચા અથવા ગામડાનું ગૅઝેટ, પ્રચંડ નિરાશા, ચોરને પોટલે ધણની ધૂળ આદિ અનેક રસિક, ચમત્કારિક અને બોધક વિષયોથી ભરપૂર. મ્હોટા કદનાં પૃષ્ઠ લગભગ ૨૨૦. મનહર છપાઇ, ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો. પાકું લાયબ્રેરીને શોભાવે એવું રમણીય પૂઠું. આ નવલકથાનાં ચિત્રો જોઇ તમે 'અપૂર્વ' શબ્દ જ ઉચ્ચારશો. મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦ આજે જ મંગાવો.

**ભાગ્યદેવીની ભયંકરતા** અથવા આદર્શ **વિધવા**—આ નવલકથા એક સર્વોત્તમ બંગાળી નવલકથાનો અનુવાદ છે. આ નવલકથા સમસ્ત હિન્દુસ્તાનમાં એટલી બધી લોકપ્રિય થઇ પડી છે કે, તેનું અંગ્રેજી, હિન્દુસ્તાની, વગેરે ભાષામાં પણ ભાષાંતર થયું છે. **ભાગ્યદેવીની ભયંકરતાથી** એક કંગાલ દીનદરિદ્ર કુટુંબને કેટલું બધું દુઃખ વેઠવું પડે છે તેનો આ નવલકથામાં ઘણો જ કરુણાજનક ચિતાર આપવામાં આવ્યો છે. સતીના જીવનનો હૃદયભેદક અંત, નિષ્ઠુર નરેન્દ્રનાથની પ્રબળ વિલાસવાસના, વિશ્વેશ્વરની સાધુતા અને પરોપકારિતા, લેણદારોનો જુલ્મ, કઠોર વૈધવ્યવ્રત, લગ્નને બદલે ચિતા, સેવાધર્મ

અને કર્તવ્યમહિમા વગેરે વિષયોનું શાબ્દિક ચિત્ર વાંચતાં વાંચતાં તમે અશ્રુજળને અટકાવી શકશો નહિ. મનુષ્યજીવનમાં કષ્ટની પરિસીમાનું દર્શન કરવું હોય તો આ નવલકથા અવશ્ય વાંચો. પૃષ્ઠ સંખ્યા લગભગ ૨૦૦, ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, પાકું રૂપેરી બાઇન્ડીંગ છતાં કિમ્મત માત્ર રૂ. ૧—૪—૦.

## પિશાચિની કે પ્રેમદા ?—

ભૂતપ્રેતના ભયંકર ઉપદ્રવના લીધે ઉપજતું ભ્રમમૂલક દુઃખ, મહામાયાનું જળમાં ડૂબી જવાથી નિપજેલું મૃત્યુ, સુંદરી લીલાવતીની બિમારી, પ્રેમની હરિફાઇ, યુવકનો આત્મસંયમ, વિધવાની વિરહવેદના, ધડથી જૂદું થઇ ગયેલું મસ્તક, શ્મશાનભૂમિમાં પિશાચોનું પાપમંડળ, સંન્યાસીનું અદ્‌ભુત શિક્ષણ, વિદેશીનીના જીવનનો ભેદ, પ્રણયનિરાશા, માયાજાળ, પાપનો પસ્તાવો, સોબતની અસર વગેરે વિવિધ વિષયોથી પરિપૂર્ણ. સંયમનું માહાત્મ્ય અને સુખ નિહાળવું હોય તો આ નવલકથા અવશ્ય વાંચો. પૃષ્ઠ સંખ્યા લગભગ ૨૬૦, સુંદર છપાઇ, છતાં કિમ્મત માત્ર રૂ. ૧—૮—૦.

## સ્વર્ગમાં શયતાન—

ઉપરથી મહાત્મા જેવા દેખાતા અને સંસારમાં સાધુ લેખાતા; પરંતુ હૃદયમાં હળાહળ ભરી રહેલા પુરુષો પોતાના ઉપર ઉપકારો કરનારનું પણ કેવું ભયંકર અનિષ્ટ કરે છે, દ્રવ્યલોભથી કેટલીક વખત મનુષ્ય પિશાચનું સ્વરૂપ ધારણ કરી કેવાં પૈશાચિક અને રૂંવાં ખડાં કરે એવાં નિષ્ઠુર કાર્યો કરે છે, ખોટાં મૃત્યુપત્ર કેવી રીતે તૈયાર થાય છે વગેરે અનેક રસિક, ચમત્કા-

રિક અને આકર્ષક ઘટનાઓથી ભરપૂર નવલકથા સ્વર્ગમાં શયતાન અવશ્ય વાંચો. મ્હોટી સાઈઝનાં પૃષ્ઠ લગભગ ૨૦૦, મનહર છપાઇ, પાકું રૂપેરી લાયબ્રેરીને શોભાવે એવું આકર્ષક પૂઠું; છતાં મૂલ્ય માત્ર રૂ. ૧—૪—૦.

**સંસાર કે નરકાગાર ?**—આજકાલના કહેવાતા સુધારકોનું આંતર્જીવન કેવું પાપપૂર્ણ અને શોચનીય છે, જ્ઞાનશૂન્ય વિધવાઓ ધર્મશિક્ષણના અભાવે સ્વધર્મનો ત્યાગ કરી કેવી રીતે પાપિષ્ઠા થાય છે, ખરાબ સોબતથી કેવું ભીષણ દુઃખ ભોગવવું પડે છે, વેશ્યાવિલાસથી અંતે કેવી પાયમાલી, અને ખાનાખરાબી થાય છે, સહધર્મિણીનો ત્યાગ કરી પરદારામાં પ્રીતિ રાખનાર યુવકોની કેવી દુર્દશા થાય છે, મદ્યપાનના વ્યસનથી મનુષ્યજીવન કેવું અધમ થાય છે, પાપપૂર્ણ મહત્વાકાંક્ષા રાખવાથી જીવનનો કેવો વિનાશ થાય છે એનો આબેહુબ ચિતાર આ નવલકથામાં સાદી, સરળ પરંતુ રસિક ભાષામાં ચિતરવામાં આવ્યો છે. પૃષ્ઠ સંખ્યા લગભગ ૨૫૦, સુંદર છપાઇ, પાકું રૂપેરી પૂઠું; છતાં કિમ્મત માત્ર રૂ. ૧—૪—૦ લખો:—

**મૃગલોચની** અથવા—માયા પ્રાબલ્ય ( સંપાદક:—રા. પ્ર૦ ભા૦ ઠક્કર. ) ભાગ ૧—૨—૩—૪ આ નવલકથા વાર્તા પ્રિય વાંચકોને એક વખત વાંચવાની અમે ખાસ ભલામણ કરીએ છીએ. શુદ્ધ સ્નેહનું સ્વરૂપ સમજવું હોય, પરાદાર દોસ્તની દિલોજાન દોસ્તીનું દર્શન કરવું હોય, વેશધારીઓના કલ્પનામાં પણ ન ઉપજી શકે એવા અવનવા ચમત્કારો!! પરિચિત થવું હોય, વીરપુરુષોની વીરતા જોવી હોય તો આ નવલકથા અવશ્ય

વાંચજો. પ્રેમિક પ્રેમિકાની વિયોગવ્યથાનો હૃદયવિદારક ચિતાર વાંચતાં તમે અશ્રુજળને અટકાવી શકશો નહિ. પ્રેમ, વિરહ, મિલન, ચમત્કાર, કર્ત્તવ્યનિષ્ઠા, દેશદ્રોહ, દેશભક્તિ વગેરે સઘળું આ નવલકથામાં છે. આ નવલકથા વાંચતાં તમે આહાર નિદ્રા પણ ભૂલી જશો અને તમારા મુખમાંથી વારંવાર 'વાહ વાહ'ના જ ઉદ્ગાર નીકળશે. આ નવલકથાની લોકપ્રિયતા અને રસિકતા માટે એટલું જ કહેવું બસ છે કે, ઉર્દુ, હિંદી, નેપાલી, ઈંગ્રેજી આદિ દેશી વિદેશી ભાષાઓમાં આ નવલકથાની અત્યાર સુધીમાં લાખો નકલો વેચાઈ ગઈ છે અને હજી વેચાય છે. આજે જ મંગાવો. દરેક ભાગનું મૂલ્ય માત્ર રૂ. ૧—૮—૦ કુલ રૂ. ૬—૦—૦ પાકું રૂપેરી પૂઠું.

## રણઘેલા રજપૂતો યાને સતીઓનું શૂરાતન—.

ભાગ ૧-૨ જો. આ નવલકથા એટલી બધી આકર્ષક અને રસિક છે કે, માત્ર એકજ વર્ષમાં તેની બીજી આવૃત્તિ થઈ છે. જે રણ-શૂરા રજપૂતોએ, જનની જન્મભૂમિની સ્વતંત્રતાને માટે પોતાનાં અમૂલ્ય જીવનો રણક્ષેત્રમાં સમર્પણ કર્યાં હતાં, જે સતી સાધ્વી રજપૂતાણીઓએ યુદ્ધમાં ભાગ લઈ શત્રુઓને હંફાવી પોતાના અપૂર્વ શૂરાતનથી સર્વને અતિ આશ્ચર્ય ઉપજાવ્યું હતું, વગેરે વિષયોથી ભરપૂર. મનહર છપાઈ, પાકું સોનેરી પૂઠું; છતાં કિમ્મત દરેક ભાગની રૂ. ૧ાા મુજબ કુલ રૂ. ૩.

## મનોહારિણી માયા—

આ નવલકથાની વસ્તુસંકલના એટલી બધી રસિક મનોરંજક અને ચમત્કારજનક છે કે એક વખત પુસ્તક વાંચવા માટે હાથમાં લીધા પછી પડતું મૂકવાનું મન થશે નહિ. એક ત્રિ-

ભુવનમોહિની બાળિકાના પ્રેમના બે પ્રતિસ્પર્ધી યુવકો એક બીજા-ની વિરુદ્ધ કેવાં પ્રાણહારક ષડ્યંત્રો રચે છે, સંસારત્યાગી મહાત્મા-ના અંતરમાં ક્વચિત્ સ્વાર્થનો સંચાર કેવી રીતે થાય છે, સરળ હૃદયની બાળિકા જીવસટોસટના પ્રસંગોમાં પણ પોતાના પ્રિયતમ-ના પ્રણય પ્રતિ કેવી દૃઢ રહે છે, દુરાચારી અધમ મનુષ્યો પોતાની સત્તાનો દુરુપયોગ કરી અંતે કેવા પસ્તાય છે વગેરે આકર્ષણીય ઘટનાઓનું દર્શન કરવું હોય તો આ નવલકથા અવશ્ય વાંચો. આ નવલકથાના પ્રયોજક રા. વ્રજલાલ જા. ઠક્કર છે એટલે ન-વલકથાની ઉત્તમતા માટે વિશેષ લખવાની જરૂર નથી. પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૦૦ પાકું રૂપેરી પૂઠું, છતાં મૂલ્ય માત્ર રૂ ૧—૮—૦ આજે જ મંગાવો.

## રાજનૈતિક ષડ્યંત્ર અથવા મરૂભૂમિની મોહિની.

રણશૂરા રાજપૂતોના ઇતિહાસને અનુસરીને આ નવલકથા લ-ખવામાં આવી છે. કોટામાં જે સમયે જાલિમસિંહ રાજપ્રતિનિધિ હતો તે સમયે તેણે પોતાનો અધિકાર વંશાનુક્રમિક ચાલૂ રાખવા માટે કેવા ભગીરથ પ્રયત્ન કર્યો હતા, સુચતુર અંગ્રેજોએ જાલિમ-સિંહ સાથે સ્નેહસંબંધ રાખી પોતાનું પ્રાબલ્ય કેવી રીતે પ્રતિ-ષ્ઠિત કર્યું હતું, ઝાલોરરાજનન્દિની અલકાસુન્દરીને મેળવવા માટે જેશલમીરરાજનન્દન ગંજસિંહે કેવાં ભયંકર સાહસિક કાર્યો કર્યાં હતાં, જાલિમસિંહનો પુત્ર ગરધનદાસ કેવી રીતે પોતાના પ્રણય-પ્રતિસ્પર્ધીના હાથે અકાળે આલોકનો ત્યાગ કરી ગયો હતો, સ્વા-ધીનતા મેળવવા માટે કોટાના રાજકુમારોએ કેટલું બધું કષ્ટ ઉઠા-

વ્યું હતું આદિ અનેકવિધ મનોમુગ્ધકર, વિસ્મયકર અને ચિત્તહરઘટ-નાઓથી પરિપૂર્ણ. પણ મુલ્ય રૂ. ૧—૪—૦ વીઠ પી૦ પોષ્ટેજ૦ જુદું.

**જોશી ત્ર્યંબકલાલ જીવરાજકૃત રસિક નવલકથાઓ.**

**કલંન્દરની કટાર**—અથવા સંસાર ખાંડાની ધાર—નીચ અને શયતાન દોસ્તો કેવી દગાબાજીથી પોતાના દોસ્તનો ઘાત અથવા ખૂન કરે છે, સ્વાર્થને વખતે તેમનાં હૃદય કેવાં પાષાણુ જેવાં બની જાય છે તથા અંતે એવા દુરાત્માઓની કેવી દુર્દશા થાય છે, કોમળ હૃદયની કામિનીઓ પ્રેમના માટે કેટલાં બધાં સાહસો વેઠીને જીવનનું બળિદાન આપવાની તૈયારી કરીને તે અન્ય પુરુષોના પ્રેમને સંપાદન કરે છે, તથા તે ઉપરાંત મહાત્માઓના ચમત્કાર, પિશાચોની પાપલીલા, પિતાએ પિશાચનું સ્વરૂપ ધારીને કન્યાને ભોંયમાં દટાવવી, દીવાનની દુષ્ટતા, પાપીનો ભયંકર જુલમ, જાસૂસોની બહાદુરી, શયતાની ચક્કર. ભોંય-રામાંનાં ભેદ ભરેલાં કુકર્મો, છુપી કટારીનું પરાક્રમ આદિ સર્વ વિષયો વાંચતાં આ સંસાર એ ખાંડાની ધાર જ છે. એવો સર્વને ભાસ થયા વિના રહેશે નહિ. મ્હોટી સાઇઝનાં પૃષ્ઠ ૩૪૦ પાકું પૂઠું મૂલ્ય ૨—૦—૦.

**કમળાદેવી**—આ નવલકથામાં ભારતીય વીર રાજપૂત જાતિનાં પ્રબળ પરાક્રમો, પ્રેમ, વિરહ, સંયોગ વિયોગ વગેરેના વિવિધ પ્રસંગો, સ્વદેશભક્તિનું માહાત્મ્ય, મોહની માયાજાળ, આત્મોત્સર્ગ વગેરેનું ઉત્તમ પ્રકારે આલેખન કરવામાં આવ્યું છે. સંસારને સ્વર્ગીય તથા સુખમય બનાવવાને માટે આ નવલકથા એક વખત આપના કુટુંબમાં અવશ્ય વંચાવો.

ઇતિહાસના જ્ઞાન સાથે આનંદ મેળવવો હોય, રણશૂરા રાજપૂતોની સ્વદેશભક્તિનું દર્શન કરવું હોય, મયાજાળમાં ફસાવાથી ભોગવવા પડતા દુઃખને જોવું હોય, પાપીઓના પાપનું ભીષણ પરિણામ નિરખવું હોય તો આ નવલકથા આજેજ મંગાવીને વાંચો. સુંદર સફેદ ચીકણા કાગળ, પૃષ્ઠ સંખ્યા લગભગ ૪૦૦ પાકું સોનેરી પૂઠું મનહર છપાઇ છતાં મૂલ્ય માત્ર રૂ. ૧—૮—૦

## બાગે શયતાન અથવા તલવારનું તૂફાન—

આ નવલકથામાં હિન્દમાં ઇ. સ. ૧૮૫૭ માં થએલા ભયંકર પ્રાણહારક બળવાનો તાદૃશ્ય ચિતાર ચિતરેલો હોઇ, તે ઉપરાંત નાનાસાહેબ અને તાતીઆ ટોપીની અનેક ગુપ્ત બાબતોને પણ પ્રકાશિત કરવામાં આવી છે. નાનાસાહેબની જાલિમ અને હૃદયભેદક નિષ્ઠુરતા, તાતીઆ ટોપીનું કલ્પનામાં પણ ન આવી શકે એવું અદ્ભુત ચાતુર્ય, ડિટેકિટવ રામપાલસિંહની કાર્યકુશળતા, ગવર્નર જનરલ લોર્ડ કેનિંગની નિપુણતા, ગોર્ડન નામક ઇંગ્રેજની હૃદયદ્રાવક સ્થિતિ, હેલનનું હૃદયભેદક ખૂન, ફ્રાન્સ દેશના મેકેયર નામના એક શયતાન લૂંટારાનાં ભીષણ કાવત્રાં, સ્ટિફનનો સ્વર્ગીય પ્રેમ, આર્યબાળા મેંનાની સ્વદેશભક્તિ, અગ્નિમાં ભોગ આદિ વિષયો વાંચતાં ચક્ષુઓમાંથી અશ્રુજળની વૃષ્ટિ થાય તેમ છે. મ્હોટી સાઇઝનાં પૃષ્ઠ સંખ્યા ૩૩૦, પાકું રૂપેરી પૂઠું કિમ્મત માત્ર રૂ.૨)

## મુરાદેવી અથવા મૌર્યવંશનો અભ્યુદયનો આરંભ—

ભાગ ૧—૨—૩ આ પુસ્તકમાં મગધદેશના રાજકર્તાઓનો સંપૂર્ણ

હેવાલ આપવા ઉપરાંત, નંદવંશનો નાશ કરીને મહાબુદ્ધિમાન અને કૌટિલ્યવિદ્યાવિશારદ ચાણક્યદેવે મૌર્યવંશની સ્થાપના શી રીતે કરી, ચંદ્રગુપ્તને રાજ્યાધિકાર અપાવવા માટે મલયપુરની રાજનંદિની મંદાકિનીએ કેવા કેવા યત્નો કર્યા હતા, મિત્રધર્મ બજાવવા માટે પહાડી રાજા સમરકેતુએ કેવી દક્ષતા દર્શાવી હતી, ચાણાક્યે પોતાના અપમાનનો બદલો લેવા માટે ભયંકર પ્રતિજ્ઞા ધારણ કરીને "બ્રહ્મબળથી બ્રહ્માંડ પણ ડોલી શકે છે' એ સૂત્રને સિદ્ધ કરવા માટે શા શા ભયંકર ઉપાયો યોજ્યા હતા તે સર્વ વિષયોનું ઘણી જ સરળતાથી આ નવલકથામાં વિવેચન કરવામાં આવ્યું છે. ભાગ ૧ લો કીમત રૂ. ૨—૦—૦ ભાગ ૨ જો કિ. ૧॥ રૂ. ભાગ ૩ જો કિ. ૧॥ રૂ. કુલ રૂ. ૫).

**તારાસુંદરી**—આ એક ઐતિહાસિક નવલકથા છે. બાળાઓની ધાર્મિકતા તથા કઠોરમાં કઠોર સંજોગોમાં પણ તેમના પાતિવ્રતના રક્ષણની કુશળતા જોવી હોય, આદર્શ સંન્યાસીઓના સંસારત્યાગનાં ઉજ્જવલ દૃષ્ટાંત જોવાં હોય, યોગની સાધનાનો પ્રભાવ, વીરતાનું ગૌરવ આદિ સર્વ જોવું હોયતો અદ્ભુત રસથી ભરેલી, વીર શૃંગાર અને કરુણરસથી છલકાતી આ મનોહર નવલકથા જરૂર વાંચજો. પાકું પુંઠું ગ્લેજ કાગળ કિંમત રૂ. ૨.

**સંતપ્ત શયતાન** અથવા કામાંધનાં કાળાં

કામ—કામથી અંધ થયેલાં મનુષ્યો આ જગતમાં કયું ભીષણ કાર્ય નથી કરી શકતાં? જગતને ઠગવા માટે ધર્મનિકેતનો સ્થાપી પાપનો પ્રચાર કરનારા, મુખમાં રામ બગલમાં છુરી લઇ ફરનારા,

હાથમાં માળા ગળામાં વિષની જ્વાળાને છૂપાવી રાખનારા, સત્યનેહ આડંબર ધારી કેવળ અસત્યનો જ વિસ્તાર કરનારા અને પોતાના દગાથી નિરપરાધી, સરળ અને ભોળાં માણસોનાં ગળાં રેંસનારા આ પૃથ્વીપર અનેક મનુષ્યનામધારી પિશાચો પડેલા છે અને તેવા જ એક મનુષ્ય પિશાચ તથા માનવી પિશાચિકાનું આ નવલકથામાં એક ચિત્ર આલેખવામાં આવ્યું છે. પૃષ્ઠ ૪૦૦. રૂા. મૂલ્ય ૧—૧૨—૦.

## રાક્ષસોની રતિક્રીડા અથવા પીશાચોની

પાપપીલા—માયાવી માનિનીના ભયંકર ભેદો, ઐયારો અથવા લુચ્ચાઓની લુચ્ચાઇઓ, તિલસ્માતી મકાનોમાં થતાં કારસ્થાનો, એક આર્ય લલનાની આદર્શ શૂરવીરતા, ધર્મપરાયણતા અને પોતાના પતિને પિશાચોના જાળમાંથી મુક્ત કરવાની અજબ યુક્તિઓ વગેરે વાંચીને ખરેખર તબિયત ખુશ થયા વિના રહેતી નથી. શૃંગાર અને હાસ્ય રસ પણ તેટલોજ કૂટી કૂટીને ભરવામાં આવ્યો છે કે જે વાંચતાં દિલ આનંદથી ઉભરાય છે અને મનનો બધો શોક દૂર થાય છે પૃષ્ઠ ૩૨૫ પાકું પૂઠું મૂલ્ય રૂ. ૨—૦—૦

## સંસાર સંગ્રામ—

ભાગ ૧–૨ સોના જેવા સંસારને ધૂળમાં મેળવી દેનાર પિશાચિની પ્રેમદાઓ કેવાં કેવાં કારસ્થાન અને કાળાં કામ કરે છે, ધર્મપરાયણા સાધ્વી સતીઓ સંકટના પહાડો તૂટી પડવા છતાં કેવી અડગ અને અચલ રીતે પતિભકિતમાં લીન રહે છે, સ્વાર્થસાધુ સગાં વ્હાલાંઓ પોતાના સ્વાર્થને પૂર્ણ કરવા માટે કેવી દગાબાજીઓ રચે છે, કામાંધ જનો પોતાની કામતૃષ્ણાને પૂર્ણ કરવાના ઉદ્દેશથી સતી સાધ્વી

અબલાઓને કેટલી બધી પીડિત બનાવે છે. આદિ સર્વ વિષયો આ નવલકથામાં દર્શાવવામાં આવ્યા છે. બંન્ને ભાગ જૂદા બાંધેલા છે પાકું પુંઠું. બંન્ને ભાગના પૃષ્ટ ૪૦૦ કિંમત દરેકની રૂ ૧ાા મુજબ કુલ. રૂ ૩ )

**પરાક્રમની પતાકા**—જાપાને વર્તમાન સમયમાં શી શી ઉન્નતિ કરી છે અને તેનું સત્ય કારણ શું છે તે દર્શાવવા ઉપરાંત આ નવલકથામાં જાપાનના પ્રિન્સે લંડન શહેરના ભર્યા બઝારમાં તથા ચાલતી સ્પેશીયલમાં અમેરિકાના એલચીઓ તરફ આવતા જાસૂસોનાં ભેદી ખુન શી રીતે કર્યાં તથા તેનો પત્તો છેવટ સુધી શા કારણથી ન મળ્યો; યૂરોપની રાજનીતિ જોવામાં તેણે કેવી દક્ષતા દર્શાવી હતી આદિ સર્વ વિષયો આ નવલકથામાં આપવામાં આવ્યા છે. મ્હોટી સાઇઝનાં પૃષ્ઠ ૩૦૦ પાકું પુઠું રૂપેરી નામ અને મૂલ્ય ર—૦—૦

**ભવાનીનો ભોગ** અથવા રજપૂતોનો રણોન્માદ પ્રેમમાં પ્રતિસ્પર્ધામાં બે ચાર બાળકો પોતાના પ્રાણની આહુતિ આપવાને પણ તૈયાર થઇ જાય છે. વીર અને ધર્મપરાયણ રાજપૂતો પ્રતિજ્ઞાને માટે પોતાના જીવપર આવીને તલ્વારની બાજી ખેલે છે, પવિત્ર હૃદયા રાજપૂત બાળાઓ વીરતાને જ વરનારી હોય છે, પણ રૂપમાં મોહાંધ નથી થતી આદિ સર્વ બનાવો વાંચતાં પૂર્વ સમયના રાજપૂતોના ગૌરવનું સ્મરણ થઇ આવે છે અને આંખોમાંથી ચોધારાં આંસૂ વહેવા માંડે છે. પૃષ્ઠ ૨૫૦ પાકું રૂપેરી પુઠું હોવા છતાં મૂલ્ય રૂ ૧—૪—૦

**ભેદી ખજાનો**—ડિટેક્ટીવોની ચાલાકી, ભેદમાંથી ભેદ પકડી પાડવાની દિલને હેરત પમાડનારી બહાદુરી, ચોરોની ચતુરાઇ, અબળાઓની અજાયબી ભરેલી ઊલથાપ ખચડાવનારી બાહોશી વાંચતાં દિલ કમકમી ઉઠે છે. ખૂનપર ખૂન, જાસૂસપર જાસૂસ અને ચોરના પણ ચોર એવા એટલા બધા ભેદી બનાવો આ પુસ્તકમાં આબેહુબ રીતે લખેલા છે કે, ખૂની કોણ છે? ચોર કોણ છે અને જાસૂસ કોણ છે, એ ઠેઠ આખર સૂધી સમજાતું જ નથી. અરે એનો વિચાર પણ મનમાં આવી શકતો નથી. પાકું પૂઠું પૃષ્ઠ ૩૨૦ મૂલ્ય ૧-૧૨-૦

**રાજા દેવીદાસ**—જ્યારે સોનાનો બંગાળા કલંકની કાળાશથી મલિન થયો નહોતો, નિરાશા અને ગમગીનીથી જીર્ણ થયો નહોતો, જ્યારે હિન્દુઓના ઘરમાં અનાજોના ભંડાર ભરપૂર હતા, હૃદય આશાથી ભરેલાં હતાં અને મનમાં ઉત્સાહ ઉભરાઇ જતો હતો, તે વખતની આ વાર્ત્તા લખવામાં આવી છે, અરે જીવતું જાગતું ચિત્ર આલેખવામાં આવ્યું છે. હિન્દુઓ પોતાના ધર્મ માટે પુત્રના પ્રાણનું બલિદાન આપતા હતા. હલકી જાતિના લોકો પણ પોતાના માલિકના ભલાના ખાતર શરીરનું લોહી રેડતા હતા તે બધું આ વાર્ત્તામાં આબેહુબ દેખાડવામાં આવ્યું છે. પુસ્તક આદર્શ, ઉત્તમ અને પવિત્ર હોવાથી ખાસ સ્ત્રીઓપયોગી છે એમ કહેવામાં પણ હરકત નથી. પાકું રૂપેરી પૂઠું પૃષ્ઠ ૩૨૫ મુલ્ય રૂ. ૨—૦—૦.

**ગેબીખૂન** અથવા શયતાની ચક્કર ખૂન, મારામારી અને ભેદી મામલાઓથી ભરેલી આ નવલકથા વાંચવાથી રૂંવેરૂંવાં ઊભાં થઇ આવે છે. ખરો ખૂની કોણ છે અને ખુનનો આરોપ કોનાપર આવી પડે છે, એનું પરિણામ કેવું વિકટ આવે છે. વગેરે એક પછી એક એવા ગેબી બનાવો બનતા જાય છે કે જેની આખર સુધી કોઇને કશી ખબર પણ પડતી નથી. છેવટે ચાલાક ડિટેક્ટીવ બન્ને મામલાઓની બરાબર તપાસ કરી ઘણીજ ખૂબીની સાથે સઘળા ભેદોનો ભંડો ફોડી ખરા ખુનીને પકડી કાઢે છે અને કોઇની કલ્પનામાં પણ ન આવે એવી અદ્ભુત બહાદુરી બતાવે છે. કિ. ૧—૧૨—૦

**અથંગ ઊઠાવગીર** અથવા તરકટી ટોળી. અસંખ્ય ભેદ ભરમોથી ભરપુર ડિટેક્ટીવ નવલકથા—ઊઠાવગીરોના અદ્ભુત બહુરૂપ, તરકટી ટોળીનાં ભયંકર કારસ્થાન, ચાલાક ચોરોની તુલબાજીઓ વગેરે એવા એવા બનાવો બન્યે જાય છે કે, ભલભલા જાસુસો પણ ચક્કર ખાઇને સપડાઇ જાય છે. પ્રેમ ઘેલા પેમલાઓની કેવી બરબાદી થાય છે, શયતાનો પણ જાસૂસોના સપાટામાં સપડાવા છતાં કેવી થાપ આપી દે છે વગેરે એટલા બધા અજાયબી ભરેલા બનાવોથી આ વાર્તા ભરેલી છે કે જે ખ્યાલ પણ કરાવી શકાતો નથી. દરેક ડિટેક્ટીવ વાર્તાના શોખિનને અમે આ વાર્તા વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. પાકું પુંઠું, પૃષ્ઠ ૩૨૦ મુલ્ય ૧—૧૨—૦.

## સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતાકૃત પુસ્તકો.

**તરૂણું તપસ્વિની** ભાગ ૧-૨ જો-સાધુના વેષમાં ફરતા શયતાનો કેવી પ્રપંચજાળ પાથરી ભોળાં મનુષ્યોને ભરમાવે છે, તેનો આબેહુબ ચીતાર વાંચતાં વાંચકોને અનહદ આનંદ સાથે અપૂર્વ જ્ઞાન પ્રાપ્ત થયા સિવાય રહેશે નહિ. તે "ઉપરાંત ભોળા હૃદયના શ્રીમંત યુવકોની ખરાબ સોબતથી કેવી પાયમાલી થાય છે, વફાદાર મિત્રો કેવા હોય છે, સતી સાધ્વી પત્ની કેવી હોય છે, પરોપકાર કેવી રીતે કરી શકાય છે એ વગેરે હકીકતથી ભરપૂર. પ્રથમ ભાગમાં ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો આપવામાં આવેલાં છે. બન્ને ભાગ જૂદા બંધાવામાં આવેલા છે. પૂઠું પાકું સોનેરી, કાગળ ગ્લેજ ઉંચા છતાં બન્ને ભાગની કિંમત માત્ર રૂ. ૩—૦—૦

**કાળરાત્રિનું ખૂની ખંજર**—ભાગ ૧-૨. આ નવલકથામાં ધર્મ, નીતિ, સત્ય અને સ્વદેશપ્રીતિ વગેરેનો અસરકારક ઉપદેશ આપેલો છે. રામનગરની જુલ્મી, નિષ્ઠુર પિશાચિની રાણી કાળરાત્રિનાં પાપકાર્યોની કથા વાંચતાં વાંચતાં રોમાંચ ખડાં થયા સિવાય રહેશે નહિ. વફાદાર મિત્ર નરેન્દ્ર પોતાના મિત્રધર્મને કેવાં મહાન્ સંકટો વેઠી પાળે છે, મોહની પ્રબળતાથી અબળા ગણાતી સ્ત્રી પ્રબળા બનીને કેવાં પૈશાચિક પાપકાર્યો કરે છે ,વગેરે વિષયોથી પૂર્ણ. બન્ને ભાગ સફેદ ચીકણા કાગળ ઉપર છાપેલા છે, અને બન્ને ભાગની પૃષ્ઠ સંખ્યા લગભગ ૭૫૦ છે. લાયબ્રેરીને શોભાવે એવાં પાકાં સોનેરી પૂઠાં છે; છતાં બન્ને ભાગની કિમ્મત માત્ર રૂ. ૩—૮—૦

**વસંત-વિજય** યાને ચઢતી પડતીના ચમત્કારઃ—જે દુરાચરણી રાજા મહારાજાઓની સ્વચ્છંદવૃત્તિથી; વિલાસ પ્રિયતાથી અને એક બીજા પ્રત્યેના દ્વેષથી આ નંદનવન સમાન ભારતભૂમિની દુર્દશા થઈ છે તેવા એક નિષ્ઠુર હૃદયના નૃપતિનાં રાક્ષસી કુકર્મોનો અસરકારક ચિતાર આ નવલકથામાં આપેલો છે. તદુપરાંત સ્વદેશ પ્રત્યેના પ્રેમે વીર યોદ્ધાઓએ ધરણીને ધ્રૂજાવી અપૂર્વ શૌર્ય દર્શાવી સર્વસ્વનું બળિદાન કેવી રીતે આપ્યું હતું, તેમજ એક પ્રેમિક—પ્રેમિકાનાં અદ્ભૂત આશ્ચર્યના મહાસાગરમાં ગોથાં ખવરાવે એવાં પ્રબળ પરાક્રમોનો આબેહુબ ચિતાર આપવામાં આવ્યો છે; સત્ય પ્રેમ-વિયોગ, મિલન, ધર્મ, કર્મ સ્વદેશ સેવાવગેરે અનેક બોધક વિષયો સમાવવામાં આવ્યા છે. ગ્લેઝ કાગરો સાથે દળદાર પુસ્તક હોવા છતાં મૂલ્ય માત્ર રૂ. ૧-૮-૦ દોઢ છે.

## મણીલાલ જેઠાલાલ વ્યાસકૃત પુસ્તકો.

**કલ્યાણી** અથવા હજાર વર્ષ પૂર્વેનું હિંદુસ્તાન—જે નગર અત્યારે હિંદુસ્તાનમાં અસ્તિત્વ ધરાવતું નથી અને જેનું નામ નિશાન પણ અત્યારે ભારતભૂમિના વક્ષસ્થળ ઉપરથી ઘસાઈ-ભૂંસાઈ ગયું છે, એવું ગૌડ શહેર એક હજાર વર્ષ પહેલાં પોતાના ગૌરવની કેવી વિજયઘોષણા કરી રહ્યું હતું તથા તે નગરના રાજવંશીઓની કીર્ત્તિ અને સત્તા કેટલી પ્રબળ હતી તેનું આ

બેહુબ વર્ણન આ નવલકથામાં કરવામાં આવ્યું છે. ગૌડ રાજ્ય-ની તથા આખા ભારતની દુર્દશા થતી અટકાવવાને ગૌડ નગરના મહાન્ ચક્રવર્તી રાજા ધર્મપાલદેવની આદર્શ રાણી કલ્યાણીદેવીએ દેશના હિતને માટે પોતાના આત્માનો જે ભોગ આપ્યો છે, તે ઘટના વાંચતાં વાંચકની આંખોમાંથી અશ્રુબિંદુઓ સરી પડે તેમ છે! ગ્લેજ કાગળ પાકું પુંઠુ કિં. ૨-૦-૦

**અલાઉદ્દીનનો ઉદય**—દિલ્હીનો સુપ્રસિદ્ધ પાદશાહ અલ્લાઉદ્દીન કપટથી પોતાના કાકા જલાલુદ્દીનને મારીને કેવી રીતે પાદશાહ થયો અને પાદશાહ થયા પછી જલાલુદ્દીનના બન્ને દીકરાની કેવી નિર્દયતાથી આંખો ફોડી નાંખી તેનું આબેહૂબ ચિત્ર આ નવલકથામાં આલેખાયલું છે. આર્ય સન્નારીઓના શિયળનું રક્ષણ કરવા માટે તે વખતના રજપૂત રાજાઓ પોતાનો કેવો આત્મભોગ આપતા અને આર્યમહિલાઓ પણ પોતાના પાતિવ્રતનું રક્ષણ કરવા માટે કેવાં ભયંકર દુઃખો સહન કરતી હતી, તેનું વર્ણન આ નવલકથામાં કરવામાં આવ્યું છે. એક કિશોર વયની બાલિકા પોતાનું વૈર વાળવા જે અદ્દભુત ચતુરાઇ વાપરે છે તે પ્રસંગ વાંચતાં વાંચકનું મન રંજન થઇ જાય છે. ઉત્તમ કાગળ, ઉત્તમ છપાઈ, સુંદર ચિત્રો અને પૃષ્ઠ સંખ્યા ૨૭૫ ઉપરાંત. પાકું રૂપેરી પૂઠું, કિ. રૂ. ૨-૦-૦,

**મહાકાળીનું ખડ્ગ**—પતિવ્રતા ભક્તિપ્રભાનો, તેના સ્વામી પ્રત્યેનો અથાગ પ્રેમ, પતિપત્નીએ ઘોર અંધારી રાત્રે કાલિકા, માતાનું દર્શન કરવા

સ્મશાનમાં જવું, સ્મશાનમાં કાલિકા માતાની અદ્ભુત લીલા; માતાનું ભયંકર સ્વરૂપ અને સ્મશાનનો દેખાવ, માતાનું ખરું સ્વરૂપ ઓળખી નહિ શકવાથી ભક્તિપ્રભાએ કરેલી માતાની નિંદા અને તેના બદલામાં માતાએ આપેલો શાપ વગેરે ઘટનાઓ વાંચતાં વાચકના મનમાં પુરાતનકાળની અનેક ભાવનાઓ ઉત્પન્ન થાય છે. પદ્મસિંહનો વિચિત્ર સુરતરંગ અને તે સુરતરંગમાં મૃગ અને મૃગલીનું મોહિત થઈ જવું, મદનપ્રભાની જાદુઈ શક્તિ અને તેમાં રહેલું ગુપ્ત રહસ્ય, વિક્રમસિંહનું પરાક્રમ અને તેની ઉદારતા, મહાકાળી માતાએ પ્રસન્ન થઈને આપેલું ખડ્ગ અને તેનો અદ્ભુત ચમત્કાર વગેરે બાબતો વાંચતાં વાંચકની ઉત્સુકતા અત્યંત વૃદ્ધિ પામતી જાય છે. પૃષ્ઠ ૨૫૦, ગ્લેજ કાગળ, સુંદર પાકું પૂઠું. મૂલ્ય રૂ. ૨–૦–૦.

**નવદંપતીને શીખામણ**—અજ્ઞાન, વહેમ, ખરાબ સોબત, કુટેવો, વિહારનો અતિયોગ, સ્ત્રીઓની આરોગ્ય સંબંધી અણસમજ, વાંઝીયાપણું, જુવાન વયમાં થતાં અનેક ભયંકર તથા ગુપ્ત દર્દો, ગર્ભસંચાર, પ્રસવ અને બાળકની માવજત સંબંધી અજ્ઞાનતા વગેરે કારણથી દુઃખી થતાં પતિપત્નીઓએ આ પુસ્તક પોતાના નિત્યના મિત્ર તરીકે સાથે રાખવું જોઈએ. તેમાંની માહિતી એટલી સ્પષ્ટ છે કે સ્ત્રીઓ પણ તે વાંચી શકે છે અને તેમાં જે ઉપચારો દર્શાવેલા છે તે એવા સરળ છે કે નાના ગામડામાં પણ કરી શકાય છે. ટુંકામાં દુઃખી ગૃહસંસારને સુખી બનાવવા અને શરીરને નિરોગી રાખવા માટે આ પુસ્તક પ્રત્યેક પરણેલા પુરુષ કે સ્ત્રી પાસે હોવું જોઈએ. ૫૦ પ્રકરણ, ૩૦૦ પૃષ્ઠ, પાકું પૂંઠું મૂલ્ય માત્ર રૂ. ૧ાા

**ખૂન કે જાદુ!**—આ ડિટેકટીવ નવલકથા એટલી અદ્ભૂત છે કે વાંચક તેના પ્રવાહમાં એંચાતો સમજી શકશે નહિ કે પોતે જે બનાવ વાંચે છે તે ખરે-ખરો બનાવ હશે કે જાદુનો કોઇ પ્રયોગ હશે? લગ્નને દિવસે જ એક કુમારિકા બાળા ગૂમ થાય છે અને તેની પથારી લોહી લોહાણુ થયેલી જોવામાં આવે છે. એ બનાવ ઘણો ભેદભર્યો હોઈને સંજીવચંદ્ર નામનો ડિટેકટીવ તેની પાછળ પડીને જીવના જોખમે જે તપાસ ચલાવે છે અને ગુન્હો કરનારાઓને શોધી કાઢે છે તે વાંચતાં તમારાં રૂંવાટાં ઉભાં થયા વિના રહેશે નહિ! લગભગ ૨૦૦ પૃષ્ઠ, ફોટોગ્રાફિક ચિત્રો સાથે પાકું પુઠું મૂલ્ય રૂ. ૧.

## સાકરલાલ મગનલાલ કાપડીયાકૃત નવલકથાઓ.

**કમનસીબ લીલા**—ફેશન આડંબરવાળી ઉચ્છૃંખલ સ્વેચ્છાચારિણી અબળા સાથે વિવાહ કરવાની પ્રાણહારક મહત્વાકાંક્ષા રાખનાર યુવકોની કેવી ખાનાખરાબી અને પાયમાલી થાય છે, પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને માટે તેઓ કેવાં કમકમાટી ઉપજે એવાં કુટિલ કાર્યો કરે છે, સમજુ યુવકોનું શું કર્ત્તવ્ય છે, આદર્શ જીવન કેવું હોવું જોઈએ વગેરે અનેક સાંસારિક ઘટનાઓ તાદ્રશ્ય દૃષ્ટિ સમક્ષ ઉભી જ હોય એવું વર્ણન આલેખવામાં આવ્યું છે. સંયોગ વિયોગના પ્રસંગો, વિરહવેદના, પ્રેમની નિરાશા, સ્નેહમાં સંકટ વગેરે રસિક ચિત્તાકર્ષક વિષયોથી ભરપૂર. મ્હોટી સાઇઝનાં પૃષ્ઠસંખ્યા ૨૮૦, ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો. પાકું રૂપેરી પૂઠું; છતાં કિમ્મત માત્ર રૂ. ૧—૧૨—૦

**કલંકિત કાઉન્ટેસ** યાને ખૂની કોણ?—આ એક ઘણુંજ અસરકારક ડિટેક્ટિવ નોવેલ છે. મેડમોઇઝેલ શાર્લોટનો અચળ પ્રેમ, એના હૃદયની દૃઢતા, શૌર્ય, પ્રેમને માટે લક્ષ્મીને તુચ્છ ગણવાની દિવ્યવૃત્તિ, હૃદયની કુમાશ અને પ્રેમાળ હૃદયનું માધુર્ય અને ઘડીભર પ્રેમના રસપૂર્ણ હોજમાં સ્નાન કરાવી ભાગેલો કાઉન્ટેસ કલોડયુઝની સુંદરતા, જેકસ પ્રતિનો મોહ, નિષ્ઠુરતા અને અંતે સ્ત્રીહૃદયની સાહજિક કોમળતા આદિ વિષયોથી પરિપૂર્ણ. પાકું પુંઠું કિમ્મત. રૂા. ૨.

## દલપતરામ ભાઇશંકર રાવળ કૃત નવલકથાઓ.

**દશ લાખનો દલ્લો** અથવા રત્ન કંકણ લક્ષ્મીના લોભથી લુચ્ચાં માણસો આ જગતમાં નિર્દોષ મનુષ્યો ઉપર પણ કેવો હૃદયભેદક જુલ્મ ગુજારે છે, ભાગ્યચક્રના અદ્‌ભુત પરિવર્ત્તનના પરિણામે નિર્દોષ માણસને પણ કેટલું બધું દુઃખ સહન કરવું પડે છે, એક અબળા પણ દ્રવ્યલોભની લાલસાથી પ્રબળા બની કેવાં રોમાંચ ઉપજાવે એવાં કારસ્થાનો કરે છે, ધર્મીનો જય અને પાપીઓનો પરાજય કેવી રીતે થાય છે આદિ અનેકવિધ વિષયોનું શાબ્દિક ચિત્ર જોવું હોય, તો આ નવલકથા અવશ્ય વાંચો. ઊંચા ગ્લેજ કાગળ, પાકું રૂપેરી નામનું પૂઠું, પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૨૫ છતાં કિમ્મ માત્ર રૂ. ૨-૦-૦

**કલંકિત કુમારિકા**—આ નવલકથામાં એક શાપભ્રષ્ટા કુમારિકા જીવને જોખમમાં નાખીને પણ કેવાં પરોપકારી કાર્યો કરે છે. વંશાનુક્રમિક ઉતરી આવેલું શત્રુતાની લાલ ચક્કર તેને કેવાં પ્રાણહારક સંકટોમાં ફસાવે છે, એ કુમારિકા ભલભલા પોલિસ ખાતાના અમલદારોને પણ ભૂલ થાપ આપી અંતપર્યંત પોતાનું કેવી ચતુરાઇથી રક્ષણ કરે છે, રહસ્યભેદક લાલ ચક્કરનો ભેદ જાણવા માટે કેવી મહેનત ઉઠાવે છે વગેરે અસંખ્ય રસિક વિષયો છે. આનંદસહ ચતુરાઇ મેળવવી હોય તો આ ભેદભરેલી નવલકથા જરૂર વાંચો પૃષ્ઠ સંખ્યા લગભગ ૩૨૦ પાકું રૂપેરી પૂઠું, છતાં મૂલ્ય માત્ર રૂ. ૧—૧૨—૦

## અન્ય ગ્રંથકારોમાં વિવિધ પુસ્તકો.

**સુંદર અને વિદ્યાનંદ**—(આવૃત્તિ બીજી) આ નવલકથામાં તેના વિદ્વાન્ લેખકે સાંસારિક ઘટનાઓનું એવું આબેહૂબ આલેખન કર્યું છે કે જે વાંચતાં વાંચક મુગ્ધ બની જાય તેમ છે. શુદ્ધ સ્નેહ, વિષયવાસના, આશ્ચર્યજનક કિન્તુ સંભવિત બનાવો વગેરે વાંચતાં મનરંજન થાય તેમ છે. સુંદર ફોટોગ્રાફિક ચિત્રો. મ્હોટી સાઇઝનાં પૃષ્ઠ લગભગ ૨૦૦, સુંદર સફેદ કાગળ, પાકું રૂપેરી બાઇન્ડીંગ છતાં કિંમત માત્ર રૂ. ૧—૪—૦.

**મધુર મધુરી** અથવા મુંબાઇની મોહિની—અલબેલી મુંબાઇની આકર્ષણીય મોહિનીનું દિગ્દર્શન કરી તેમના કા-

અમીરોની વિલાસી યુવકો ઉપર કેવી રામબાણ અસર થાય છે, અને પરનારીના પ્યારથી તેમની કેવી પાયમાલી તેમજ ખાનાખરાબી થાય છે, એક આદર્શ આર્ય અબળાનું શું કર્તવ્ય છે, વફાદાર મનુષ્ય આત્મત્યાગનું ઉત્તમ દૃષ્ટાન્ત કેવી રીતે દર્શાવે છે વગેરે રસમય અને ચમત્કારિક બનાવોથી ભરપૂર. મ્હોટી સાઇઝનાં લગભગ ૨૫૬ પૃષ્ઠ. ચાર સુંદર ફોટોગ્રાફિક ચિત્રો, ગ્લેઝ કાગળ, મનહર છપાઇ, પાકું રૂપેરી પૂઠું, કિંમત રૂા. ૧—૮—૦

**ભક્તાણી કે ભામટી ?** નટવરના સુપ્રસિદ્ધ લેખક નગીનદાસ મંછારામકૃત આ નવીન પુસ્તક છે. આમાં ચાલૂ જમાનાનો સારો ચિતાર આપ્યો છે. એમાં એક વણિક ગૃહસંસાર, ભક્તાણીને નામે ચાલતા ભામટાવેડા, એક રસોઇઆ બ્રાહ્મણની લંપટતા વગેરે બનાવો સારા આલેખાયેલા છે. હાસ્યરસ પણ ભરપૂર છે, કાગળ ઊંચા લાયબ્રેરીને શોભાવે તેવું પૂંઠું છતાં કિં. રૂ. ૧—૮—૦

**બેગમમહાલ** અથવા સુવિખ્યાત રમણમંદિર:—આ ઐતિહાસિક નવલકથાના લખાણના માધુર્યનું વર્ણન માત્ર શબ્દોથી થાય તેમ નથી. પાઠક પાઠિકાઓ પોતાની દૃષ્ટિ સમક્ષ જ્વલન્ત અક્ષરે બાદશાહના વિલાસસ્થાનનાં ઈંદ્રભુવન તુલ્ય આગ્રાના બેગમમહાલને જોઇ શકશે. સર્વે પુનઃ શહેનશાહ જહાંગીર અને નૂરજહાનને પુનઃ આ

નવલકથામાં પોતાનો ભાગ ભજવતાં જોઇ શકશે. જે બેગમની સમાધિ કિંવા કબરપર જગતનો અદ્વિતીય તાજમહેલ બંધાયો છે તેના બાલ્યજીવનનો અદ્ભુત ઇતિહાસ કે જે હજી સુધી કોઇ પણ ગ્રંથમાં પ્રકાશિત થયો નથી તેનું આલેખન આ નવલકથામાં કરવામાં આવ્યું છે. આગ્રાના દરબારમાં હમ્મેશાં જે કારસ્થાનો ચાલતાં હતાં. જે આકસ્મિક સંકટો ઉપસ્થિત થતાં હતાં,રાજપૂતોનું જે આધિપત્ય, માન, પ્રતિષ્ઠા હતું એ સર્વનો શાબ્દિક ચિતાર વાંચતાં આશ્ચર્યની સીમા રહેશે નહિ. સતી સાધ્વીનો સ્નેહ, વફાદાર નોકરનો આત્મોત્સર્ગ, રણઘેલા રાજપૂતોના ચરિત્રનું મહત્વ, આદિ અનેકવિધ આકર્ષણીય વિષયવિવિધતાનો આ નવલકથામાં સમાવેશ થયેલો છે. પૃષ્ઠ સંખ્યા ૨૭૫ સુંદર છપાઇ, પાકું સોનેરી પૂઠું, છતાં મૂલ્ય માત્ર રૂ. ૧–૮–૦ લખો:—

## મહાત્મા કબીરની કાવ્યપ્રસાદી

**કબીર કાવ્ય**—આ પુસ્તક ફક્ત એક જ વાર વાંચવાથી તે વારંવાર વાંચવાની પ્રેરણા થાય એવો એમાં અદ્ભુત રસ છે. આમાં સામર્થ્યઅંગ, સ્મરણઅંગ, ચિતાવનીઅંગ, જીવનમૃતકઅંગ, કામઅંગ આદિ ૨૦ અંગ છે અને તે એકથી એક એવા અદ્ભુત છે કે તેનો ખરો ખ્યાલ વાંચવાથી જ થશે. સિવાય આમાં નીચે જણાવેલાં ત્રણ સુંદર ફોટોગ્રાફિક ચિત્રો આપેલાં છે (૧) કબીરને ગુરુની પ્રાપ્તી (૨) કબીરના અદ્ભુત ચમત્કારથી કાજી સાહેબે ચિઢાઇ જઇ બાદશાહ મારફત

કબીર સાહેબને બોલાવી તેમને લોઢાની પેટીમાં પુરી ઉપરથી મજબુત તાળું લગાડી તે પેટીને ઉંડા પાણીમાં ડુબાવી દેવી અને બીજી બાજૂએ કબીર સાહેબનું સમાધિ અવસ્થામાં પાણીપર તરવું (૩) કમાલના મૃતદેહને બાદશાહની સમક્ષ મુર્દે ઉઠ કુદરતકે કમાલસે એમ કહી સજીવન કરવું વગેરે ચિત્રોના દેખાવો ખાસ જોવા લાયક છે. સર્વ સાધારણોની સગવડ ખાતર આ પુસ્તક ગુજરાતી અક્ષરમાં છપાવ્યું છે. કાગળ ગ્લેજ ઊંચા, પાકા પુંઠા ઉપર કબીર સાહેબનો રૂપેરી વરખથી છાપેલો ફોટો, બાંધણી મજબુત હોવા છતાં કિંમત માત્ર રૂ. ૧ાા

**જીવનશિક્ષા**—આ પુસ્તકમાં જીવનનો પાયો, સૃષ્ટિના મૂળ સાત સિદ્ધાન્તો, પ્રકૃતિનો તમસ્વભાવ, પાપનું રૂપાન્તર, નૂતન મતનું ધોરણ, વિકાસક્રમ અને મુક્ત તથા શાશ્વત જીવન, વિશ્વચેતા—સર્વજ્ઞ શી રીતે થવું ? મનના સંદેશાની નવી પદ્ધતિ, માનસિક અન્તઃપ્રવેશ, પ્રવૃત્તિ અને નિવૃત્તિ, આબાદાનીનો ઈલાજ, આરોગ્યતા તથા આબાદાનીના સિદ્ધાન્તો તથા ઇલાજો, મનની અને શરીરની પરસ્પર ક્રિયા, સારો દિવસ શી રીતે નિગમવો; તમારું આત્મગાન વગેરે જીવનના ઉંચામાં ઉંચા સિદ્ધાન્તો ઘણા સારા સમજાવ્યા છે. આ પુસ્તકની ઈંગ્રેજીમાં લાખો નકલો ખપી ગઇ છે એજ આ પુસ્તકનું મહત્વ બતાવે છે. મિસિસ ઇલીઝાબેથ ટાઉન "ધી નાનટીલસ"નામક સર્વ વિદ્યાપૂર્ણ માસિકનાં સંપાદિકા છે, અને તેની પ્રત્યેક માસે બે લાખ પ્રતો નીકળે છે એજ એમની વિદ્વતાની સાક્ષી આપે છે. કાગળ ગ્લેજ ઉંચા, પૂઠું પાકું લાયબ્રેરીમાં રાખવા યોગ્ય-છતાં કિં. ૧ાા

પદવીઓ વગેરે પત્રવ્યવહારના જોઇએ તેવા તૈયાર નમુના તથા તેનો ગુજરાતીમાં અર્થ સાથે આપેલો હોવાથી સાધારણ ભણેલાઓને પણ ઘણું જ ઉપયોગી છે. આ ચોપડી તમે એક વખત ટેબલ ઉપર રાખશો તો તમને તે ટેબલ ઉપરથી ખસેડવાનું મન થશે નહિ એજ એની યોગ્યતા બતલાવે છે કે તે કેટલી ઉપયોગી છે. કિમ્મત ૧।૨.

# પીનલકોડ (બીજી આવૃત્તિ)

કર્તા:—શ્રી૦ ચતુર્ભુજ માણેકશ્વર ભટ્ટ.

(ઇડર સ્ટેટના માજી જ્યુડીશીયલ સેક્રેટરી અને સેશન જજ્જ.)

ફોજદારી ગુન્હાઓમાંથી : આત્મરક્ષણ કરવા, મારામારી વગેરેથી બચવા, કેવા પ્રકારની મારામારી મહાવ્યથા ગણાય છે ? ગર્ભપાત, મનુષ્યહરણ, ગુલામી, વિશ્વાસઘાત, ચોરાયલી મિલકત લેવા બાબત, ઠગાઇ, ખોટાં બનાવટી ખતો, નોકરી કરવાના કરાર તોડવાના ગુન્હા, લગ્ન સંબંધીના ગુન્હા, ચલણી નોટો, ધમકી, આબરુ લેવા બાબત વગેરે દરેક બાબતો સંબધીની કલમો તથા તેના વિસ્તૃત અને માર્ગદર્શક ખુલાસા આપેલાં છે. આ કાયદો તદ્દન નવો એ-ટલે ઇ. સ. ૧૯૧૬ માંજ બહાર પડેલો છે. કાગળ ગ્લેજ ઉંચા, પાકું સોનેરી પૂઠું, છતાં આ મ્હોટા રામાયણ જેવડા ગ્રંથની કિમ્મત માત્ર રૂ. ૭-૦-૦ છે. પોસ્ટેજ માફ.

# નવી નવલકથાઓ.

| | |
|---|---|
| આજકાલનું હિંદુસ્તાન ભાગ ૧-૨ જો (સચિત્ર) | ૩—૦—૦ |
| ભયંકર ભદ્ર. (સચિત્ર) | ૨—૦—૦ |
| રમણી કે રાક્ષસી? (સચિત્ર) | ૧—૪—૦ |
| પિશાચમંદિર. (સચિત્ર) | ૨—૦—૦ |
| લતા લલિતા ભાગ ૧-૨-૩-૪ થો (સચિત્ર) | ૪—૦—૦ |
| ભાગ્યચક્રનો મહામંત્ર (સચિત્ર) | ૧—૮—૦ |
| કંગાલ કેદી અથવા સ્નેહ-બંધન. (સચિત્ર) | ૧-૧૨—૦ |
| ભાગ્યદેવીની ભયંકરતા! (સચિત્ર) | ૧—૪—૦ |
| દગાબાજ દુનિયા. (સચિત્ર) | ૧—૮—૦ |
| પિશાચિની કે પ્રેમદા? | ૧—૮—૦ |
| સ્વર્ગમાં શયતાન | ૩—૧—૦ |
| સંસાર કે નરકાગાર? | ૧—૪—૦ |
| આગે શયતાન. | ૨—૦—૦ |
| સુરાદેવી. | ૨—૦—૦ |
| કલંદરની કટાર. | ૨—૦—૦ |
| સંતપ્ત શયતાન અથવા કામાંધનાં કાળાં કામ. | ૧-૧૨—૦ |
| રાક્ષસોની રતિક્રીડા અથવા પિશાચોની પાપલીલા. | ૨—૦—૦ |
| મધુર માધુરી. (સચિત્ર) | ૧—૮—૦ |
| કમનશીબ લીલા. (સચિત્ર) | ૧-૧૨—૦ |
| ભકતાણી કે ભામટી? | ૧—૮—૦ |
| સુંદર અને વિદ્યાનંદ (સચિત્ર) | ૧—૪—૦ |

| | |
|---|---|
| કમળાદેવી | ૧—૮—૦ |
| કાશ્મીર અને કેસરી | ૧—૦—૦ |
| તરૂણ તપસ્વિની ભાગ ૧—૨ | ૩—૦—૦ |
| કાળરાત્રિનું ખુની ખંજર ભાગ ૧—૨ | ૩—૮—૦ |
| રણઘેલા રજપૂતો ભાગ. ૧—૨ | ૩—૦—૦ |
| ખૂન કે જાદુ ?—ડિટેક્ટીવ વાર્તા | ૧—૦—૦ |
| ભવાનીનો ભોગ | ૧—૪—૦ |
| રત્નકંકણ અથવા દશલાખનો હલ્લો | ૨—૦—૦ |
| સંસાર સંગ્રામ | ૨—૦—૦ |
| મૃગલોચની | ૧—૮—૦ |
| મનોહારિણી માયા | ૧—૮—૦ |
| કલંકિત કાઉન્ટેસ | ૨—૦—૦ |
| કલંકિત કુમારિકા | ૧-૧૨—૦ |
| વસંત-વિજય | ૧—૮—૦ |
| કલ્યાણી | ૨—૮—૦ |
| અલ્લાઉદ્દીનનો ઉદય | ૨—૦—૦ |
| બેગમમહાલ | ૧—૮—૦ |
| પરાક્રમની પતાકા | ૨—૦—૦ |
| તારાસુંદરી | ૨—૦—૦ |

મળવાનું ઠેકાણું.

મહાદેવ, રામચંદ્ર જાગુષ્ટે, બુકસેલર ગાંધી દરવાજા—અમદાવાદ.